# કુમાર

અંક ૬૯–૭૦



ભાદરવો–આસો
૧૯૮૫

દીપોત્સવી
અંક






**તંત્રી** રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.



ગરબો

ચિત્રકાર : કનુ દેસાઇ

# કુમાર

વર્ષ છઠ્ઠું
અંક ૯-૧૦

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક


## કર્મસંત

(મંદાક્રાંતા : સૉનેટ)

અંધારેલા જગ સકળની ઓસરે આત્મસ્ફૂર્તિ,
ઢાંકે ઘેરા તિમિર પડદે પૃથ્વીના સૂક્ષ્મ પ્રાણ;
એવે આવ્યો અવનિ પર તું શાંત સંસ્કારમૂર્તિ,
થંભી જાતી સકળ જનતા તેં કરી આત્મવાન.

ઢંઢોળી તેં નીરવ પૃથિવી યુગના પ્રાણસાદે,
ને ચેતાવ્યો હૃદયતલમાં રાષ્ટ્રનો તેં હુતાશ;
વેરી દીધી સુજનજીની ત્યાં સંસ્કૃતિની સુવાસ,
દોરી દષ્ટિ યુગજીવનની ઉગતા ક્રાંતિવાદે.

હોમી યજ્ઞે સતત બલિને આત્મના કર્મસંત !
તેં ઉજાળ્યા શીતળ તપની જ્યોતથી ભાવિ પંથ.

ચમનલાલ ગાંધી

ચિત્ર માટે જુઓ પૃષ્ઠ ૩૪૪ની સામે




**દુઃખથી પીગળો અને રડવા માંડો એના કરતાં**
**દુઃખથી સળગી ઉઠો અને લડવા માંડો.**
( કાલેલકર )

**મહાત્મા** ગાંધીજીએ અનેકવાર કહ્યું છે કે 'એક બત્રીસ લક્ષણાનો ભોગ સામ્રાજ્યને ધ્રુજાવશે.' જતીન્દ્રનાથનું મૃત્યુ એ વાતની સાક્ષી પુરે છે. એ બત્રીસો સામ્રાજ્યના રાક્ષસી ગળામાં અપાયો, પણ તેનો ગુંગળાટ શમવો મુશ્કેલ છે. દેશના શાંત કે અશાંત દરેક જણને આ મૃત્યુની અરેરાટી ફરમી થઈ પડી છે. સામ્રાજ્યના યંત્રની નિષ્ઠુરતા એકેએક પિતાને અને એકેએક યુવાનને ઉંડી સાલી રહી છે. ન્યાય, સંસ્કૃતિ અને સ્વાતંત્ર્યવાદની વાતો કરતી પ્રજાઓ આ પ્રસંગની ગણના કરે કે ન કરે પણ હિંદુસ્તાનનો એકેએક યુવાન સમજી લે કે દેશની સ્વતંત્રતાનો માર્ગ પુષ્પોથી બિછાવેલો નથી. રણ મેદાનમાં, જેલમાં કે સ્વઆરાધનામાં વીરતાનાં પાણી બતાવી મૃત્યુની ભેટ લેવાના પ્રસંગો વધાવી લેવા જે દેશના યુવાનો તૈયાર ન હોય તેમને કોઇ સરકાર કે કોઈ પરદેશી રાજ્ય આવીને સ્વરાજની ગાદી સોંપી દેવાનાં નથી જ.

**છેલ્લા** યુરોપી મહાયુદ્ધના પ્રસંગે ઇંગ્લંડના મુખ્ય પ્રધાન લોઇડ જ્યોર્જે પોતાના ત્રણ નવલોહીઆ સંપૂર્ણ સુશિક્ષિત જુવાન પુત્રોને જર્મનીની તોપો સામે ધરી દીધા. એ વાતનો મહીમા આજે આપણા સરકારભક્તો અને સરકાર પક્ષના સાહિત્યકારો ગાઇ રહ્યા છે. વીરતાની કદર કરનારા તો આજે વીર જતીનના પિતાનો મહીમા તેથી યે વધુ ગણે છે. એક જ ગોળીથી ખલાસ થતો આજનો યોદ્ધા કયાં અને ગભરૂ શરીરનો, ખાનદાન ઘરનો, ફુટતો જુવાન હાથે વહોરી લીધેલા મૃત્યુની યાતના ભોગવતો, તેના પર દમદાટી ચલાવતા પોલિસો અને શરીર પર બળાત્કાર કરતા દાક્તરી જુલમ સહન કરી લેતો, મૃત્યુની જ પળો ગણી રહેલો ધૈર્ય ધુરંધર ભારેલા હુતાશન સમો પ્રાણાત્મા કયાં? એના જુલમો એને હરાવી ન જ શકયા. એ છતી ગયો અને વીરોની સૃષ્ટિમાં નક્ષત્ર સમો આજ ચમકે છે.

જતીનના આત્મ સામર્થ્યને સમજવા આજે હિંદુસ્તાનનો યુવાન તૈયાર ન હોય તો તેણે સ્વરાજનાં સ્વપ્નાં બીજી કોઈ ભાગ્યશાળી પેઢી પર છોડી વૃદ્ધત્વ અને દાસત્વની સાંકળો પહેરી લેવી જોઇએ. એ સામર્થ્ય માત્ર જેલ જવાની જ વાતમાં નથી. તેમ એ સામર્થ્ય બૉમ્બગોળા લઇ નીકળી પડવામાં પણ નથી. પણ એ સામર્થ્ય તો પ્રાણ સાટે પોતાનું આણનમપણું સાચવવામાં છે. જે યુવાનો એકાદ નાની સાધના માટે સમાજના કીર્તિકળશો અને સરકારની ઉંચી નોકરીઓ કે દેશી રાજ્યના પગારોનો મોહ છોડી શકે નહિ, જ્ઞાતિઓની દુર્દશા ટાળવા એક પણ મક્કમ પગલું ભરી શકે નહિ, સ્ત્રી જાત પર યુગોથી લદાએલાં અજ્ઞાન અને પશુતા આઘાં કરવા ધગી શકે નહિ તેને માટે જતીનનો ધર્મ તો કોઇ અશકય આદર્શ જ રહેવાનો. કેટલા ય યુવાનો આ દેશમાં મનની જ માનેલી બેડીઓ પહેરી બે ટકનો રોટલો સાચવતા જીવતર વીતાવી રહ્યા છે, ઘરડા થાય છે બાળબચ્ચાં ઉછેરે છે. ઇતિહાસનાં પૂર તેમને ગબડાવતા ગબડાવતા કાળના કોઇ અનંત સાગરમાં રેતી કે કાંપ કરી મુકે છે. પણ જતીન જેવો કોઈ વજ્ર સમો ખડક આડો પડે છે ત્યારે એ પૂર ફંટાય છે અને ઇતિહાસનું સ્વરૂપ બદલાય છે. એવા યુવાનના આયુ પર મૃત્યુનો કાપ કશી અસર કરી શકતો નથી. એ જીવતા જ છે અને તેની સ્મૃતિ અનેકને સંજીવિની થઇ પડે છે.

**દેશના** યુવાન! આ સંજીવિની તું ન લઇ શકે તો આજથી તારૂં મૃત્યુ માની લેજે. તારે માટે શી આશાઓ બાકી રહી છે? તને હૃદયના બોલ બોલવાની મનાઇ છે; તારી યોગ્યતાઓ પર સરકારી ચોકડીઓ પડે છે; તારા માટે પરદેશનાં

બારણાં બંધ થતાં જાય છે; તારા હક્કો રગદોળાય છે; તારો સમાજ તારે માટે રોદણાંનું જ બિછાનું છે; તારૂં નાગરિક જીવન માત્ર ઘેટાંનું જીવન છે; તારા ધર્મમાં ક્યાં યે પ્રભુનું પ્રતિબિંબ નથી; તારી શક્તિઓને લકવા થયો છે; તારૂં કુટુંબ અને તું કોઈના ધનં બળની દયા પર, કોઇના રક્ષણ તળે માત્ર શ્વાસ ટકાવી રહેલાં છો. મૃત્યુની છાયા તો આજે પણ તારી પર તોળાઇ રહી છે. તો મૃત્યુનો ડર શો રાખવો? દેશમુક્તિ કે મૃત્યુ બેમાંથી એક જ નિર્ણય તું કરી શકે એમ છે. એ નિર્ણયમાં તારો પ્રાણ સાદ પુરે છે કે નહિ તે તપાસી જો.

ઉગતા ભારત! હવે વિક્ષોભ કે પશ્ચાત્તાપને માટે સમય નથી. સંજોગો પ્રમાણે તું જ્યાં હોય ત્યાં આત્મસમર્પણનાં યુદ્ધ માંડી દે. ક્ષયથી ધીરેધીરે મરવા કરતાં સંતપ્ત કર્મયોગની ધુણીમાં પ્રજળવું વધારે યશસ્વી અને પ્રાણ તૃપ્તિ કરનારૂં બનશે. તું નોકર હો કે શેઠ, પણ તારી સમૃદ્ધિ, સંપત્તિ અને શક્તિઓ રજેરજ દેશને પામરતાની ખાડમાંથી ઉપર લાવવાના મથનમાં જોતરાઈ જાઓ. શિક્ષક હો કે અધિકારી હો દરવાન હો કે સંચા આગળ ધુમાડો અને ધુંધવાટ ખમી રહેલો મજુર હો ગમે તે હો પણ દેશમાંથી અજ્ઞાન, અન્યાય અને અંધકાર હાંકવા કટિબદ્ધ યોદ્ધો બની જા. દેશના ભલા માટે વિજ્ઞાનની ઉપાસનામાં ખતમ થઇ જા, કે કેળવણીના પ્રચાર માટે આયુ ગાળી નાખ. અધિકારી હો તો જાતસુખ વિસારી પ્રજાને સ્વમાન અને સ્વતંત્રતાનો સ્વાદ લેવા દે. કુટુંબ જ્ઞાતિ કે નગરનાં સ્ત્રીબાળકોને રોગ અને અન્યાયથી બચાવવા લોકાપવાદ અને ગાળોના વરસાદ ઝીલવા આગળ આવી જા. જતીન જેવા જુવાનો શી યાતનાઓ અને પીડાઓ ખમી શક્યા તેની યાદી તને તારી ઝુંબેશમાં બળ આપી રહેશે. તારો વિજયી કદમ ઉઠાવ. વિજય વિજય અને વિજય બીજું કંઇ જ નહિ. અથવા મૃત્યુની ગોદમાં શાંતિ એ જ તારો મંત્ર.

વીરોની પ્રાણજ્યોતો સળગે અને જગતને અજવાળે એવી ભારતની દીપોત્સવી પ્રભુ સત્વર બતાવો!

---

## બીડેલા હોઠ

કંઈ વિચારમાં પડ્યા હોય ત્યારે, કોઇની વાતો સાંભળતી વેળા, અથવા શૂન્ય મને રસ્તે ચાલતાં ચાલતાં ઘણાનાં મોં ઉઘાડાં રહી ગએલાં તમે જોશો. ઉંઘતી વખતે ઉઘાડાં મોં રહેવાની આદત તો અનેકને હોય છે. એ કદાચ ક્ષમ્ય ગણીએ; પણ ભાનવાળાં જાગતાં માણસો બાઘાની પેઠે બેફામ બની ઉઘાડાં મોં રાખી પડ્યાં હોય કે એમ ફરતાં હોય એ ન માફ કરી શકાય એવો દોષ છે; એમાં માણસાઇની ખામી છે; સંસ્કારિતાની ઉણપ છે; પોતાની જાત અને ચિત્ત ઉપરના કાબુનો અભાવ છે; ચરિત્રનું એ એક નાનુંસરખું પણ દૂષણ છે.

આરોગ્યની દૃષ્ટિએ આ આદત અત્યંત નુકસાનકારક છે એ તો હરકોઈ વૈદ્ય-ડાક્ટર કહેશે. શ્વાસ લેવા માટે પ્રભુએ નાક સરજ્યું છે; મોં નહિ. નાકની કુદરતી રચના અંદર લેવાતા શ્વાસને સ્વચ્છ કરી નિયમિત ફેફસાંમાં પુરો પાડે એવી હોય છે. તેને બદલે મોંએથી શ્વાસ લેવાની ટેવ નાક, ગળા અને ફેફસાંના રોગ ઉપજાવે છે. વધારામાં તે શરીરને નબળું કરે છે અને બુદ્ધિને જડ બનાવે છે.

તમારામાં આ દૂષણ હોય તો પહેલી તકે દૂર કરજો. બેફામ બાઘાની પેઠે મોંની બેડોળ બખોલ દેખાડતું ઉઘાડું મોં રાખીને તમારી જાતને જગત આગળ હાસ્યાસ્પદ બનાવવી તમને હરગીઝ ન ગમવી જોઇએ. ધનુષ્યના ચાપ જેવા સુડોળ અને મક્કમતાથી બીડાએલા હોઠ એ તેજસ્વી યુવાનનું ભૂષણ છે; અંતરની નિશ્ચલતા અને બુદ્ધિના તેજના સૂચક છે.

---

## ગ્રાહકો!
## આજથી ચેતો

'કુમાર'ના આ વર્ષના હવે બે જ અંક બાકી છેઃ કારતક અને માગશર.

માગશર અંક એ આ વર્ષનો છેલ્લો અંક. સૌ ગ્રાહકોનાં લવાજમ એ અંક સાથે પુરાં થશે.

એટલે હવે આવતા વર્ષમાં પોતાને ગ્રાહક ચાલુ રહેવું છે કે નહિ તેના ખબર સૌએ અમને માગશરની પૂનમ (૧૫મી ડિસેંબર) પહેલાં આપી દેવા; કેમકે

**દર વર્ષની પેઠે આ વખતે પણ માગશરનો અંક વી.પી.થશે. માટે**

જો ગ્રાહક ન રહેવું હોય તો લખી જણાવો એટલે એ અંક તમને સાદી પોસ્ટથી મોકલીશું.

જો ગ્રાહક ચાલુ રહેવું હોય તો તેવા ખબર આપો એટલે એ અંક વી. પી. કરીએ. (મની ઑર્ડરથી લવાજમ મોકલો તો સૌથી સારૂં. એ રીતે બે આના અને તકલિફ બચશે.)

જો કશા ખબર નહિ આપો તો, આવતે વર્ષે તમે ગ્રાહક રહેવા ઇચ્છો છો એમ સમજી માગશર અંક તમને વી. પી. થશે. અને

**એ વી. પી. જો પાછું વાળશો તો**

એના પોસ્ટેજની નુકસાનીના સવા બે આના ભરીને જ તમે તમારો એ લેણો માગશર અંક મેળવી શકશો. નહિતર એ અંક ખોશો.

**માટે અત્યારથી ચેતીને તા. ૧૫મી ડિસેમ્બર—માગશરની પૂનમ—પહેલાં અમને તમારો નિર્ણય લખી જણાવો.** —વ્ય.

**વિજ્ઞાનના ક્ષેત્રમાં પોતાના બુદ્ધિસામર્થ્યથી જેણે બોઝની બરોબરીએ જગતભરમાં બહુમાન કરે છે; ઈટાલીની વિખ્યાત વિજ્ઞાનસભાએ જેને હમણાં જ પોતાનો મહામૂલો 'સર' ના ઇલ્કાબની નવાજેશ કરી છે; જેનું વિશાળ શિષ્યમંડળ કોઇ પ્રકાશમાન ચમકારા પાડી રહ્યું છે; જેના શોધેલા નવા વૈજ્ઞાનિક સિદ્ધાન્તો પર આજ સંસારભરના**

મદ્રાસની પ્રેસિડેન્સી કૉલેજનું ૧૯૦૧નું સત્ર શરૂ થયું તે દિવસે પ્રો. ઇલિયટ અંગ્રેજી કાવ્ય પર પોતાનું વ્યાખ્યાન આપવા બી. એ.ના વર્ગમાં આવ્યા. એ વર્ગમાં નવા આવેલા વિદ્યાર્થીઓમાં એક અતિ નાનકડો પણ તીવ્ર દૃષ્ટિથી અવલોકતો વિદ્યાર્થી તેમણે જોયો. એ એટલો નાનો તથા શરીરે સાવ દુબળો જણાતો હતો કે કોઇ પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી લાગતો. તેથી પ્રો. ઇલિયટને આશ્ચર્ય થયું ને પુછ્યું, 'તમે શું આ વર્ગમાં ભણો છો?'

આ પ્રશ્ન સાંભળીને જ બધા વિદ્યાર્થી ખડખડાટ હસી પડ્યા. પણ પેલાએ હીમતભેર ઉત્તર દીધો, 'હા, સાહેબ.'

'તમારી ઉમર કેટલી?'

'તેર વર્ષ.'

'તમે ઇન્ટર ક્યાં ભણ્યા?'

'વૉલ્ટેર કૉલેજમાં.'

'તમારૂં નામ?'

'સી. વી. રામન.'

આમ ચપળતાથી ને ગભરાયા વિના રામને બધા ઉત્તર દીધા અને તેની તેજસ્વિતા જોઇ પ્રો. ઇલિયટનું દિલ તેના તરફ ખેંચાયું. એ જ દિવસથી રામન એમનો પ્રિય વિદ્યાર્થી બન્યો.

એ ચપળતા, એ તેજસ્વિતા એ વિલક્ષણ પ્રતિભા ખીલતી આવીને એ તેર વર્ષનો વિદ્યાર્થી, આજે તો ૨૮ વર્ષ પછી જગજાહીતો થયો છે; પોતાના બુદ્ધિ-સામર્થ્યને બળે એણે દુનિયાને દંગ કરી છે; વિજ્ઞાનના ક્ષેત્રમાં એણે કરેલી શોધોએ જગતમાં હિંદનું નામ ઝળકાવ્યું છે; ઇગ્લંડની વિદ્વાન રૉયલ સોસાએટી ગૌરવભેર એનું બહુમાન કરે છે; ઈટાલિની વિખ્યાત વિજ્ઞાનસભાએ હમણાં જ પોતાનો મહામૂલો મૅટ્યુસી ચંદ્રક એને અર્પણ કર્યો છે; અંગ્રેજ સરકારે એની પ્રતિભાની કદરદાનાસીમાં 'સર'નો ઇલ્કાબ અર્પ્યો છે; એણે શોધેલા નવા વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આજ સંસારભરના સમર્થ વૈજ્ઞાનિકો વિચાર અને વિવાદ ચલાવી રહ્યા છે. જગતના લોકો જેને નાચીઝ લેખી અવગણે છે એવો તે હિંદીવાન છે. હિંદના ગૌરવનાં ધ્વજધારી એ નરનું નામ ચંદ્રશેખર વ્યંકટ રામન.

૭મી નવેમ્બર ૧૮૮૮ના દિવસે દક્ષિણ હિંદમાં ટ્રિચિનાપલી શહેરમાં ગરીબ માતાપિતાને ત્યાં તેમનો જન્મ થયો. પિતા ચંદ્રશેખર આયર ત્યાંની એક નિશાળના શિક્ષક હતા. આ ભાગ્યશાળી પુત્રના જન્મ પછી તેમને વૉલ્ટેરની મિસીસ એ. વી. એન. કૉલેજમાં ગણિત તથા ભૌતિકશાસ્ત્રના અધ્યાપક તરીકે સ્થાન મળ્યું. આ બે વિષય ઉપરાંત બીજા ઘણા વિષય તરફ તેમની અભિરૂચી હતી; પણ આ બેમાં તો એક્કા ગણાતા. ખગોળ પણ સારૂં જાણતા. ઉપરાંત સંગીતનો યે તેમને ભારે શોખ હતો. પુત્ર વ્યંકટ રામનમાં આ સર્વ સંસ્કાર ઉતર્યા છે. તે પણ સંગીતના ભારે રસિયા છે. શબ્દશાસ્ત્રના ક્ષેત્રમાં જે અજાયબીભરી શોધો કરી તેમણે જગતને મુગ્ધ કર્યું છે તેનું મુખ્ય કારણ પિતા તરફથી વારસામાં મળેલા સંસ્કારરૂપે સંગીતનો શોખ છે. તેમાં યે ફીડલ પર તો તેમનો અજબ કાબુ છે.

વ્યંકટ રામનને ઘણી નાની ઉમરથી જ વિજ્ઞાન તરફ અનહદ ભાવ હતો. બાળવયમાં જ વિજ્ઞાન પ્રત્યે વલણ હોવાથી ધર્મ ઉપર શ્રદ્ધા નહોતી. દક્ષિણ હિંદમાં તો સામાન્યપણે ધર્મઘેલછા બહુ હોય છે. પણ તેમનાં માતાપિતા પણ ધર્મઘેલા સનાતની મનવાદી નહોતાં. સામાન્યરીતે ધર્મ પ્રત્યે રામન લક્ષ જ ન આપતા. પણ એ સમયમાં ડૉ. ઍની બેસન્ટે હિંદુ ધર્મના વિષય પર વ્યાખ્યાનપીઠ પરથી ખુબ અસરકારક ભાષણો આપવા માંડેલાં તથા સુંદર લેખો લખવા શરૂ કરેલા. એણે જનતાને હિંદુ ધર્મના ખરા સ્વરૂપ પ્રત્યે મંત્રમુગ્ધ બનાવી દીધી. આની અજબ અસર રામન પર પણ થઇ. એ વેળા તે માત્ર ૧૨ વર્ષની

# ડૉ. સર સી.

**હિંદનું નામ ઝળકાવ્યું છે; ઈંગ્લંડની વિદ્વાન રૉયલ સોસાએટી જેનું ગૌરવભેર મૅટયૂસી ચંદ્રક અર્પણ કર્યો છે; અંગ્રેજ સરકારે જેની પ્રતિભાની કદરશનાસીમાં સ્ફુલિંગમાંથી પ્રગટેલા તેજસ્વી તણખાઓની પેરે દુનિયાભરમાં પોતાની પ્રતિભાના સમર્થ વૈજ્ઞાનિકો વિચાર અને વિવાદ ચલાવી રહ્યા છે; તે—હિંદના ગૌરવનો જ્યોતિર્ધર**

જ ઉમરના હતા; હજુ ધર્મ એ કોઇ વિચિત્ર વસ્તુ તેને જણાતી; પણ ડૉ. બેસન્ટનાં આ વ્યાખ્યાનો તથા લેખોની આ વિચારશીલ બાળક પર એવી અદ્‌ભુત અસર થઇ કે પોતાના વિજ્ઞાનના અભ્યાસને બદલે થોડા સમય માટે ધર્મનો અભ્યાસ તેણે આદરી દીધો અને પોતે ધાર્મિક ઉત્સાહના વાતાવરણમાં ઉડવા માંડ્યું. ધાર્મિક સાહિત્યનો અભ્યાસ પણ ચીવટપૂર્વક શરૂ કર્યો અને ભૌતિકશાસ્ત્રના અધ્યયનને સ્થળે રામાયણનું અધ્યયન આદર્યું તથા વૈજ્ઞાનિક પ્રયોગોને બદલે મહા-ભારતની વીરરસની કથાઓ વાંચવા માંડી. પોતે જે કામ હાથ ધરતા તેમાં ખુબ જ ઉંડા ઉતરી કામ કરવાની ટેવ પ્રથમથી જ હતી, એટલે આ ધાર્મિક સાહિત્ય–પુરાણનું અધ્યયન એટલું ઉત્સાહ તથા બુદ્ધિ-પુર્વક, એટલું ઉંડું તથા સર્વદેશીય કર્યું કે જેથી મદ્રાસ પ્રેસિડેન્સી કૉલેજમાં બી.એ.ના વર્ગમાં વીરરસ કાવ્ય પર ઇનામી નિબંધ લખવાનો આવ્યો તે વેળા રામને 'આર્ય વીરરસ' પર નિબંધ લખી પહેલું ઇનામ મેળવ્યું.

પણ આ ધાર્મિક ઉત્સાહનો ઉફાળો થોડા કાળનો હતો. વિજ્ઞાન પ્રત્યેનો ભાવ બહુ સ્વાભાવિક હતો. વિધાતાએ તેમને વિજ્ઞાનશાસ્ત્રી બનાવવાનું જ નિર્માણ કરેલું હતું. પૌરાણિક સાહિત્યનું અધ્યયન તો ધાર્મિક ઉત્સાહના તે સમયના ઉત્પન્ન થએલા અસરકારક વાતા-વરણનું જ પરિણામ માત્ર હતું. રામને પાછો વૈજ્ઞાનિક અભ્યાસ બમણા ઉત્સાહથી આદરી દીધો.

વ્યંકટરામન ઘણો જ બુદ્ધિશાળી ને ચપળ વિદ્યાર્થી હતો તેથી કુટુંબી સગાંસ્નેહીઓએ તેને સરકારની ઉંચી નોકરીની હરીફાઇની પરીક્ષામાં ઇતિહાસ લઇ બેસવાનો આગ્રહ કર્યો. કુટુંબમાંથી કોઇ ઉંચી સરકારી નોકરીમાં નહોતું એટલે વ્યંકટ રામન તેમાં દાખલ થાય તો ઠીક એવી સૌની ઇચ્છા હતી. પણ આ બાળકે તો ચોકખી

# વી. રામન

ના જ સુણાવી દીધી. બી. એ.માં પોતાને મનગમતો ઐચ્છિક વિષય લીધો. વાંચવામાં ભારે જબરો હતો. સેંકડો પાનાં સમજી ઝડપથી વાંચી જતો. [આ ટેવ હજુ પણ એવી જ છે. હાલ કોઈવાર તબિયત નરમ હોય ને ખાટલામાં પડી રહેવા દાક્તરી સલાહ મળે ત્યારે આધુનિક સારા લેખકની કોઈ નવલકથા લઇ એકાદ દહાડામાં ચારસો પાંચસો પાનાં વાંચી કાઢે છે.] પોતાના ઐચ્છિક વિષય પર જે મોટા શિષ્ટ લેખકો ગણાતા તેમનાં બધાં પુસ્તકો વાંચી ગયા તથા પરીક્ષા માટે નક્કી થએલા બધા પ્રયોગો પણ કરી નાખ્યા અને બી.એ.ની પરીક્ષા પહેલા વર્ગમાં પસાર કરી. ભૌતિક-શાસ્ત્રમાં આર્નિાે સોનાનો ચાંદ મેળવ્યો અને એમ.એ. સારૂ ભૌતિક વિષય લીધો.

તે પછી કૉલેજની પ્રયોગશાળામાં પોતાના જ નવા ઉપજાવેલા પ્રયોગો કરવાનો તેણે મનસુબો કર્યો. પણ તેના અધ્યાપકે એવા વધારાના પ્રયોગો કરવા દેવાની ના પાડી. એવામાં નીચેનો પ્રસંગ બન્યો, જેથી આ નાના વિદ્યાર્થીની વૈજ્ઞાનિક બુદ્ધિપ્રતિભાની સૌને અચુક ખાત્રી થઈ ચુકી. એક દહાડો તેના સહાધ્યાયી મિત્ર અપ્પારાવે શબ્દશાસ્ત્રના પ્રયોગો કરતાં કંઇક ન સમજાય તેવાં નિરીક્ષણ નોંધી લઇ પોતાના અધ્યાપક જોન્સને તેનો ખુલાસો પુછ્યો. એ અધ્યાપક સાહેબ કશું ન સમજાવી શક્યા. રામનની સમજમાં એ સર્વ ઉતર્યું. એ જ પ્રયોગો તેણે ફરીથી કરી જોયા ને ઘેર જઇ લૉર્ડ રૅલેના શબ્દશાસ્ત્રના સિદ્ધાન્ત પરનું બધું વિવેચન વાંચી ગયો અને ઘડ બેસાડી. બીજે દહાડે અપ્પારાવને તથા અધ્યાપકને બધું સમજાવી ખુલાસો કર્યો. મેલ્ડેના પ્રયોગની તે એક સહેલી તથા ખુબી ભરેલી રીત હતી. આ વાત જ્યારે પ્રસિદ્ધ થઇ ત્યારે આખી વૈજ્ઞાનિક દુનિયામાં તેની સુંદર પ્રશંસાત્મક નોંધ લેવાઇ અને ખુદ લૉર્ડ રૅલેએ મિ. રામન પર અભિનંદનપ્રેરક પત્ર લખ્યો.

યુવાનને યોગ્ય ઉત્સાહથી પોતાની શોધ પર રામને એક સુંદર લેખ લખી કાઢ્યો અને ભૌતિકશાસ્ત્રના

પોતાના અધ્યાપક પ્રો. જોન્સને તે વાંચી સુધારા-વધારા સારૂ આપ્યો. એક, બે, ત્રણ મહીના ગયા પણ પ્રો. જોન્સે તે તપાસી પાછો ન આપ્યો. જેથી રામને તેની યાદ આપી ઉઘરાણી કરી. પણ પ્રો. જોન્સે કહ્યું, 'હું હજુ તે તપાસી રહ્યો નથી.' વળી બીજા ત્રણ મહીના ચાલ્યા ગયા છતાં જોન્સે હજુ તે વાંચી પુરો કર્યો ન હતો. હવે તો આ નાનકડા શોધકની ધીરજ ખુટી ગઇ. તે લેખનો પોતાને ફરીથી નકલ કરવી છે એવું બહાનું કાઢી રામને તે લેખ પાછો માગી લીધો અને લંડનના પ્રખ્યાત 'ફિલૉસૉફિકલ મૅગેઝિન'ના તંત્રી પર પ્રસિદ્ધિ અર્થે તે મોકલી આપ્યો. થોડાં જ અઠવાડિયાંમાં તે લેખનાં પ્રુફ રામન પર આવ્યાં. આથી રામનનું હૃદય આનંદથી ઉછળી રહ્યું અને તરત જ આવેલાં પ્રુફ તથા પત્ર લઇ પોતાના અધ્યાપક પ્રો. જોન્સ પાસે દોડી ગયો. પ્રો. જોન્સે એ લેખ પેલાં પ્રુફમાં જ પ્રથમ પુરો વાંચ્યો; અને કંઇક ખુશી થયા તથા કંઇક નારાજ પણ થયા ને અધીરા બની પુછ્યું, 'આ પ્રસિદ્ધિ સારૂ મોકલતાં પહેલાં મને કેમ ન બતાવ્યો?' રામને ઉત્તર દીધો 'મેં આપને એ આપ્યો જ હતો ને છ મહીના તે આપની પાસે જ રહ્યો. મેં માનેલું કે આપે તે વાંચ્યો હશે અને તેમાં આપને કશા સુધારા કરવાના નહિ હોય. એટલે મેં સીધો મોકલી આપ્યો.'

આથી પ્રોત્સાહિત થઈ તેણે પ્રકાશશાસ્ત્ર પર સ્વતંત્ર રીતે પ્રયોગો કરી એક બીજો લેખ લખી કાઢયો અને તે લંડનના સૌથી પ્રખ્યાત વિજ્ઞાન વિષયક માસિક 'નેચર'માં પ્રગટ થયો. પ્રકાશશાસ્ત્રમાં આ પછી તો રામનને હાથે ઘણી અદ્ભુત શોધો થએલી છે અને તેમનું લખેલું ઘણું સાહિત્ય દુનિયાના વિજ્ઞાનશાસ્ત્રીઓને અચંબો પમાડે તેવું પ્રસિદ્ધ થયું છે; પણ આ બે નિબંધો તો કૉલેજના અભ્યાસ દરમ્યાન જ તેમને હાથે સ્વતંત્ર લખાયા હતા.

આમ અતિ તેજસ્વી કૉલેજ–કારકિર્દી પછી તેમણે એમ.એ.ની પરીક્ષા આપી. તે જ વેળા મદ્રાસ ઇલાકાના સરકારી કેળવણી ખાતાએ તેમને ઉંચા અભ્યાસ માટે યૂરોપ મોકલવા પ્રો. જોન્સની ભલામણ સાથે સરકારમાં લખાણ મોકલ્યું અને તેમને યૂરોપ જવાનું ઠર્યું. પણ ત્યાંનાં હવાપાણી આ સુકલકડી યુવકને ફાવશે કે કેમ તે સારૂ તેના શરીરની દાક્તરી તપાસ એક મોટા સરકારી દાક્તરે કરી, અને ત્યાંની ઠંડી આબોહવામાં તેમનું શરીર કદાચ દગો દે એવો અભિપ્રાય થવાથી યૂરોપ જવાનું માંડી વળાયું. આથી હવે પોતે કયા ધંધામાં જોડાવું એ પ્રશ્ન થયો. શિક્ષક કે વકીલ થવાની તેમની ઇચ્છા નહોતી. પોતે નિશદિન વૈજ્ઞાનિક અભ્યાસમાં જ રચ્યાપચ્યા રહેતા તેથી સામાજિક કે આર્થિક લાભ તરફ તે ધ્યાન જ ન આપતા. શિક્ષક અગર વકીલ ન થવા ઇચ્છનાર તેજસ્વી યુવક માટે તે દહાડે તેમ હાલ, એક જ ક્ષેત્ર ખુલ્લું છે. હિંદી સરકારના નાણાપ્રકરણી ખાતાની હરીફાઈની પરીક્ષામાં બેસી ઉંચે નંબરે પાસ થાય તો એ ખાતામાં સારો હોદ્દો મળવાની આશા રહે છે. રામનને પણ બધાએ એ જ સલાહ આપી. મદ્રાસ યૂનિવર્સિટીની એમ.એ.ની પરીક્ષા આપ્યાને પુરૂં અઠવાડિયું થયું નહોતું ત્યાં થોડા જ દહાડામાં હિંદી સરકારના નાણાપ્રકરણી ખાતાની ઉંચી નોકરીની હરીફાઇની પરીક્ષા કલકત્તામાં થવાની હતી. પ્રો. જોન્સે તો રામનને તેમાં બેસવા સારૂ મદ્રાસ યૂનિવર્સિટી મારફત બધી ગોઠવણ કરી દીધી. પણ આ પરીક્ષા માટે તદ્દન જ નવા વિષયોનો તેમને અભ્યાસ કરવાનો હતો, અને મુદત તદ્દન ટુંકી હતી. વળી ઇતિહાસનો રામનને પહેલેથી જ અણગમો હતો ને તે વિષય તો આમાં ખાસ તૈયાર કરવાનો હતો. 'પોલિટિકલ ઇકૉનોમી' તથા સંસ્કૃત પણ હતાં. આટલા થોડા સમયમાં પોતે તૈયાર નહિ થઇ શકે એમ ઘડીભર લાગ્યું. પણ સ્નેહીઓના આગ્રહને વશ થઇ ઝપાટાબંધ બધી તૈયારી કરવા માંડી ને કલકત્તા ગયા.

પરીક્ષા શરૂ થઇ તે જ દહાડે સવારમાં મદ્રાસથી તાર મળ્યો કે 'એમ.એ.માં પહેલા વર્ગમાં પહેલે નંબરે પાસ થયા છો.' મદ્રાસ વિશ્વવિદ્યાલયની એમ.એ.ની પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર લઇ પહેલા વર્ગમાં પહેલે નંબર પસાર થનાર આજ સુધીમાં રામન પહેલા જ હતા. આથી ઉત્સાહિત થઈ નાણાપ્રકરણી ખાતાની પરીક્ષામાં પણ આવી જ અપૂર્વ ફતેહ મેળવવા કમર કસી. પરીક્ષાનું પરિણામ બહાર પડયું ત્યારે જણાયું કે આખા હિંદમાં એ જ પહેલે નંબરે પાસ થયા હતા!

ઉમર ઘણી નાની હતી. સત્તર વર્ષ તો ભાગ્યે

જ પુરાં થયાં હશે. થોડા જ વખતમાં હિંદી સરકારના નાણાપ્રકરણી ખાતામાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ તરીકે તેમની નીમણુક થઇ. આટલો અઢાર વર્ષનો યુવક હિંદી સરકારનો 'ગેઝેટેડ' અમલદાર બન્યો. ઇંગ્લંડના ઇતિહાસમાં વૂલ્સી 'બૉય ગ્રૅજ્યુએટ' કહેવાય છે તેમ રામન 'બૉય ઑફિસર' બન્યા. આવડી નાની વયમાં આવો ઉંચો હોદ્દો આ દેશમાં અગાઉ કોઇએ પ્રાપ્ત કર્યો જ ન હતો.

હવે રામનને દુનિયાદારી જીવનમાં પડવાનું આવ્યું. અત્યાર સુધી તે બાળક વિદ્યાર્થી હતા; હવે ગૃહસ્થ તરીકે રહેવાનું આવ્યું. મદ્રાસના દરિયાઇ જગાતના ઉપરી મિ. એસ કૃષ્ણાસ્વામી આય્યર દક્ષિણ હિંદના એક પ્રખ્યાત શ્રીમાન કુટુંબના નબીરા હતા. તે તથા તેમનાં પત્ની રૂક્મિણિ આમલ, બંને સારી કેળવણી પામેલાં હતાં ને એ જોડું સુખી હતું. તેમને એકની એક ત્રિલોકસુંદરી નામે વહાલી પુત્રી હતી. રૂક્મિણિ આમલે વ્યંકટરામનની અજબ હોશિયારી જોઈ લીધી અને તેને જ પોતાની પુત્રી આપવાનો મનમાં સંકલ્પ કર્યો. બંને કુટુંબ બ્રાહ્મણ જ હતાં, પણ તેમની પેટા જ્ઞાતિઓ જુદીજુદી હતી તેથી આ લગ્ન ત્યાંની જુની રૂઢીથી વિરૂદ્ધ હતું. આ કારણથી કૃષ્ણાસ્વામી આય્યરની ઇચ્છા પુત્રીને રામન સાથે પરણાવવાની નહોતી. વળી રામન કંઈ શ્રીમાન પણ નહોતા. કૃષ્ણાસ્વામી ખાનગી જીવનમાં બહુ ઉદાર મતવાદી હતા, છતાં જાહેરમાં ધાર્મિક વિધિને તથા જ્ઞાતિના રીતરિવાજને ચુસ્તપણે વળગી રહેતા અને એ રિવાજ તોડવા પોતે રાજી નહોતા. શાંત સ્થિર પાણીમાં નાહક કોણ ખળભળાટ ઉત્પન્ન કરે? એવું તેમના મનને હતું. પણ પછી તો પુત્રી ત્રિલોકસુંદરીએ જ આ લગ્ન કરવા હઠ પકડી અને અંતે તેમને નમતું આપવું પડ્યું. લગ્ન મદ્રાસમાં ભારે ધામધુમથી ઉજવાયું. ત્યાંના રૂઢિચુસ્ત સમાજમાં આ લગ્ને ભારે ખળભળાટ કર્યો. સનાતનીઓએ તેમાં કંઇ ભાગ ન લીધો. સદ્ગત ન્યાયમૂર્તિ સુબ્રહ્મણ્ય આય્યર તથા ન્યાયમૂર્તિ સદાશિવરાવ આય્યરે જાતે હાજર રહી બંને પક્ષને અભિનંદન આપ્યાં. અંધ રિવાજ તથા સંકુચિત મતવાદ પર આ ભારે પ્રહાર લેખાયો. દક્ષિણ હિંદમાં આ પ્રકારનું આ પહેલું જ લગ્ન હતું. કુમારી ત્રિલોકસુંદરી શ્રીમતી રામન થયાં અને શ્રી રામન ગૃહસ્થ બન્યા. એમ. એ. ની પરીક્ષામાં અપૂર્વ ફતેહ એ એમની પહેલી જીત; હિંદી સરકારના નાણાપ્રકરણી ખાતાની હરીફાઇનું અપૂર્વ પરિણામ એ બીજી જીત; અને આ 'ઇડરિયો ગઢ જીત્યા' એ ત્રીજી જીત. એમ આ ત્રણ ફતેહ સાથે એમનું વિદ્યાર્થી જીવન-બાળપણ ખતમ થયું, અને ગૃહસ્થજીવન શરૂ થયું.



ડૉ. સર ચંદ્રશેખર વ્યંકટરામન

હિંદી સરકારના નાણાપ્રકરણી ખાતામાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ તરીકે કલકત્તામાં તેમને સ્થાન મળ્યું. આવી સુખી છતાં જોખમી નોકરી દરમ્યાન પણ પોતાના પ્રિય વિષય વિજ્ઞાનને તેમણે છોડી દીધો નહિ. પોતે કલકત્તામાં ત્રણ વર્ષ રહ્યા. આ નોકરીમાં ભવિષ્યમાં ઘણો ભારે લાભ થવાનો એ તરફ દૃષ્ટિ કરી કોઇ નબળા મનનો માણસ વિજ્ઞાનને એક કોરે મુકી પોતે સારો પગાર મેળવી એશઆરામમાં પડ્યો રહે, પણ રામન પોતાના પ્રિય વિષયથી સાવ અળગા સંજોગોમાં મુકાયા છતાં, પોતાની આરાધ્યદેવી વિજ્ઞાનની ભક્તિ કર્યા જ કરતા. કલકત્તામાં તેમનું

(અનુસંધાન આગળ પાન ૩૭૭મે)

# બે ખૂન



પણ ધર્મશાળાની ઓસરીમાંનું કરુણ દૃશ્ય જોતાં જ મેપો પોતાનો ક્રોધ અને માનું મૃત્યુ બંને વિસરી ગયો

મરોડદાર નાક, ધારદાર આંખો, ભરાવદાર છાતી, ઉઠાવદાર શરીર. મેપો પચીસ વર્ષનો પહેલવાન હતો. પોરબંદર પંથકમાં મેપાની જોડી નહોતી. ઘરડાં માબાપ, જુવાન વહુ અને દોઢ વરસનો દીકરો એટલું મેપાનું કુટુંબ હતું. દેશમાં કામધંધો ન જડ્યો એટલે મેપો બધાંને લઈને પરદેશ ઉપડ્યો.

વડોદરા, ભરૂચ થઈને સુરતને માથે નીકળ્યો. સુરતમાં કાલાંની મોસમ હતી. મેપો ને રૂડી કામે વળગ્યાં. સાંજ પડ્યે રૂપિયો કમાઈને બેય ઘેર આવે છે ને અપંગ માબાપને નભાવે છે. પોતે ય ધાણીધાણી-આણી લહેર ઉડાવે છે. બે મહીનામાં તો મેપાની ગાંઠે થોડી મુડી થઈ ગઈ. કાલાંની મોસમ પુરી થઈ. સાહસિક મેપાએ લાંબી નજર નાખી. કાઠિયાવાડ પાછા જવા કરતાં આમ આઘા નીકળી જવાનો મનસુબો કર્યો. કલકત્તા પાસે બાંકીપુરમાં મેપાનો એક દોસ્ત હતો. જાતનો કડિયો હતો. સડકના કંત્રાટ રાખતો. મેપો બાંકીપુર જવા તૈયાર થયો. ઘરડાં માબાપને કાશીની જાત્રા કરાવવા સાથે લીધાં.

બીજે જ રાતે ગાડીએ ચડ્યાં. ચાર ટિકિટ કાશીની કપાવી. માબાપ ગંગામાં નાહીને પાવન થયાં, વિશ્વનાથ મહાદેવનાં દૂરથી દર્શન કર્યાં. બીજે દિવસે બાંકીપુર પહોંચ્યાં. છગન મિસ્ત્રીને મેપાએ શોધી કાઢ્યો. છગન બહુ રાજી થયો. મેપાને અને રૂડીને બાર બાર આના દાડી ઠરાવીને સડકના કામે ચડાવી દીધાં. મેપો ફરી હિલોળા કરવા માંડ્યો.

જેઠ અષાડ ને શ્રાવણ—ત્રણ મહીના વીત્યા. સડકનું કામ ખલાસ થયું. છગન દેશમાં ઉપડી ગયો. મેપાની ગાંઠે આ વખતે પાઈએ ન મળે. ઘેર જવાના પણ પૈસા નહિ. મેપો કામની શોધમાં ચાલ્યો. બે-ચાર દિ' થયા પણ કામ ન જડ્યું. બીજે ગામ જવાનો વિચાર કર્યો. માબાપને વાત કરી. પાંચે જણ મેદનીપુર તરફ ઉપડ્યાં. આગળ મેપો, પાછળ માબાપ,

**સા મા જિ ક  અ સ મા ન તા  અ ને  અ દા લ તી  ઇ ન્સા ફ ની  વા ર્તા**

છેવાડે રૂડી; રૂડીએ છોકરાને ખોળામાં લીધો છે.

ચાલતાં ચાલતાં સાંજ પડી. એક ધર્મશાળાનું ખંડેર દેખાયું. પાસે કુવો હતો. ગાઉ દોઢ ગાઉ ઉપર મોટું શહેર દેખાતું હતું. મેપે માબાપને ધર્મશાળાના ઓટલા ઉપર બેસાડ્યાં. પાણી પાયું. રૂડીએ છોકરાને ધવડાવ્યો. મેપો શહેર સામે જોઇ રહ્યો છે. તે થોડી-વારે બોલ્યો, 'બાપુ, હું આ સામે ગામ જઇ આવું. કાંઈ કામધંધો મળે તો તપાસ કરૂં. પછી તમને તેડી જાઉં.'

'બહુ સારૂં ભાઇ, પણ વહેલો આવજે.' મેપો શહેરમાં ગયો. અધરાત સુધી રખડીને પાછો આવ્યો. ધર્મશાળાને ઓટલે માબાપ ને રૂડી સુઇ ગયાં'તાં. મેપો પણ સુઇ ગયો.

મેપો સવારમાં વહેલો ઉઠ્યો. દાતણ કરીને ફરી શહેરમાં કામ શોધવા ચાલ્યો. અહીં ભૂખ્યાં માબાપ વાટ જોઇને બેઠાં. મેપો મ્યુનિસિપાલિટિના પટાવાળાને મળ્યો, કારકુનને મળ્યો; ઇજનેર સા'બને બંગલે ચાર કલાક બેઠો, પણ કામ ન મળ્યું. સાંજ પડવા આવી ખીસામાં એક આની હતી એના દાળિયા લીધા. 'ભુખ્યાં માબાપને પાણીનો આધાર થશે, અમે વરવહુ એમને એમ સુઇ રહીશું' એમ વિચાર કરતો મેપો ધર્મશાળાએ ચાલ્યો.

અહીં ધર્મશાળાએ બપોર થયા પણ મેપો આવ્યો નહિ આગલા દિવસના અપવાસી ત્રણે જણ ભુખ્યાં થયાં. રૂડીના થાનમાં દુધ પણ સુકાયું. છોકરો રોવા માંડ્યો. ઘરડો અપંગ બાપ છોકરાને છાનો રાખે છે. રૂડીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એમ ને એમ સાંજ પડી. મેપાની માનો જીવ ન રહ્યો. એ પરાણે ઉભી થઈ. ચામડી લબડી ગએલી, પગ માંડ ઉપડે, ઘડપણ ને ભુખ તો ય ડોશી ઉઠી. હાથમાં લાકડી લીધી ને પગથિયાં ઉતરી રૂડીને કહેતી ગઇ કે 'આ સામે વાડીમાં કોઇ શેઠનો બંગલો દેખાય છે ત્યાં જાઉં છું. જો બટકું રોટલો મળશે તો લઈ આવીશ.'



આગળ મેપો પાછળ માબાપ અને પછવાડે રૂડી

ધર્મશાળાથી અર્ધાક માઈલ ઉપર એક વિલાયતી નળિયાંનો મોટો બંગલો હતો. ફરતો લીલોછમ બગીચો, ને બગીચામાં ફુવારા ઉડી રહ્યા હતા. મેદનીપુરનો જમીનદાર સતીશચંદ્ર એ મહેલનો સ્વામી હતો. પોતાના કુટુંબ સાથે એ ત્યાં રહેતો હતો. વાર્ષિક અઢી લાખની એની આવક ગણાતી. દરવાજે સમીસાંજે વિજળીના દીવા થઇ ગયા. બંભે બંદુકો લઇ બે સંત્રી પહેરો દઇ રહ્યા છે. મેપાની મા ધ્રુજતીધ્રુજતી દરવાજે આવી. અંદર પેસવા જાય છે ત્યાં સંત્રીએ ત્રાડ મારી: 'કીધર જાતી હો !'

'એ માબાપ, ગરીબ ભિખારણ છું. પ્રભુ તમારૂં સારૂં કરશે.'

બીજો સંત્રી જરા દયાળુ હતો. એણે ડોશીને અંદર જવા દીધી. ચોકમાં પગથિયાં પાસે ઉભી રહીને એણે ટેલ નાખી. મહેલમાંથી અઢારેક વર્ષનો ખૂબસૂરત યુવાન બહાર નીકળ્યો. એ સતીશબાબુનો લાડીલો શરત, કલકત્તા યૂનિવર્સિટિનો છકેલ કૉલેજિયન, ભિખારણને જોઇને ધગી ગયો.

'એય ડોકરી કેમ આવી છો ? બહાર નીકળ.'

'એ ભાઇશા'બ ઠાકર મા'રાજ તમારૂં. . . .'

'ચાલ બહાર નીકળ.'

એવામાં શરતની બા બહાર નીકળી. ગરીબ ભિખારણને જોઇને એને દયા આવી. શરતને વારીને

એણે કહ્યું, 'ઉભી રહે રોટલો આપું.'

શરતકુમારનાં માતુશ્રી અંદર ગયાં ને શરતનો પિત્તો ફાટ્યો, 'ચાલ ડોકરી; બહાર નીકળ' કહેતો એ પગથિયાં ઉતર્યો. ડોશી હાથ જોડીને કાલાવાલા કરવા લાગી. એમ તો ભાઇનું માથું વધારે તપ્યું અને મગજ તપતાં જુવાન શરત ભાન ભુલ્યો. પગમાંથી જોડો કાઢીને છુટો ઘા કર્યો. ઘરડી, ભુખી, અશક્ત ડોશી ફરસબંધી ઉપર પછડાઇ પડી. પડતાં વેંત જ એના પ્રાણપંખી ઉડી ગયા!

શરત સામુ પણ જોયા વિના ઓરડામાં ચાલ્યો ગયો. શરતની બા આવીને જુએ તો ભિખારણ અચેત પડી છે. સંત્રીઓ ત્રાંસી આંખે જોઇ રહ્યા છે. તેણે સતીશબાબુને એકદમ જાણ કરી. જમીનદાર આવીને જુએ તો ભિખારણ ટાઢી થઇ ગઇ છે સતીશબાબુના હોશકોશ ઉડી ગયા. પણ વખત વિચારી એમણે ગભરાટ દબાવ્યો. સંત્રીઓને રોફથી હુકમ કર્યો, 'આ ડોશીને બહાર ફેંકી આવો; નકામી અહીં મરી જશે.' સંત્રીઓએ મડદું ઉપાડીને વાડની પછવાડે રસ્તા ઉપર જ ફેંકી દીધું. સૌ પોતાને કામે ચડી ગયા.

ધર્મશાળાએ આવીને મેપાએ દાળિયા કાઢ્યા. મુઠી બાપને આપ્યા અને માની પુછપરછ કરી. બાપે કહ્યું કે 'ઇ તો આ સામે બંગલે ગઇ છે તે હમણાં આવશે.'

મેપો બાપની સામે જોઇ રહ્યો. 'આ અંધારી રાતે એકલી કેમ મોકલી?'

'ઇ એની મેળે ગઇ.'

'શું મેળે ગઇ?' કહેતો મેપો થાક્યોપાક્યો, ભુખ્યો-તરસ્યો ઉઠ્યો. લાકડી લીધી ને માની શોધમાં ચાલ્યો.


ઝપાટાબંધ બંગલા તરફ ચાલ્યો જાય છે એવામાં કાંઇક પગે અથડાયું. માણસ જેવું લાગ્યું. 'કોક બાપડું પડી ગયું છે' એમ બબડીને મેપો નીચો વળ્યો. અંધારામાં કાંઈ દેખાતું નથી. હાથથી કાંઇક અનુમાન થાય છે. મેપે એનું માથું ઉંચું કરીને વિજળીના અજવાળામાં જોયું. જોયું ને આંખે અંધારાં આવી ગયાં. ત્યાં ને ત્યાં હેઠો બેસી ગયો. મડદાને વારેવારે છાતીએ ચાંપે છે. આંખમાં આંસુ માતાં નથી. રોતો કકળતો ને બાપ ઉપર ખીજાતો મેપો માને ઉપાડીને ધર્મશાળાએ આવ્યો. પગથિયાં આગળ માને મુકીને ઉપર ચડ્યો. પણ ત્યાં ઓશરીમાં જે કરુણ દશ્ય જોઇને

# પૂજારી



ઘંટના નાદે કાન ફુટે મારા,
ધૂપથી શ્વાસ રૂંધાય;
ફુલમાળા દૂર રાખ પૂજારી,
અંગ મારૂં અભડાયઃ
ન નૈવેદ્ય તારૂં આ
પૂજારી પાછો જા!

મંદિરનાં આ ભવ્ય મહાલય
બંધન થાય મને;
ઓ રે પૂજારી! તોડ દીવાલો
પાષાણ કેમ ગમે?
ન પ્રેમનું ચિહ્‌ન આ
પૂજારી પાછો જા!



એરણ સાથ અફાળે હથોડા
ઘંટ તણો ઘડનાર;
દિન કે રાત ન નીંદર લેતોઃ
(ને) નૈવેદ્ય તું ધરનાર?
ખરી તો એની પૂજા;
પૂજારી પાછો જા!


દ્વાર આ સાંકડાં કોણ પ્રવેશે?
બહાર ખડી જનતા;

સ્વાર્થ તણું આ મંદિર બાંધ્યું,
પ્રેમ નહિ પથરાઃ
ઓ તું જોને જરા !
પૂજારી પાછો જા !



માળી કરે ફુલ મ્હેકતી વાડી,
ફુલને તું અડ કાં ?
ફુલ ધરે તુંઃ સહવા એને
ટાઢ અને તડકા ?
એ તે પાપ કે પૂજા ?
પૂજારી પાછો જા !

ઓ રે પૂજારી ! આ મંદિર કાજે
મજુર વ્હે પથરા;
લોહીનું પાણી તો થાય એનું અને
નામ ખાટે નવરા ?
અરે તું ના શરમા ?
પૂજારી પાછો જા !



ખેડુતને અંગ માટી ભરાતી,
અર્ધ્ય ભર્યો નખમાં;
ધૂપ ધર્યો પરસેવો ઉતારી
ઘંટ બજે ઘણમાંઃ
પૂજારી સાચો આ
પૂજારી પાછો જા !

કૃષ્ણલાલ સિધરાણી

મેપો ક્રોધ અને માનું મૃત્યુ બંને વિસરી ગયો !

ઘરડો બાપ ચત્તોપાટ પડ્યો છે. બે દિવસના ઉપવાસે એનું પેટ પાતાળ ગયું છે. મોઢા ઉપર નુર નથી રહ્યું. રૂઢી અર્ધી ઉંઘમાં, અર્ધું મોઢું ફાડીને આડે પડખે પડી છે. છોકરો એક તરફ બેભાન પડ્યો છે. મરેલી મા આ દુઃખમાંથી છુટી. એમ મેપાને લાગ્યું, પોતાને પાપે મા ગઇ ને આ ત્રણ જીવ આજ મરવા પડ્યા છે. પોતાની જાત વેચીને પણ આ ત્રણે પેટના ખાડા પુરવા મેપો તૈયાર છે. પણ આજ જગતને મેપાના શરીરની જરૂર નથી.

એકાએક મેપાને કાંઇક સુઝયું. એણે લાકડી લીધી, પગથિયાં ઉતર્યો અને સતીશચંદ્રના બંગલા તરફ ઝપાટાબંધ ચાલ્યો.

બંગલાની પાછલી બાજુએ મજબુત વાડ છે. મેપાની કડિયાળી ડાંગે વાડમાં છીંડુ પાડ્યું. આગલે દરવાજે સંત્રી પહેરો ભરે છે. મહેલમાં સૌ ભરનિંદરમાં પડ્યાં છે. મેપો બંગલામાં પેઠો. રસોડાને સાંકળ ચડાવીને રસોયો ઘસઘસાટ ઉંઘે છે. મેપે ધીરેથી રસોડું ઉઘાડ્યું. અંદર પેઠો. કબાટમાંથી દુધનું બોઘરણું ઉપાડ્યું. તપેલામાં વધેલા ભાત પડ્યા'તા એ ફાળિયાને છેડે બાંધી લીધા. એક હાથમાં બોઘરણું, બીજા હાથમા ડાંગઃ મેપો બહાર નીકળ્યો. જીંદગીમાં પહેલીવાર ચોરી કરીને મેપો બહાર નીકળ્યો. ગભરાટનો પાર નથી. ઘડીક મનમાં થાય છે કે બધાં ભલે મરી જાય પણ ચોરી ન કરવી. પણ બીજી જ પળે બાપનું કરમાએલું મોઢું, બેભાન છોકરો, અને રૂડી નજરે તર્યાં. મેપો આગળ વધ્યો. છીંડા તરફ જાય છે ત્યાં અજવાળું દેખ્યું. સંત્રી રોન ફરવા નીકળેલો. મેપો પાછો દોડીને બંગલામાં પેઠો. ઉતાવળમાં અંધારામાં એક પલંગ સાથે અથડાયો. અથડાતાં પલંગમાં આઠેક વરસનો છોકરો બેઠો થઇ ગયો. મેપાને જોઇને રાડ પાડવા જાય ત્યાં મેપાનો હાથ છોકરાના મોઢા ઉપર પડ્યો. બોઘરણું હેઠું મુકીને મેપે બીજે હાથ છોકરાને ગળે દાબ્યો. જમીનદારનો ફૂલ જેવો બાળક પળવારમાં ચીમળાઇ ગયો ! સંત્રી નીકળી ગયો એટલે મેપે બોઘરણું ને ડાંગ લીધાં. બહાર નીકળ્યો; છીંડા તરફ નજર કરી; કોઇને ન દીઠું. છલંગ મારીને હેઠો ઉતર્યો, ફાળ ભરતો બહાર નીકળીને ધર્મશાળા ભણી ભાગ્યો.

**પ**દ્માતીરે પચીસ ઝુંપડાંનું ગામડું. ગામડાં ફરતી શાલ-વૃક્ષની ઘટા. પાણીથી છલકાતાં ખેતર. ખેતરમાં કામ કરતા મજબુત રૂપાળા ખેડુતો, ગામ આખા જીલ્લા-માં સુખી ગણાતું.

ગામનાં એ પચાસેય ઝુંપડાંને આંટી મારે એવું એક નવું ઝુંપડું બે વરસથી થયું છે; પટેલના સાથીનું એ ઝુંપડું છે. આંગણામાં ત્રણ વરસનો છોકરો રમે છે. છોકરાની મા વાસણ માંજે છે. દાદા હૈડો માળા ફેરવે છે. બાપ ખેતર ગયો છે. બપોર નમવા માંડ્યા છે. એવામાં પટેલના ઘર તરફથી પાંચસાત પોલીસ, બે ત્રણ ફાલતુ આદમી અને પટેલ આવતા દેખાયા. છોકરો પોલીસ જોઇને માને બાઝી પડ્યો. બોઘણું ઉટકતી રૂડીએ ઉંચે જોયું. આમ અચાનક ધાડિયું જોઇને એને ધ્રાસકો પડ્યો. લુગડું સંકોરીને ઠીક કર્યું. પટેલને રૂડી સારી રીતે ઓળખતી'તી એટલે જરાક મરજાદ રાખવાઆઘુંઓઢ્યું.

પટેલે ઝુંપડા સામા આંગળી કરીને કહ્યું. 'આ મારા નવા સાથીનું ઘર.' પટેલનું વાક્ય પુરૂં થાય એ પહેલાં તો ઇન્સ્પેક્ટરે રૂડીના હાથમાંથી બોઘણું માગ્યું. બોઘણા ઉપર નામ વાંચ્યું. 'સતીશચંદ્ર ચટ્ટોપાધ્યાય'. પટેલ ફાટી આંખે જોઇ રહ્યા. મેપાની આબરૂ પટેલને વહાલી હતી. એ મેપાને દેવ જેવો પ્રમાણિક માનતો. મેપો ચોરી કરે એ એને મન સમજાય એવી વાત ન હતી. પટેલ મુંગો થઇ ગયો. ઇન્સ્પેક્ટરે નામઠામ પુછી લીધું.

રૂડીને કે મેપાના બાપને કાંઇ સમજણ જ ન પડી. પટેલ આવીને પુછવા લાગ્યા. પણ શો ઉત્તર દે? મેપાને ખેતરેથી બોલાવ્યો. મેપો આવ્યો. પોલીસને જોઇને જરાક મનમાં ચિંતા પેઠી પણ મેપો નીડર હતો. આવ્યો અને પટેલને રામરામ કરી ઉભો રહ્યો.

ઇન્સ્પેક્ટરે પુછપરછ શરૂ કરી. મેપે બધી વાત કબુલ કરી દીધી. પોતે કેવા સંજોગોમાં ભાત ને દુધ ચોર્યાં એ બધી વાત માંડીને કહી દેખાડી. પણ જમીનદારનો દીકરો પોતાને હાથે મર્યો છે એનું એને સ્વપ્નેય ભાન નથી. ખુલ્લે દિલે ચોરી કબુલ કરી એટલે મન હળવું ફુલ જેવું થઇ ગયું. મેપો પટેલની સામે જોઇ રહ્યો. પટેલ ઇન્સ્પેક્ટર તરફ જોઇ રહ્યા. ઇન્સ્પેક્ટરે કાંઇક લખી લીધું અને પાસે પેટી હતી તેમાંથી હાથકડી કાઢીને મેપાના હાથમાં પહેરાવવા માંડી. પટેલ હાથકડી જોઇને વચ્ચે પડ્યાઃ 'અરે સા'બ આવી નજીવી ચોરીમાં હાથકડી? અને આ તો કબુલ કરી દે છે.'

ઇન્સ્પેક્ટરે રોફથી ઉત્તર

અનુસંધાન

આગળ પાન ૩૮૬ મે

# રાજપુત ચિત્રકલા

ભારતવર્ષની ચિત્રકળા ઈસુના જન્મ પહેલાં સૈંકડો વર્ષોથી ખીલતી આવી છે અને છેક આઠમા સૈકા સુધી તેનો વિકાસ અખંડ રીતે સચવાતો આવ્યો છે, એટલું જ નહિ પણ પૂર્વમાં ચીન, જાપાન, તિબેટ, સિયામ, સુમાત્રા, જાવા, બાલી અને પશ્ચિમ તુર્કસ્તાન ખોતાન સુધી તેની સચોટ અસર પહોંચી છે. એ પ્રાચીન ચિત્રકળાનાં લક્ષણો અને શૈલીના ઉત્તમ નમુના આજે તો માત્ર અજંતા, બાઘ અને શ્રીગિરિની ગુફાઓમાં જળવાએલા મળી આવે છે. બાકી બધે ઠેકાણે કાળના ઘસારા અને દુશ્મનોના હુમલાએ તમામ અવશેષોનો ખુરદો કરી નાખ્યો છે.

## પ્રાચીન ચિત્રકળા

ગુપ્ત સામ્રાજ્યના સુવર્ણ યુગમાં દેશે ખુબ આબાદી, શાંતિ અને સંસ્કાર ભોગવ્યાં હતાં. તે વખતે હિંદુસ્તાન આખા જગતનું આકર્ષણ બન્યું હતું અને પરિણામે તે બધી પ્રજાઓનું મીલનસ્થાન થવાથી કળા તથા સંસ્કારનો પ્રચાર પણ ખુબ થયો હતો. એવા વખતમાં ચિત્રકળા ફુલેફાલે એમાં નવાઈ નથી. ઇ. સ. ના ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા સૈકાઓમાં અનેક રાજમહેલો તથા સંખ્યાબંધ ગુફાઓ, મઠો અને મંદિરો અત્યુત્તમ ચિત્રકળાથી ભરચક હતાં. ચીનના ઐતિહાસિક પ્રવાસીઓ ફાહિયાં અને હ્યુએન-સંગનાં વર્ણનોમાં ઇ. સ. ચારસોથી છસો સુધીની માહીતી મળે છે. તેઓએ તે સમયનાં મકાનો પરનાં મોટાં અદ્ભુત ભીંતચિત્રોની નોંધ લીધી છે. કપિલ-વસ્તુ નગરના એક રાજમહેલમાં બુદ્ધના જન્મ સમયનું મોટું ચિત્ર હતું તેનું ફાહિયાંએ સરસ વર્ણન કર્યું છે. ઉત્તર વાયવ્ય પ્રાંતોમાં એક મોટો ચિત્રા-મણુથી ભરેલો બૌદ્ધ મઠ હતો એમ હ્યુએન સંગે લખ્યું છે. ૧૬મા સૈકામા તિબેટના તારાનાથ કરીને પ્રાચીન ઇતિહાસ લેખકે લખ્યું છે કે હિંદુસ્તાનના મધ્ય, પૂર્વ અને પશ્ચિમ પ્રાંતોમાં ત્રણ પ્રકારની ચિત્રકળા પ્રચલિત હતી. ઈ. સ. ના ચોથા-પાંચમા સૈકામાં મગધમાં બુદ્ધપક્ષ રાજાના સમયમાં બિંબિ-સાર નામનો શિલ્પી અને ચિત્રકાર સુપ્રસિદ્ધ હતો. તેની પરંપરામાં ઘણા ચિત્રકારો થયા અને તે પ્રાચીન કાળના દસ સૈકા પૂર્વેના દેવ ચિત્રકારો જેવું કામ કરતા. બંગાળ, આસામ વગેરે પૂર્વ પ્રાંતોમાં નવમા સૈકામાં વરેન્દ્ર રાજાઓના સમયમાં ધર્મપાળ અને દેવપાળ નામના કલાકારોએ ચિત્રકળા ખીલવી હતી અને તેમનું કામ નાગલોકો જેવું હતું. પશ્ચિમ પ્રદેશમાં એટલે રાજપુતાના અને ગુજરાતમાં શૃંગધર નામનો મરૂ ચિત્રકાર સુપ્રસિદ્ધ હતો. એ છઠ્ઠા કે સાતમા સૈકામાં શીલાદિત્યના સમયમાં થઈ ગયો. તેની શૈલીમાં યક્ષોને મળતું કામ છે. આ સિવાય કાશ્મીર, નેપાળ, બ્રહ્મદેશ, દક્ષિણ હિંદ વગેરે સ્થળે પણ ચિત્રકળા ખીલેલી હતી. પણ, તારાનાથ કહે છે કે, એ બધી આ ત્રણ મુખ્ય શૈલીઓમાંથી નીકળી હતી.

ચિત્રકળાના આટલા બધા ઉલ્લેખ મળવા છતાં આઠમી સદી પછી ચારસો વર્ષ સુધી ભારતવર્ષની કળા કેવી હતી તે જાણવાને કંઈ સાધન કે નમુના મળતાં નથી. આ લાંબા ઇતિહાસ–અંધકાળમાં પ્રજા અને રાજ્યોની અસ્વસ્થ હાલતને લીધે ચિત્રકળા ન પણ ખીલી હોય, અથવા વિસરાઇ ગઇ હોય એવું બને. રમેશચંદ્ર દત્ત જણાવે છે કે 'એટલા સમયમાં કોઇ મહાન રાજ્ય કે રાજ્યવંશ સ્થપાયાની પણ નોંધ નથી, કોઈ મહાન કળાનિર્માણ જેવું મકાન પણ બન્યું નથી, તેમજ વિજ્ઞાન કે સાહિત્યના ચમત્કારિક ઉપાસકનું નામ પણ મળતું નથી. આ ચાર શતાબ્દિ સુધી ઉત્તર હિંદુસ્તાન ગાઢ અંધારમાં





ચીતલની સવારીનાં ઐતિહાસિક ભીંતચિત્રો

ભાવનગરની જુની રાજધાની શીહોરના રાજમહેલની ભીંત પરનાં આ ચિત્રો ૧૭મા સૈકામાં ચીતરાએલાં હતાં.

ઘેરાએલા લાગે છે.' પણ ડૉ. લીકૉક અને સર ઑરેલ-સ્ટીનની શોધથી પૂર્વ તુર્કસ્તાન, ખોતાન અને તિબેટના ભૂગર્ભમાંથી મળી આવતા નમુનાઓ અને ધાર્મિક ધ્વજાઓ પરનાં ચિત્રો ગવાહી આપે છે કે એ સમય દરમ્યાન હિંદની ચિત્રકળાએ હિંદ બહાર ચોમેર ખુબ પગપેસારો કરી મુક્યો હતો.

આઠમા સૈકામા હિંદમાંથી બૌદ્ધ ધર્મનો લોપ થયો ત્યાર પછી ચિત્રકળાનો પ્રકાર ક્યાંય પણ ખીલતો જણાયો નથી; છતાં ઇતિહાસની કેટલીક વિગતો આપણને અચુક માર્ગદર્શક કેડી પર તો લાવી મુકે છે. નવમા સૈકામાં આબુ ઉપરથી રાજપુતોનું પુનરુત્થાન થયું અને મુસલમાનો આવ્યા તે પહેલાં ગુજરાતના રાજાઓની ઉત્તર હિંદમા બહુ દૂર સુધી આણ ફરતી થઈ ગઇ. તે વખતની તેમની રીતરસમોની અને વ્યક્તિત્વની છાપો હજી પણ મળી શકે છે, અને તેને જ કારણે રાજપુતાનામાં ચિત્રકળાની પ્રથા સચવાઇ રહેવા પામી હોય એવું માનવાને સબળ કારણ છે. જયપુર, બિકાનેર, જોધપુર, ઉદેપુર વગેરેના રાજમહેલોની ભીંતો પર અને ગુજરાતનાં જુના નગરોની ભીંતો પર હજુ પણ તેમની ચિત્રો કરવાની રીત સચવાઇ રહેલી છે. અલબત્ત, તેમાં ઘણે ઠેકાણે પરદેશની અસરો ભળવા પામી છે, પરંતુ બૌદ્ધ કાળનાં ભીંતચિત્રો જોડે સાથી સાંકળના અંકોડા રૂપ તેમને ગણી શકાય એમ છે. લોકોના ધર્મોમાં ફેરફાર થયા, રાજ્યસત્તાઓમાં ક્રાંતિ આવી ગઇ. સમાજવ્યવસ્થા બદલાઇ, નવાંનવાં સાહિત્યની અસરો ઉપજી, વરઘોડા, રાસ, ઉત્સવો વગેરેએ લોકોમાં નવા પ્રકારની રસવૃત્તિ ઉત્પન્ન કરી અને તેને લીધે દેશની શિલ્પકળાઓને બહુ પોષણ મળ્યું. દરેક સંપ્રદાયે એ કળા મારફતે પોતાનાં રૂપો અને શૈલીઓ સરજ્યાં. આથી ચિત્રકળાનો હિસ્સો કમી થયો હશે, તોપણ તેની અસર દરેક જાતના ઘાટમાં, કોતરણીમાં અને કાપડની છપાઇમાં ઉતર્યા વિના રહી નથી.

## આદિ રાજપુત કળા

આમ છતાં રાજપુત ચિત્રકળાના સરસ નમુના અકબરના રાજ્યકાળ સુધી નજરે પડતા નથી. પણ ઇતિહાસની એક નાનીશી હકીકત ચિત્રકળાનું સ્થાન આઠમા સૈકામાં કેવું હતું તે દર્શાવવા બહુ ઉપયોગી બને છે. અરબ સરદાર મહમદ કાસીમે જ્યારે સિંધ ઉપર સવારી કરી ત્યારે, તે સમયના ઇતિહાસકારે નોંધ કરી છે કે, કેટલાક હિંદુ ગૃહસ્થોનું મંડળ તેની પાસે ગયું અને તેની તથા તેના સરદારોની તસ્વીરો કરવા દેવાની માગણી કરી. આટલી બાબત પરથી જણાય છે કે તે વખતે ચિત્રકળા હિંદુસ્તાનની પ્રજાનો એક અતિ પ્રિય વિષય હતો અને એ અરસામાં તે રાજપુતોમાં બહુ આદર પામી હશે તથા આખા યે પ્રદેશમાં પ્રચલિત હશે. ધીરેધીરે જયપુરનું રાજ્ય આગળ પડતા તે રાજપુત કળાનું એક પ્રસિદ્ધ સ્થાન બન્યું હશે. આ સમયની ચિત્રકળાને આપણે આદિ રાજપુત કળા તરીકે ઓળખશું. તે કળાનો પ્રાદુર્ભાવ પહેલાં પહેલાં ગુજરાત, બુંદેલખંડ અને રાજપુતાનાનાં મોટાં રાજ્યોમાં થયો. અજંતા સમય પછીની ચિત્રકળાના કોઈ નમુના મળી શકતા હોય તો તે બારમા સૈકામાં ગુજરાતમાં રચાએલા જૈન ગ્રંથ કલ્પસૂત્રનાં ચિત્રો છે. તેનો સમય ઇ. સ. ૧૨૩૭ નોંધેલો છે. તાડપત્ર ઉપર લખાએલો આ સચિત્ર ગ્રંથ પાટણના જૈન ગ્રંથભંડારમાં છે.

ત્યાર પછી ઇ. સ. ૧૪૧૫માં રચાએલો 'વસંત-





આશરે ૨૦૦ વર્ષ પહેલાંની ગુજરાતની ચિત્રકળા
રાગરાગણીના સમય અને ભાવ બતાવતાં આ ચિત્રોમાં ગૃહસ્થજીવનની, દિવસના જુદાજુદા વખતની ઢબછબનો ઉપયોગ કર્યો છે. તેની રંગપૂરણી ઘેરા મસ્ત રંગોથી ભરપુર અને રેખાંકન વર્ણનાત્મક શૈલીવાળું છે.
તે આદિ રાજપુત કળાની જ વધારે સંશુદ્ધ પરંપરા જણાય છે.

વિલાસ'નો ગ્રંથ આવે છે. આ બંને ગ્રંથો વચ્ચે બસો વર્ષનું અંતર હોવા છતાં તેમાં શૈલીનું મળતાપણું ઘણું છે. આ 'વસંત વિલાસ' એ જુની ગુજરાતી ભાષાનો એક અમૂલ્ય હસ્તલિખિત ગ્રંથ છે અને તેનું સંપાદન કરવાનો યશ આપણા સાક્ષરવર્ય દી. બ. કેશવલાલ ધ્રુવને ઘટે છે. ટીપણા જેવા લાંબા પટ ઉપર લખાણની લીટીઓ અને વચ્ચેવચ્ચે ચિત્રની તકતીઓ મુકીને એ સુશોભિત રીતે લખાએલો છે. તેમાં એ વખતના પોશાકો, રાચરચીલાં, રીતભાત અને વિનયનો આબેહુબ ખ્યાલ આપતાં ચિત્રો છે. દરેક ચિત્ર આશરે સાડા ત્રણ ઈંચ પહોળું અને સાડા સાત ઇંચ લાંબું છે અને કુલ એવાં ૭૯ ચિત્રો તેમાં છે. આ ચિત્રોમાં વિગત વર્ણવવા પુરતા જ આકારો સચવાયા છે અને જાણે અપભ્રંશ ભાષા હોય તેમ માત્ર અર્થ સમજાય એ પુરતું જ ચિત્રકામ થયું છે. લખનારે જ આ કળા કરી હોવાથી તેને એકજાતનું ચિત્રલેખન ગણી શકાય.

## ચિત્રકળાનાં મુળ મથકો

ઇસવી સનના પંદરમા સૈકા સુધી ભારતીય ચિત્ર-કળાના સરસ નમુના હિંદના પશ્ચિમ અને દક્ષિણ દેશોમાંથી મળી આવતા હતા. મુગલ બાદશાહોના શોખને લીધે કળાકારોને રાજ્યાશ્રય મળવા લાગ્યો ત્યારથી જ દિલ્હી અને આગ્રા કળાનાં મથક તરીકે જાણીતાં થયાં ને છેક મુગલ સત્તાની પડતી આવતાં સુધી એ સ્થળોની કીર્તિ ટકી રહી. રાજપુતાનાએ ઘણા લાંબા સમય સુધી દિલ્હી સામે ટક્કર લીધી અને કદિ સામ્રાજ્યનું અંગ બન્યું નહિ. એટલે દિલ્હીની કળાની અસરથી પણ તે દૂર રહ્યું. દિલ્હીના સંસ્કારોની છાપ તેમણે સ્વીકારી હોય તે કરતાં દિલ્હીને તેમણે સંસ્કાર આપ્યા છે. ગુજરાતમાં ૧૩મા સૈકા સુધી તો પ્રતાપી રાજાઓએ અણહીલવાડ પાટણને હિંદુસ્તાન-ભરમાં એક મહાન રાજ્યનગરીનું નામ અપાવ્યું. આવાં સંપત્તિવાન રાજ્યોની છાયામાં કળાઓ સર્વ પાંખડીએ પ્રફુલ્લે તેમાં નવાઇ ન જ ગણાય. સિદ્ધરાજ

અને કુમારપાળના સમયનાં બાંધકામો એ વાતની સાક્ષી પૂરી ઊભાં છે. ચિત્રકળાનું સંરક્ષણ શિલ્પ જેટલું સુલભ નહિ હોવાથી જોકે હાલ તેના નમુના તો મળતા નથી, પણ જેસલમીર, પાટણ, અમદાવાદ અને દતીઆના જુના ગ્રંથભંડારોમાં શોધ ચલાવાય તો મુગલ સમય પહેલાંની ચિત્રકળાના નમુના અને કેટલીક છુટતી વિગતો મળી આવે.



પદ્મિની
ચિત્રકાર : મોલારામ

અતિ પ્રાચીન કાળથી આપણા દેશમાં કાગળના કે કાપડના ચિત્રપટો પ્રચલિત થયા હતા એવી પ્રતીતિ સાહિત્યમાંથી અને ચાલી આવતી પરંપરાથી મળી રહે છે. ઇ. સ. ના પહેલા કે બીજા સૈકામાં કાશ્મીરી કવિ સોમદેવે પૂર્વના ગુણાઢ્યે રચેલા પૈસાચિક વાણીમાં લખાએલા કથાસરિત્સાગરનો સંસ્કૃતમાં અનુવાદ કર્યો છે તેની વાર્તામાં પાત્રોની છબીઓનો ઉલ્લેખ આવે છે. તે પછી ઇ. સ. ૧૦૩૭માં ક્ષેમેન્દ્ર વ્યાસદાસે તેના જ ધોરણ પર બૃહત્કથામંજરી લખી. તેની એક વાર્તામાં ઉજ્જયનિના રાજા વિક્રમ એક ચિત્ર–પુત્તિકા જોઇ રહ્યા છે એવો પ્રસંગ આવે છે. તેમાં એક સુંદરીનો ચહેરો જોઇ રાજા મોહપાશમાં પડે છે અને એ જ ચહેરાની સ્ત્રીને પરણવાની રટ લે છે; અંતે વાર્તામાં તેવું પાત્ર મળી આવે છે. કાલિદાસના પૂર્વગામી ભાસ કવિએ પણ તેના 'દૂતવાક્ય' નામના નાટકમાં કૃષ્ણ સાથે વાત નહિ કરવાના બહાના તરીકે દુર્યોધનને ચિત્રપટ મંગાવી જોતો વર્ણવ્યો છે અને તે વખતે રંગની જમાવટ, ભાવદર્શન અને સ્વચ્છ ચિત્રણાનાં તે વખાણ કરે છે. ભવભૂતિ કવિના ઉત્તરરામચરિતમાં રામ અને સીતા અર્જુન નામના ચિત્રકારનાં ચિત્રોનો થોકડો જુએ છે. તેમાંની આબેહુબતાથી સીતાજીને બધા પ્રસંગો યાદ આવી જાય છે અને હૃદય ભરાઇ આવે છે, ત્યારે રામ આશ્વાસન આપે છે કે તેઓ અત્યારે ચિત્રો જુએ છે, ખરૂં નહિ. એ યુગમાં અર્જુન નામનો કોઇ નામીચો ચિતારો થઇ ગયો હશે એમ લાગે છે કેમકે નાટકમાં પણ તેનો ઉલ્લેખ થાય છે.

વસંતવિલાસનો ચિત્રપટ પણ એવી જ પરંપરાને આધારે ચીતરાયો છે, તેમાં એક પછી એક પ્રસંગો વિગતોનું વર્ણન સ્પષ્ટ આકૃતિમાં આપતા જાય છે આ પરથી ખાતરી થાય છે કે વર્ણનના ચિત્રપટો હિંદુસ્તાનની કોઇ પણ કળા જેટલા જ પ્રાચીન હોવા જોઇએ. હજુ પણ ગામડાંમાં દેહગરુ તરીકે ઓળખાતા ભિક્ષુઓ પુરાણ સ્વર્ગનર્ક, રામરાવણ, પાંડવ વગેરે બતાવતા ચિત્રપટો લઇ ફરતા જોવામાં આવે છે.

### ઇતિહાસના અજવાળામાં

મુગલો પહેલાનાં મુસલમાન રાજકર્તાઓ, તાબાના રાજાઓ તેમને સરપંચ તરીકે સ્વીકારે એટલે પછી તેમના વહીવટમાં જરા પણ દખલ ન કરતા; પણ શહેનશાહ અકબરે (૧૫૫૬–૧૬૦૫) તો સામ્રાજ્યની જમાવટ કરવાને અને તેને તુર્કોના એક જાગીરી પરગણાના સ્વરૂપમાંથી પ્રજાઓનું રાજ્ય બનાવવાને પ્રયત્ન ઉઠાવ્યો ત્યારે તુર્ક અને ઇરાની અમીર ઉમરાઓને મુકાબલે રાખવા તેણે હિંદુ રાજાઓને પણ પોતાના દરબારમાં વધુ વિશ્વાસમાં લીધા. રાજપુત રાજ્યોનું સંગઠન લોહીના સંબંધો પર રચાયું હતું અને તે જાતના સંબંધો તેમની સાથે સાંધવામાં અકબરનું હિત સમાએલું હતું. બીજી તરફ અંદરઅંદરના કાયમના ખટરાગને લઇને અંબેરના કચ્છવા રાજા અને બિકાનેરના રાઠોડોએ, તેની સાથે કુલાભિમાનવાળી નાતનો કચવાટ છતાં પહેલવહેલો નાતો બાંધ્યો અને બાદશાહને પોતાના ઘરની દીકરીઓ આપી. આ રાજકુમારીઓ જોડે ઘણા રજવાડી


જ પુરાં થયાં હશે. થોડા જ વખતમાં હિંદી સરકારના નાણાપ્રકરણી ખાતામાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ તરીકે તેમની નીમણુક થઇ. આટલો અઢાર વર્ષનો યુવક હિંદી સરકારનો 'ગેઝેટેડ' અમલદાર બન્યો. ઇગ્લંડના ઇતિહાસમાં વૂલ્સી 'બૉય ગ્રૅજ્યુએટ' કહેવાય છે તેમ રામન 'બૉય ઑફિસર' બન્યા. આવડી નાની વયમાં આવો ઉંચો હોદ્દો આ દેશમાં અગાઉ કોઇએ પ્રાપ્ત કર્યો જ ન હતો.

હવે રામનને દુનિયાદારી જીવનમાં પડવાનું આવ્યું. અત્યાર સુધી તે બાળક વિદ્યાર્થી હતા; હવે ગૃહસ્થ તરીકે રહેવાનું આવ્યું. મદ્રાસના દરિયાઇ જગાતના ઉપરી મિ. એસ કૃષ્ણાસ્વામી આય્યર દક્ષિણ હિંદના એક પ્રખ્યાત શ્રીમાન કુટુંબના નબીરા હતા. તે તથા તેમનાં પત્ની રૂકિમણિ આમલ, બંને સારી કેળવણી પામેલાં હતાં ને એ જોડું સુખી હતું. તેમને એકની એક ત્રિલોકસુંદરી નામે વહાલી પુત્રી હતી. રૂકિમણિ આમલે વ્યંકટરામનની અજબ હોશિયારી જોઈ લીધી અને તેને જ પોતાની પુત્રી આપવાનો મનમાં સંકલ્પ કર્યો. બંને કુટુંબ બ્રાહ્મણ જ હતાં, પણ તેમની પેટા જ્ઞાતિઓ જુદીજુદી હતી તેથી આ લગ્ન ત્યાંની જુની રૂઢીથી વિરૂદ્ધ હતું. આ કારણથી કૃષ્ણાસ્વામી આય્યરની ઇચ્છા પુત્રીને રામન સાથે પરણાવવાની નહોતી. વળી રામન કંઈ શ્રીમાન પણ નહોતા. કૃષ્ણાસ્વામી ખાનગી જીવનમાં બહુ ઉદાર મતવાદી હતા, છતાં જાહેરમાં ધાર્મિક વિધિને તથા જ્ઞાતિના રીતરિવાજને ચુસ્તપણે વળગી રહેતા અને એ રિવાજ તોડવા પોતે રાજી નહોતા. શાંત સ્થિર પાણીમાં નાહક કોણ ખળભળાટ ઉત્પન્ન કરે? એવું તેમના મનને હતું. પણ પછી તો પુત્રી ત્રિલોકસુંદરીએ જ આ લગ્ન કરવા હઠ પકડી અને અંતે તેમને નમતું આપવું પડ્યું. લગ્ન મદ્રાસમાં ભારે ધામધુમથી ઉજવાયું. ત્યાંના રૂઢિચુસ્ત સમાજમાં આ લગ્ને ભારે ખળભળાટ કર્યો. સનાતનીઓએ તેમાં કંઇ ભાગ ન લીધો. સદ્‌ગત ન્યાયમૂર્તિ સુબ્રહ્મણ્ય આય્યર તથા ન્યાયમૂર્તિ સદાશિવરાવ આય્યરે જાતે હાજર રહી બંને પક્ષને અભિનંદન આપ્યાં. અંધ રિવાજ તથા સંકુચિત મતવાદ પર આ ભારે પ્રહાર લેખાયો. દક્ષિણ હિંદમાં આ પ્રકારનું આ પહેલું જ લગ્ન હતું. કુમારી ત્રિલોકસુંદરી શ્રીમતી રામન થયાં અને શ્રી રામન ગૃહસ્થ બન્યા. એમ. એ. ની પરીક્ષામાં અપૂર્વ ફતેહ એ એમની પહેલી જીત; હિંદી સરકારના નાણાપ્રકરણી ખાતાની હરીફાઇનું અપૂર્વ પરિણામ એ બીજી જીત; અને આ 'ઇડરિયો ગઢ જીત્યા' એ ત્રીજી જીત. એમ આ ત્રણ ફતેહ સાથે એમનું વિદ્યાર્થી જીવન-બાળપણ ખતમ થયું, અને ગૃહસ્થજીવન શરૂ થયું.


ડૉ. સર ચંદ્રશેખર વ્યંકટરામન

હિંદી સરકારના નાણાપ્રકરણી ખાતામાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ તરીકે કલકત્તામાં તેમને સ્થાન મળ્યું. આવી સુખી છતાં જોખમી નોકરી દરમ્યાન પણ પોતાના પ્રિય વિષય વિજ્ઞાનને તેમણે છોડી દીધો નહિ. પોતે કલકત્તામાં ત્રણ વર્ષ રહ્યા. આ નોકરીમાં ભવિષ્યમાં ઘણો ભારે લાભ થવાનો એ તરફ દષ્ટિ કરી કોઇ નબળા મનનો માણસ વિજ્ઞાનને એક કોરે મુકી પોતે સારો પગાર મેળવી એશઆરામમાં પડ્યો રહે, પણ રામન પોતાના પ્રિય વિષયથી સાવ અળગા સંજોગોમાં મુકાયા છતાં, પોતાની આરાધ્યદેવી વિજ્ઞાનની ભક્તિ કર્યા જ કરતા. કલકત્તામાં તેમનું

(અનુસંધાન આગળ પાન ૩૭૭મે)



### શ્રી રામચંદ્રની રાજસભા

[રાજપુત ચિત્રકળાનું રેખાંકન]

આ ચિત્રનો પ્રસંગ સમજવામાં મુશ્કેલી પડે તેમ નથી. રાજપુત ચિત્રકળાનું એ એક લક્ષણ છે કે તેમાં કદિ અટપટા અને ગહન ભાવો નથી હોતા. સામાન્ય માનવ સહજ કલ્પી શકે એવાં પાત્રોને રેશમના તાર જેવી સુંદર, મુલાયમ, છતાં સરળ વહેતી રેખામાં ચીતરી ચિત્રની રચના જમાવે છે. પુરાણના પ્રસંગો તેને મન સજીવ સૃષ્ટિના પ્રસંગો લાગે છે અને તેમાં ઇતિહાસની મર્યાદા તેને બંધનકર્તા નીવડતી નથી, એટલે પોતાના કાળના પોશાકોમાં તેના ઇષ્ટ અને પ્રિય વૃત્તાંતો ચીતરે છે. તેમાં કશું છુપું કે ગૂઢ લાગતું નથી. અહીં સ્વચ્છ આનંદમય સૃષ્ટિમાં રામચંદ્રજીનું સભાગૃહ જોનારને પ્રત્યક્ષ થાય છે. ચિત્રકારની નિખાલસ શૈલી દરેક પાત્રના અંગમરોડમાં જણાઇ આવે છે. પોતે નથી જાણતો એવી કોઈ બાજુ દાખલ કરવાનો તે લેશમાત્ર પ્રયત્ન કરતો નથી. પોતાના કાબુમાં આવેલી કલમનો તેની મર્યાદામાં તે સંપૂર્ણ ઉપયોગ કરી બતાવે છે. કોઇ ઠેકાણે તેનો હાથ લેશમાત્ર થથરતો નથી.

આ આત્મવિશ્વાસને લીધે સ્પષ્ટ દર્શન એ તેનું સહજ પરિણામ બને છે.

રીતરસમ અને સંસ્કારો મુગલ કુળમાં પેઠા. રાણી જોધબાઇએ તો આખર સુધી હિંદુ સંસ્કાર પોષ્યા હતા, અને તેમની ખાસ લાગણી સાચવવા ડાહ્યા બાદશાહોએ બધી જાતના ફેરફારો સ્વીકાર્યા હતા.

અંબેરના રાજા બિહારીમલ્લની કુંવરી ૧૫૬૨માં અકબર વેરે પરણી. શાહી જનાનામાં જનારી એ પ્રથમ રાજપુત કન્યા હતી. એ લગ્નનું બાળક તે સલીમ અથવા જહાંગીર. રાજા બિહારીમલ્લને હુમાયુ તરફથી રૂ. ૫૦૦૦ ની મનસબ મળતી. પછીથી તેનો દીકરો ભગવાનદાસ અને તે પછી તેનો ભત્રીજો રાજા માનસિંહ મુગલોના શાહી લશ્કરમાં બહુ ઉંચા હોદ્દા પામ્યા. ઔરંગઝેબના રાજ્યકાળમાં પણ મીરઝા રાજા જયસિંહ સૌથી મોટો સરદાર ગણાતો અને ૨૨,૦૦૦ રાજપુતોની સરદારી ભોગવતો. બાવીસ ખંડિયા રાજા તેના અમલમાં હતા. તેમની વચ્ચે કોઇ વાર બેસીને હાથમાં બે પ્યાલા લઇ તે એકને સતારા ને એકને દિલ્હી કહેતો અને બોલતો કે મારા જમણા હાથમાં દિલ્હી તો છે જ, આ સતારા પડ્યું! સતારા લેતાં આટલી જ વાર થાય. એમ કહી પ્યાલો પછાડતો. એ રાજા ૧૬૬૭માં બરહાનપુરમાં મૃત્યુ પામ્યો. તે પછી તેના રાજ્યનાં તેજ ઓછાં થયાં. તેની પછી સવાઇ રાજા જયસિંહ ગાદીએ આવ્યો. મુગલ સત્તા એ વખતે ટોચે હતી પણ નબળા રાજકર્તાઓના હાથમાં જલદી ખરાબ થાય એટલી જવાબદારીભરી બની ગઇ હતી. સવાઇ રાજા જયસિંહમા તેના બાપના જેવું ક્ષાત્રતેજ નહોતું, પણ મુત્સદ્દીગીરી અને કળા તથા વિદ્યાઓના તેના અપાર પ્રેમને લીધે રાજપુતાનાના ઇતિહાસમા તેને અપૂર્વ સ્થાન મળ્યું છે. હાલનું જયપુર તેણે બાંધ્યું. આગળથી બરોબર નકશો તથા માપ કર્યા પછી બાંધેલું કોઇ શહેર હોય તો હિંદમાં જયપુર પહેલું છે. તેણે રચેલા ખગોળની ગણતરીનું પુસ્તક 'ઝીઝ મહમદશાહી'ના નામથી આજે પણ નામચીન છે. દિલ્હી, જયપુર, ઉજ્જેન ને બનારસમાં તેણે આકાશનાં માપ નોંધવા વેધશાળાઓ બંધાવી છે તે હજુ પણ તેની બુદ્ધિની શાખ પુરે છે. આવા પુરુષના દરબારમાં કુશળ અને બુદ્ધિમાન ચિતારાઓ પણ હોવા જ જોઇએ, પરંતુ તે વિષે કશી હકીકત મળતી નથી. તે માટે તો રાજ્યના ભંડારો તપાસવાની દરેક કલાઉપાસકને છૂટ મળવી જોઇએ.



જૈન ગ્રંથ કલ્પસૂત્રમાંનું એક ચિત્ર.
ઇ. સ. ૧૨૩૭ની ગુજરાતની ચિત્રકળા

### મુગલ કળા

રાજા માનસિંહ પછી ઓરછાના રાજા બીરસિંહ મુગલ દરબારમાં માનીતા થઈ પડ્યા હતા. આ ઉપરાંત લાહોરની ઉત્તર પ્રાંતનાં પહાડી રાજ્યો પણ મુગલ દરબારના સમાગમમાં આવ્યાં હતાં. જમ્મુના રાજા સંગ્રામ અને મઉ તથા પઠાણકોટના રાજા વસુ પણ મુગલ દરબારમાં વસીલો ધરાવતા. રાજા વસુનો પુત્ર જગતસિંહ તો જહાંગીર અને શાહજહાંના વખતમાં ખુબ સત્તા ભોગવતો. ૧૪૦૦૦ માણસો લઇ તે બદખના ઉસબેગો સામે લડવા ગયો હતો. જોધપુરના રાજા જશવંતસિંહ બાદશાહી સૈન્યમાં બહુ માનભરી પદવી ભોગવતા હતા; પણ નૂરજહાંના સગાંવહાલાંઓને સારા હોદ્દાઓ આપવામાં આવતા અને ઈરાનીઓ જ વધુ વગવાળા ગણાતા તેથી રાજપુતોને ઘણી વાર માઠું લાગતું. પણ ઔરંગઝેબના હાથમાં રાજ્ય આવ્યું. ત્યારે ફરી વાર તેને રાજપુતોની ગરજ પડી. ચારે તરફ હિંદુ દેવાલયોનો નાશ થવાના હુકમો, જજિયા વેરો અને ચુસ્ત મુસલમાની રીતભાતના ફરજિયાત અમલથી શરૂઆતમાં હિંદુ બળ કમી થઇ જશે એવું લાગ્યું, પણ તેને બદલે જુદું જ બન્યું. દક્ષિણનાં યુદ્ધોમાં બાદશાહી સૈન્યનો મોટો ભાગ ખપી ગયો એટલે

વિશ્વાસુ રાજપુત સૈન્ય વિના ઔરંગઝેબને ચાલે એમ નહોતુ. તેથી મને કમને તેણે મોટાં મોટાં રાજ્યો જોડે સંધિ કરી લીધી. જોધપુરના રાજ્યનો નાશ કરવાનો તેણે પ્રયત્ન કર્યો એ ભુલે તેનું તખ્ત ડગાવી મુકયું. આવા મોટા સામ્રાજ્યની એટલી બધી આંટી અને દબાણ રહેતાં કે બાદશાહનાં કેટલાંય ફરમાનો કાગળ પર જ રહેતાં. તેની હમેશની હિંદુ વિરોધક રીતભાતથી રાજપુતોનું સ્વમાન ઉછળ્યું અને એક પછી એક મુગલ રાજ્યથી અળગા થવા માંડયા. અકબર, જહાંગીર ને શાહજહાંના વખતમાં કળાકારોને જે ગંગાસ્રોત જેવો આશ્રય મળતો તે ઔરંગઝેબની કડક નીતિથી બંધ થયો, ને તે બધા મોટામોટા રાજપુત રાજાઓને આશરે જઈ રહ્યા. કેટલાંક કુટુંબો તો લખનૌ, દક્ષિણ હૈદ્રાબાદ ને પટણા સુધી ગયાં.

ઇતિહાસની આવી ઘટનાને લીધે રાજપુત અને મુગલ કળા સમકાલીન ગણાય છે. પણ ખરૂં જોતાં મુગલ શૈલી એ કોઇ ખાસ નવી શૈલી નથી. મુગલ રાજદરબારમાં ઇરાની તેમજ રાજપુત શૈલીનાં ચિત્રો થતાં અને હિંદુ હોય તે પણ ઇરાની શૈલીનાં ચિત્રો કરતો. તેમ જ ઇરાની ચિતારાઓ હિંદુ શૈલીને અપનાવતા. આખરે પરિણામ એ આવ્યું કે ઇરાની શૈલી આ સંયોગથી વધુ મનોહર તથા મોહક બની અને મુગલ કળાને નામે પ્રચલિત થઈ. મુગલ ચિત્રકળા ખાસ કરીને બાદશાહી શોખને અધીન રહીને વિકાસ પામી છે. તેમાં ધર્મ કે જનસમુદાયનાં પ્રતિબિંબ નથી. અત્યારે કેટલાક વિદ્વાનો માને છે કે મુગલ કળા નામ જ ખોટું છે; રાજપુત કળાનો તે એક પ્રકાર જ છે. અને અલબત્ત કેટલાક ઇરાની ચિત્રકારો તે વખતે મુગલ દરબારમાં હતા, પણ તેમના પર રાજપુત કળાની જ અસર વધુ થઈ છે.

## પહાડી ચિત્રકળા

મુગલ દરબારમાં રહીને પણ જે ચિતારાઓએ આદિ રાજપુત શૈલીને અનુસરીને વિકાસ કર્યો તેમની શૈલી રાજપુત કલમથી પ્રસિદ્ધિ પામી છે. રાજપુત કલમમાં પણ પહાડી કલમ અતિ પ્રશંસા પામી છે. નૂરપુર કાંગરા, જમ્મુ, ચંબા, બસૌલી અને ગઢવાલ પરગણાંમાંથી તેના નમુના મળી આવે છે. આ પહાડોમાં રાજપુત કળા પહોંચી તેનું કારણ મુગલ રાજ્યાશ્રયનો અંત જ લાગે છે. ઘણા યે ચિત્રકારો દેશ છોડી એલચીઓની સાથે પહાડોના રાજદરબારોમાં જઇ આશ્રય પામ્યા અને ત્યાં તેમનો સંસાર વધ્યો. પહાડોના ગર્ભમાં આ ચિત્રકળાએ કેટલાક સૈકા સુધી એકધારો સુંદર વિકાસ સાધ્યા કર્યો, પણ બહારની દુનિયાને તે લગભગ અજાણ જ રહી. એટલી, કે છેક તે કળા જ્યારે સાવ અસ્ત પામી અને રેલવે તથા બાંધેલા રસ્તા જેવાં વ્યવહારનાં સાધનો થયાં ત્યારે જ બહારની દુનિયાને તેની ખબર પડી. પહાડી કળા બહુ ઉંડી અને ગહન પ્રેરણા આપતી નથી, અથવા કોઇ સૂક્ષ્મ વિચાર કે લાગણી પ્રગટ કરતી નથી; પણ એકધારી મહેનત ને પરમ નિષ્ઠાનું તે અતિ સુંદર સ્વરૂપ છે. સુરેખ ઝીણી રેખાઓ, સ્વચ્છ પ્રકાશમય રંગો અને ચોકસાઇભરી વિગતો એ તેનાં મુખ્ય લક્ષણો છે.

## કાંગરા કલમ

૧૬ મીથી ૧૮ મી સદી સુધીના પહાડી કળાના નમુના તેની ઉત્કૃષ્ટતા એકસરખી જાળવી રહ્યા છે અને તેમાં કાંગરા કલમ સર્વથી અગ્રણી લેખાય છે. લાહોર અને અમૃતસર ખાતે સીખ દરબારમાં મહારાજા રણજીતસિંહે કાંગરા કલમનો સારો આદર કર્યો હતો. પંજાબનાં ઘણાં કુટુંબો પાસેથી કાંગરી ચિતારાઓનાં ચિત્રો મળે છે તે પરથી લાગે છે કે કોઇકોઇ ચિતારાઓ પાછા દેશમાં ઉતર્યા હશે અને ત્યાં, જમીનમાં વહેતાં છુપાં ઝરણાં પેઠે તે કળા ચાલુ રહ્યા કરી હશે. પણ ધીમેધીમે તેનો અસ્ત થતો ગયો. આજે તો એ ચિતારાઓના કેટલાક વંશજો સરકારી ખાતાંઓમાં નકશા કરનારની જગ્યાઓ મેળવી શાંતપણે જીવન પુરૂં કરી રહ્યા છે. એ કાંગરા કલમનો છેલ્લો તળિયાઝાટક અંત ૧૯૦૫ ના એપ્રિલની ૪ થી તારીખે ધર્મસાલા ગામના અચાનક ધરતીકંપથી બહુ કરુણ રીતે આવી ગયો. એ ગામની સાથે જ, રાજપુત કલાની એ તેજસ્વી શાખાના રહ્યાસહ્યા કારીગરો અને કલાસંપત્તિ ભૂગર્ભમાં દટાઇ ગયાં. આજે તો ત્યાં એક આબાદ ગામને બદલે ખંડેર કાંગરાનો ટેકરો જ રહ્યો છે. કળા અને કળાકારોનો ભોગ લેવા જ એ આફત સરજાઇ હતી એવું લાગે છે. તેની સાથે જ હિંદુસ્તાનની મૂળ ચિત્રકળાનો અંત આવ્યો કહી શકાય. કેમકે આપણે શરૂઆતથી ઉપર જોયું તેમ પ્રાચીન હિંદની કળાની પરંપરાનો એ સાચો છેડો હતો.





અમદાવાદનાં ઘરોની ભીંતો પર આ ચિત્રો હજી પણ મોજુદ છે. એ રાજપુત ચિત્રકળાની જ પરંપરા છે.

## મોલારામ

કાંગરા કલમનાં ચિત્રો પુષ્કળ મળી આવતાં છતાં ઘણે ઠેકાણે ચિત્રકારનું નામ મળતું નથી. આવાં મનોરમ ચિત્રોના કરનારનાં નામો નહિ મળવાથી ચિત્રકળાના ઇતિહાસમાં બહુ ખોટ લાગતી હતી. સુભાગ્યે બેત્રણ પહાડી ચિત્રકારોનાં નામ હમણાં હાથ લાગ્યાં છે. તેમાં મોલારામનાં નામ અને કામ બહુ જ આગળપડતાં છે. મોલારામના વંશજો પણ હાલ જીવે છે અને તેમની પાસે તેનાં ઘણાં ચિત્રો મોજૂદ છે. એ વંશમાં એક જણ દારૂનો થઇ ગએલો, તે બધાં ચિત્રોની પથારી કરીને ઉપર આળોટતો હતો. આ રીતે તેનાં ઘણાંખરાં ચિત્રોનો ખુરદો થઇ ગયો.

મોલારામના પૂર્વજો દિલ્હીના બાદશાહી દરબારમાં હતા. તેઓ તુંવર જાતના રાજપુત હતા. જ્યારે ઔરંગઝેબે ભાઇભત્રીજાઓની કતલ શરૂ કરી ત્યારે દારા શિકોહનો પુત્ર સુલેમાન શિકોહ ભાગીને થોડા હિંદુ મુસલમાન દરબારીઓને લઇ ગઢવાલની રાજધાની શ્રીનગરમાં રાજા મહીપતશાહને શરણે ગયો. એના દરબારમાં મોલારામના પિતામહ બનવારીદાસ પોતાના પુત્ર શ્યામદાસ ને હરદાસને લઇ પહેલા આવ્યા હતા. બનવારીદાસ કમાઉંની લડાઇમાં માર્યા ગયા. એ લડાઇમાં મહીપતશાહ પણ દસ હજાર યોદ્ધા સાથે કામ આવી ગયા અને તેના પુત્ર પૃથ્વીશાહ ગાદીએ આવ્યા. બનવારીદાસ, શ્યામદાસ અને હરદાસ દરેક જણ અચ્છો ચિત્રકાર હતો. તેઓ દિલ્હીથી પણ કેટલાંક ચિત્રો સાથે લઇ ગયા હતા. તેમાંનું એક સુલેમાન શિકોહ અને અકબર કુવા આગળ રહી સ્ત્રીઓ પાસે પાણી માગે છે એવો પ્રસંગ છે.

ઔરંગઝેબના ડરથી ગઢવાલના રાજા પૃથ્વીશાહે સુલેમાન શિકોહને પાછો હવાલે કરી દીધો અને તેનો માલ તથા માણસો પોતાને કબજે રાખ્યાં. તેમાં શ્યામદાસ અને હરદાસ પણ હતા. મોલારામ પોતે જ આ બધી તવારીખ કાવ્ય રૂપે લખી ગયા છે.

મોલારામના બધા પૂર્વજો ચિત્રાંકન કરતા કે નહિ તે વાત મોલારામે સ્પષ્ટ કરી નથી, પણ તે પોતે ઉચ્ચ કોટિના રાજપુત ચિત્રકાર હતા એમાં સંદેહ નથી. તેના કલાસંગ્રહમાંથી શસ્ત્રો પરનું કોતરકામ, હાથી દાંત પરનું નકશીકામ અને તેમનાં પોતાનાં તથા પૂર્વજોનાં ચિત્રો અને ૨૧૩ છબીઓ મળ્યાં છે. તેમના

વંશજો મુસવ્વર કહેવાતા હતા. એ લોકોએ પછી સોનીનો ધંધો ઉપાડી લીધો હતો અને તે કામમાં તેઓ બહુ પ્રવીણ ગણાતા.

૧૮૯૩ માં જ્યારે ગુરખા લોકો ગઢવાલ પર ચડી આવ્યા અને તેમનો સુબો હસ્તીદલ શ્રીનગરમાં આવ્યો ત્યારે તેણે મોલારામને ગઢવાલના રાજાઓનો ઇતિહાસ પુછ્યો. એ ઇતિહાસની જે કથા મોલારામે કાવ્યમાં લખીને તૈયાર કરી આપી તેમાં જ તેણે પોતાનો અને પૂર્વજોનો ઇતિહાસ પણ જોડી દીધો. તે પરથી જણાય છે કે મોલારામની પોતાની સ્વતંત્ર ચિત્રશાળા હતી ને ત્યાં જ તે બધો વખત ચિતરવામાં ગાળતા. તે વખતના રાજા જયકીતશાહ ઉપર હુમલો થયો અને તેને કેદ કરી લઇ ગયા

તે વખતે મોલારામ નાહનના રાજાની મદદ માગવા તૈયાર થયા, પણ જયકીત શાહે તેને જવા ન દેતાં ધજારામને સંદેશો લઇ મોકલ્યો. તેમાં છેલ્લું પદ આવું હતું:

> કીચકે બીચમેં હાથી ફસે
>
> તબ હાથી કો હાથ દે હાથી નિકારે.

મોલારામે એ વિષય પર એક ચિત્ર પણ દોર્યું અને નહાનના રાજાને મોકલ્યું. એ રાજા બહુ ખુશ થયો અને મદદે આવ્યો. મોલારામની ચિત્રકળાની પ્રતિષ્ઠા કેટલી હશે તે આ પ્રસંગથી સમજાય છે.

મોલારામને કાંગરા પરગણાનો ખ્યાલ પણ અચ્છી રીતે હશે, કારણકે હસ્તીદલે પોતાને આક્રમણ કરવા માટે તેને કાંગરાનો નકશો બનાવી દેવા કહેલું. એ વખતે કાંગરામાં સંસારચંદ રાજા રાજ્ય કરતા હતા અને કાંગરા કલમ તેની સર્વોચ્ચ કક્ષાએ હતી. ગુરખા ગવર્નર હસ્તીદલે અગાઉ મોલારામનાં ચિત્રો જોયાં હશે એમ લાગે છે, કેમકે મોલારામને તેણે જે કહેલું તે હકીકત કાવ્યમાં આ પ્રમાણે આવે છે:

> કાંતિપુરમેં તુમ્હારી કારતિ
>
> સુનત રહે અબ આંખ નિહારી;
>
> ચિત્રવિચિત્ર તુમ્હારે દેખે.

મોલારામે સંવત ૧૮૩૨માં, પોતે પંદર વર્ષનો હતો ત્યારે પદ્મિની નામનું ચિત્ર ચીતર્યું હતું. એ ચિત્ર પર તેણે સફેદ અક્ષરે પોતાને હાથે લખ્યું છે:

> કહા હજાર કહા લક્ષ હૈ અર્વખર્વ ધનગ્રામ;
>
> સમઝે મોલારામ તો મગર સુંદર ઇનામ.

મોલારામની ચિત્રકળા તેની સાથે જ ગઇ. પણ એટલું ખરૂં કે એ સમયના રાજાઓ ચિત્રકળાના સંવર્ધન માટે ખુબ દ્રવ્ય સહાય કરતા રહેતા. રાજા પૃથ્વીશાહે તેને રોજના રૂપિયા પાંચ નિશ્ચિત કરી આપ્યા હતા અને

> સાઠ ગાંવ જાગીરૈ દીને
>
> અપને વહ ઉસ્તાદ હુ કીને,
>
> પઢી પારસી તિનકે પાસ હી,
>
> રહે હોય જો તિનકે દાસ હી,
>
> નજરબંધ કરી રાખે પાસ હી.

ગુરખા ગવર્નરે પણ તેની જાગીરો કાયમ રાખી હતી. પણ ગુરખા પછી ગઢવાલ પર અંગ્રેજ અમલ થયો ત્યારે મોલારામની જાગીર છીનવી લેવાઇ અને તેના વંશજોને ઉદરપૂર્તિ માટે સોનીકામ હાથ કરવું પડયું.

ગુરખાઓને કાઢયા પછી બ્રિટિશ સરકારે તેહરી ગઢવાલનું રાજ્ય રાજા સુદર્શનશાહને પાછું સોંપ્યું. તે પોતે કળાનો શોખીન હતો અને તેના દરબારમાં માણકુ તથા ચૈતુ કરીને ચિતારાઓ જામ્યા હતા. તેઓ હિંદુ સાહિત્ય અને પુરાણોનાં રંગભર્યાં ચિત્રો મુકી ગયા છે. આ બે ચિતારાની તવારીખ શોધી કાઢવાનું માન ગુજરાતના સિવિલિયન શ્રી નાનાલાલ ચમનલાલ મહેતાને ઘટે છે. હાલના તેહરીના મહારાજા શ્રી નરેન્દ્રશાહ પાસે હજુ મોટો ચિત્રસંગ્રહ છે અને તે પરથી વધુ પ્રકાશ મળવાની આશા છે. આ બે ચિતારાઓનાં ચિત્રો પર તેમનાં નામ ઉપરાંત કશી વધુ માહીતી મળી શકી નથી.

આ બધા પહાડી ચિત્રકારો વિષે એક નવાઇની બાબત એ છે કે તેઓ હિમાચ્છાદિત હિમાલયને દિનરાત નીરખતા છતાં તેમનાં ચિત્રોમાં તેનો લેશ પણ પરિચય તેઓ બનાવી શકયા નથી. આ વાતનું વધુ આશ્ચર્ય તો જે પ્રદેશમાં તેઓ વસતા તેની મુલાકાત લેનારને થાય છે. શ્રી નાનાલાલ મહેતા લખે છે કે 'કુદરતના એ અતિ અસરકારક અને રંગભર્યા વાતાવરણમાંથી આ લોકો તેમની સુકોમળતા તથા લાવણ્યભરી પીંછી વડે કેવાં અદ્ભુત ચિત્રો દોરી શક્યા હોત! ગિરિમાળાઓની હારોની હાર, પત્થરે પત્થરે કુદતાં પડતાં ઝરણાં એ ચિતારાઓને આકર્ષી શક્યાં નથી. માત્ર રૂઢ પરંપરાની મર્યાદાઓમાં જકડાઇને તેઓ પોતાનાં ચિત્રો જ ખેંચતા રહ્યા છે, તેથી

તેમનાં દશ્યોમાં એક પ્રકારની અક્કડતા આવી જાય છે. એનું બીજું કારણ એ પણ હોય કે ક્રાઈસ્ટના વખતથી હિંદુસ્તાનમાં ચિત્રકાર સંગીતકારની પેઠે રાજદરબારમાં મુત્સદ્દી જેટલું માનભર્યું સ્થાન પામ્યો નથી. આ બાબતમાં મુગલ શહેનશાહતને ધન્યવાદ ઘટે છે કે તેણે ચિત્રકારને તેના ધંધાને લાયક પદવી આપી. ઉચ્ચ સર્જનને માટે સ્વમાન અને સ્વતંત્રતા જોઇએ જ.

પહાડી ચિત્રકળામાં સ્ત્રી પાત્રના સર્જનમાં તો ચિત્રકારોએ અવધિ કરી લાગે છે. સ્ત્રીના સ્વરૂપમાં જોઇએ એટલી કોમળતા, માર્દવ અને લાલિત્ય તેઓ ઉતારી શક્યા છે. પરંતુ પુરુષ પાત્રોમાં તેઓ સફળતા પામ્યા નથી. કૃષ્ણકનૈયાની કલ્પનાએ હિંદી [illegible]રનારને ઘેલા કર્યાં છતાં ચિત્રકારો તેની મૂર્તિને યોગ્ય રીતે [illegible] શક્યા નથી. અજંતાના કલાકારે પદ્મપુષ્પ ધારી ઉભેલા અવલોકિતેશ્વરની મૂર્તિ ચીતરી નરદેહનો જે સર્વાંગ સુંદર મનોહર દિવ્ય ખ્યાલ અમર કરી બતાવ્યો છે તેની તોલે પહાડી કલમનાં પુરુષ પાત્રો નિર્જીવ લાગે છે.

આમ છતાં કહેવું જોઈએ કે રાજપુત કળા પ્રજાસમસ્તની કળા છે. સંસારનાં બધાં દશ્યો રાજપુત ચિત્રકારને સરખાં જ આકર્ષે છે. લોકકથા, રાસ, ગીત કે રાગરાગણી, મુસાફરીના વિવિધ પ્રસંગો કે પાણીની પરબ, રાત્રિની તાપણી કે મંદિર આગળ બેઠેલા યોગીઓ અને તેના ભક્તો,—કશું જ તેમાં બાકી રહ્યું નથી. આ ચિત્રોનો ચિતારો કોઇપણ પાત્ર તેના માનસમાં સંપૂર્ણ સરજ્યા વિના ચીતરતો નથી, એટલે પાત્રોની ક્રિયાઓમાં, હાવભાવમાં, પોશાકમાં એક જાતની સ્વાભાવિકતા અને સાહજિકતા આવે છે. વીરતાભર્યા પ્રસંગો પણ તેની પીંછીને ખુબ આકર્ષે છે. રામાયણ મહાભારતના પ્રસંગો, યુદ્ધ કરતા મલ્લો, હાથીઓ, શિકાર વગેરે દશ્યો તે બહુ લાગણીથી અને છુટથી ચીતરી શકે છે. રાધા અને કૃષ્ણ લોકહૃદયની માનીતી મૂર્તિઓ હોવાથી ચિત્રકારે પણ તેમના જીવનના અનેક લહાવા લેતાં દેનાં ચીતર્યાં છે અને તે રૂપો મારફત પ્રજાની રસપિપાસા છીપાવી છે. શિવપાર્વતીના પ્રસંગો પણ એટલા જ પ્રમાણમાં ચીતરાયા છે.



ભુવનેશ્વરીનું પૂજન કરતા મોલારામ
મોલારામે સ્વહસ્તે દોરેલું પોતાનું ચિત્ર

આમ ભાવચિત્રોના ક્ષેત્રને વરેલો રાજપુત ચિત્રકાર જ્યારે જ્યારે તસ્વીરો દોરે છે ત્યારે એટલો સફળ થતો નથી. તેની ખાતરી મુગલ તસ્વીરો અને રાજપુત તસ્વીરોની સરખામણી કરવાથી થઇ રહેશે. તસ્વીરો કરવામાં રાજપુત ચિત્રકારનો હાથ બંધાઇ જાય છે. તેના ચહેરા અક્કડ અને ફાટેલા લાગે છે. પણ વસ્તુનિરૂપણમાં કે ભાવદર્શનમાં તે જરા યે અચકાતો નથી. રાજપુત કલમનાં ચિત્રોનું પ્રધાન લક્ષણ તેની સાદાઈમાં અને વિશાળતાભર્યા વસ્તુવિધાનમાં છે. થોડામાં થોડી પ્રવાહી અને વેગવતી રેખાઓ વડે તે રસ ઉત્પન્ન કરી શકે છે. રાગરાગણીઓનાં ચિત્રોનાં તથા બાર માસનાં ચિત્રોનાં ક્ષેત્રમાં તો રાજપુત કળાકારની કલ્પનાએ ભરચક વાડીઓ કરી મુકી છે. એ ઉત્સાહ, એ પ્રેમ, એ લોકાદર અને રસવાંચ્છના ફરી પ્રગટે તો ભારતની પ્રજા એવા ને એવા કળાકારોને ઉત્પન્ન કરવા હજુ પણ શક્તિમાન થાય.

**રવિશંકર રાવળ**

[આ લેખની મહત્ત્વની હકીકતો અને માહીતી મિ. પર્સી બ્રાઉનના 'ઇન્ડિયન પેઇન્ટિંગ' તથા શ્રી નાનાલાલ ચમનલાલ મહેતાના 'સ્ટડીઝ ઇન ઇન્ડિયન પેઇન્ટિંગ' પુસ્તકો અને 'વિશાળ ભારત'ના પ્રથમ અંકમાં આવેલા શ્રી મુકુન્દીલાલના 'રાજપૂત ચિત્રકળા' પરના લેખને આભારી છે.]

# તહેવારો અને તંદુરસ્તી

[આ લેખના લેખક વયોવૃદ્ધ અને જુની પદ્ધતિના વિદ્વાન હોવા છતાં નવા યુગને છાજે એવી રીતે જુની બાબતોનું સત્ત્વશોધન કરી બતાવે છે. નવયુગના દળમાં દેશની આબોહવા અને આર્થિક પરિસ્થિતિ સમજ્યા વિના વિદેશી રીતભાત ગ્રહણ કરવાની જે ઝુંબેશ ચાલી છે તેને અંગે આ લેખ બહુ ઉપકારક થશે. —તંત્રી]

આ વિષયનું નામ મેં 'તહેવારો અને તંદુરસ્તી' એ રાખ્યું છે, એટલે તેમાં આપણે જે તહેવારો પાળીએ છીએ તેને અને તંદુરસ્તીને શો સંબંધ છે તે જ રજુ કરવાનું છે.

તહેવાર એ પારસી ભાષાનો શબ્દ છે અને તેનો અર્થ (તિહ=ખાલી+વાર=દિવસ) આપણાં નિત્યનાં કામકાજ છોડીને, હર્ષમાં કે શોકમાં અથવા આરામમાં પાળવાનો ખાલી દિવસ, એવો થાય છે. ટુંકામાં તહેવાર, પાખી, અણોજો (અનુદ્યોગ), અગતો (અગતિક) વગેરે એક જ અર્થના શબ્દો છે. અને તંદુરસ્તી એટલે તો સ્વાસ્થ્ય—સ્વસ્થતા એ જાણીતો શબ્દ છે, ને એ પણ પારસી ભાષાનો જ છે.

માણસો મરણના શોકમાં, જન્મના આનંદમાં, ઉત્સવ કે મેળા નિમિત્તે અથવા વ્રતનિયમના આરામ માટે કેટલીક વાર કાંઇ કારણ સિવાય રોજનાં ચાલુ કામોમાંથી વિશ્રાંતિ મેળવવા માટે તહેવાર પાળે છે. તદુપરાંત આપણા સંસારવ્યવહાર, દેશકાળ અને ધર્મને અનુકુળ ઋતુઓના ફેરફાર વખતે, વર્ષની શરૂઆતમાં તેમજ અંતમાં પણ તહેવારો પાળવામા આવે છે. આ લેખમાં આપણે આ છેલ્લા પ્રકારના તહેવારો વિષે જ વિચાર કરીશું.

સામાન્યરીતે આપણામાંનો મોટો વર્ગ આજે અજાણ હોય છે કે અમુક તહેવારમાં અમુક અમુક ક્રિયા શા માટે કરવી અને તે પછી ૧૫ દિવસે જ આવતા બીજા તહેવારમાં બીજી ક્રિયા શા માટે કરવી? છતાં આપણે તે પાળીએ છીએ. આપણને એ પણ ખબર નથી હોતી કે આ ક્રિયાઓને અને તંદુરસ્તીને શો સંબંધ છે? છતાં પેઢીઓથી ચાલી આવતી રૂઢીને આધીન થઈ આપણે તે પ્રમાણે ચાલીએ છીએ.

મને લાગે છે કે જો આપણને તેની ખરી ખબર હોત તો મનુષ્ય સ્વભાવને સહજ હઠીલાઇ પ્રમાણે જરૂર એ ક્રિયાઓ ન જ કરી હોત. અત્યારે આપણી હઠીલાઇએ જૂના રિવાજ ને રૂઢીઓ સામે એકસામટું બંડ ઉઠાવ્યું છે અને પરિણામે આપણે ઘણાં અબાધિત સત્યોને ગુમાવી દઇએ છીએ. છોડતી વખતે ભુલી જઇએ છીએ કે છોડેલી વસ્તુ પાછી મેળવતાં બહુ વર્ષો લાગશે. અલબત્ત રૂઢીઓમાં ઘણો મેલ હશે, પણ તેની સાથે તે મેલમાં કેટલાંક ઉજ્જવળ સત્યો પણ છે.

આપણા તહેવારોને ઋતુઓ સાથે સંબંધ છે, માટે પહેલા ઋતુઓને સંબંધે કાંઇક જાણવું જોઇએ.

આપણા દેશમાં, સૂર્યને ફરતી પૃથ્વી ફરે છે તેથી કામની ગતિના અને વાતાવરણના જે ફેરફારો થાય છે તેને બબ્બે મહીનાના છ ભાગમાં વહેંચીને તેમાંના દરેક ભાગને ઋતુ એવું નામ આપવામાં આવ્યું છે. એવી ઋતુઓ વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર એમ છ છે. આ ઋતુઓ બધી જગ્યાએ સરખી હોતી નથી, સરખી લંબાતી નથી, અને સરખા ફેરફારો પણ જણાવતી નથી; પરંતુ પૃથ્વી ઉપરના અક્ષાંશ રેખાંશ પ્રમાણે દર સો પચાસ માઇલે તેમાં ફેર પડે છે, દૂરના છેડાઓ ઉપર કે મધ્યરેખામાં મોટા ફેરફારો થાય છે, અને મનુષ્યોએ તે પ્રમાણે પોતાના તહેવારો ગોઠવેલા હોય છે. હું આ વર્ણન સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના થોડા પ્રદેશમાં પળાતા હિંદુ તહેવારોનું કરૂં છું. આમાંના કેટલાક જે જાહેરમાં નથી પળાતા તે વૈષ્ણવ મંદિરોમાં પળાય છે. જો થોડોઘણો રિવાજમાં ફેરફાર હોય તો તે પોતાના દેશકાળને અંગે લોકોએ કર્યો છે એમ માનવું.

મુસલમાનોએ ઘણી બાબતોમાં આપણું અનુકરણ કર્યું છે, એટલે તેમના તહેવારો આપણી માફક આવે છે. પણ એમણે વર્ષ ૩૫૪ દિવસનું માન્યું છે અને ત્રણ વર્ષે એક મહીનો વધારીને ત્યાંથી બધા તહેવારોમાં મહીના મહીનાનો ફેર કરે છે. આ અનુકરણનું પરિણામ છે. એથી જ તેઓનો રમઝાન એક વર્ષમાં સખતમાં સખત ઉનાળામા આવે છે તો બીજી કોઇ


વખત સખતમાં સખત ઉનાળામાં આવે છે, તો બીજી કોઇ વખત સખતમાં સખત ઠંડીમાં આવે છે. જ્યારે હિંદુઓમાં પવિત્ર ગણાતાં શ્રાવણ મહીનાનાં કે જૈનોના ચોમાસાનાં વ્રતો અને ઉપવાસો કદિ ફરતાં નથી.

હવે આપણે મુળ વાત ઉપર આવીએ. આપણે સૌ જાણીએ છીએ કે ચૈત્ર સુદ ૧નો દિવસ આપણે શાલિવાહનના શકના બેસતા વર્ષના તહેવાર તરીકે પાળીએ છીએ. બેસતા વર્ષે સામાન્ય રીતે માણસો મિષ્ટાન્ન ખાય, પરંતુ આ દિવસે તો દરેક માણસ ગમે ત્યાંથી શોધીને પણ લીમડાનાં ફુલ ખાય છે. એટલું જ નહિ પણ પાંચ મિત્રોને ઘેર બોલાવીને તેઓને પણ લીમડો ખવડાવે છે. ઘણાખરા તો આઠ, દસ પંદર દિવસ કે મહીનો આખો લીમડો પીએ છે. તમને નવાઇ લાગશે, પણ એ બહુ જ વ્યાજબી છે. આ મહીનામાં પાળવાનું બીજું વ્રત તે અલુણા વ્રત—મીઠું ન ખાવું એ છે. આપણી ઘણી બહેનો ત્રણથી સાત દિવસ મીઠાનો ત્યાગ કરે છે અને તે દરમ્યાન ઓખાહરણ સાંભળે છે.



આ હકીકતને હવે વૈદકીય દૃષ્ટિએ જોઇએ. હોળી પછીથી છેક ચૈત્ર માસની આખર સુધી-માં બચ્ચાંઓને ઓરી, શીતળા, અછબડા વગેરે ગરમીને લીધે લોહી તપીને ચામડી ઉપર થનારાં ચેપી દરદો થાય છે. બંગાળામાં તો આ શીતળા, ઓરી વગેરે રોગોને વસંત-રોગના નામથી જ બધા ઓળખે છે. આ રોગ ન થયો હોય તો તેનાથી બચવા માટે, તથા થયા પછી ચેપી ઝેર અટકાવવા માટે અને રોગની પાછલી નબળાઇમાં ગરમી શાંત કરવા માટે લીમડા જેવી બીજી એક પણ ચીજ નથી. તેથી આપણા વૃદ્ધોએ ચૈત્ર માસ બેસે ત્યારથી લીમડાનું સેવન રાખવાના હેતુથી આ તહેવારમાં લીમડો દાખલ કર્યો છે. એ રીતે એ તહેવારમાં તંદુરસ્તી જાળવવાનો પ્રયત્ન છે.

તે પછીનો બીજો તહેવાર તે વૈશાખ સુદ ત્રીજે અખાત્રીજનો. સામાન્ય રીતે આપણે જોઇએ તો ઉનાળાના દિવસોમાં મનુષ્યને થોડું ખાટું, ગળ્યું અને પ્રવાહી ખાવાનું મન થાય છે; કારણકે કુદરતમાં જ એવી જાતના ફેરફારો થાય છે કે આપણને એવું ગમે. માટે જ કાઠિયાવાડીઓ તે દિવસે ગળમાણું (ગોળ અને કેરીના કાચા મરવાનું પ્રવાહી) અથવા આમલવાણું (આમલી અને ગોળ કે સાકરનું પાણી—સંસ્કૃત ભાષા-માં તેને ગુડપાનક–અમ્લપાનક કહે છે. પાનક એટલે શરબત—) કરીને ખાય કે પીએ છે. મતલબ કે અખાત્રીજથી માણસોએ ઉનાળાના નિયમો પાળવા જોઇએ; એટલે ખાટાં, ગળ્યાં, સાકરવાળાં શરબતો અથવા ફળના રસો, સકરટેટીનો પણો (પાનક) અને કેરીનો રસ વગેરે ખાવા જોઇએ. કુદરત પણ તે વખતે જથ્થાબંધ તેવી ચીજો પેદા કરે છેઃ રાયણ, કરમદાં,



ઝીણાં ગુંદાં, ફાલસા, શેતુર, સકરટેટી, તરબુચ, કેરી વગેરે ફળો એ ઋતુમાં પાકે છે. અખાત્રીજના તહેવારનો અર્થ જ એ છે કે તે દિવસ-થી જ્યાં સુધી સખત તાપ પડે ત્યાં સુધી ફળના રસોવાળાં પાનકો ખોરાકમાં લેવાં જોઇએ.

ત્રીજો તહેવાર તે ગંગા-દશરા. આ દિવસનો અપ્ર-સિદ્ધ તહેવાર ખાસ કરીને મંદિરોમાં પળાય છે. એ વખતે દેવની પાસે દસ દિવસ સુધી પાણીના હોજ



ભરાય છે અને ફુવારા ખુલ્લા મુકવામાં આવે છે. કોઇ કોઇ સ્થળે સગવડ હોય તો ફુલમંડલિ (હિમગૃહ) બનાવવામાં આવે છે. રાજાઓ અને ધનિકો પાસે, કુદરત આ તહેવારની દૃષ્ટિએ નહિ તો વિલાસની દૃષ્ટિએ પણ પળાવે છે; ને સામાન્ય મનુષ્યો સગવડ હોય તો નદી કે જળા-શયોમાં નહાવા પડે છે. ટુંકામાં જલવિહાર કરવો એ જેઠ મહીનાના પ્રખર તાપમાં કર્તવ્ય મનાયું છે અને તે તંદુરસ્તીની દૃષ્ટિએ બરાબર બંધબેસતું છે. તે પછી આવતી જળજાત્રા એ પણ એવી જ જાતનો તહેવાર છે.

ત્યાર પછીનો ઉત્સવ તે અષાડ સુદ બીજે રથ-જાત્રા. મંદિરોમાં ખાસ પળાતો આ દિવસ જન-સમાજમાં જાણીતો છે. ઘણેખરે સ્થળે તે દિવસે મોટા

(અનુસંધાન આગળ પાન ૩૮૮મે)

# માતાનું આંસુ

દાહભરી આંખો માતાની
તેનું તું આંસુ ટપક્યું;
બળી રહ્યું અંતરમાં કિન્તુ
સૌ પાસે મીઠું મલક્યું:
મૈયાના ઓ ગાંધી વીર
અર્પું હું હૈયાનાં હીર.

કૈ.

આરસનાં અંધારાં આછાં થતાં હતાં. કોઇ મહાન વિષાદ પછી સહેજ આંખો પ્રકાશ પડે, અને તો ય વિષાદ તો વધારે જટિલ થાય, તેવી સ્થિતિ તે વખતે આકાશની હતી; અંધારૂં તો સહેજ આછું થયું હતું પણ તેની કાલિમા વધારે મ્લાન બની હતી. વાતાવરણ મૌન આક્રંદ કરી રહ્યું હતું. બત્રીસ કોટિ સંતાનની વાંઝણી માતા વિષાદમાં ડુબી ગઈ હતી. જાણે એના હૈયા પર હિમાલય પડ્યો હતો! જાણે એના મુખ પર મધરાતનું અંધારૂં છવાઈ ગયું હતું! દુઃખાર્ત ડુસ્કાં ભરી શકે છે એ પણ એ વિસરી ગઇ હતી. વિષાદની સૌમ્યતા એ જ કરુણતાની અવધિ. વડવાનળ ભભુકતા સાગરનાં દર્શન સૌમ્ય જ હોય!

ઓચિંતું માતાની આંખમાંથી એક આંસુ સર્યું. ...અને તેને આજે સાઠ સાઠ વર્ષનાં વહાણાં વાયાં. એ એક ટીપામાંથી સાતે ય સમદર ઉલટી પડ્યા.

ૐ

એ કંગાલ શરીરમાં એવું તે શું આકર્ષણ સમાએલું છે કે સૌ, યુગોના તૃષાર્તની માફક તે સામે તાકી રહે છે? એ આંખોમાં એવું કયું જાદુ ભર્યું છે કે જે આખા જગતને જીતી લે છે? એ આંખોમા તો બત્રીસ કરોડ દીનદુઃખિયારાંના ઓળા છે! જાણે એ સૌના નિસાસા ભેગા થઇ એમાં થીજી ગયા છે!

ૐ

એમને હસતા ભાળ્યા છે? કેવું બાળક જેવું નિખાલસ હસે છે! રામ એવું હસતા હશે. અને પેલી બે વેધક આંખો! ન જોઇ હોય તો જોશો મા! જોયા પછી એ કદિ નહિ વિસરાય. જીવનના અનેક નિર્બળ પ્રસંગોએ એ સામે આવીને ઉભી રહેશે, વેધી નાખશે.

ૐ

જગતમાં કેટલાં ય દર્શનો પવિત્ર હોય છે; પણ પાવનકારી દર્શન તો સૈકાંઓ વીતે ત્યારે થાય. એમનું દર્શન એવું દુર્લભ પાવનકારી છે.

ૐ

એ કહે છે, 'હું તો મારા સુતરના તાર ઉપર શ્રીકૃષ્ણની રાસલીલા જોઉં છું. પણ બાપુ, અમે તો એ સુતરના તાર ઉપર તમારૂં તાંડવ નિહાળીએ છીએ. રેંટિયામાં તમે દિવ્ય સંગીત અનુભવતા હશો, પણ અમે તો તેમાં તમારૂં પ્રલયગાન સાંભળીએ છીએ.

ૐ

અત્યાર સુધીના મહાત્માઓ પાસે આપણે અંજાઇ જતા. આમની પાસે આપણાં અંતર ઉઘડી જાય છે. એમના ચારિત્ર્યથી આપણને ઉર્ધ્વગામી હુંફ રહે છે. જગતના સર્વ મહાપુરુષોની માફક એ યુગદૃષ્ટા અને યુગસૃષ્ટા છે. આદર્શ તરીકે ઉંચે ઉડતા સિદ્ધાન્તો પ્રબોધે છે, પણ સાથે તેને એ આચરણસુલભ પણ બનાવે છે. જગતને થોડાં જ વર્ષોમાં એણે સૈકાઓની પ્રગતિ સધાવી આપી છે.

ૐ

જગતના સર્વ ક્રાંતિકારોમાં એ શ્રેષ્ઠ છે. કેમકે સૌ ક્રાંતિઓને અમુક કાળ પછી નવી ક્રાંતિની જરૂર રહે છે; પણ એની ક્રાંતિ તો એવી અદ્‌ભુત છે કે એ થયા પછી કોઇ ક્રાંતિની જરૂર નથી રહેવાની. એ સમાજ-વ્યવસ્થાની ક્રાંતિ નથી પણ માણસોનાં હૃદયની ક્રાંતિ છે.

ૐ

દુનિયામાં જેને કોઈ જ દુશ્મન જ નથી તેની શક્તિનો કેમ ખ્યાલ આવી શકે? દુનિયામાં જેને કશા ઉપર રાગ નથી તેના ત્યાગને આપણે કેમ પામી શકીએ? જેની પળેપળ બીજાના જ વિચારોમાં વીતે છે, જેના લોહીનું એકેએક ટીપું જગતકલ્યાણ અર્થે જ ખર્ચાય છે, જેના જીવનનો એકેએક અખતરો જગતનાં દુઃખ ટાળવા માટે જ હોય છે, એના પરાર્થી જીવનનો તાગ કેમ માપી શકીએ?

ૐ

કૃષ્ણના જમાનામાં જીવનારાઓના ભાગ્યની આપણે ઘણીવાર ઇર્ષ્યા કરીએ છીએ. પણ આપણે એક એવા પુરુષના જમાનામાં જીવીએ છીએ કે આપણી પછીનો જમાનો આપણી અવશ્ય ઇર્ષ્યા કરશે. આપણે એને માત્ર સાચા ઓળખીએ એ જ પ્રાર્થના.

**કૃષ્ણલાલ સિધરાણી**



કર્મસંત ગાંધીજી

ગઈ ભાદરવા વદ બારશે જેમની એકસઠમી જન્મ-જયન્તિનો મણિમહોત્સવ ઉજવાયો.

[ ફોટો : સર ચીનુભાઈ ]



'ગિરિ તળાટી ને કુંડ દામોદર'
ચિત્રકાર : રવિશંકર પંડિત



સોમનાથ મંદિરના જીર્ણ અવશેષના પત્થરો પર હજી ઉભેલી દસમા સૈકાની અતુલ કારીગરી

# કચ્છ-કાઠિયાવાડ

## એક પરિભ્રમણ

કરનાર તથા ફોટો લેનાર **શ્રી સુરેશ દીક્ષિત** બી. એ., એમ. એસસી.

કચ્છનો અખાત ઓળંગી જામનગરને કિનારે ઉતરતાં, જુની ઢબના કચ્છથી થાકેલી આંખો એ કોઈ ગામડીઓ શહેરમાં પ્રવેશતો હોય એમ લાગવા માંડે છે. નવાનગરના જામસાહેબ રણજીતસિંહની ક્રિકેટમાં ઓવર બાઉન્ડરીની વાતો સાંભળેલી તેવી જ તેમની વેપારી બુદ્ધિની બેડીબંદરમાં સાબિતી છે. અંગ્રેજી રાજ્યની શીતળ છાંયડી નીચે કાઠિયાવાડના રાજાઓ આંખ મીંચીને રાજ્ય ચલાવે છે અને ઉઘાડી આંખે વેપાર ચલાવે છે. કાઠિયાવાડનાં વેપારી બંદરો મુંબાઇ-કરાંચીના વેપારને ગુંગળાવી ન નાખે માટે વીરમગામની જકાત નખાઇ છે. જામનગરનું નામ ભૂગોળમાં વાંચેલું તેટલું જ સુડી ઉપર વાંચેલું યાદ છે. પણ જામનગરની એવી એકાદ સુડી શેફિલ્ડ જઇ પહોંચી તો આ ધંધારોજગારનો આવરદા આવી રહેશે.

નવાનગરના સફાદબંધ રસ્તા અને મકાનો પારીસનું અનુકરણ કરે છે. વાળ કાપવાના સલૂન, ચાની હૉટેલો અને પાનબીડીની દુકાનો આ સફાઇબંધ રસ્તાઓને શોભાવે છે તેટલી જ ગલીકુંચીઓ, ગંદવાડ અને ગરીબાઇ એ જુના નગરને અલંકાર રૂપ છે. છેલ્લા દસકામાં બંધાએલાં આપણાં નવાં શહેરોમાં નવા જુનાની ચોખ્ખી ભાત સફેદ કપડા ઉપર લાલ પીળા આકારો જેવી લાગે છે. જામનગરના રસ્તાઓ ઉપર ઠેકઠેકાણે રમવા મુકેલી નાનીમોટી તોપો મોગલ જમાનામાં ખેલાએલાં યુદ્ધનો ખ્યાલ આપે છે, ત્યારે ભીંતિભીંતે લખાએલી જાહેરખબરો ગએલું શૂરાતન શક્તિવર્ધક દવાઓમાં ફેરવાએલું સૂચવે છે.

કિન્ડરગાર્ટન કે મૉન્ટેસોરી પદ્ધતિએ નાનાં બાળકોને શિક્ષણ આપવાનું શરૂ થયું તે પહેલાંની 'ટીંગાટોળીની' કે 'સોટીની' પદ્ધતિ આજ પણ ક્યાંક-ક્યાંક ખુણેખાંચરે દેખાય છે. હાથમાં સોટી રાખી ઘરની ખડકીના ઓટલા ઉપર એક જ સાથે બધાંયે ધોરણ ભણાવતા મહેતાજી હજી યે આપણા દેશમાં વસે છે. કોઇ કુસકાં ભરતા તો કોઈ જીભથી સ્લેટ સાફ કરતા કે વેદોચ્ચાર જેવા આંક ભણતા નિશાળીઆઓ હજી યે કેળવાય છે. ગુરુજીનું ઘરકામ ભણતાં-ભણતાં કરી આવવું એ મનુસ્મૃતિનો ધારો હજી યે




જે સ્થળે શ્રી કૃષ્ણને બાણ વાગી ને તેમનો દેહોત્સર્ગ થયો તે જગ્યા : પ્રભાસપાટણ


આપણા દેશમાં પળાય છે.

કાઠિયાવાડનાં નાનાંનાનાં રાજ્યોની ગુંચાએલી સરહદથી આ આખો દેશ શેતરંજના પટ જેવો લાગે છે. એ સરહદોની ભૂલભૂલામણીમાં તો કેટલાં યે બહારવટાં ખેલાએલાં. આમ એ આખા યે પ્રદેશના નાના ટૂકડા થઇ જવાથી જ રાજકોટમાં પોલીસ ચોકી જેવું પોલિટિકલ એજન્ટનું થાણું એક જ મુઠીમાં બધાંને પકડી શકે છે. દેશી રાજ્યોને મોટી રેલવે બાંધવાનો અધિકાર નથી હોતો. આમાં પણ અંગ્રેજ સરકારની લશ્કરી અને વેપારી નીતિનો સમાવેશ થાય છે. જુદાંજુદાં રાજ્યોની સરહદમાંથી પસાર થતી આ રેલવેઓમાં કેટલા યે ટિકિટ લેવાની જરૂર જોતા નથી. ગુજરાતની મોટી રેલવેમાં 'ઍંગ્લો ઇંડિયન અને યૂરેઝિયન' માટે જુદાં ખાનાં હોય છે તેમ કાઠિયાવાડની રેલવેમાં 'ઢેડ' માટે ખાસ ગોઠવણ હોય છે ! સ્ટેશને સ્ટેશને દેખાતા પેંડા–ગાંઠીઆ એ અહીંના લોકોનો પ્રચલિત અને પ્રિય નાસ્તો છે.


એક બાજુએ બરડા ડુંગરની ઓથ ધારતું અને બીજી બાજુએ સાગરના જળમાં પડછાયો પાડતું શ્વેત પોરબંદર સુઘડ છે. પત્થર, સીમેન્ટ અને ઘીથી જાણીતું થએલું આ બંદર આપણું જુનું સુદામાપુરી. સુદામાની સ્મૃતિ જાળવતું મંદિર આજે ય ત્યાં ભાવિકોને સંગ્રહે છે. ગાંધીજીની જન્મભૂમિ પણ આ જ. 'તેલ ધુપેલ'ની જાહેરખબર વાળી એકાદ ભીંતને ઓથે, એકાદ અંધારા ઓરડામાં એમનું જન્મસ્થાન છે. ખેતી વિનાના પ્રદેશમાં રાજ્યના આશ્રય નીચે વેપાર ઉદ્યમથી લક્ષ્મી કેમ વસાવી શકાય એ અહીં સમજાય છે.

આપણા દેશનો બીજા દેશો સાથે સદીઓથી બંધાએલા વેપારી સંબંધ જાળવી રાખવાનો પ્રયત્ન કરતાં અરબી વહાણો હજુ યે અહીં ખજુર ભરીને આવે છે અને લાકડાં ભરીને લઇ જાય છે. આ અરબ વેપારીઓ ઠેઠ લંકાથી ઘોઘા સુધી વેપાર કરવા આવતા અને લાગ ફાવે ત્યારે રાજ્ય સ્થાપવાના પણ પ્રયત્ન કરી લેતા. મલબારના મોપલા, વેરાવળ પાસે રખડતા જાડા હોઠ અને ગુંચળિયા વાળ વાળા સીદીઓ એ બધા તેના પુરાવા છે. પોર્ચુગીઝ, ફ્રેન્ચ ને અંગ્રેજ સત્તાએ પણ હિંદુસ્તાનના પશ્ચિમ કિનારેથી જ પગપેસારો કરેલો. સ્વરાજમાં યે સ્વતંત્રતા જાળવવા એકલો ખૈબરઘાટ નહિ, પણ દેશના કિનારા સાચવવા સારૂ કાફલા પાલવવા પડશે. દરિયા ઉપરનાં વેપારી બંદરો ઉપર નીતિની શિથિલતા હોવાથી પ્રજા કંઇક ભેળા લોહીની બને છે. કાઠિયાવાડનાં બંદરોમાં આ વાત સ્પષ્ટ જણાય છે.





ઉપર : ત્રિવેણીસંગમ અને જમણી બાજુએ સૂર્યકુંડ પ્રભાસપાટણ



સોમનાથના સમગ્ર મંદિરમાંથી અત્યારે બચેલો ભગ્નાવશેષ


કોંકણના ખારવાઓમાં જેમ 'હિંદુ કોળી' અને 'ખ્રીસ્તિ' ધર્મીઓ છે તેમ અહીં 'હિંદુ' અને 'મુસલમાન' માછીઓ છે. તેમની હોડીઓ દક્ષિણમાંથી બનીને આવે છે. પોરબંદરનાં વહાણ હનુમાનની ધ્વજા ઉડાડે છે, જ્યારે બીજાં બંદરે જાતજાતના વાવટા દેખાય છે. આ વહાણ અને હોડીઓનાં નામ પણ બહુ રસમય હોય છે. 'વાંકલી' 'હેદરી' 'વીસી' 'કામદીન' આવાં નામવાળાં નાવોનો અથેતિ ઇતિહાસ કેટલાક ખારવા રસભરી રીતે વર્ણવે છે. જીવનનું સર્વસ્વ આ લોક પોતાની 'નાવ'ને માને છે. સાગરનું જળ તેમનો મેલ ધુએ છે અને શરીરના શ્યામ રંગને પાકો રાખે છે. દોલિયામાં પડેલા માકણ વીણવા દરિયામાં દોલીઓ બાંધી રાખતા અને કપડાંનો મેલ કાઢવા દરિયામાં કપડાં ધોતા આ લોકોનું જીવન જ સાગર છે.

કોંકણ અને સિંધની વનસ્પતિનો મેળાપ કાઠિયાવાડમાં છે. તે સાથે અરબસ્તાન અને આફ્રિકાના પણ ઘણા છોડ અહીં ઉગે છે. વસંતમાં ગુલાબ જેવાં ફુલનાં કેરનાં ફુલ અને અગ્નિની જ્વાળા સમાં કેસુડાંની ભભકમાં ભળતાં કાઠિયાવાડી સ્ત્રીઓના રક્તવર્ણા પાલવનો અહીં અજબ સંયોગ છે. ચરતાં ઘેટાં, ઊંટ કે ગાયો પાસે, ખભે ડાંગ ઉપર હાથ નાખી પ્રફુલ્લ ચિત્તે જગત નિરખતો ભરવાડ કે—રબારી એ અહીંનાં રમ્ય દૃશ્ય છે. ટાયડાં ઘોડાં ઉપર સવાર થઇ હોકો તાણતો તાણતો જતો એકાદ ચારણ કે રજપૂત અહીંના લોકસાહિત્યની યાદ આપે છે. આવળ, બાવળ, આકડા, થોર, કાંટાસળીઓ કે દારૂડીના છોડનાં પીળાં ફુલ અહીંના શ્યામ શરીરનાં પીતાંબર જેવાં લાગે છે.

કાઠિયાવાડના આ ભાગમાં જળ અને જીવનનો ધાડો સંબંધ સમજાય છે. માઇલોના માઇલ સુક્કા પ્રદેશ પછી એકાદ નદી કે થોડા કુવાની આસપાસ ગામ બંધાયાં જણાય છે. વનસ્પતિને ઢોર સામે ટક્કર ઝીલવાની છે. ઘેટાં, બકરાં અને ઊંટ, હોય તેટલી યે આંખ ઠારતી લીલોતરી પુરી કરી નાખે છે. મહેમાનીનાં માન આરામ અહીં અરબસ્તાન જેવાં જ છે. સુક્કા પ્રદેશની પ્રજાનો એ મહાસદ્‌ગુણ છે.

ગુજરાત અને કાઠિયાવાડનો તફાવત ઉચ્ચ વર્ણ કરતાં ઉતરતી વર્ણમાં વધારે જણાય છે. ઉચ્ચ વર્ણનો પહેરવેશ ગુજરાત જેવો જ છે, ત્યારે નીચાં વર્ણ કસ બાંધેલી બંડી, ચોયણા અને માથે ફાળિયાં બાંધે છે. સ્ત્રીઓનો પહેરવેશ પણ ગુજરાત કરતાં રજપુતાનાને મળતો વધારે છે. અમેરિકામાંથી 'જીલેટ'ના અસ્ત્રાની રેલ આપણા દેશમાં આવી છે, પણ વીરમગામની જકાત ઓળંગી હજી આગળ વધી નથી તેની સાબિતી રૂપ વેંતવેંત જેવડી લાંબી મુછો અને થોભીઆવાળા સદ્‌ગૃહસ્થો અહીં પડ્યા છે.

કાઠિયાવાડનો એક હાથ લાંબી લાજ કાઢવાનો રિવાજ તો બધે જાણીતો છે. અહીં કેટલીક કોમોમાં તો સ્ત્રીઓની આ અવદશાની અવધિ છે. ઉંચી કોમોમાં



ગિરનારની શિખરમાળા : અંબાજી, દત્તાત્રેય અને કાલકા : એકબીજાની પાછળ
(ફોટો: નારાયણભાઈ વારા)

સ્ત્રીઓની અછતને લીધે 'સાટાં'નો રિવાજ છે તો કેટલીક જાતોમાં હજુ યે અનેક સ્ત્રીઓના જનાના એકઠા કરાય છે.

બરડા ડુંગરમાં ખંભાળિયાનું તળાવ રમણીય છે. આ ડુંગરમાં જરસો જાતની વનસ્પતિ ઉગે છે. વસંતને



ગિરનારનું સૌથી કપરું શિખર : ગુરુ દત્તાત્રેય
(ફોટો : નારાયણભાઈ વારા)


એકાદ વહાણે વાદળ જેવા ધુમ્મસના થર ભેદતા મોટરને પણ આંસુ આવે છે. નાના ગામડાના ઉકરડા પાસે વડના ઝાડની આસપાસ બાંધેલા વિસામા ઉપર કલ્લોલ કરતા મોર એ અહીંના રમણીય દશ્યોમાંનું એક છે. અહીંના ડુંગરની ધારોમાં ખળખળ દોડતાં ઝરણાં પાસે કવચિત દેવો પણ રમવા આવતા હશે.

ક્ષાત્રવટની પગવાટ બતાવતા કેટલા યે પાળિયાઓ કાઠિયાવાડનું તેજોદર્શન કરાવે છે. નાનાંનાનાં યુદ્ધો થએલાં તે સ્થળોએ અજાણ્યા યોદ્ધાઓનું સ્મરણ સાચવતા અસંખ્ય પાળિયા આ વૃક્ષ વિનાની ઉજ્જડ ભૂમિમાં વૃક્ષ કરતાં વધુ સજીવતા ધારણ કરતા ઉભા છે. કોઇ ઉપર ઢાલ, તો કોઇ ઉપર ઊંટ કે ઘોડેસવાર કોતરેલા છે. અનેક સ્થળોએ સીંદુરથી હજી યે તે પૂજાય છે. પૂનાની આસપાસની રક્તરંગીન ભૂમિમાં આવાં જ સ્મરણો છે. ત્યાં પાળિયાને બદલે શિવલિંગ સ્થપાયાં છે કે તુલસીક્યારા વવાયા છે.

સિંહગર્જનાના પડઘા ઝીલતા ગિરનારની તળેટીથી કાઠિયાવાડનું સ્વરૂપ બદલાય છે. લીલી વાડો અને હરિયાળાં ખેતરો અહીંથી નજરે ચડે છે.

'વાંઝાં ઠાકોર ને આંબવન, નાર પદ્મણિ ઘેર;
રેંટ ખટૂકે વાડીએ, ભાંય ! લીલી નાઘેર.'

અશોકના કાળથી જુનાગઢ અનેક રાજ્યલક્ષ્મીને વરેલું છે. ઇતિહાસનાં પડ ઉપર પડ રચાયાં હોય તો તે જુનાગઢમાં. જુનાગઢનું સિંહાસન સદા યે ડોલતું છે. ઉપરકોટ કેટલા યે રાજકંપોના અવશેષો સમાન લાગે છે. ખાક થએલા રંગમહેલ અને લડીલડીને કપાએલાં હજારો સૈનિકોનાં સ્મરણોના ત્યાં વાસ છે. જુનાગઢ અને ચાંપાનેર મહમુદ બેગડાની ક્રૂરતાની કરુણ સીમા છે. જુનાગઢની નવાબશાહી તો જાણીતી છે; ને તે આજ પણ હજી એવી જ છે. મુસલમાનોના જોર સાથે મોગલાઇ રાજ્યપદ્ધતિ પણ અહીં છે. ટુંકા પગારના નોકરો અહીં ઘણી રીતે મોટો પગાર કરી શકે છે. પયગમ્બરના આદેશની આમન્યા રૂપ અહીં દારૂ વેચવાની મનાઇ છે, ત્યારે લોકો છાનાઉઘાડા કોલન-



ગિરનાર ઉપર નેમીનાથનાં જૈન દહેરાં (ફોટો : નારાયણભાઇ વારા)

વૉટર પીતાં અચકાતા નથી.

આપણા સાહિત્યની બારાક્ષરી પણ અહીંથી જ શરૂ થાય છે. ગિરનારની તળેટીમાં દામોદર કુંડ અને વલ્લભાચાર્યની બેઠક છે. નરસિંહ મહેતાનો ચોરો તો નવાં મકાનોમાંનું એક છે. મોટા ડુંગર ઉપર સર્પાકારે વીંટાતી, લીસોટા જેવી લાગતી, ગિરનાર ચડવા માટેની નવ દસ હજાર પગથિયાંની, લોટરીના પૈસાની બાંધેલી સીડી, પર્વત ઉપર ચડવાની ખરી મઝા અને અગવડો ઝુંટવી લે છે. અને આ સીડી પણ ન ચડાય તેને માટે અપંગના નિશાન જેવી ડોળીઓ તૈયાર હોય છે.

યાત્રા માટે ગિરનારનું માહાત્મ્ય પુરાણકાળથી છે. હજારો યાત્રાળુઓ—જૈન, હિંદુ ને મુસલમાન અહીં આવી જાત્રા પુરી કરે છે અને છેવટે તેની નિશાની તરીકે સાતસાત પત્થરના ઢગલા કરતા જાય છે. બાવા, જતી, ફકીર, ભિખારીનાં આજીવિકા ચલાવનાં મંદિરો-ની અહીં ખોટ નથી. ગ્રેનાઇટના કાળા પત્થર ઉપર બાંધેલાં શ્વેત જૈન દહેરાં આઘેથી આકર્ષક લાગે છે. તેના જીર્ણોદ્ધાર કરવાને સખી ગૃહસ્થોએ આરસને સ્થાને ચીનાઇ માટીના કકડાઓથી તેના ઘુમ્મટ જડી દીધા છે. આથી વધારે કુરૂપતા અને અવિચાર કદિ કયાંય નહિ જડે. દ્રાવિડી સ્થાપત્ય ઉપર વિલાયતી શણગાર! આપણી દેવમૂર્તિઓ, જનોઇઓ અને કંઠીઓનાં કાર-ખાનાં પણ હવે વિલાયતમાં ઉઘડે તો નવાઇ નથી!

વસ્તુપાળ તેજપાળની ગંદી ટુંકોની પેલી પાર અંબામાતાના કાળકાના મંદિરમાં માતાજીના શસ્ત્ર તરીકે તો ચાંદી જડેલા મખમલના મ્યાનમાં જૉસેફ રૉજર્સની છરી છુપાઇ હતી! અને એ છરીનો ઉપયોગ પૂજારી શાક સમારવાના ઉપ-યોગમાં પણ હજી લઇ શકે છે! યાત્રાળુ-ઓ આવાં સ્થળોએ પાપ મુકી પાવન થાય છે ત્યારે આપણા જેવા આસ્થા મુકી નાસ્તિક થતા હોઇશું. મંદિરો પા-સેના કુંડના ગટર જેવા ગંદા પાણીમાં કીડા ખદબદના હતા. આસ્થાવાળા તેમાં સ્નાન કરી સ્વર્ગની તૈયારી કરતા કે કૉલે-રાને આમંત્રણ આપતા!

ગિરનાર બાવાસાધુઓના અખાડા જેવો છે. એ અખાડો પવિત્ર–અપવિત્રનો મેળો છે. કેટલાક ખરેખર સાધુ છે, ત્યારે ઘણા ભિખારી કહેવ-ડાવવાને બદલે બાવા કહેવડાવનારા પણ છે. વખત બેવખત મુંબાઇ જેવા શહેરની મોહિની લેવા આંટો મારી આવે છે. દત્તાત્રેયની મઢી ગિરનારનું ઉંચામાં ઉંચું શિખર છે. એ એકલશૃંગના બિંદુ જેવા મથાળા ઉપર એ મંદિરની અગાસી કેમ ચણાઇ હશે એનો વિચાર આવે છે. અહીં ચડવું કઠણ છે. પવનનો પાર નથી. કઈ પળે ઉડી પડાશે એમ લાગે. ચક્કર આવે એટલી ઉંચાઇએ વાદળાંને સ્પર્શતી ગુરુ દત્તાત્રેયની ભગવી ધજા ફરફરી રહી છે. અહીં સંવત ૧૮૨૪માં



અશક્તોને ગિરનાર ચડવાની ડોળી (ફોટો : નારાયણભાઈ વારા)



સુદામાજીનું મંદિર : પોરબંદર

આપણા દેશમાં બનેલો પિત્તળનો મોટો ઘંટ વાયુ સાથે અથડાઇ હજી લુપ્ત સંસ્કૃતિનાં સ્મરણ જેવા રણકાર કરી રહ્યો છે.

પાસે જ જરા નીચેના શિખર પર 'ડુંગર કોરી ઘર કરી' રહેલા ગોરખનાથનો ધુણો છે. ગુલસફા ઉપર હાથ ટેકવી જટા ભસ્મથી અલંકૃત તેના ચેલાઓ આજ પણ તે સાચવી રહ્યા છે. નજીકમાં બાવાજીના ચાપિયાનો મોટો ઢગલો છે. અહીં ગોરખધંધાની કિતાબની પરીક્ષા લેવાય છે. એ મંત્ર તંત્રની પરીક્ષામાં નપાસ થનાર ભિખારીને બદલે જુઠ્ઠા બાવાજી થનારના ચાપિયા અહીં પડાવી સ્મારક તરીકે ઉભા ઓસાય



નરસિંહ મહેતાનો ચોરો : જુનાગઢ

છે. ચાપિયા, ચલમ ને કામળી ઉતારી, વધારામાં થોડા તમાચા મારી તેમને પાછા ફેરવવામાં આવે છે. આ બાવાજી તરસ્યા યાત્રાળુની કે માથે લાકડાનો ભારો લઈ ઉતરતા મજુરની તરસ છીપાવે છે: કરમદાંની ઝાડી, ગુંદાનાં ઝાડ, સાગનાં વૃક્ષ અને જાતજાતના વેલાઓમાંથી પસાર થતાં જુના અવશેષો જોઇ કોઈ મહાયજ્ઞની ભસ્મ અહીં ઉડતી હોય એમ લાગે છે.

શૌર્યભર્યા આ પ્રદેશમા અંતરના કોયડા ઉકેલતાં અને દેશના પ્રારબ્ધ ઉપર નિશ્વાસ નાખતાં, નીલી નાઘેરની લીલી વનરાઇમાંથી પસાર થઇ, ફરી પાછા સમુદ્રને કિનારે વેરાવળ—પ્રભાસપાટણમાં ઉતરાય છે. આજનું વેરાવળ મોટે ભાગે મુસલમાનોથી ભરેલું છે. જુનું પાટણ પ્રભુત્વ ગુમાવી પામર બન્યું લાગે છે.

હિંદી મહાસાગરનાં જળકણોથી સ્નાન કરતું સોમનાથનું ખંડેર ભસ્મીભૂત થએલા એક પ્રચંડ મૃતદેહનાં હાડકાં સમાન પડ્યું છે. ત્રણસો ગવૈયા, પાંચસો નર્તકી અને ત્રણસો મશાલચી રાખતું, રંગરાગ, વૈભવ, આસ્થા અને ભક્તિનું એક સમયનું એ ધામ આજ ધુળ ભેગું મળ્યું છે. સ્કંદ પુરાણમાં વર્ણવેલા ચંદ્રરોહિણીના પ્રેમસ્થાન જેવું એ સોમનાથ ઇ. સ. ૧૨૦૬માં મહમદ ગિઝનીને હાથે ચુરેચુરા થયું. આજે તો એ દેવમંદિરના પત્થર કેટલી યે મસ્જિદ કે ઘરોમાં ચણાઇ ગયા છે. લિંગને સ્થાને છોકરાં લખોટીઓ રમે છે. અવશેષ રહેલા ખંડેરની દીવાલ ઉપર આજ પણ અનુપમ શિલ્પનું કોતરકામ ઉભું છે. આટલું યે ન રહ્યું હોત તો દેખવાનું અને દાઝવાનું ન રહેત એમ ઘણી વાર થઇ આવે. ઉજ્જેન, ૐકાર અને નાશકત્ર્યંબકનાં જ્યોતિર્લિંગ જોયાં હશે તેને નવા સોમનાથના ભોંયરામાં પેસતાં નવાઇ નહિ લાગે. દાઝ્યા ઉપર ડામ દેતા એવા 'અહીં વાજાં વગાડવાં નહિ' એવા નવાબી શિલાલેખો પ્રભાસપાટણને ઠેકઠેકાણે



શૌર્યનાં સ્મરણચિહ્નો : પાળીઆ ( પોરબંદર પાસે ).

અલંકારી રહ્યા છે.

કપિલા, હિરણ્યા અને સરસ્વતી ત્રણે નદીઓના ત્રિવેણીસંગમ પાસે ઉભેલા સૂર્યકુંડ અને ત્યાંથી નજરે ચડતું કૃષ્ણનું અવસાન–સ્થાન હૃદયને ડહોળાવી મુકે છે. પણ ગયું તેનો શોચ શો? કોણે જાણ્યું ગઇ કાલનાં ખંડેરો ઉપર આવતી કાલે સુવર્ણ મહેલ ફરી નહિ બાંધીએ?

કૃષ્ણસુદામા, જેસલતોળલ અને રાણકદેવીનાં સ્મરણોથી શૌર્યવતું કાઠિયાવાડ આજે 'બાપુ' અને 'અન્નદાતાઓ'નો પ્રદેશ બની રહ્યું છે. તેમનો આંક ત્રણ કે તેર તોપોની સલામી વચ્ચે છે. કંઇકંઇ રાજાઓના ક્રિકેટના શિકારના શોખ, કે કુતરાકુતરીનાં લગ્નના શોખ જાણીતા છે. ઘણાના પ્રેમ અને જનાનખાનાની રસિક રમણીઓનાં હાલબેહાલ પણ સાંભળેલા છે; ભાયાતો અને ગરાસિયાનાં દેવાં, અભણતા અને અફીણના શોખ પણ છુપા રહ્યા નથી. પ્રજાની પ્રમાદી નિસ્પૃહતા અને ભાવિ તથા ઇશ્વર ઉપર લટકવાની આકાશી વૃત્તિ આ સ્થિતિમાં ઘેનની ઉંઘ જેવાં લાગે છે.

# લવીંગિયાની લુમ

### ત્રિઅંકી નાટક

અંક : ૧

શેઠ: બોલ કાના, તું વધુમાં વધુ કેટલા લાડુ ખાઈ શકે?

કાનો: સાહેબ, પંદર.

શેઠ: અરે, એટલા બધા ન ખવાય.

કાનો: પણ સાહેબ, ખાઇ જાઉં તો?

શેઠ: તો મારે તને દસ રૂપિયા આપવા.

(કાનો પંદર લાડુ ખાઇ ગયો.)

અંક : ૨ (અઠવાડિયા પછી)

શેઠ: દીવાનજી, આ મારો નોકર પંદર લાડુ ખાઇ જાય છે.

દીવાનજી: ગપ!

શેઠ: ગપ હોય તો આપણે સોસોની શરત!

દીવાનજી: કબુલ! કાલે સાંજે એને લઇને મારે બંગલે આવજો. હું મારા મિત્રોને પણ આ શરત જોવા બોલાવીશ.

અંક : ૩ (બીજે દિવસે)

કાનો: (બાર લાડુ ખાઇને) સાહેબ, હું હાર કબુલ કરૂં છું. હવે એક બટકું ય ચાલે તેમ નથી.

શેઠ: પણ મૂરખ, તેં તો મારા સો રૂપિયા ખોવડાવ્યા. અમસ્થો ખાઇ શકે છે ને અત્યારે જ તને શું થઈ ગયું?

કાનો: કોણ જાણે સાહેબ, હું પણ એ જ વિચારમાં પડી ગયો છું. સવારે પ્રૅક્ટિસ કરી ત્યારે પણ પંદર લાડુ તો ખાઇ ગયો તો! [પડદો]

ક્ર

વકીલ—તમારે છુટી જવાનો એક રસ્તો છે. મુકદ્દમો ચાલે ત્યારે તમારી સ્ત્રીએ કોર્ટમાં આવીને ધ્રુસકેધ્રુસકે રડવું પડશે.

ગુનેહગાર—એમાં શી મોટી વાત છે? જરા એને કહી દેજોને કે હું છુટી જવાનો છું! (વ્રજલાલ શાહ)

ક્ર

હૉટલવાળો—સાહેબ, તમે ખોરાકનું જે બિલ આપ્યું તેમાં નોકર માટે કાંઈ નથી.

સાહેબ—મેં એકેય ખાધો નથી!

'ચંદુ, આવું તોફાન ક્યાં કરી આવ્યો?'

'બા, કાદવમાં પડી ગયો'તો.'

'આ નવો કોટ પહેરીને?'

'પણ કોટ કાઢવાનો વખત નહોતો, બા!'

ક્ર

શિ.—માણસને જેટલું વાંદરૂં મળતું આવે છે તેટલું બીજું કોઇ મળતું આવતું નથી.

છો.—સાહેબ, એક આવે છે.

શિ.—કોણ? છો.—સ્ત્રી!

ક્ર

એક—આપણી ભાષામા એક એવો શબ્દ છે જેનો ઉચ્ચાર હમેશાં ખોટો થાય છે.

બીજો—એવો તે કયો શબ્દ છે?

એક—કેમ? 'ખોટો'.

ક્ર

એક સ્થળે વિજળીના તાર આગળ આ પ્રકારની જાહેર ખબર હતી: 'જાહેર ચેતવણી—આ તારને અડશો તો જીંદગી ગુમાવી બેસશો. નોટીસનો ભંગ કરનાર સામે કાયદેસર પગલાં લેવામાં આવશે!' (મરી ગયા પછી?)

ક્ર

શેઠ—ચંદુલાલ, તમે ઑફિસનું કામ કરતાં વાતો ન કરો.

ચંદુલાલ—હું નથી જ કરતો, શેઠ. વાત કરતી વખતે હું ઑફિસનું કામ બંધ જ કરૂં છું.

ક્ર

નથુકાકા—ચાલો ચાલો મારો કીકો રૂપિયો ગળી ગયો છે!

દાક્તર—કેટલા વરસનો?

નથુકાકા—૧૮૯૨ની સાલનો સાહેબ!

ક્ર

દુકાનદાર—તમને સાઈકલ લઇ ગયાને એક કલાક ને પાંચ મિનિટ થઇ છે, છતાં હું છેલ્લી પાંચ મિનિટ છોડી દઉં છું. ફક્ત એક કલાકનું જ ભાડું ને નુકસાન ભરી આપો.

ઘરાક—પણ હું સોગંદથી કહું છું કે એ પંકચર છેલ્લી પાંચ મિનિટમાં જ પડયું છે.

# એક નવો વ્યાયામપટુ અને નવી વ્યાયામપદ્ધતિ

તમારી ખાતરી છે કે તમે પુરેપુરા 'મનુષ્ય' છો ? એકાદ દિવસ દર્પણ આગળ ખુલ્લા શરીરે ઉભા રહો. નખથી તે શિખ પર્યંત સમગ્ર દેહને નિહાળો. અને કહો કે તમારી શરીરસંપત્તિથી તમે શરમાતા નથી ?

જેનું પ્રત્યેક અંગ સચેત છે, જેના પડછંદ શરીરમાંથી બળ અને સૌંદર્યના ફુવારા ઉડે છે, જેની નસોમાં નીડરતા અને અથાગ જોમનું લોહી ઉછાળા મારે છે, બુદ્ધિ સાથે દેહનો પણ જેણે પુરેપુરો વિકાસ સાધ્યો છે, જેનું આખું જીવન ઉત્સાહ અને આશાના વેગથી પ્રફુલ્લ બને છે—એ પૂર્ણ મનુષ્ય.

આવા થવાનો તમને કદિ પણ અભિલાષ થયો છે ?

બુદ્ધિનો વિકાસ તો મને-કમને તમે સાધ્યો છો. પણ જીવનની પૂર્ણતા સમું નીરોગી અને સશક્ત શરીર તમે કેળવ્યું છે ?

તમને માર્ગદર્શી અનેક આદર્શ મનુષ્યોનાં ઓળખાણ કરાવવામાં આવ્યાં છે: બુદ્ધિવૈભવ અને શરીરવૈભવ ઉભય પ્રકારમાં. તેમાંથી તમે કેટલાને અનુસર્યા છો ?

થોડાક સમય ઉપર અત્યંત સુરેખ અને રમણીય દેહઘટનાવાળા ઍલન પી. મીડનો પરિચય તમને થયો હતો. સૅન્ડો, મીડ વગેરેના વૃત્તાંત વાંચી ઘણાને એમ થાય છે કે શરીરની આટલી સુંદરતા યુરોપિયનોના જ ભાગ્યમાં છે. આપણી એવી શક્તિ કે વૃત્તિ નથી જ. આપણે ત્યાં તો બાવળની બુંદી જેવાં ગોળમટોળ ઢીમચાં માણસ રૂપે ઓળખાય છે. આવા વિચારની અપૂર્ણતા સામેનું ચિત્રો જોતાં દેખાય છે. અને તમે મીડ કે સૅન્ડોની સાથે મુકતાં આંચકો ખાશો ?


મદ્રાસ ઈલાકાના ગંજમ પ્રાંતમાં પારલાકીમીડી ગામ છે. ત્યાંના વતની બ્રાહ્મણ યુવક ભાઈ વિઘ્નરાજ (બિઘ્નરાજ, બેગનરાજ) પંડાની સુઘટિત શરીરરચનાની આછી છાયા જેવાં એ બે ચિત્રો છે. ચાલીસ વર્ષનો આ વ્યાયામપટુ કાર્લેકર સર્કસમાં Flying Rings—રોમન રિંગ્સનું કામ કરે છે. એની અનુપમ શરીરઘટના અને કલામય વ્યાયામપ્રક્રિયા ખરે જ મનોહર છે. અત્યંત શ્રમપૂર્વક અઢી ત્રણ વર્ષના અલ્પ સમયમાં સામાન્ય પ્રતિના યુવકમાંથી આવા સુગ્રથિત શરીરની પ્રાપ્તિ એ મનુષ્યના અદમ્ય ઉત્સાહ અને અસ્ખલિત પ્રયત્નનો પ્રોત્સાહક દૃષ્ટાંત છે. રમણીય નર (તેમ જ નારી) શરીરનું પ્રધાન લક્ષણ 'સુરેખતા' બેગનરાજનાં અંગોમાં પુરેપુરૂં દૃષ્ટિગોચર થાય છે. ઉંચાઈ ૫' ૧" અને ૧૨૫ રતલની આ દેહસંપત્તિનો વિકાસ ખરેખર અદ્ભુત છે: છાતી ૪૨"! જીવનના આધાર જેવા લોહીમાં ઑક્સિજન પુરનાર ફેફસાંની કેટલી વિશાળ દશા! દંડ ૧૫", ગરદન ૧૬", પ્રકોષ્ટ ૧૨½! ખામી માત્ર જાંઘની જ: ૧૭¾" (રોમન રિંગ્સનો વ્યાયામ કરનારને કેડથી નીચેનાં અંગો જેટલાં પાતળાં તેટલી વધારે સરળતા). પ્રચંડકાય અને તાડના ત્રીજા ભાગ જેવાઓને પણ શ્રમપ્રાપ્ય આ અંગવિકાસ છે. અને શરીરરચનામાં ન સમજનાર તથા સુંદરતા જેમના મને કપડાંની ટાપટીપમાં જ રહી છે, એવા દરજીપ્રિય પામરોને પણ આ શરીર જોતાં આશ્ચર્ય થયા વિના રહેશે નહિ.


હવે ચિત્રો તરફ. ઉપરના ચિત્રમાં બેગનરાજનાં સરળ અંગોનો પરિચય થાય છે. રજ પણ ગાંઠા વિનાનું શરીર અને લીસાં સુરેખ અંગો કેટલાં આકર્ષક છે! એનાથી ભિન્ન પ્રકારનું નીચેનું ચિત્ર જુઓ. બે હાથે કડાં પકડી આખા શરીરને અદ્ધર હવામાં સ્થિર રાખવું એ કેટલું કઠણ છે, તે અનુભવ વિના નહિ સમજાય. એકેએક સ્નાયુના વિકાસની પરાકાષ્ઠા ચિત્રમાં તરવરે છે. જરાયે ઉણપ અનુભવાતી નથી. છતાં આ ચિત્રો તમને જરા મોળાં દેખાય તો કોનો વાંક ?

શરીરસ્થિતિના બે ભાગ કરાય: સ્વાસ્થ્ય અને શક્તિ. બંનેના સુયોગથી સૌંદર્યભાગી બનાય. આમાં સ્વાસ્થ્ય સાચવવાના અનેક માર્ગ છે. એથી ઓછા બળવાન બનવાના છે. તેમાં પણ શરીરનાં પ્રત્યેક અંગ તથા સ્નાયુનો સ્વતંત્ર છતાં સુસંગદ્ધ વિકાસ સાધનાર વ્યાયામપ્રણાલિકા બહુ જ ઓછી—ગણીગાંઠી છે, અને એમાં રોમન રિંગ્સ અત્યંત મહત્વનું સ્થાન ભોગવે છે. અત્યંત કઠિન હોવા છતાં પણ શ્રમસાધ્ય આ વ્યાયામ પદ્ધતિ, ભારે શરીરવાળા

કરતાં કાગદી જવાનોને અત્યંત અનુકુળ અને ઓછી વિકટ છે, એનો આ જમાનાની ઢીંગલીઓને ભાગ્યે જ ખ્યાલ હશે. સ્થૂલ શરીરધારીને રોમન રિંગ્સ પર મોટી મુશ્કેલી નડે છે તે તેમનાં કેડ નીચેના ભારે અંગોને લીધે. એટલે કેટલેક અંશે વેઇટ લિફ્ટિંગ અને સ્નાયુકર્ષણ – Muscle Controlથી પણ ચડે એવી આ વ્યાયામ-પદ્ધતિ ઓછા વજન-વાળાને આશિર્વાદ રૂપ છે. એના જેટલી કસ-રતની વિવિધતા પૅરેલલ અને હૉરીઝૉન્ટલ બાર્સ-માં પણ નથી.

છાપરૂં અદ્ધર હોય તો મોભ સાથે ચાર છ હાથના મજબુત દોરડાના બે ટુકડા બાંધી દો. અને એના છેડે દસબાર આની ખાંલાસરીનાં લુહાર પાસે વળાવેલાં બે ગોળ કડાં. રોમન રિંગ્સ તૈયાર. પછી આસ્તે આસ્તે એના પર ચડતાં, લટકતાં, ગુલાંટ ખાતાં શીખી લો. ગુરુની જરૂર નથી. પ્રયત્ન અને સ્હેજ તન્મયતા શરૂઆત માટે પુરતાં છે. જેમ અ-ભ્યાસ વધશે તેમતેમ નવીન પ્રકારો સુઝી આ-વશે. છાતીનો વિકાસ સાધવામાં આ વ્યાયામ-પદ્ધતિ અજોડ છે.





રોમન રિંગ્સનો વ્યાયામ વિષય અઘરો હોવા છતાં આનંદદાયક છે. એમાં સૌથી કઠિન અને ઘણા જ થોડા પ્રમાણમાં પૂર્ણ રીતે અસાધ્ય એવો પ્રકાર Cross, Crucifix, Lateral suspension કે Lateral Raise ('સાથીઓ') નામથી ઓળખાય છે. ચિત્ર બીજું આનું જ દર્શન કરાવે છે. બે હાથે કડાં પર ચડો. કડાં સાથળ પાસે રાખી, હાથને વાળ્યા વગર ધીમેધીમે સીધા કરો અને બરાબર ખભા આગળ આવી અટકો. આની બીજી રીતઃ કડાં માથા ઉપર હાથથી પકડી ધીમેધીમે હાથ નીચે લાવો, કડા અને ખભા તથા છાતી બરાબર ચિત્રમાં બતાવ્યા પ્રમાણે સીધાં અક્કડ રાખો. બંને પદ્ધતિમાં પગ ટટાર, અક્કડ અને કસરતની શરૂઆતથી તે અંત સુધી જમીનથી અદ્ધર રાખવાના છે. આમાં બીજી પદ્ધતિ અત્યંત દુષ્કર છે. બહુ જ ઓછા માણસો એને શાસ્ત્રીય રીતે કરી શકે છે.

આવી રીતે શરીર કેળવવા માટે પ્રચંડ મનોબળ ને અથાગ શ્રમ અત્યંત આવશ્યક છે. જેમનામાં એ નથી તેમણે નિરાશ થવાનું નથી. નીચેની પદ્ધતિનો ઉપયોગ મિત પ્રમાણમા અને બુદ્ધિપૂર્વક કરવાથી, રોમન રિંગ્સ જેટલો તો નહિ પણ કંઈક અંશે તેના જેવો શરીરવિકાસ સાધી શકાય છે. તે આંતરે દિવસે કરવાની છે. એ ઘણી જ ફળપ્રદ છે, છતાં અત્યંત સાવધાનીથી કરવાની છે; કેમકે શરૂમાં નહિ પણ આગળ જતાં હૃદય ને ફેફસાં પર ખુબ શ્રમ પડે છે, એટલે અસાવધ માણસને કદાચ નુકસાન પણ થાય.

તમે દંડ તો પીલતા હશો. સો બસો દંડ કરીને ઝાઝો શરીરવિકાસ ન સધાવાથી કંટાળનાર પણ કેટલાક હશે. તેમણે આ ઉપાય અજમાવવા જેવો છે. આ દંડની જ પદ્ધતિ છેઃ પણ જરા જુદી રીતે.

દંડ કરવાની પેઠે જમીન પર હાથ અને પગ પર રહો. હાથની વચ્ચે ખભા કરતાં સહેજ વધારે અંતર રાખો. પગ જમીન પર ન રાખતાં, જમીનથી એક વેંત ઉંચા રાખો અને પછી દંડ કાઢો. કુલ ૫૦થી વધારે દંડ કરવાની જરૂર નથી. ૨૫ દંડથી શરૂ કરી આસ્તે આસ્તે ૫૦ સુધી પહોંચો. પચાસ દંડ સારી રીતે સાધારણ થાકથી કરી શકાય એટલે પગને એક વેંત વધારે ઉંચા મુકો અને ફરીથી ૨૫ દંડથી શરૂ કરો. આમ ચોપડીઓ કે પાટલા પરથી પેટી ઉપર, અને ત્યાંથી બારી કે પટારા ઉપર, એ પ્રમાણે પગને ઉંચે ઉઠાવતા જવું. હાથ જમીન ઉપર રાખવા. બારેક મહીનામાં પગ ભીંત ઉપર ટેકાવી, ઉંધા માથે હોઇએ તેમ દંડ કાઢતા આવડી જશે. જેમ પગ જાય તેમ છાતી, ખભા, હાથ, કાંડાં અને પીઠ પર અથાગ શ્રમ ને દબાણ આવશે. આવે વખતે ૫૦થી ઉતારી ૨૫ દંડ કરવા ઠીક પડશે. પરંતુ આમાં રજ પણ ઉતાવળ કરવાની નથી. જેમ ધીમેધીમે પગ ઉંચા થશે તેમ વધારે ફાયદો ને શક્તિ આવશે. ખાવાપીવામાં ખુબ નિયમિતતા અને પુષ્કળ આરામની ખાસ જરૂર છે. રોમન રિંગ્સના જેવો ફાયદો આથી થશે જ; પણ બહુ જ સાવધ રહેનારને. આ દંડ રામમૂર્તિના દંડ તરીકે પણ ઓળખાય છે.

શરીર અને મન તમારાં પોતાનાં છે. તેને કેળવાય એટલાં કેળવો. ભીમ જેવા બનીને કંઇ વાઘ મારવા જવાનું નથી. પણ વાઘ જેવી પ્રબળ શરીરસંપત્તિ કોને નથી ગમતી?

**હરિનારાયણ આચાર્ય**

## નવયુવાન !

[ દ્રુતવિલંબિત ]

શિથિલ શીદ કરે નિજ આત્મને?
તૃણુ સમાન તને જગ છો ગણેઃ
સકલ દિશ બધિર ભલે બને
ખિલવ પ્રેમલ રાષ્ટ્ર-પ્રભાતને.

પ્રલયગીત કદિ પજવે તને
નયન સ્તબ્ધ કરીશ ન બીકથીઃ
અચળ અંતર કેળવ ટેકથી
મરણ છો તુજ પંથ વિષે ભમે.

નવયુવાન! જગાડ વિનાશને
પડળ તોડ પુરાતન ભ્રાંતિનાંઃ
પ્રજળ યૌવન – દીપક ક્રાંતિના
પ્રકટ અંતર કર્મપ્રકાશને.

**ઈન્દુલાલ ગાંધી**

# યૂ. ટી. સી.

## યૂનિવર્સિટી ટ્રેઇનિંગ કોર

યૂ. ટી.સી.નું નામ મોટે ભાગે કૉલેજિયનો અને થોડા હાઇસ્કુલ વિદ્યાર્થીઓ સિવાય બહુ જાણીતું નથી. એ 'યૂનિવર્સિટી ટ્રેઇનિંગ કોર'ના પ્રથમાક્ષરો છે. તેમાં હિંદી વિદ્યાર્થીઓને યૂનિવર્સિટી તરફથી લશ્કરી તાલીમના પ્રથમ મુળાક્ષરો શીખવવાની યોજના છે. મુંબાઇ યૂનિવર્સિટીએ કેટલાંક વર્ષોથી એ યોજના ચાલુ કરી છે, છતાં બહુ જ જુજ વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે; ઘણાખરા ડરથી, કેટલાક બેદરકારીથી, અમુક વિરોધવૃત્તિથી અને થોડાક ઉદાસીનતાથી એ તકનો લાભ ગુમાવે છે.

યૂ.ટી.સી.ની યોજના યૂનિવર્સિટી તરફથી શરૂ થઇ ત્યારે મુખ્યત્વે પારસીઓ, યૂરેઝિયનો અને મુસલમાનો જ તેમાં ભરતી થતા. પહેલા હિંદુ ગુજરાતી ભરતી થનારમાં 'કુમાર'ના પરિચિત 'સૈનિક' સુરેશ દીક્ષિત હતા. હજી પણ હિંદુ ગુજરાતીઓની એ તરફની ઉપેક્ષાવૃત્તિ ઘટી નથી. આટલા મોટા મુંબાઇ ઇલાકામાં, ઉપરી અધિકારીઓ મળી ફક્ત ૮૦૦ માણસોની જ બૅટેલિયન છે, અને તેમાં પણ દર વર્ષે પુરતી ભરતી મળતી નથી. જીંદગીને વ્યવસ્થિત ઘડવાને મળતા માર્ગો ને સાધનોનો ઉપયોગ કરતાં પણ આપણો જુવાન ડરે અથવા તેમાં આળસ કરે તો પોતાની જાતે નવા ચીલાઓ પાડવાને તો ક્યાંથી જ સમર્થ બનવાનો?

સાધારણ રીતે યૂ.ટી.સી.નું બંધારણ નીચે પ્રમાણે હોય છે. હિંદી લશ્કરમાં આપણે જેને સિપાઈ કહીએ તે અંગ્રેજ લશ્કરમાં પ્રાઈવેટના નામથી ઓળખાય છે. યૂ.ટી.સીની યોજના પણ અંગ્રેજ લશ્કરના જેવી હોઇ તેમાં પણ સામાન્ય લશ્કરી પ્રાઈવેટ જ કહેવાય છે. એવા આઠ પ્રાઇવેટની એક ટુકડી (સેકશન)નો નાયક તે લાન્સ કૉર્પોરલ. આવી ચાર ટુકડીના બત્રીસ સિપાઈ તથા ચાર નાયક મળી એ છત્રીસેના જથ્થાની એક 'પ્લેટૂન' થાય. એ પ્લેટૂનની પહેલી ને છેલ્લી ટુકડીના નાયકો તે કૉર્પોરલ કહેવાય. અને પ્લેટૂન આખાનો ઉપરી તે પ્લૅટૂન કમાન્ડર. ચાર પ્લૅટૂન ભેગી થઇ બનતો વિભાગ તે 'કમ્પની' અને તેનો વિભાગપતિ તે કમ્પની કમાન્ડર કહેવાય છે.

ચાર વિભાગ (કમ્પની) ભેગા થતાં એક બૅટેલિયન થાય છે. તેમાં ઉપર જણાવેલા અધિકારીઓ ઉપરાંત રેજિમેન્ટલ સાર્જન્ટ મેજર, રેજિમેન્ટલ એડ્જ્યુટન્ટ કમાન્ડન્ટ વગેરે મોટા અધિકારીઓ હોય છે.

આ અધિકારીઓ ઉપરાંત સિપાઇ સાથે સીધો સંબંધ રાખનાર તથા તેમને શીખવનાર બીજા નાના નાના ઉપરીઓ 'સાર્જન્ટ', 'ક્વાર્ટર માસ્ટર સાર્જન્ટ' અને 'સાર્જન્ટ મેજર' હોય છે. એકેક સાર્જન્ટ એકેક પ્લેટૂનનું કામ સંભાળે છે, જ્યારે સાર્જન્ટ મેજર આખાયે વિભાગ (કમ્પની)ની તાલીમ તથા નિયમન જાળવે છે. આ સાર્જન્ટ અને સાર્જન્ટ મેજરો એ અંગ્રેજ લશ્કરની ખરી કમાનો ગણાય છે.

છાવણીમાં રોજનો કાર્યક્રમ સવારના સાડા છથી શરૂ થઇ સાંજે સાડા પાંચે પુરો થાય છે. સિપાઇને આવશ્યક અડગના, ધૈર્ય ને સ્વસ્થતા મેળવવા એકલી કવાયત બસ નથી. તેમનાં શરીર કસવા માટે બીજી શારીરિક કસરતોને પણ સ્થાન હોય છે. સિપાઇ એટલે આળસનો તો સતત નાશ. સવારમાં પાંચ વાગ્યે ઉઠી શૌચાદિ કાર્યથી પરવારી સૌથી પહેલો તેણે તંબુને સ્વચ્છ કરી, પોતાનો સામાન ચોક્કસ ઠરાવેલા ધોરણુસર ગોઠવી, સૂર્યપ્રકાશ માટે તંબુની પૂર્વની કનાત ખુલ્લી કરવાની હોય છે. આઠનવ વાગ્યાના સૂર્ય તપતાં સુધી પથારીમાં આળોટનાર કૉલેજીઅનોમાં આટલી તત્પરતા એક વર્ષની કેળવણીમાં આવી જાય છે. તંબુને વ્યવસ્થિત કરી રહ્યા હોય ત્યાં તો 'ફૉલ ઇન'ના અવાજે બધા એક હારમાં પુતળાની પેઠે ગોઠવાઈ કસરતના મેદાન તરફ કૂચ કરે છે. કસરતો બીલકુલ સાદી હોય તેમાં દોડવા તથા રમતની સાથે શરીરમરોડ માટે થોડીક કસરતો રાખેલી હોય છે.




(ચિત્ર ૧·૨) સાર્જન્ટ અને સાર્જન્ટ મેજર જેટલી જ કે બીજી રીતે તેનાથી વધુ ફરજો ને જવાબદારીઓ ક્વાર્ટર માસ્ટર સાર્જન્ટને શિર હોય છે. છાવણીની સફાઇ અને સ્વચ્છતા, સિપાઇઓના પોશાક, બિછાનાં, હથિયાર, ખોરાક વગેરે ઉપર તેની તીક્ષ્ણ આંખો ચોવીસે કલાક ચોકીપહેરો ભરે છે. સિપાઇ માંદો પડે, તેનું હથિયાર કાટ ખાય કે તેનું બટન તુટેલું હોય તો સિપાઇ સાથે ક્વાર્ટર માસ્ટર સાર્જન્ટ પણ થોડેઘણે અંશે શિક્ષાપાત્ર ગણાય છે. સિપાઇની ગેરહાજરીમાં તંબુઓ ને તેમાંનો સામાન સુવ્યવસ્થિત છે કે નહિ, ખાનગી ચીજો, સરકારી સામાન, ધાબળા, બુટ વગેરે નિયમિત રીતે ગોઠવાયાં છે કે નહિ તે આખો દિવસ ફરતા રહી તેણે જોવાનું હોય છે. ઝીણામાં ઝીણા કાગળ કે ચીંથરાના કટકા, બળેલી દીવાસળી કે સીગારેટનાં ખોખાંથી માંડી ફાનસના ગોળાની સ્વચ્છતા પર પણ ધ્યાન અપાય છે.

(ચિત્ર ૩) અમદાવાદની એક પ્લૅટૂનના કમાન્ડર સેકન્ડ લેફટેનન્ટ પ્રો. આર. એન. વેલીંગકર હતા. કૉલેજના પ્રોફેસરો આટલા ઉત્સાહ ને ખંતથી આમાં જોડાઇ છોકરાઓને દાખલ થવા પ્રેરે તે આવશ્યક છે.


(ચિત્ર ૪) જુદીજુદી પ્લૅટૂનના માંદા સિપાઇઓની પરેડ તે દિવસનો ઑર્ડરલી લે છે, ને પછી ઇસ્પિતાલના તંબુ પાસે તેમને દાક્તરી તપાસ માટે હાજર કરે છે. ટપાલ લાવવી, હુકમો જાહેર કરવા, છાવણીના સ્વચ્છતાના નિયમોનું પાલન કરાવવાની તજવીજ કરવી એ બધા માટે કંપની દીઠ રોજ એકેક સિપાઇનો ઑર્ડરલી તરીકે વારો આવે છે.

સિપાઇની તંદુરસ્તી માટે તો ભાગ્યે જ શંકા હોવી જોઇએ. છતાં ય માંદગીના અકસ્માતોને પહોંચી વળવા તેની પણ ગોઠવણ હોય જ છે. દર્દીને તપાસી દાક્તર આરામનો ઑર્ડર કરે તો જ સિપાઇ તે દિવસની કવાયતમાંથી મુક્ત રહી શકે.

(ચિત્ર ૫) સાડા સાતથી સાડા આઠમાં તો નાસ્તો પતાવી કપડાં, બુટ, બંદુક વગેરે સાફસુફ કરી સવારની કવાયત કે રૂટ માર્ચ માટે તૈયાર થઈ બુમ પડતાં દરેક પોતપોતાના અનુક્રમે ગોઠવાઇ જાય છે. અહીં અધિકારીની સખ્તાઇનું ખરૂં ભાન થાય છે. વાળ દાઢીથી માંડી બુટપૉલિશની તપાસ લેવાય છે. નિયમન એ લશ્કરનું મોટામાં મોટું ને પહેલું સૂત્ર છે. ખાવાપીવામાં કસરત કવાયતમાં, કામ કરવામાં, જ્યાં જુઓ ત્યાં સિપાઇના દરેક કાર્યમાં તે અમૂલ્ય ગુણ તરી આવે છે. લશ્કરી તાલીમમાં સ્વચ્છંદ કે મનસ્વીપણાને જરાય સ્થાન નથી મન હોય કે નહિ, રોજના કાર્યક્રમને અનુસર્યે જ છુટકો.

(ચિત્ર ૭) રૂટ માર્ચ એટલે બારથી પંદર માઇલની કુચ. એક જ ઝડપે, ચોક્કસ નિયમોને આધીન રહીને, ત્રણથી ચાર કલાક સોળ શેરની બંદુક ખભે મુકી ચાલવું પહેલાં તો બહુ કપરૂં લાગે છે. પણ કપરૂં લાગે કે ન લાગે; બીજો છુટકો જ નહિ. લશ્કરની હાડમારીઓની થોડી ઝાંખી રૂટ માર્ચમાં થાય છે. રસ્તામાં તમારાથી ન ચલાય તો તમારી બંદુક ઝુંટવી લઇ તમને ત્યાં જ પડતા મુકે. પણ આ આકરા જીવનમાં અણમોલો આનંદ સમાએલો છે. તાલબદ્ધ પગલાંના અવાજ સાથે લેફ્ટ ... લેફ્ટ ... લેફ્ટ ... રાઇટ લેફ્ટના સૂર હૃદય ડોલાવી મુકે છે.

(ચિત્ર ૮) બાર વાગે રૂટ માર્ચમાંથી પાછા ફરતાં દરેકના મુખ પર આનંદ હોય છે. પણ ધીરજ ને સહનશીલતાની કસોટીનો પ્રસંગ તો ત્યાર પછી આવે છે. અરધા દિવસની સખત મહેનત પછી ભુખ કોને ન લાગે ? થાક ને ભુખના એ ડુંગર તળે દબાતાં કાળજીપૂર્વક બંદુક પરની ધૂળ સાફ કરી તેમાં તેલ પુરવું અને ત્યાર બાદ અનુક્રમે વારો આવે ત્યાં સુધી હથિયારખાનામાં બંદુક ગોઠવી રોટલીના ટુકડા મેળવવાની રાહ જોવી તેમાં જ આ તાલીમની ખરી વસ્તુ સમજાય છે.



5


6

7



6




(ચિત્ર ૯) આપણે ઘેર, કૉલેજમાં કે સમાજમાં જમવાને બહુ મહત્ત્વનું સ્થાન અપાય છે. અહીં તેથી ઉલટું જ છે. તે ગૌણ ગણાતું છતાં તેની જરૂરિયાત પર પુરૂં ધ્યાન દેવાય છે, ને ખોરાક સ્વાદિષ્ટને બદલે પૌષ્ટિક અપાય છે. નાસ્તામાં પાઉં તથા ચા, બપોરે જાડી રોટલી, થોડુંક ઘી, દાળનું પાણી ને ભાત સાથે છાશ હોય છે. સિપાઇને માપસર ખોરાક અપાતો હોઇ ઓછું ખાનાર પોતાના ભાગમાંથી થોડું બીજાને સહજ ભ્રાતૃભાવથી આપે છે. એક જ ખાખી પોશાક તળે ઢંકાએલા હિંદુ, મુસલમાન, પારસી ને ખ્રિસ્તીના વર્ણભેદ ભુલાઇને અહીં આટલા મનુષ્યોની 'સિપાઇ' નામની એક જુદીજ જ્ઞાતિ બને છે.

(ચિત્ર ૧૦) રસોડેથી થાળીમાં ખોરાક લઇ સૌ જ્યાં જગ્યા મળે ત્યાં અથવા દૂર કોઇ ઝાડ તળે કે પોતાના મિત્રો સાથે વાતો કરતાં ઉભાઉભા જ પોતાનું ભોજન પુરૂં કરે છે. કેટલાક વાસણ સાફ કરવાની આળસે કે વખતના અભાવે એક હાથમાં રોટલીનો થોકડો ને બગલમાં વૉટર બૅગ લઇ જમવામાં આનંદ માને છે. નાત કે નાનું મંડળ જમ્યા પછીના થતા ગંદવાડથી આપણે ભાગ્યે જ અપરિચિત છીએ. અહીં છાવણીમાં, દિવસમાં બે વખત આઠસો માણસો જમતાં છતાં, રસોડા પાસે કે બીજા કોઇ સ્થળે તમને ભાતનો એક દાણો સરખો ન મળે એવી કડક સ્વચ્છતા અહીં શીખવાય છે.

(ચિત્ર ૧૧–૧૨) નાતજાત કે ગરીબ તવંગરનો ભેદ અહીં હોતો જ નથી. દરેક સિપાઇ સરખો. જમ્યા પછી પોતાનાં વાસણ સૌ હાથે જ સાફ કરે. એંઠા અજીઠા માટે નિયત કરેલા સ્થળનો જ ઉપયોગ થાય. તેમાં ભુલ એટલે બે કલાક વધુ મજુરીની શિક્ષા! આ શિક્ષાને લશ્કરમાં 'ફ્ટીગ ડ્યૂટી' કહે છે.

ત્યારપછીના બે કલાક આરામ મળે; પણ તે નામનો જ. સવારની કુચ પછી ફરી કપડાં બુટ વગેરે સાફ કરવામાં ઘણો વખત

વીતી જાય છે. દરમ્યાન કેટલાક આ જીંદગીમાં ઉપજતા હસી મશ્કરીમાં આનંદ લે છે.

અઢી વાગ્યે, ફરી બંદુકની કવાયત ને તે ફોડવાની તાલીમ માટે થતી 'ફૉલ ઇન'ની બુમ જમ્યા પછીના આળસને ઉડાડી દે છે.



13

(ચિત્ર ૧૩) આ બંદુકની કવાયતમાં કમાન્ડન્ટ જાતે હાજર રહી શીખવે છે. યૂ. ટી.સી.ના અત્યારના કમાન્ડન્ટ મેજર જૉર્ડન પુનાની ઇજનેરી કૉલેજના પ્રોફેસર છે.



14

(ચિત્ર ૧૪) બંદુક ફોડવાની જગ્યા (ફાયરિંગ રેઇન્જ) પર પહોંચતાં જ ગોળીઓના અવાજ કાને અથડાય છે. દૂર બસો ત્રણસો વારને છેટે દેખાતી મનુષ્યાકૃતિઓ ગોળીઓના વરસાદથી વીંધાય છે. અહીંની શાંતિ તથા નિયમન આશ્ચર્યજનક હોય છે.



15

(ચિત્ર ૧૫) દરેક સિપાઇ પાસે એક વ્યક્તિ સાંચાની જેમ કાર્તુસો મુકયે જાય અને ફોડેલા ખાલી ખોખાં એકઠાં કરી સંખ્યાબંધ પેટીઓ ભર્યાં જ કરે; અને એક પછી એક ટુકડીઓ આવી પોતાનું કામ સંચાની પેઠે કરી પાછી ફરે. આ દૃશ્ય જોવા જેવું હોય છે; તેનો અનુભવ અનોખો જ છે.

ધ્યાન, ધૈર્ય, સ્વાસ્થ્ય ને અચુક નિશાન તાકવાની શક્તિ સાથે યુવાનની બીજી કેટલી યે બાજુઓ આમાં ઘડાય છે. આ કેળવણી વગરનું ભણતર અધુરૂં જ એમ આના અનુભવ પછી લાગ્યા વિના રહેતું નથી.



16

(ચિત્ર ૧૬) સાંજે સાડા પાંચે બધા છુટા થઇ છાવણીમાં જ હરીફરી શકે છે. છાવણીમાંથી બહાર જવા માટે વળી જુદી કવાયત થાય છે. પોતાની સ્વચ્છતા ને નિયમન બતાવ્યા બાદ જ તેને બહાર જવાની પરવાનગી મળે છે. આને 'લીવ પરેડ' કહે છે.



17

(ચિત્ર ૧૭) સવારના ઝાંખા પ્રકાશમાં છાવણીનો દેખાવ ભવ્ય ને પ્રેરક લાગે છે.

**બલવન્ત ભટ્ટ**

[ લેખક પોતે ક્વાર્ટર માસ્ટર સાર્જન્ટ હતા; અને ફોટોગ્રાફો તેમણે જાતે જ લીધેલાછે.]

# બલિદાન

તલવાર અને બરછીનો જમાનો હતો. મરદાઇની પરીક્ષા ભાલાની અણીએ હતી—કલમની અણીએ નહિ. લાભ ભોગ આપવામાં મનાતો હતો—પચાસ હજાર કે લાખ પેદા કરવામાં નહિ. બલિદાનમાં ટોકાં દેવાનાં—મોટામોટા આડંબરી શબ્દો નહિ. આવા જમાનાના એક દિવસની આ એક ઘટના છે.

કાંયો કાળો નાગ, ધુઘવતો ભાલ ધણી;
અરજણ અવળો ભાણ, દામા દુભાીએ નહિ.

જેના ફૂંફાડાથી દામાજી ગાયકવાડ પણ ધ્રુજી ઉઠે એવા કાળા નાગ સમાન ઠાકોર કાંયાજી અને અરજણસંગનું એ કોઠ ગામ. છત્રીસે કુળના રજપુતો વીણીવીણીને મહારાજ કાંયાજીએ પોતાના કોઠ ગામમાં લાવીલાવીને વસાવેલા. પાંચ હજાર પાદરનો ધણી ભાવેણાનાથ પણ કોઠ સામે પોંચા કરડે, પણ મગદૂર નહોતી કોઇની કે કોઠનું રૂંવાડું પણ વાંકું કરી શકે. વટને માટે મરવું, માથું ઉતારી દેવું એ તો તે દિવસના રજપુતોને માટે નાનાં બચ્ચાંના ખેલ જેવું હતું. રાજની ને ગામની આબરૂ ખાતર પ્રાણ ઓવારી નાખનારા અવટંકા રજપુતોનો એ વખત હતો.

આવા વીરતાના જમાનાની ગ્રીષ્મના એક બપોરે બરાબર બેએક વાગ્યાને શુમારે કોઠના ગઢ ઉપર બૂમીઓ ઢોલ ધ્રીબાંગ-ઢીબાંગ-ઢીબાંગ ધડૂક્યો. દોડો.. દોડોની બુમો પડી. આખું ગામ એકઠીને ચડ્યું વારે. આ વખતે એક ડોસી પોતાના ઘરના ઉમરામાં બેઠી હતી. ઓરડામાં વીસ વરસનો જુવાન જોધ જેવો દીકરો વાઘજી ઢોલિયામાં બપોરની નિંદરમાં ઘસઘસાટ ઉંઘતો હતો. તેના શરીર પરના લગનના કેસરીઆ વાઘા પરસેવે રેબઝેબ થઇ ગયા હતા. હાથે મીંઢળ પણ હજુ બાંધેલું હતું. શરીર પીઠીભર્યું હતું. એના લગ્નનો આ ચોથો દિવસ હતો. કોડભરીના કોડ હજુ બધા યે બાકી હતા. પિસતાળીસ વરસની વૃદ્ધ માતાની એ એક જ આશા હતી. આખા જીવતરથી આ એક જ મોઢું જોઇને બાઇ પોતાના રંડાપાનાં તમામ દુઃખ વિસારે નાખતી અને સુખની આશાઓના ઘુટડા ભર્યે જતી હતી.

—ઢોલના ધડુકા સાંભળી વાઘજી સફાળો ઉભો થયો. મોઢું ધોયું ન ધોયું ને ભેટ બાંધી કેડમાં જમૈયો ખોસ્યો. ઢાલ તલવાર બાંધી લીધી. ખીલાએ ભરાવેલી બંદુક હાથમાં લીધી. માતા ઓરડામાં જુએ ત્યાં તો વાઘજીને લડાઇમાં જવાની તૈયારી કરતો જોયો. માતાએ જાણ્યું વાઘજી હવે રોક્યો નહિ રહે. ડોસીના વાત્સલ્યભાવે વીરતાને દબાવી દીધી. માતાને મોહ થયો. રજપુતાણી માતા થઇ ગઇ. વાઘજીને રોકવા ઓરડાનાં બે બેવડીઆં કમાડ ધડાધડ દઇ દીધાં. બારણે સાંકળ ચડાવી નકુચામાં આંગળી ઘાલી બાઇ બહાર ઉભી રહી.

'માડી, ઉઘાડ.' વાઘજીએ ત્રાડ નાખી.

'ના બેટા આજ નહિ.' કરુણ સ્વરે માતા બોલી.

'અરે! રજપુતાણીના મોઢામાં આ શબ્દો?'

'બેટા, આજ હું રજપુતાણી મટી માતા થઇ છું.'

'અરે માડી, તારી કુખ લાજે છે.'

'બેટા, આજ કાંઇ ન બોલ.'

'અરે રજપુતના દીકરાને આજકાલના હિસાબ ન હોય મા, મારે છેટું પડે છે.'

'બેટા ખમી જા, ખમી જા; બીજી વખત નહિ રોકું.'

'માડી, માડી, આમ પાંજરે નાખવો હતો તો મારૂં નામ વાઘજી શું કામ પાડ્યું?'

'મારા વાઘ, મારા સાવજ, આજ ખમી જા.'

'અરે પણ માડી, મારૂં નામ લાજે છે.'

'બેટા, મારી પીઠીભરી વહુની ચુડી સામું તો જો.'

'માડી, એ પીઠી ઉપર આજ આમ કાજળ ન છાંટ. મને કેસર છાંટવા દે.'

...'બમ્મા બાપ! કાજળ હજો આડેવાડે. મારા વાઘની પીઠીએ તો સદા કેસર જ છે.'

'ના.. ના, માડી! આ રંગ કેસરનો ન હોય. કેસરીઓ રંગ બતાવું, ઉઘાડ બારણાં.'

'બેટા, મારી કેસરભીની વહુની ચુંદડી આમ ઓવાળે ન ઉતાર, મારા બાપ. મીંઢળ છુટવા દે, પછી નહિ રોકું.'

'માડી, માડી, કાલે તારી એ મીંઢળબંધી વહુને લોકો 'બાયલાની બૈયર' કહી મેણાં મારશે. સવારે ડાયરામાં હું મોઢું શું દેખાડીશ?'


(અનુસંધાન આગળ પાન ૩૬૯મે)





સાયં-સંગીત

[ચિત્રકાર : કનુ દેસાઇ



**કૃષ્ણ બાળલીલા**
( અજવાળી રાતે કાઠીનો ઘોડો )

[ રાજપુત કલા : ચિત્રકાર માણકુ ]
શ્રી નાનાલાલ ચમનલાલ મહેતાના સૌજન્યથી

# દેડકાની પાંચશેરી



[તા. ૧૬મી સપ્ટેમ્બર ૧૯૨૮ને રોજ સુરત નગીનચંદ હૉલમાં કાકા કાલેલકરના પ્રમુખપદ હેઠળ ભજવાએલી નાટિકા *]

[સ્થળ: સુરતનો એક હોળી ચકલો. બેચાર હોળીઆઓ પ્રસંગાનુસાર પહેરવેશ પહેરી ચાબુકની પટાકડીઓ બોલાવતા એક ઓટલે બેઠા છે. પાસે રસ્તા પર એક સુંદર હોળી હમણાંની જ બનાવેલી દેખાય છે. એમાંથી ધૂપસળીઓની આછી ચમક તથા તેનો ધૂપ જણાય છે.]

સેહેની: અલ્યા મકરંદ! હવે કોઇ કાકા આવતા જણાતા નથી.

મકરંદ: હવે શું આવે? દર્શનનો સમય પુરો થઇ ગયો કની? નહિ તો હમણાં 'જે જે' કરતા દોડતા જણાય.

સેહેની: આપણાં મંદિરો ખરેખર આશીર્વાદ સમાન છે. એ છે તો આટલા કાકાઓ દર્શને જાય છે અને આપણને મજા પડે છે. બાકી બીકના માર્યા કંઈક તો નીકળતા જ નથી.

મકરંદ: નહિ નીકળે તો શાં તાળાં દેવાઇ જવાનાં છે? જોની આજે રાતે મેં બે શિકાર ધારી મુકયા છે.

સેહેની: હંઅં? કયાં આગળ? બાકી, મેં પણ જરા નજર દોડાવી છે તો.

મકરંદ: કયાં શું? પણે; અંબુકાકાના ઓટલાની બારીઓ હજી બહાર સલામત છે. સાળો એવો કંજુસ છે! ઠીક હાથ આવશે. પણ તું કયાં કહેતો હતો?

સેહેની: હમણાં નહિ, પછી.

મકરંદ: હાસ્તો, તારા દાવપેચ તું કંઇ પહેલાંથી ઓછો જ જણાવવાનો હતો! હં, પણ સેહેની, હજી જ્ઞાનબાલ કેમ નથી આવ્યો?

સેહેની: એ ગયો છે પણે—હં—તે હમણાં નહિ કહું. વળી તારા પેટમાં વાત નહિ ટકે—ઓ આ આવે પેલો—બધા એને આવકાર આપજો હં કે.

[જ્ઞાનબાલ ચાબુકની એક પટાકડી બોલાવતો દાખલ થાય છે, ને]

બધા: બોલો બોલો શ્રી—

જ્ઞાનબાલ: એઇ, ચપ! એમ શું બોલો છો. બોલો શ્રી હોળી માત કી જે!

બધા: હોળી માત કી જે!

મકરંદ: અલ્યા કયાં હતો?

સેહેની: જહાન્નમમાં! બધી પંચાત તને. ધીમેધીમે ખબર પડશે.

મકરંદ: અલ્યા, આજે રાતે જાગરણ કરવાના કે!

સેહેની: હાસ્તો—

જ્ઞાનબાલ: (ચાળા પાડી) હા . . સ્તો. ચલ ચલ, એ ઉજાગરા કોણ કરે. તમે બધા તો છો નવરા; મારે તો હજી કેટલું વાંચવાનું છે.

---

* 'સુરત ગુજરાતી મંડળનો પાંચમો વાર્ષિક સમારંભ ૧૯૨૮ની ૧૬મી સપ્ટેમ્બરે શ્રી કાલેલકરના અધ્યક્ષપણા નીચે ઉજવાયો હતો . . . સાહિત્યના ક્ષેત્રમાં ચાલી રહેલી 'અનેક અને અણનમ' લડાયક બળોની સાઠમારીનો તેમના જ શબ્દોમાં હૂબહૂ ચિતાર આપતા, સાક્ષરોનો શંભુમેળો અથવા દેડકાની પાંચશેરીના એકાંકી નાટકમાં, મંડળના કેટલાક સંભાવિત સભ્યોએ ભાગ લીધો હતો તેમના અભિનય, જીવંત સાક્ષરોની ભાષા અને અવાજનું એવું સચોટ અનુકરણ તથા તાદૃશ્ય સ્વભાવદર્શન રંગભૂમિ પર કદાચ હજુ સુધી નહિ થયું હોય.' (કૌમુદી પુ. ૪. અં. ૪.)

### એ વખતના રૂપધરો

**હોળીઆ:** સેહેની—મોતીલાલ પટોળાવાળા; મકરંદ—ગણપતિ કલાર્ક; જ્ઞાનબાલ—રજનીકાન્ત મોદી

વિજયરાય વૈદ્ય—વલ્લભદાસ અક્કડ; નરસિંહરાવ દિવેટિયા—ચન્દ્રવદન શાહ એમ. એ.; નાનાલાલ કવિ—બંસીલાલ વકીલ બી. એ એલએલ. બી.; બ. ક. ઠાકોર—કંચનલાલ ગાગાવાળા; આનંદશંકર ધ્રુવ—નટવરલાલ વીમાવાળા; કેશવલાલ ધ્રુવ—ઇશ્વરલાલ વીમાવાળા; લલિતજી—જયંતિલાલ મામાવાળા; અરદેશર ખબરદાર—સોમાકાન્ત વકીલના.

સેહેનીઃ જોયો મોટું પંડિતનું પુછડું ! ગોખણદાસ છે ગોખણદાસ. ચલાવ, બધાએએ જાગવાનું છે.

જ્ઞાનબાલઃ અલ્યા પેલો કોક પાઘડીવાળો ગયો— તમે લોકે જવા દીધો લાગે છે. મેં એકલે પૈસો માગ્યો. તે કહે છે કે હમે સાક્ષરો પાસે પૈસો મગાય જ નહિ.

સેહેનીઃ એમ ? ત્યારે ડોસો છટકયો કોઇ! પાઘડાંને કસરત કરાવી દેવી હતી ને ? મોટા સાક્ષર થયા છે!

જ્ઞાનબાલઃ હું એકલો શું કરૂં ? મકરંદ જેવો પાછળ હોત તો પાઘડું ગુલાંટ ખાઇ જાત કદાચ.

મકરંદઃ અને હું તો વળી પૈસો પણ લેત.

જ્ઞાનબાલઃ પણ એ સાક્ષર એટલે શું!

સેહેનીઃ જનાવર!

જ્ઞાનબાલઃ ચુપ, મશ્કરી પછી. પણ સાક્ષરો કેવા હોય તે તો કહે!

મકરંદઃ

લટકણી લેખણ, ને વટકણી વાણી;
એ બેના યોગ તે સાક્ષર પ્રાણી.

સેહેનીઃ એમ નહિ; જો

સાક્ષર એને જાણીએ, પીઠ ફરંતા જાય;
આગુ કો દેખે નહિ, પાછળથી પરતાય.

જ્ઞાનબાલઃ અલ્યા સાક્ષર માણસ ખરો કે નહિ?

મકરંદઃ માણસ તો ખરો, પણ માણસાઇ વિનાનો માણસ.

[એકલો સેહેની ખડખડાટ હસે છે.]

જ્ઞાનબાલઃ હસે છે શાનો—અમસ્થો અમસ્થો ? ઠઠ્ઠામશ્કરી સિવાય બીજું કંઇ આવડે છે? આટલા બધા સાક્ષરો કહેવાય છે એ—

સેહેનીઃ (ક્રોધોચ્ચાર કરીને) ગ ધે ડા! તને તે કંઇ ભાન છે? આજે તો સાક્ષર ટકાના ત્રણ શેર મળે છે, ખબર છે ?

મકરંદઃ આ હોળી માતા પર રંગ ચઢાવીએ એટલા સસ્તા.

સેહેનીઃ અરે મફતિયા; સસ્તા યે શાના જે ?

મકરંદઃ તું તો સાવ તરકડો જ રહ્યો. જોઃ

ઉચ્ચારે ચાપીને શબ્દો, ચાંપલાઇ કરે પુરી;
ટોકરે મારતા ચાલે, લોક હૈયા તણી વાણી.

સેહેનીઃ ફરીથી તરકડો કહેતાં વિચાર કરજે, સમજ્યો? ગમે તેમ બોલતાં શાખ્યો છે તે!

જ્ઞાનબાલઃ પણ તેમાં બરાડા શાનો પાડે છે ?

[ ઉપરથી અવાજ ]

અવાજઃ અલ્યા કોણ છો એ? ક્યારના ઘાંટાઘાંટ કરી રહ્યા છો. મુંગા મરોને. કોને ઓટલે બેઠા છો તે કંઇ ખબર છે? ઘરમાં વિજયકાકા માંદા છે, સમજ્યા.

મકરંદઃ વિજયકાકા માંદા છે? એ જાતે વૈદ્ય છે ને—

અવાજઃ ચલ બેસ ચાંપલા! મોટો આવ્યો છે તે. મુંગામુંગા બેસી રહો નહિ તો ઉઠાડી મુકીશ, હરામખોરો!

[અવાજ બંધ રહેતાં ધીમે રહીને]

સેહેનીઃ ઉઠાડયાં ઉઠાડયાં, બાપનું કપાળ! બોલો બોલો શ્રી—

[મોઢે હાથ મુકી ઉભો રહે છે, ને એક સાહેબ જેવા ગૃહસ્થ ત્યાં પ્રવેશે છે. આમતેમ જુએ છે, ને એ જ ઓટલે ચડી અંદર જાય છે.]

જ્ઞાનબાલઃ અલ્યા ઓળખ્યા કે આને?

મકરંદઃ કોણ નરસિંહરાવ ને?

[એટલામાં બીજા બે જણ પ્રવેશે છે. આવીને સીધા ઠાવકાઇથી એ જ ઘરમાં પ્રવેશે છે.]

સેહેનીઃ અને આ આનંદશંકર ને કેશવલાલઃ બંને કોંસમાં ને બહાર ધ્રુવ.

જ્ઞાનબાલઃ કેમ?

સેહેનીઃ ઢોલો છે ઢોલો. એટલું યે સમજતો નથી ? બંનેની એક જ અટક છે તેમ. વિજુકાકાની ખબર લેવા આવ્યા લાગે છે. જોયા ? એ જ તારા સાક્ષરો. ન જોયા હોય તો જોઇ લેજે.

મકરંદઃ હા ભાઇઓ! ઘેર બેઠે ગંગા આવી છે.

[એક ચોથા ગૃહસ્થ ત્યાં આવી ઉભે છે ને પુછે છે.]

ગૃહસ્થઃ વિજયરાયનું ઘર આ કે?

સેહેનીઃ હાજી, જાઓ ઉપર. (ગયા પછી) અલ્યા ઓળખ્યા કે આને—આ જાડા તે બલ્લુ ઠાકોર.

[વળી એક જણ આવે છે ને અંદર જાય છે]

મકરંદઃ અને આ આવ્યા તે પેલા ખબરદાર! મદ્રાસની મોટરકાર!

જ્ઞાનબાલઃ કેમ એકદમ નાટકિયા સૂર ચલા—

[વળી એક સજ્જન આવે છે, ને છોકરાઓ સામે હસીને જોઇ રહે છે.]

મકરંદઃ (એની સામે જ)

ઝનનનન ઝનનનન ઘોઅનિયાં.
ડિયાં ડિયાંઉ ડિયાંઉ ડિયાંઉ,
ડચક ડનંદ ડનંનં ઘોઅનિયાં..

પધારનાર સજ્જનઃ વાહવાહ, વાહજી વાહ. તમે બહુ ટીખળી છો હં! બસ, હું તો તમને કહું છું કે આવો જ રસોત્સવ ઉજવો, અને ગુર્જરીને રસવંદના સમર્પો. વાહજી તમે પણ અમારી ઠીક નકલ કરો છો હં? વારૂ. વિજયરાયનું ઘર આજ ને?

જ્ઞાનબાલઃ હા જી આ જ; પધારો ઉપર.

[વળી એક વ્યક્તિ પધારે છે.]

આવનાર વ્યક્તિઃ અનેક વાર વગર નોતરે મિત્રાને ત્યાં ગયો છું. કુમારો! આ જ ઘર તે વિજયરાયનું?

સેહેનીઃ જી. અહીં જ પરાધીન છે એ આત્મા.

[સપાટાબંધ જાય છે.]

મકરંદઃ વાક્યં રસાત્મકં કાવ્યં.

સેહેનીઃ હી હી હી હી. ઠીક મેળો જામ્યો છે. અલ્યા આપણે પણ બધા ચાલો છાનામાના ઉપર, ને જોઇએ શો રંગ જામે છે તે. બધા છે સાક્ષરો—

જ્ઞાનબાલઃ હા હા, ચાલો દાદર પરથી જોઇશું.

[બધા અંદર જાય છે.]

## દશ્ય બીજું

[વિજુકાકાના ઘરમાં વિજુકાકા પથારીમાં માંદા પડ્યા છે. સાત મૂર્તિઓમાંથી કોઇ ઉભી છે, કોઈ બેઠી છે,—સૌસૌની સગવડ પ્રમાણે]

નરસિંહરાવઃ વિજયરાય ઉંઘે છે. ઉંઘશે તો શરીરને આરામ મળશે; પણ લાંબો સમય ઉંઘી સકે તો સારૂં.

આનંદશંકરઃ નિદ્રા ઘણીવાર સ્વાસ્થ્યનું સારૂં અને નબળું બંને સ્વરૂપ ઉત્તમ રીતે સાધ્ય કરી શકે છે.



આનંદશંકર ધ્રુવ

[બળવંતરાય પાસેના મેજ પરથી એક છાપેલી ચોપડી ઉપાડી એકાએક આગળ આવી.]

બલવંતરાયઃ આ રીપોર્ટ જોયો કે તમે? સ્વભાષા દ્વારા શિક્ષણ વિશે આ શો ઉહાપોહ ચાલ્યો છે! (માથે હાથ ફેરવી શરીર ઝુલાવી) હજી અમારો વિચાર એવો ખરો કે જેમ બને તેમ તબકકે તબકકે પદ્ધતિસર લોકમતનો જુસ્સો યોગ્ય રીતે ખીલવવો અને કેળવવો. અને એ જ્યાં સુધી અવિકસિત અને અપરિપક્વ સ્થિતિમાં હોય ત્યાં સુધી તો સ્વભાષાને જેમ બને તેમ શિક્ષણક્રમમાં સ્થાન આપવામાં કંજુસાઈ કરવી. (આનંદશંકરને) ત્હમે શું ધારો છો?

આનંદશંકરઃ મેં તો મારો મત પ્રજા સમક્ષ રજુ કર્યો જ છે. ૧૯૨૧ પહેલાં હું એમ માનતો હતો કે અંગ્રેજી ભાષા દ્વારા શિક્ષણ આપવું એ જ ઉત્તમ રીત છે, પણ હવે મેં મારા વિચાર બદલ્યા છે.

નાનાલાલઃ (દૂરથી જ ઘાંટો પાડી) આણંદશંકર! ત્હમે દહીં ને દૂધ બંનેમાં પગ રાખવાનું ક્યહારે બંધ કરશો?


નરસિંહરાવઃ આ હેમનું તદ્દન અયોગ્ય વર્તન કહેવાય.

ખબરદારઃ કોનું?

નરસિંહરાવઃ ન્હાનાલાલનું. બળવંતરાયનો મત અને મ્હારો મત, હેમાં હું તો બહુ નાનો ભેદ જ જોઉં છું. ગુજરાતી ભાષા દ્વારા શિક્ષણ આપવા કરતાં મ્હને તો અંગ્રેજી વાહન જ ઉત્તમ લાગે છે.

લલિતઃ મુરબ્બી નરસિંહરાવભાઇ! તમે આ—

નાનાલાલઃ લલિતજી! બસ. નરસિંહરાવને મિસ્તર કહો. મુરબ્બી કે રા. રા. આણંદશંકરને કહો. કોટ પાટલુન પહેરે તેને હું મિસ્તર, અને દેશી પોષાક



કેશવલાલ ધ્રુવ

પહેરે તેને હું રા. રા. લગાડું છું એ વાત ત્હમારા મગજમાં હજી ઘુસી નથી શું?

[નરસિંહરાવ ડોકું ઉંચું કરીને આઘે ચાલ્યા જાય છે.]

કેશવલાલ: મ્હારી વનવેલી તદ્દન વિકૃષ્ટ થઇ, છતાં ન્હાનાલાલભાઇ! ત્હમારા ડોલનનો પ્રયોગ કેમ નથી કરતા?

ખબરદાર: સાહિત્યના આકાશમાં ઉગેલા એ ધૂમકેતુને, તગે જ કેશવલાલભાઇ, બહુ ઉંચે ને ઉંચે ચગાવી રહ્યા છો.



અરદેશર ફ.
ખબરદાર

નાનાલાલ: ખબરદાર! મોટાલાલ, ખબરદાર!
આકાશમાંના ડેરાઓમાં ધીરી ધીરી ચાલ ચાલી,
પ્રિયા કેરી અનંતતાના અંગમાંનાં તેજ ધારી.
ખબરદાર! એવો મુક્તધારા છંદ
એ નથી સાચ્ચો બ્લૅંક વર્સ.
વડોદરાના વડલાઓ
સુણજો મારો આ જયઘોષ
અને જગસાહિત્યના જોધડાઓ!
જ્યારે . . .

બળવંતરાય: (એથી પણ જોરથી) ગોદડાંઓ ઓઢો ગોદડાંઓ. આ શ્રીમાળી બ્રાહ્મણ ને ગરબાભટ્ટના પુત્રને કવિતા સીધી લખતાં આવડતી નથી, એટલે કવિતાદેવીએ એને ખોટું ગદ્ય લખવાની સજા કરી છે. વેદમંત્રો એના કાનમાંથી કોઇ ભુંસો, નહિ તો સાહિત્યની દુનિયામાં રવડી મરશે, રવડી.

નાનાલાલ: લલિતજી! જુઓ આ. A failed author is a worst critic આ કાવત્રાટોળકી-બાજો—

લલિત: સૌમ્યમૂર્તિ ન્હાનાલાલભાઇ, ત્હમારે કંઠથી રસગુર્જરીને સ્નેહાળ પલ્લવે આવા અરસાત્મક શબ્દો!!

બલવંતરાય: (ખડખડાટ હસે છે. દિગ્ગજો ન્હાસા ન્હાસ કરે એવે અવાજે) આવી બાબતો પર હું છ મહિના ન હસું તો ક્યારે હસું?

ખબરદાર:

સામે ઝુકી રહેલા અંધારાની આરપાર,
પડે મારી આંખે દૂર પ્રિયાનો આકાર;
સ્વપ્ના માંહી સ્વપ્નું પાછું આવે કોઇ વેળ જેવું,
કીર્તિ માટે મેં ન કદિ રાખી દરકાર.

વિજયરાય: (ઉંઘમાં—કે ઘેનમાં;—અથવા કદાચ તાવ વધારે ચડવાથી ચિત્તભ્રમમાં બબડે છે)

ઓ પ્રભુ! સાહિત્યનાં અપહરણોમાંથી ગુજરાતને બચાવ.

When her mother tends her
Before the laughing mirror,
પ્રિયાની બા બેસે જ્યારે માથું એનું ઓળવાને
Tying up her laces
Looping up her hair,
ગુંથવાને વેણી એની ખોસવા ત્યાં ફૂલ.
જ્યૉર્જ મેરિડિથના 'એ લવ ઇન ધ વેલી'માંથી
અપહરેલું સાચું એનું કીધું મૂલ.

નરસિંહરાવ: મ્હને લાગે છે કે એ ઉંઘમાં પ્રલાપ કરે છે.

ખબરદાર: એને ચિત્તભ્રમ વાયુ જ થયો લાગે છે.

આનંદશંકર: અરદેશર! આપણે તકરારો છોડી કંઇક સક્રિય રચનાત્મક કાર્ય કરવું જોઇએ.

કેશવલાલ: એ કથન યોગ્ય છે. હું પણ માનું છું કે હજી તો આપણે ઘણી જૂની નાટિકાઓ સંશોધિત કરી ગૂજરાતને ચરણે ધરવાની છે.

લલિત: (મંજીરાંનો રણકાર કરતાં) તો તો રસગુર્જરીનો રસાત્મા જરૂર વધે અને રસપર્વણીઓનો સુંદર સુયોગ થાય.

નરસિંહરાવ: ત્હમારે મંજીરાં વગાડવાં હોય તો...

[ગુસ્સાથી અવાચક થઇ જાય છે.]

નીંદ ક્યાં ક્યાં ખ્વાબ, ખુલી ગઇ નેન રયણી હાટમાં,
ગઇ ખુલી એ, રહી ગળી એ, નદી ચાલે ખાટમાં!
હું ન જાણું કોણ ર્‌હારો . . . . . . . . . .

નરસિંહરાવ: અને હેને ત્હમે ઊર્મિકાવ્ય કહેતા હો તો ક્ષમા કરો.

બલવંતરાય: ના જી! એ તો નૃત્યકાવ્ય છે.

નરસિંહરાવ: અતીવ હૃદયંગમ કાવ્ય—હૃદયભાવની નાજુક લહરીઓ નાજુક રૂપમાં પ્રકટ કરવાની સાથે રમણીય ન્હાનું ચિત્ર ઉપસ્થિત કરનારાં અનુપમ સૌન્દર્ય અને નૈસર્ગિક કલાવિધાન પ્રગટ કરનારાં કાવ્યો લખ્યાં છે છતાં, અર્થોની ક્લિષ્ટતાવાળાં, વાક્યગૂંથણીના ગુંચવાડાવાળાં અને પદ્યરચનાની ક્ષતિયોવાળાં શા માટે ગાઓ છો?

લલિત: અરે, આપ . . આપ . . આપ . .



લલિત

લલિત: આપ ક્રોધ ન કરો. હું નહિ ગાઉં. રસ-ગુર્જરીના રસાત્માને હું નહીં જ દુભવું. હું મંજીરાં વિના ગાઉં તો?

[નરસિંહરાવ કાનમાં આંગળાં ઘાલી દૂર ચાલવા માંડે છે.]

બલવંતરાય: (માથે હાથ ફેરવી વાળ પર થઈ પછવાડે ઉતારતાં)





નરસિંહરાવ

નરસિંહરાવ: ત્હમે બીજી પંક્તિના કવિઓ આ ચર્ચામાં ના સ્હમજો. મ્હારા

વ્હાલી, સાંભળ્ય પેલી કોયલડી તરુવૃન્દમાં રે,
ગાતી છંદમાં રે,

એ કાવ્યમાં કવિના હૃદયના ઉલ્લાસ, કુતૂહલ, આનંદ ઇત્યાદિ ભાવોનું એકત્ર સંમેલન છે; વળી આત્મલક્ષ પણ છે, અને . .

બલવંતરાય: સપાટી પર પ્રકાશતી તમારી કવિતા બંધ કરો હવે. એમ કંઇ બીડી, રાંટો જોડો, જાડી ભંગીએણ, દુણાએલી દાળ, સાસુવહુના અણબનાવ, કજોડાંનાં દુ:ખ, ઇશ્કી મિયાભાઇ, અમદાવાદી ભગલા,

ઍાઍાબેશાઇ તોર, સુરતી શાક, ચટણાઓની અર-સિકતા, સાહેબલોકના કાચા કાન, આદિ ચાહો તે ભૂલોક તરંગલોકના વિષય ઉપર કટાક્ષની ધારવાળી ભરૂચી ધીરજકાકાના જેવી કવિતા કરાય નહિ. કલા, કલા, કલા તો લોહીનું પાણી કરો ત્યારે વરાય, સ્હમજ્યા?

વિજયરાય: (ઉન્માદ પ્રલાપથી જ ઉંઘમાં) ઓ પ્રભુ! આ રોગ ક્યારે મટશે? આનંદશંકરભાઇ અને કેશવલાલભાઇ જેવા મુરબ્બીઓ સાહિત્યની તકરારમાં પડે નહિ એટલે એ લોકની ખફા દૃષ્ટિ તો બહુ વ્હોરવાની નહિ; પણ બીજા ધુરંધર સર્જકો—

નરસિંહરાવ: હેની પ્રલાપસ્થિતિ હજી ચાલુ જ છે.

વિજયરાય: . . . ને ઓ પ્રભુ! મારા ગુજરાતના સાક્ષરો મહાદેવને, મશરૂવાળાને, નરહરિને, કાલેલકરને, રામનારાયણને, જુગતરામને, અખંડાનંદને ક્યારે સાહિત્યના સેવકો ગણશે?

નરસિંહરાવ: હજી વિજયરાયના હૃદયમુકુરમાંથી ગાંધીસંઘની પ્રકટ છવિ વિલીન નથી થઇ.

નાનાલાલ: ગાંધી? કોણ ભાઇશ્રી પાંચ મોહનદાસ?

નરસિંહરાવ: ત્હમે જ હેને સૌરાષ્ટ્રનો સિંહ કહ્યા છે ને? વૈશ્ય સરકાર સ્હામે વૈશ્ય શસ્ત્રાસ્ત્રથી એ ઝુઝનારને ત્હમે જ વૈશ્ય કહ્યા છે ને?



નાનાલાલ

નાનાલાલ: ચોટ્ટો છે બધો બદમાશોનો સંઘ એ. અને મુકુરમાં અવળું જ જોનાર તથા સરજતરાજની સુષુપ્તિ થકી લલિતને ડસનાર, ત્હમે છો પ્રધાન ભાવે અનુકરણ; અંગ્રેજી કવિતામાંથી યે માત્ર નાના નાના ફોરાના ઝીલનાર. ત્હમે એટલે (પ્રેક્ષકો તરફ ફરીને) સુણજો ઓ નરનાર! ભાખું છું, નરસિંહરાવ એટલે યુગના સફળ તેમજ નિષ્ફળ અનુવાદ: પરનાળઝીલ્યાં પાણીથી ભરેલું અમદાવાદનું એક ટાંકું. તમ ઘરઘોલ-ક્રિયામાંથી વિશાળતાની શી આશા રાખું? એટલે જ 'સુધારાવાળા' થઇ બ્રાહ્મણોને ભાંડ્યા, વગોવ્યા, જીભના કુહાડા માર્યા, કલમના ભાલા માર્યા. પણ યાદ રાખજો. ને ભાઇશ્રી પાંચ મોહનદાસને ભલે મેં વૈશ્યર્ષિ કહ્યા હોય, પણ દલપતરામનાં શીલ, બ્રહ્મચર્ય અને સંસારદર્શન તો બ્રહ્મર્ષિ જેવાં. દલપતરામ એટલે નવા અને જુનાનો—પશ્ચિમ અને પૂર્વના સદ્ગુણોનો, ફારબસ અને સ્વામીનારાયણનો સમન્વય.

બળવંતરાય: ત્હમારી જયંતિ ઉજવાઇ તેમાં ફાટ્યા લાગો છો! આ ગાંડી ગુજરાત એવી વીસ મારા આ ખાસડાની યે ઉજવે તો નવાઇ નહિ. ત્હમારી પાંચ લીટીનો સરવાળો એટલે મ્હારી એક લીટી. ત્હમારાં પંદર પ્રકાશનો એટલે મ્હારાં ત્રણ. ત્હમે તો મ્હારાથી એક પંચમાંશ છો. છંદને નછંદ કરનાર કુછંદી! એ ઊર્મિલ અને શબ્દપુષ્કળતાવાળી આડંબરી શૈલી—છાશમાં પાણી નાખનાખ કરીને પાતળી કરી નાખવાની ટેવ, એ ઝુમખરાડા એટલે ભ મ ર ડો!

નાનાલાલ:

કૃત્રિમ અને ક્લિષ્ટ
ખડબચડી અને ખાડાટેકરાવાળી
નાળિયેરના કોટલા જેવી તમારી ભણકાર
ગુર્જર નારના કોમળ કંઠથી નહિ જળવાય.
એવું દર્શનિયું,
અને સાચા સનાતન
તથા અહિંસાવાદી હિંદુ ધર્મના આત્માઓને
વિઘાતક અને અગમ્ય એવો
તમારો ઉગતી જુવાનીનો
માંસાહાર અને મદ્યપાનનો આદેશ
અવળપંથી છે ગુજરાતને.

ખબરદાર: નાનાલાલભાઇ! એ તો આપે જ ગુજરાતી સાહિત્યમાં ઝારશાહી હુકમ ઉચ્ચારીઆં છે. તમારા પુસ્તકોનો કોઇ રિવ્યુ લઈ શકે નહિ, તમારી



સભાઓમાં કોઇ હાજર રહી શકે નહિ, તમારા કીર્તિગાનના સમારંભમાં ઉઘરાણાં પણ સ્વીકારી શકાય નહિ. ભાઇસાહેબ! તમે કોને બાકી મુકયા છે? મિત્રો સાથે લઢયા છો, ભાઇ સાથે લઢયા છો, સ્નેહીસંબંધી સાથે લઢયા છો, ગાંધીજી સાથે લઢયા છો; તમે તો ગુજરાતના અજોડ અને અણનમ લડવૈયા છો.

નાનાલાલઃ ને તે સાચ્ચું છે. આ ઉભેલા કેશવલાલભાઇને જ આ માથું નમ્યું છે. ને એ મ્હોટાલાલ! ત્હમે પોતપોતાના વાડા બાંધનારા સર્વેને ભાખું છું કે પચ્ચીસ 'કુસુમમાળા'ઓ ને 'પચ્ચાસ ભણકારા' જેમ સો કલિકાઓ પણ નહિ પામે 'ફુલપાંદડી'ની સૌરભ. મ્હેં તો કહ્યું હતું કે પારસી કવિ ખબરદાર તો ખીલતો મોગરો છે; હજી ખીલશે ને સુવાસ ફોરશે. પણ એ તો કલિકા જ રહ્યો. ત્હમારી પડદાધુમટી કે કાવત્રાટોળકી કે સાહિત્યની બ્યૂરોક્રસીથી હું અંજાઉં એમ નથી, સ્હમજ્યા ?

આનંદશંકરઃ ત્હમે બહુ ઉકળ્યા લાગો છો. આ વિજયરાયની સ્થિતિનો વિચાર કરવો ભૂલી જાઓ છો.

નાનાલાલઃ માફ કરો! કેવળ નરસિંહરાવનાં જ વખાણ કરવામાં સારા ગુજરાતના સાહિત્યને ત્હમે ભૂલી ગયા છો.

ખબરદારઃ લલિતજી, આ શું? કંઈ સમજાય છે ?

લલિતઃ સરસના રૌદ્રમય થતી જાય છે.

આનંદશંકરઃ હર્બટ સ્પેન્સર અને એડમંડ ગૉસ જેવા, ધર્મ અને સાહિત્ય વિશે, બર્નાડ શૉ ને—

નાનાલાલઃ મ્હારે એ નામાવલિ નહિ જોઇએ. એ કોણ ?—શૉ. એને માટે યે હું તો કહું છું કે આવીને વાંચી જાય મ્હારાં નાટકો; પછી એને વિશે . . .

બલવંતરાયઃ આ અહમહમિકામાંથી ક્યારે છુટશો તમે ?

નાનાલાલઃ કોણ મુક્ત છે એમાંથી, તે કહેશો ને ?

[ધીમેધીમે વધતા જતા ક્રોધ સાથે]

કોણ છે મુક્ત એમાંથી ?

ને આ શું માંડયું છે ?

[નર્મદની છબી તરફ હાથ કરી]

સુરતના એ સ્પાર્ટન! સુરતના શિશોદિયા! સંસારના રણસંગ્રામના એ મહાયોધ! જાગ ને જો આ સાક્ષરયુદ્ધ! સુરત, સોનાની મુરત!

ખબરદારઃ ફૂક રે ફૂક! ફૂક રે ફૂક!

પચ્ચાસ પચ્ચાસ વાર ફૂક રે ફૂક!

[ફૂક રે ફૂકના ધ્વનિથી કે અકસ્માતથી તે ન કળાય એમ જાગી જતાં]

વિજયરાયઃ ઓહોહો! સાક્ષરોના સપ્તર્ષિમંડળે તસ્દી લીધી લાગે છે ને? ક્યારના પધાર્યા છો?

બધાઃ (સૌસૌની ઢબ પ્રમાણે) તમે આરામ લ્યો. ત્હમે આરામ લ્યો. કેમ છે હવે ?

વિજયરાયઃ મને કંઇક ઠીક છે. મારી ચિંતા ન કરો. કદાચ હું જીવું કે મરૂં—પણ તમે બધા અહીં એકઠા થયા છો તો મારી છેલ્લી એક વિનંતિ આપને—

બલવંતરાયઃ વિજયરાય! એમ શું બોલો છો? તમારા કરતાં તો મુજ અધકચરા જેવાનો વારો પહેલો આવશે.

વિજયરાયઃ બલ્લુકાકા, તમારી માયા ક્યાં નથી જાણતો ? મુજ જેવા બાળકને આપણા સાહિત્યમાં તમ જેવા મોટેરાએ કોઇએ પુસ્તક અર્પણ કર્યું હોય તો તમે જ ને?—પરંતુ આટલું ધ્યાનમાં રાખવા ખાસ વિનવું છું.

ખબરદારઃ શું ભાઈ શું?

વિજયરાયઃ (ધીમેધીમે) પેઢીધર ચાલતા આવેલા સાક્ષરત્વનો દાવો, એને અંગે અદ્વિતીય એવી છોકરાંઓને વારસામાં મળેલી અહમહમિકા, દોઢવૅંતિયા છાતી

ફુલાવનારાઓએ બાંધેલાં કુંડાળાં, અને એ સર્વેને લીધે શુદ્ધ દર્શન ઉપર આવી ચડેલાં પડળોનો થરસડો ખંખેરી કાઢો. ખોટ્ટા, નક્કામા, જુઠ્ઠા, અને તકલાદી કવિત્વનો ઝુંડો લઇ ફરનારા કવિ લેખકોનાં ભેજાં અજીઠાં વાસણની માફક સાફ કરાવો, અને છેલ્લે, ઓ પંડિતો! મેં કીધાં છે એવાં પાપ—લોકહૈયાંથી વેગળા રહેવાનાં, સાહિત્યને ઝાલવા જતાં રાષ્ટ્રને અળગું કરવાનાં તે પાપ તમે ન કરો. સડેલું અને જર્જરિત થએલું ગુજરાતનું માંદલું કલેવર નવજીવન પામે એવા અમોઘ મંત્ર સર્જાય તો સરજો, નહિ તો ઉગતી પ્રજાને તે સરજવા સંદેશ આપો.

નરસિંહરાવ: મગજે તાવ ચ્હડી આવશે, વિજયરાય! સૂઇ જાઓ.

કેશવલાલ: ચાલો, અત્યારે તો તબિયત સારી છે, હવે.

ખબરદાર: ત્યારે હવે આપણે બધા રજા લઇશું?

વિજયરાય: આપ બધા એમ ને એમ જશો? કવિસાહેબ આપ પણ?

નાનાલાલ: નચિંત રહો, વિજયરાય! વળુનોતર્યો કાલે આવીશ પાછો. Return Call શબ્દ તો મિ. નરસિંહરાવના શબ્દકોષમાં નહિ હોય. અને હું તો તમ જેવાને ત્યાં એક કરતાં અનેક વાર આવ્યો છું જ. ચાલો લલિતજી! સાથે થાઓ છો ને?

લલિતજી: (જતાંજતાં) હા, હા.

એક જ્વાલા જલે તુજ નેનનમાં
રસજ્યોત નિહાળી નમું હું નમું.

બલવંતરાય: સાહેબજી વિજયરાય, (જતાંજતાં)

એક ભેંસ ઉભી તુજ ખેતરમાં
ખુબ ખૂમબરાડ કરે જ કરે.

## દૃશ્ય ત્રીજું

[ઝપાટાબંધ મકરંદ, સેહેની અને જ્ઞાનબાલ દાદર પરથી ઉતરી આવીને પહેલાંની બેઠકે બેસી જાય છે.]

સેહેની: કેમ બચ્ચા! જોયા કની સાક્ષર કેવા હોય તે?

મકરંદ: જાણે પુરા વેદિયા ઢોર.

જ્ઞાનબાલ: એમનું બોલવું બધું જાણે આપણા આરસનાં ભેજાં પરથી પાણીની માફક સરી ગયું. અલ્યા મુંગા બેસજો, હમણાં નીકળશે.

મકરંદ: હા. ને બરાબર જોઇ લેજે.

[આનંદશંકર ને કેશવલાલ જાય છે.]

મકરંદ: (એમના ગયા પછી પાછળ ગાય છે)
લલિત લવંગ લતા પરિશીલન કોમલ મલય શરીરે,
મધુકર નિકર કરંબિત કોકિલ કૂજીત કુંજકુટિરે.
લટપટ સટપટ ખટપટ કટકટ, રટન રટત શિર ફુટી રે,
પટપટ ઝટપટ ચટચટ ચટપટ કરત, તરત જીભ તુટી રે.

[છેલ્લી લીટી સાંભળતાં જરા ઉભા રહી નરસિંહરાવ જાય છે.]

મકરંદ: (એ દૂર જતાં)

પેલું બકરી કેરૂં બાળ,
વિખુટું માડીથી આ કાળ;
ઉભું ઉચ્ચ ગિરિને . . .

[એટલામાં લલિત આવે છે.]

લલિત: કેમ હજી અહીં જ બેઠા છો?

સેહેની: હા જી! કોઇ કાકા આવતા નથી ને; એક પૈસો આપતા જાઓની.

મકરંદ: એઇ! એમની પાસે ન મગાય. લલિતજી તો આપણા . . .

લલિત: હું તો ત્હમારાથી યે ન્હાનો. મ્હને કાકા શાના બનાવો છો?

સેહેની: લલિતજી એક ગીત ગાઓની. પેલું તમારૂં 'મહુલી મજાની . . .'

મકરંદ: એ નહિ; એમ નહિ. આજે રાત્રે જાગરણમાં આવશે એ તો. લલિતજી રાત્રે પધારજો.

લલિત: જરૂર જરૂર.

[જાય છે.]

જ્ઞાનબાલ: અને પેલાં મંજીરાં લેના આવજો.

[બલવંતરાય નીકળે છે એમના ગયા પછી]


મકરંદ: હું લખું; લખું ન કેમ?

મૂછ હોય તો લખાય,
ફાંદ જામતાં લવાય,
દાંત હોય તો ગવાય,
લખન કવન લવન ગાનનો શું આજનીમ એમ
ખાંડણી નચાવતો કડં! કડં! કડં! કડં!

[ખબરદાર નીકળે છે]


મકરંદ: ઉ! શરા બાવીસ હજાર!

જ્ઞાનબાલ: ચલ એઇ, જો હવે . . . ગુજરાતનાં મહાકવિ ન્હાનાલાલની મશ્કરી ના કરજો.



**શિવપાર્વતી**

[રાજપુત કલમ : ચિત્રકાર મોલારામ]



**પ્રાણીપ્રેમ**

[રાજપુત કલા]

મકરંદઃ કોણ? પેલા ચમનલાલની અજબ ચમન વાળા? [નાનાલાલ આવતા જણાય છે. બધા, ચુપ રહે છે. એ જાય છે. દૂર જતાં]

અચ્યા બધા ઝીલજો મારી સાથે.

'ખટમલ પલંગે પેંધેલો,
હો હરિજન દાખવો હોય જો દીઠેલો.
શોધ્યા પાયા ચાર, શોધી તળાઇઓ,
શોધ્યાં ઓશિકા જ્યાં રમેલો;
શોધ્યાં આસન ને શોધી અભરાઇઓ,
દીઠો ન માથા ફરેલો; હો હરિજન! દાખવો૦

સેહેનીઃ અરે એઇ, બધાની મશ્કરી કરે છે તે સારો નથી લાગતો.

'અનુચિત પરિહાસો અટ્ટહાસોપહાસો,
અગર કવિ અરિસ્ટોફેનિસે તો વધાર્યા,
નથી રસ તદપિ એ શુદ્ધ કે શિષ્ટ ભાતરૂ
અપરસરચનાએ માત્ર રાચે કપાતરૂ.'

અંદરથી ટોળેબંધ અવાજઃ

ગોપીપરા દૂર હૈ, હોળીઆ રે!
ગોપીપરા દૂર હૈ.

શાનબાલ, સેહેની, મકરંદ ત્રણે: જાના જરૂર હૈ.
[બોલતા પટાકડીઓ બોલાવતા ચાલ્યા જાય છે.]

**ચન્દ્રવદન ચીમનલાલ મહેતા**

[આ નાટિકા એક વાર સુરતમાં રંગભૂમિ ઉપર રજુ થઇ ચુકી છે અને તેમાં ચીતરેલાં પાત્રોની જીવંત વ્યક્તિઓએ તેમાંની મર્મયુક્ત મશ્કરીને ઉદારતાથી સહી લીધી છે. દરેક જમાનાની વ્યક્તિઓ અને કૃતિઓને તેમની પાછળની પ્રજા તોળ્યા વિના રહેતી નથી, ને રહેશે નહિ; અને તેના પરિણામે સૌનાં તોલ તેમના ધાર્યા પ્રમાણે જ ઉતરે એ માનવું વૃથા છે. આથી જાણ્યેઅજાણ્યે પણ દરેક જાણીતી વ્યક્તિ માટે ચોક્કસ જાતનો પ્રજામત ઘડાય છે, અને તેનું પ્રતિબિંબ આવા લેખોમાં આવી જાય છે. એથી એમ માનવાનું નથી કે એ વ્યક્તિઓ તરફ લેખકને કોઈ જાતનો વિરોધ કે દ્વેષ છે; ઉલટું તે બીજી રીતે પોતાના યુગના અગ્રગણ્યોને ચોક્કસ સ્થાને નિયુક્ત કરે છે. —તંત્રી]

---

**બલિદાન . . . .** (અનુસંધાન પૃ. ૩૬૦થી)

વાઘજીએ ઘણા કાલાવાલા કર્યા પણ વ્યર્થ. જ્યારે જાણ્યું કે મા હવે નહિ જ ઉઘાડે ત્યારે તેણે પાછા પડીપડીને કમાડ પર લાતોના પ્રહાર કર્યા. પણ એ તો અસલી ખેવડીઆં જડાઉ કમાડ. ન તુટતાં વાઘજી થાક્યો. ઓરડામાં ઘુમવા લાગ્યો. હવામાં તલવાર વીંઝે, પણ શું કરે? એમ કાંઇ બારણું તુટે કે દીવાલ ફાટે તેમ ન હતું. માતાએ જાણ્યું કે દીકરો હવે થાકીને બેઠો હશે. પણ વાઘજીની તો કળીએ કળી કપાતી હતી. એવામાં એને એક રસ્તો જડ્યો. અનાજની મોટી કોઠી જે લગભગ ઘરના છાપરા જેટલી ઉંચી હતી તેની પાસે કપડાં નાખવાની વળગણીનું દોરડું લટકતું હતું. તે દોરડું પકડી વાઘજી કોઠી પર ચડ્યો. કોઠીના કાના પર ઉભા રહી છાપરામાં માથું મારી કડડડ કરતેક છાપરૂં તોડી બહાર નીકળ્યો ને પાછલે નેવેથી ભુસકો મારી ભાગ્યો જ્યાં લડાઇ થતી હતી ત્યાં.

એક ઝાડની ઓથ ઝાલી એણે બંદુક માંડીને એક પછી એક ગોળી દેવા માંડી. દુશ્મનમાં ભંગાણ પડ્યું. પણ એવામાં એક ચાડખુએ એ ગોળી આવવાનું ઠેકાણું જોઇ ઇસારો કરતાં જ ઝાડ ફરતી એક ટુકડી અચાનક વીંટળાઇ વળી અને બાર બંદુકોના ચંભા વાઘજી સામે વળ્યા. ધમમમ ધમમમ ગોળીઓ છુટી. વાઘજીનું શરીર ચાળણી જેવું થઇ ગયું, પણ તેણે એ બારેને તો પુરા કર્યા. તરસ ખરેખરી લાગી. ગામ સામે વળ્યો. પાસે જ એક રજપુતનું ફળિયું હતું. ત્યાં જઇ પાણી માગ્યું ને એક ઘડો ઉભા ઉભા જ ચસકાવી ગયો. અને લોહી છુટ્યું, તે કેમે બંધ ન થાય. માથાનો ફેંટો ફાડી આખું શરીર લપેટી લીધું ને ફરી પાછો બંધુક ખભે ચડાવી થયો સાબદો.

'વાઘુભા, બાપુ, હવે ધીંગાણામાં જવું રહેવા દ્યો અને અહીં ઢોલીઆમાં ઘડીક પોઢી જાઓ, ભાઇ.' પાણી પાનારી બાઇઓએ કહ્યું.

'અરે માડી, એમ મરવું હોત તો ઢોલીઆમાંથી ઉઠત જ નહિ, બાપ. મારી જનેતાને કહેજો કે તમારી પાડીભરી વહુની ચુડી અમર થઇ, એના પાનેતર ઉપર કેસરીઆં છાંટણાં છંટાયાં અને તમારી કુખ ઉજળી થઇ મા.' આટલું બોલી એ પાછો મોખરે ગયો અને પાંચ દસ દુશ્મનોને સાથે લઇ શાંતિની સોડ તાણી.

એ વીરનો પાળીઓ આજે પણ કોઠને પાદર રજપુતીનાં રૂદન કરતો હજુ ઉભો છે.

'પ્રભાત'માંથી **રણછોડજી ર.**

**વાઘજીને પાણી પાનાર બાઈના જ મોંની સાંભળેલી આ વાત છે.**

# વિમાનવીર કબાલી
## પાયલટ કેમ થયા?

તા. ૩૦-૮-૨૯ના રોજ બપોરે અચાનક અહીં ક્વીન્સબરો ટેરેસમાં મિ. કબાલીની મુલાકાત થઇ. સાધારણ ઊંચાઇ, સશક્ત ઘાટીલું શરીર, ખુલ્લો ચહેરો, ઘેરી આંખો, ભીનો વાન,–બધું પ્રથમ દૃષ્ટિએ જ આકર્ષે છે. પ્રથમ પરિચયે જ જુના સ્નેહીની માફક તેઓ વાત કરતા હતા. હું તો માત્ર એટલું જ જાણતો હતો કે તેઓ પોતાના એરોપ્લેન 'ફેધર ઑફ ધ ડૉન'માં હિંદુસ્તાન આવતાં રસ્તામાં ટ્રીપોલીમાં 'વલો ફીવર' નામના ઝેરી તાવથી પટકાઇ પડ્યા છે. એટલે ગુજરાતના ગૌરવ સરખા આ નવજુવાનને પોતાને જ મોઢેથી તેની મુસાફરીની કથા સાંભળવાની ખુબ ઇંતેજારી થઇ હતી. અમારી પ્રથમ મુલાકાત પછી હું તેમને ઘણીવાર મળ્યો, અને તે દરમ્યાન જે સાંભળ્યું તેમાંની અજબ લાગતી વાતો આ નીચે 'કુમાર'ના વાચકો માટે આપું છું.

એરોપ્લેનમાં તેમણે આખા યૂરોપની મુસાફરી કરી નાખી છે એ વાત બહુ ઓછા જાણે છે. તેમના શબ્દોમાં કહું તો યૂરોપની એકેએક ઇંચ જમીન તે પિછાને છે. ભાષાઓ પણ ઘણી જાણે છે. તેમની માતૃભાષા ગુજરાતી (જોકે ઘરમાં કચ્છી બોલે છે) ઉપરાંત, ઇંગ્લિશ, ઇટાલિયન, ફ્રેન્ચ, અરબ્બી વગેરે અનેક ભાષાઓમાં વાતચિત કરવામાં તે પારંગત છે.

તેમની હીંમતના થોડા કિસ્સા જાણવા જેવા છે. [જોકે મેં તો એમને મોઢેથી એટલા બધા સાંભળ્યા છે કે લાંબો લેખ થઇ જાય; પણ અત્યારે અવકાશને અભાવે થોડા જ આપીશ.] અહીં ઇંગ્લંડમાં તેઓ પાયલટનું (એરોપ્લેન ઉડાડવાનું) કામ શીખતા હતા. પોતાના શિક્ષકની સાથે તો રોજ એરોપ્લેનમાં ઉડે; પણ એકલા ઉડવાની હીંમત ચાલે નહિ. શિક્ષક બહુ કડક. તેમણે એક દિવસ સખ્તાઇથી કહ્યું, 'નાહીંમત ઇન્ડિયનોનું આ કામ નહિ. તું નહિ શીખી શકે; ચાલ્યો જા.' મિ. કબાલીને આ વાક્ય તીરની માફક આરપાર નીકળી ગયું. રાત્રે નિરધાર કરી લીધો કે મરીએ તો બહેતર, પણ કાલે એરોપ્લેન તો એકલે હાથે ઉડાડવું, ને બતાવવું કે ઇન્ડિયનો હીંમતવાન હોય છે. બીજે દિવસે જઈ એકલા એરોપ્લેન ઉડાડવા દેવાની માગણી કરી. શિક્ષક કહે છે કે તે નહિ બને. તું મરી જાય તો ખુનનો આરોપ મારે માથે આવે. મિ. કબાલીએ કહ્યું કે તો તમે ભલે સાથે આવો; પણ સંચાને બીલકુલ ન અડકવાની શરતે. અંતે બંને ઉડ્યા અને કબાલી સહીસલામત એરોપ્લેન ઉડાડી પાછા આવ્યા. તે પછીથી તો તેમને એકલા ઉડવા દેવાની સદર પરવાનગી મળી ગઇ. આ કામ તેઓ માત્ર એક માસ ને પચ્ચાસ દિવસમાં શીખ્યા, જ્યારે બીજા ઘણા તો વરસ દિવસમાં પણ શીખી શકતા નથી. આથી ઇંગ્લંડની એર મિનિસ્ટ્રી (વાયુયાન ખાતા)ને શક પડ્યો કે આ માણસની ફરી પરીક્ષા લેવાવી જોઇએ, અને તેથી મિ. કબાલીની પરીક્ષા માટે એક ખાસ નીમેલી કમિટી મોકલી. તે દિવસે લંડનમાં સખ્ત ધુમ્મસ હતું. પણ તે દહાડે જો કબાલી ન ઉડે તો બીજે જ દહાડેથી પાયલટની પરીક્ષાના નવા કાયદા તેમને લાગુ પડે તેમ હતા, અને પરિણામે તેમને એકાદ વર્ષ વધુ રોકાવું પડે તેમ હતું: એવી ધુમ્મસમાં ઉપર હવામાં હોડસો માઇલ ઉડવાનું હતું. સાંજ પડી. ધુમ્મસ વધતું ચાલ્યું. અનુભવી પાયલટ પણ એવા ધુમ્મસમાં ઉડવા હામ ન ભીડે. મિ. કબાલીના અંગ્રેજ મિત્રોએ તેમને સમજાવ્યા કે જીંદગી કરતાં પરીક્ષા વધુ વહાલી છે! ભલો થઇને ઉડવાનું છોડી દે! પણ કબાલી ચળે તેમ ન હતું. રાતના બાર વાગ્યે તેઓ વરસતા ધુમ્મસમાં ઉડ્યા. પરીક્ષકો અને મિત્રોએ માન્યું કે કબાલી જીવતો પાછો નહિ આવે.

એ સફરનું રસમય વર્ણન કરતાં કબાલી કહે કે 'જેવો મેં ધુમ્મસનો થર પસાર કર્યો કે ઉપર આકાશ



ચોખ્ખું હતું; ચંદ્રમા પ્રકાશતો હતો અને નીચે લંડન ઉપર જાણે સફેદ ચાદર પાથરી હોય તેમ લાગતું હતું. મને હીમત આવી ગઇ. હું ૭ હજાર ફીટ ઉંચે ચડ્યો; આજુબાજુ ખુબ રખડ્યો. સવારના સાડાત્રણ થવા આવ્યા ત્યારે ધુમ્મસ પીગળવા માંડ્યું અને ઝીણી રેશમની સાડીમાંથી શરીર દેખાય તેમ નીચે લંડન દેખાવા લાગ્યું. પરીક્ષકો અને મિત્રોએ માનેલું કે હું મરી ગયો હોઇશ; ત્યાં તો તેમના અચંબા વચ્ચે હું નીચે ઉતર્યો. પછીથી તો ઘણી સફરો કરી. પૅસેન્જરોને લઇને ઇંગ્લંડથી ફ્રાન્સ ગયો; ઉત્તરમાં ઠેઠ સ્વીડન સુધી જઇ આવ્યો; અને આખો યુરોપ રખડ્યો.'

અનુભવી પાયલટો પણ રાત્રે ધુમ્મસમાં કદિ ન ઉડે તે ઉડવાની હીમત મિ. કબાલીએ કરી તે ઓછું આશ્ચર્યકારક નથી. તે કહે છે કે 'બધું એક સેકંડમાં જ નક્કી કરવું જોઇએ. મોતની બીક રાખ્યે ન પાલવે.'

હિંદુસ્તાન આવવા માટે તેમણે ૧૦૦૦ પાઉન્ડની કીમતનું નાનું એરોપ્લેન કરાવ્યું હતું. જે એરોપ્લેનો ઇંગ્લંડથી કરાંચી આવે છે, ઑસ્ટ્રેલિયા જાય છે, અમેરિકા જાય છે, જે એરોપ્લેનો 'નૉન-સ્ટૉપ' (એટલે અટક્યા સિવાય) પાંચપાંચ દિવસો ઉડે છે તેની કીંમત તો ૫૦,૦૦૦ પાઉંડ જેટલી થવા જાય છે અને એવા એરોપ્લેનો મોટી સરકારો કે કોઇ ધનકુબેર શ્રીમંતો જ પાયલટને ખરીદી આપે છે. મિ. કબાલી તો પોતે પાયલટ અને પોતે શ્રીમંત. એમણે મજા પ્રમાણે એરોપ્લેન ખરીદ્યું. લાખ્ખોની સખાવત કરતા આપણા શ્રીમંતો અને રાજાઓને આવાં સાહસોને ટેકો આપવાની ઇચ્છા ક્યારે થશે? આવા સાહસિક યુવાનોમાં આપણે રસ લેતા ક્યારે થઇશું?

મિ. કબાલીનું એરોપ્લેન એટલું નાનું કે તેમાં એક જણ બેસી શકે અને માત્ર ચાર કલાક ઉડી શકે. એટલે મોટું રણ કે દરિયો ઓળંગવો હોય તો વિચાર થઇ પડે. એવા આ એરોપ્લેનમાં તે લંડનથી વહેલી સવારે ઉપડ્યા અને એક દિવસમાં લગભગ બાર કલાક કટકેકટકે ઉડી પારીસ, ડીજૉ અને લીઓં થઇ મારસેલ્સ આવી પહોંચ્યા. મારસેલ્સથી પીસા થઇ રોમ આવ્યા. અહીંથી હવે તેમને ભૂમધ્ય સમુદ્ર ઓળંગવાનો હતો. યંત્ર એવું કે જે માત્ર ચાર કલાક જ એકીસાથે ઉડી શકે. એટલે તેમણે ભૂમધ્ય સમુદ્ર એવે સ્થળેથી ઓળંગવો જોઇએ કે જ્યાં તે ઓછામાં ઓછો પહોળો હોય. વળી આમાં કદાચ અકસ્માત થાય અથવા ભુલા પડાય તો દોરનાર બીજા પાયલટ જોઇએ. આ માટે તેમણે ઇટાલિયન સરકાર પાસે માગણી કરી. મુસોલિનીના સેક્રેટરીને તેમણે ચિઠ્ઠી લખી. જવાબમાં તેણે તેમને ખાણા ઉપર બોલાવ્યા અને ખુદ મુસોલિનીની મુલાકાત કરાવી આપી. ટુંકામાં ઇટાલિયન સરકારે બધી સગવડ કરી આપી. રોમમાં તો તેમને અપૂર્વ માન મળ્યું. તે ઉતર્યા ત્યારે હજારો માણસો તેમને જોવા આવેલા. માત્ર સીનેમા ફિલ્મ અને ફોટા લેનારા જ ત્રણસો જેટલા તો હતા! ઇન્ડિયનો આવા બાહોશ હોય છે તે વાતની ત્યારે જ ઇટાલિયનોને ખબર પડી! આપણા સંબંધે અહીં સર્વત્ર કેટલું બધું અજ્ઞાન છે તેનો આ દાખલો છે. મિ. કબાલી કહે છે કે 'અહીં આપણે વારંવાર આપણી પ્રખ્યાત ક્રિકેટ, હૉકી, ફુટબૉલ વગેરેની ટીમો જુદાજુદા દેશમાં મોકલી બધેથી આ અજ્ઞાન દૂર કરવાની જરૂર છે.'

રોમથી નેપલ્સ થઈ ભૂમધ્ય ઓળંગી સામે આફ્રિકાને કિનારે ટ્રીપોલીમાં ટયુનિસ મુકામે તે આવી પહોંચ્યા. હવે તો તેમની ખાત્રી જ થઇ ગઇ કે ટુંક વખતમાં હિંદુસ્તાન પહોંચી શકાશે; કેમકે યૂરોપમાં મુશ્કેલ ગણાતો આલ્પ્સ પર્વત અને ભૂમધ્ય જેવો સમુદ્ર,—બે ખરી મુશ્કેલીઓ તો પોતે ઓળંગી ગયા હતા. પણ દૈવવશાત્ અહીં તેમને 'યલો ફીવર' લાગુ પડ્યો. ચાર દિવસ તો તાવ ઉતરવાની રાહ જોઇ. પાંચમે દિવસે તાવ સહેજ નરમ પડ્યો કે મિ. કબાલી ટ્રીપોલીથી ફેરો આવવા ઉપડ્યા. ચારસો માઇલ ગયા હશે ત્યાં તેમને રેતીનું તોફાન નડ્યું. રેતીનો એક મોટો વંટોળિયો સામે ધસ્યો આવતો હતો. વંટોળિયો વટાવવા તેમણે એરોપ્લેન અદ્ધર ઉડાવ્યું; પણ છતાં રેતી પેટ્રોલની નળીમાં દાખલ થઇ ગઇ અને યંત્ર અટક્યું. દરિયામાં પાણીનાં મોજાં હોય તેમ નીચે સહરાના રણમાં રેતીનાં મોજાં ચડ્યાં હતાં. તેની ઉપર એરોપ્લેન આવી પડ્યું. પૈડાં અને પાંખો તુટી ગયાં; પણ મિ. કબાલી પોતે




મિ. કબાલી ટ્રિપોલીથી પાછા ફરતાં સ્ટીમરમાં



મિ. કબાલી અને ઈટાલિયન અમલદાર

સાવધ હતા તેથી બચી ગયા. હવે કરવું શું? અંતરિયાળ, સૂર્યના પ્રખર તાપમાં, બળબળતું રેતીનું રણ ચારે બાજુ ધાર્યા રહ્યું હતું. ન મળે ઝાડ, પાણી કે માણસનું નામનિશાન! મિ. કબાલીએ બોજને ઓછો કરવા કોટ અને ખમીસ ફેંકી દીધાં અને પાણીના બે શીશા તથા ફૂટના બે ડબા લઈ એક દિશામાં બેએક માઈલ ચાલ્યા. પણ કાંઈ ગામ કે માણસની નિશાની દેખાઈ નહિ; એટલે સામા દિશામાં ચાર માઈલ ચાલ્યા. ત્યાં દૂર એક ઊંટ જતું જોયું. તેની પાછળ પાછળ તે ચાલ્યા. પરંતુ ઊંટ ઘણે દૂર જતું હતું, તેથી તે તેની સાથે થઈ શકયા નહિ; પણ એ રીતે એક માર્ગ ઉપર ચડી ગયા. એટલામાં સુભાગ્યે દૂરથી એક મોટર આવતી જોઈ. તે ઈટાલિયન સરકારની હતી અને બળવાખોર આરબોને જેર કરવા જતી હતી. તેઓ તો મિ. કબાલીને આરબ ધારીને વીંધી નાખત, પણ ત્યાં તો તેમણે એમને પાટલુનના પોશાકમાં જોયા અને બચી જવા પામ્યા. (આરબો કદિ કોટ-પાટલુન પહેરતા નથી.) પછી તો તેઓએ તેમને એક કૅમ્પથી બીજે કૅમ્પ પહોંચાડયા; એમના ઍરોપ્લેનની પણ ખબર મેળવી. તેમનું એ ભાંગેલું ઍરોપ્લેન હાલ ટ્રીપોલીમાં પડયું છે, અને પોતે હજુ ગયા જ અઠવાડિયામાં અહીં લંડન પાછા આવ્યા છે. ગજાનન ભટ્ટ

[હવે તો તેઓ હિંદ આવી ગયા છે.]



મિ. કબાલીનું ભાંગેલું વિમાન

---

ભુલકણા પ્રોફેસર સાહેબ—(પોતાની સ્ત્રીને) જો; આજે હું ભાષણમાંથી છત્રી પાછી લેવી નથી ભુલ્યો; અને સાથે તારી છત્રી પણ હું સંભારીને લેતો આવ્યો. ચાલ, હવે કોણ ભુલકણું?

સ્ત્રી—પણ આજ આપણા બેમાંથી કોઈ જણ ભાષણમાં છત્રી જ ક્યાં લઈ ગયાં હતાં? આ કોની ઉચકી લીધી?

# ડિટેક્ટિવ પ્રતાપ

પ્રતાપ જે દિવસે નિશાળમાં આવ્યો તે દિવસ મને હજુ યાદ છે. તે આખો દિવસ અમે અમારી ડૉર્મિટરીમાં બેસી રહ્યા હતા, કારણકે વરસાદ ઘણો પડતો હતો, અને મને શરદી થએલી હોવાથી બહાર જવાની મના હતી. મારી જોડે કૃષ્ણરાવ અને શાંતિચંદ હતા. અમે ગપ્પાં મારતા બેઠા હતા એવામાં કમ્પાઉન્ડમાં એક મોટરનાં છબછબિયાં સંભળાયાં અને થોડી વારમાં સુપરિન્ટેન્ડેન્ટ મારી જ ઉમરના એક છોકરાને લઇ દાખલ થયા.

'કૃષ્ણરાવ, શાંતિચંદ, મહેન્દ્ર! આ એક નવો છોકરો આવ્યો છે. તેને તમારામાંથી થોડાં જાંબુ આપજો. અને શાંતિચંદ, તું ઘણાં જાંબુ ન ખાતો, ડૉક્ટરે ના કહી છે.' આટલું કહી સુપરિન્ટેન્ડેન્ટ બહાર પ્રતાપના બાપની જોડે કંઇક વાત કરવા ગયા.

અમારા ત્રણમાં કૃષ્ણરાવ ઘણો બોલકણો ને મસ્તીખોર છોકરો હતો. ભણવામાં તો 'ઢ' જ હતો. તેણે પ્રતાપને થોડાં નાનાં નાનાં જોઇ જાંબુ આપ્યાં ને પુછ્યું 'તું મૂરખ દેખાય છે તેટલો હોશિયાર છે, કે હોશિયાર દેખાય છે, તેટલો મૂરખ છે?'

કોઇ નવો છોકરો શાળામાં આવે તેને અમે હમેશાં આ સવાલ પુછતા, અને બનતાં સુધી તો તે છોકરો કાં તો ગભરાઇ જઇ રડી પડતો કે ન સમજવાથી ચુપ ઉભો રહેતો. પરંતુ આ બાબતમાં અમને ત્રણેને કંઇક નવો અનુભવ થયો. તે નવા છોકરાએ કૃષ્ણરાવને જવાબ રૂપે સામો સવાલ પુછ્યો, 'તું બીહામણો છે તેટલો મૂરખ છે કે મૂરખ છે તેટલો બીહામણો છે?' મને ને શાંતિચંદને આથી ખુબ હસવું આવ્યું, કારણકે કૃષ્ણરાવ જેટલો બીહામણો છોકરો બીજો કોઇ નહોતો. તેનું ચીબું નાક, ચુંચળી આંખો ને જાડા હોઠને લીધે કેટલાક મોટા છોકરાઓ એને હનુમાન કહી બોલાવતા. પોતાના ઉપર આમ ધાડ આવેલી જોઇને, અને એક નવો જ છોકરો આવી રીતે પોતાની મશ્કરી કરતો જોઇને કૃષ્ણરાવે વાત બદલી. પરંતુ હજુ એણે પોતાનો વડીલપણાનો સ્વર બદલ્યો નહોતો. (જુના છોકરાઓ હમેશાં નવા છોકરાઓને, પોતે વડીલ છે એ વાત ભુલવા દેતા નથી, એ તો જાણીતું છે.) 'તું મોટો થશે ત્યારે શું થવાનો છે?'



કેટલાક તેને હનુમાન કહેતા

અમે બધા આ સવાલનો જવાબ સાંભળવા આતુર હતા. કૃષ્ણરાવે મરાઠાઓના સરદાર થવાની આશાઓ બાંધી હતી; શાંતિચંદ એના બાપની માફક ઝવેરી થવાનો હતો; હું ખેડુત થવાનો છું કારણકે હું જાણું છું કે ખેડુત સિવાય હિંદુસ્તાનનો કોઇ ઉદ્ધાર કરી શકે એમ નથી. એના મોઢા ઉપરથી તો અમને એમ લાગ્યું કે તે વકીલ કે ડૉક્ટર બેમાંથી એક થવાનો વિચાર કરતો હશે.

'હું ડિટેક્ટિવ થવાનો છું.' તેણે કહ્યું.

'ડિટેક્ટિવ?' અમે ત્રણે બોલી ઉઠ્યા. હજુ આખી નિશાળમાં કોઇને ડિટેક્ટિવ થવાનો વિચાર આવ્યો નહોતો.

'ડિટેક્ટિવ થવાનો છે?' શાંતિચંદે પુછ્યું. 'ત્યારે તો તું મને ઘણો ખપ લાગશે કારણકે હું ઝવેરી થવાનો છું. તારૂં નામ શું?'

અને અમે ચારે જણા-મિત્રો થયા. તેમાં યે ખાસ કરીને અમને બેને ખુબ બનતું. તેને પહેલો કેસ પણ મેં જ લાવી આપ્યો હતો. મોટા ગાયકવાડના બૅટનો

કોઈ ખીલીઓ મારી ગયું હતું. પણ પ્રતાપે કહ્યું કે તે કામ કરનારને શોધી કાઢવો મુશ્કેલ છે, કારણ કે (૧)તે કામની ખબર ચાર દિવસે, એટલે અમારી સનારા હાઇસ્કુલ જોડેની મૅચને દિવસે જ્યારે મોટા ગાયકવાડ બૅટ રમવા કાઢ્યું ત્યારે એને ખબર પડી; [તેને ચાર દિવસ પહેલાં કોઈએ ખીલી ઠોકી હતી તે પ્રતાપે શોધી કાઢ્યું હતું, કારણકે તેણે જોયું કે તે ખીલીઓ નિશાળનો સુતાર વાપરતો હતો તેમાંની હતી, અને તે ચાર દિવસ ઉપર રજા પર ગયો હતો, અને ઓજારો એની પેટીમાં મુકી ગયો હતો.] (૨) તેના હાથની કે અંગુઠાની છાપ સુદ્ધાં પણ ન મળે, કારણકે બૅટ ઉપર કંઈ છાપ ટકી ના રહે, ને વળી કદાચ ખીલી ઠોકનારે હાથે મોજાં પણ પહેર્યાં હોય! [એણે મારાથી છાના, નિશાળમાં કોણ કોણ હાથનાં મોજાં રાખે છે તેની તપાસ કરી હતી, પણ હું નથી ધારતો કે એથી એને કંઈ બાતમી મળી હોય.]

છતાં યે, એનામાં ઘણી જ શક્તિ હતી; અમારા



બુટ સામું જોઈને તે કહી આપતો કે અમે ગામમાં ગયા હતા, ખીણમાં ગયા હતા કે ટેકરી પર ફરવા ગયા હતા. પ્રિન્સિપાલની બીડીની રાખ ઉપરથી તે કહી શકતો કે તે 'સ્ટેટ એક્સપ્રેસ'નો કે 'ગોલ્ડ ફ્લેક'નો ડબ્બો લાવ્યા છે. એણે એક વખત પાલકરની ફુટરૂલ ઘણી જ સહેલાઈથી શોધી આપી હતી. દવેનો રૂપિયો પણ એણે જ સફાઈથી ખોળી આપ્યો હતો. [જોકે કૃષ્ણરાવ કહે છે કે તે તો કોઈ પણ કરી શકે, કારણકે પ્રતાપે દવેને તે દિવસે શું શું કર્યું ને ક્યાં ક્યાં ગયો, તે પુછ્યું, એટલે દવેને યાદ આવ્યું કે ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર એણે નાના ગાયકવાડને ગોટીમડું ખાઈ બતાવ્યું હતું, અને ત્યાં જઈ જોયું તો પાસે જ રૂપિયો પડેલો હતો.]

પણ પ્રતાપની ખરેખરી મઝા તો દેસાઈનું પેન્સિલનું ખોલું ખોવાઈ ગયું ત્યારે આવી હતી. દેસાઈ જ્યારે વૅકેશનમાં મુંબાઈ ગયો હતો, ત્યારે એના મોટા ભાઈએ એને પેન્સિલ છોલવાનું એક સરસ ખોલું આપ્યું હતું. તે ખોલામાં સુંદર રંગબેરંગી કાચ બેસાડેલા હતા, અને તે એટલું મનોહર લાગતું હતું કે પેલા વહેમી દવેએ દેસાઈને કહેલું કે તેના ઉપર જરૂર કોઈની નજર લાગશે. થયું પણ તેમ જ. એક દિવસ તે ગુમ થઈ ગયું. પ્રતાપે એની પાછળ ઘણી મહેનત કરી પણ પત્તો ન લાગ્યો.

પણ એમાં એનો છેક વાંક નહોતો. એના પોતાના ઉપર પણ આફત આવી પડી હતી. એણે પંચગનીમાંથી જ એક નાનું વાળવાળું બચુકલું કુતરું વેચાતું લીધું હતું. હવે, આખી નિશાળમાં ફક્ત નાના મહેતા પાસે કુતરું હતું. પણ એનું કુતરું વાળ વગરનું ને પીળા રંગનું હતું, જ્યારે પ્રતાપનું કુતરું સફેદ રૂ જેવું હતું.

આને લીધે પ્રતાપને ને નાના મહેતાને ઘણી બોલાચાલી થતી. એક વખત નાના મહેતાએ પ્રતાપને કહેલું કે 'તું બહુ શેખી કરતો હો તો આપણે કુતરાં લડાવી જોઈએ અને પછી જો કે કોણ જીતે છે!' અને કૃષ્ણરાવે નાના મહેતાને હસતાં હસતાં કહ્યું કે 'મહીકાંઠાના ભીલને ને કોઈ શહેરના માણસને લડાવીએ તો કોણ જીતે?' ત્યારથી નાનો મહેતા પ્રતાપ ઉપર દ્વેષ રાખતો.

એક દિવસ પ્રતાપનું બૉબી મરેલું નીકળ્યું. બધાને નાના મહેતા ઉપર શક ગયો. મેં યે પ્રતાપને એમ જ કહ્યું. પણ પ્રતાપે કહ્યું, 'નહિ, નાના મહેતા એ ન કરે; કારણકે તે કરે તો તરત જ ખબર પડી જાય. શેરલૉક હોમ્સ કોઈ પણ વખત કોઈના ઉપર એકદમ શક લાવતો નહોતો. અને આ બાબતમાં તો કદાચ બની પણ શકે કે બૉબીનું મરણ સ્વાભાવિક રીતે પણ થયું હોય. જો માણસનું મરણ હોત તો આપણે પોલીસને ખબર આપી તેનાં આતરડાં ને જહર તપા-

સાવન, પણ કુતરાંને એ લોકો તપાસતા નથી. ગમે તેમ, પણ નાનો મહેતા તો ખુની નથી જ.'

આખરે એ એવા નિશ્ચય ઉપર આવ્યો કે બૅાબી સ્વાભાવિક મૃત્યુથી મરી ગયું.

ને એવામાં એક દિવસ પ્રતાપને પ્રિન્સિપાલને ત્યાં જવાનું થયું—તેના કાકાએ એને માટે એક રૅકૅટ મોકલેલું તે લેવા માટે. એ ત્યાં ગયો ત્યારે પ્રિન્સિપાલ ત્યાં ઓરડામાં નહોતા. પ્રતાપ ટેબલ આગળ ખુરશી પાસે ઉભો રહ્યો. અચાનક તેની નજર ટેબલ ઉપર પડેલા પેન્સિલ છોલવાના ખોલા ઉપર પડી. જાણે દેસાઇનું જ ખોલું! અને એવી જાતનાં ખોલાં કે બજારમાં બહુ વેચાતાં નહોતાં. દેસાઇ કહેતો હતો કે એના ભાઇએ છેક જર્મનીમાં એનો એક ભાઇબંધ હતો તેની પાસેથી એ મંગાવેલું હતું.

'શું પ્રિન્સિપાલ ચોર? અને કેમ ન હોય? એવું સરસ ખોલું કોઇને પે લઇ લેવાનું મન થાય, તો પ્રિન્સિપાલને કેમ નહિ? ને એમના જેવા વડીલો આમ કરે ને આખી નિશાળને ખબર પડે તો છોકરાઓ ઉપર કેવી અસર થાય? સારૂં થયું કે હું આવ્યો; બીજું કોઈ આવ્યું હોત તો તેણે આખી નિશાળમાં વાત ઉડાડી હોત.' આમ વિવિધ વિચાર કરતાં કરતાં એણે તે ખોલું ઉચકીને ગજવામાં મુક્યું. .

પ્રિન્સિપાલને ત્યાંથી આવી તેણે મને બધી વાત કરી. પ્રિન્સિપાલ આવું કામ કરે, તે મારા માન્યામાં ન આવ્યું, પણ પ્રતાપે એટલી ચોકસરીને મને સમજાવ્યું કે મારે માન્યા વિના છુટકો નહોતો.

પણ બીજે દિવસે સવારે નાસ્તા પછી પ્રિન્સિપાલે બધાને ઉભા રાખ્યા અને બોલવા માંડ્યું: 'છોકરાઓ, આજે તમને નકામા ખોટી કરવાનો મારો વિચાર નથી. પણ મારે નછુટકે થોડીક વાતો કહેવી પડશે. આ જ શાળાનો એક વિદ્યાર્થી લાલ જર્મની વધુ અભ્યાસાર્થે ગયો છે. અને ત્યાં પણ તે પોતાની આ શાળા, કે જેમાં એણે પ્રાથમિક શિક્ષણ લીધું હતું તેને ભુલ્યો નથી. તે વિદ્યાર્થીએ થોડાક દિવસ પહેલાં પેન્સિલ છોલવા માટે એક સુંદર ને ઉપયોગી ઓજાર મોકલ્યું હતું. તેનું આર્થિક મૂલ્ય કૈં નથી, છતાં યે એ ભેટ હોવાથી મારે મન તે અમૂલ્ય છે. ગઇ કાલે સવારે તે એકાએક મારા ટેબલ ઉપરથી ગુમ થયું છે, જેણે કોઇએ જિજ્ઞાસાર્થે તે લીધું હોય તેણે ૨૪ કલાકમાં મને આવી પાછું આપી જવું. બસ હવે, સૌસૌના ક્લાસમાં જાઓ.'

તે બપોરે મારે ને પ્રતાપને ઘણી બોલાચાલી થઇ. પ્રતાપનો એવો મત હતો કે પ્રિન્સિપાલ ચોરી પર શિરજોરી કરે છે; કારણકે તે ખોલું હતું તો દેસાઇનું જ. જર્મનીમાંથી કોઇએ મોકલેલું તે તો બનાવી કાઢેલી વાત હતી, કારણકે એ ખોલા ઉપર 'મેઇડ ઇન જર્મની' લખેલું હતું. મારાથી કોણ જાણે કેમ આ વાત હવે મનાતી નહોતી. એટલે મેં તરત જ દેસાઇને જઇને પુછ્યું. 'દેસાઇ, આ તો ગજબ થાય છે.'

'કેમ?'

'જોની, પહેલાં તારૂં ખોલું ગુમ થયું, અને હવે પ્રિન્સિપાલનું ખોલું ગુમ થયું. જરૂર સ્કુલમાં કોઇ જાણીતો 'ખોલા ચોર' દાખલ થયો છે!' મેં કહ્યું.

'પણ મેં તને નહિ કહેલું કે મારૂં ખોલું તો બીજે જ દિવસે જડ્યું? મેં જ ભુલમાં તે મારા બીજા કોટના ખીસ્સામાં મુકી દીધેલું?'

'એમ?' એટલું કહી મેં આવીને પ્રતાપને વાત કહી.

હવે પ્રતાપનું મોઢું ખરેખરૂં જોવા જેવું થઇ ગયું. 'હવે શું કરવું?' તેણે મને પુછ્યું.

'શેરલૉક હોમ્સ' આવી સ્થિતિમાં શું કરે?' મેં સામું પુછ્યું.

'પણ શેરલૉક હોમ્સ આવી સ્થિતિમાં આવે જ નહિ. અને આવે તો તે પોતાની મૂર્ખાઇથી તો નહિ જ: કાં તો સ્કૉટલૅન્ડ યાર્ડની મૂર્ખાઇથી કે કાં તો ડૉ. વૉટસનની મૂર્ખાઇથી. મને તો લાગે છે કે મારે પ્રિન્સિપાલને જઇને બધી વાત કહેવી જોઇએ.'

'પણ તને નિશાળમાંથી કાઢી મુકશે.'

'આવી ભુલ માટે તો શેરલૉક હોમ્સનો જાન જાય; મારે પણ આ ભુલનું પરિણામ ભોગવવું જ જોઇએ.' અને તે હીમતથી પ્રિન્સિપાલને ત્યાં ગયો.

અરધા કલાક પછી તે આવ્યો ત્યારે મારી આતુરતા એટલી બધી વધી ગઈ હતી કે આવતાં વાર જ મેં એને સમાચાર પુછ્યા. એણે કહ્યું, 'ખોલાની વાત તો હું વિસરી જ ગયો. હું ધારૂં છું કે મેં એ નાના મહેતાને આપ્યું.

'નાના મહેતાને? તેને તું ક્યાં મળ્યો?'

'વાત એમ બની કે હું પ્રિન્સિપાલને ત્યાં ગયો ત્યારે ત્યાં નાનો મહેતા પણ હતો; પણ પ્રિન્સિપાલ નહોતા. મેં એને તે કેમ આવ્યો હતો તે પુછ્યું, ત્યારે તે આંખમાં આંસુ લાવી બોલ્યો, 'પ્રતાપ, તું મને માફી આપશે?' મેં પુછ્યું. 'શાની?' એણે કહ્યું, 'મેં બૉબીને મોરથુથુ આપી મારી નાખ્યું હતું. બોલ, માફી આપશે? મારાથી આ અંતઃકરણનો ડંખ સહેવાતો નથી, અને તેથી હું પ્રિન્સિપાલને એ વિષે કહેવા આવ્યો છું.' આ વાત જાણી હું એવો ઘેલો થઈ ગયો કે એને માફી આપીને મારી બધી વાત કહી, અને એ બધું કહેવા હું તને અહીં આવ્યો. પણ હવે મારે ખોલા માટે પાછું પ્રિન્સિપાલ પાસે જવું જોઇએ.'

પણ એટલામાં તો નાનો મહેતા જ ત્યાં આવ્યો અને એણે કહ્યું કે 'બધી વાત બરાબર થઇ ગઇ છે. મને લાગ્યું કે પ્રતાપે મને માફી આપેલી હોવાથી મારે પ્રિન્સિપાલને કહેવાની કૈં જરૂર નથી. પણ એવામાં મારી નજર મારા હાથમાં પડેલા ખોલા ઉપર પડી, એટલે મેં જ બધું માથે લઈ લેવા વિચાર કર્યો. એટલામાં પ્રિન્સિપાલ આવ્યા. તેમને મેં બધી વાત કહી. એમણે મને ભવિષ્યમાં સાવધ રહેવાનું કહી જવા દીધો.'

પ્રતાપે એના ગયા પછી મને કહ્યું, 'મેં થોડાંક વર્ષ સુધી ક્રિકેટનો અભ્યાસ છોડી દેવાનો વિચાર કર્યો છે. તો યે હું શેરલૉક હોમ્સની માફક વાયોલિન તો શીખીશ જ. તેણે ડૉ. વૉટસનને કહ્યું હતું કે વાયોલિન વગાડતાં વગાડતાં તેને કૈં કૈં સાંકળોની કડીઓ મળી ગઇ હતી.'

**સનત્કુમાર વીણુ**

# ચઢો રે શિખર!

[ ઉગતી પ્રજાનું ભજન ]

ચઢો રે શિખર રાજા રામનાઃ
ઊંચે રે શિખરે સુરજ એકલો, શેણે ચઢે રે પરભાત!
અલ્યા ઉભો રૂહે અમે આવીએ, પછે તારી છે વાતઃ
ચઢો રે શિખર રાજા રામના.

જો રે સોનાજાળી પાથરી, એમાં ઝીણીઝીણી ભાત;
એવી મઢશું અમે જાતડી, ચઢી સૌ મળી સાથઃ
ચઢો રે શિખર રાજા રામના.

ત્યાં તો પરચંડા વાયરા, દેવા વીંઝે દિનરાત!
અલ્યા તને બીવડાવશું, તારી તે શી વિસાત?
ચઢો રે શિખર રાજા રામના.

રામનામ સૌ હૈયે ધરો, ડાંગ ધારો રે હાથ;
ડેરા હોકીને ડગ ભરો, જેની માનવની જાતઃ
ચઢો રે શિખર રાજા રામના.

સુરજ પહેલાં મથી આપણે બાંધી દઇએ મો'લાત,
છોને ચઢે પછી એકલો, એ રે ઉતરશે પછાતઃ
ચઢો રે શિખર રાજા રામના.

ઉંચે ભલે ઉડ ડુંગરા, અમે પંખીની જાત;
શિખર સૌ પહેલાં પહોંચશું, અમને ત્યારે રે નિરાંતઃ
ચઢો રે શિખર રાજા રામના.

હોડ દીધી ઓલ્યા સુરજે, એથી બાઢી છે બાથ;
ચાલો રે સૌ ગઢ જીતવા, એને કરવો છે મ્હાતઃ
ચઢો રે શિખર રાજા રામના.

**ચન્દ્રવદન ચીમનલાલ મહેતા**



# ડૉ. સર સી. વી. રામન

[ અનુસંધાન પૃ. ૩૨૭થી ]

મકાન સીઆલ્ડામાં હતું. એક વાર ડેલ્હાઉઝી સ્કવેરથી સીઆલ્ડા જતાં ટ્રામમાંથી 'વિજ્ઞાન–વિકાસ હિંદી મંડળ' નામનું એક પાટિયું તેમની નજરે ચડ્યું. એ જોઇને એ આશ્ચર્યમાં ગરકાવ થયા કે ' આ તે સાચું કે સ્વપ્ન ? હિંદમાં આવું મંડળ હોય ? ' એક ક્ષણ પણ ગુમાવ્યા સિવાય ટ્રામમાંથી કુદી નીચે ઉતરી પડ્યા. એ મંડળની સભા હમણાં જ પુરી થઇ રહી હતી ને બધા ઘેર જવાની તૈયારીમાં હતા, ત્યાં રામન જઇ પહોંચ્યા. કલકત્તાના આગળપડતા વૈજ્ઞાનિકો ત્યાં ભેગા થયા હતા. સર અસુતોષ મુકરજી પણ હતા. મંડળના માનદ મંત્રી (મહાન નર ડૉ. મહેન્દ્રલાલ સરકારના પુત્ર) ડૉ. અમૃતલાલ સરકારને મળી બીજે દહાડે આવવાનું નક્કી કર્યું અને યૂરોપીય માસિક પત્રોમાં પોતાના પ્રસિદ્ધ થએલા લેખો સાથે રામન બીજે દિવસે ત્યાં આવ્યા. ડૉ. સરકાર તો રામનની આવી સ્વતંત્ર શોધથી છક જ થઇ ગયા, ને તે જ દહાડેથી આ મંડળના સભ્ય તરીકે તેમને લીધા. સભ્યોની અનુમતિ લઇ અનુકુળ સમયે તેમને પ્રયોગો કરવાની બધી ગોઠવણ મંડળે કરી દીધી અને જેને માટે ઘણા વખતથી ઝંખતા હતા તે પ્રિય વિજ્ઞાનના પ્રયોગો અને અભ્યાસ પાછાં શરૂ થયાં. આ મંડળ સાથેનો સબંધ અરસપરસ ખુબ જ લાભદાયી થયો. કલકત્તા વિશ્વવિદ્યાલયના 'વાઇસ ચૅન્સેલર'– સર અસુતોષ સાથે પણ તે જ દહાડાથી ઓળખાણ થયું, જે પાછળથી દૃઢ મૈત્રીરૂપે પરિણમ્યું ને થોડા જ વખતમાં રામનનું જીવન બદલાઇ ગયું.

રામનને પ્રયોગશાળા જોઇતી હતી; મંડળને પોતાની પ્રયોગશાળામાં કામ કરે એવો કોઇ પ્રખર વૈજ્ઞાનિક જોઇતો હતો. અન્યોન્યને ખરી જરૂર હતી. રામન પોતાની ફુરસદનો બધો વખત હૃદયમૂર્તિ વિજ્ઞાનદેવીને ચરણે ધરતા. અહીં કરેલી શોધો મંડળ પત્રિકા રૂપે બહાર પાડતું હતું. પણ આમ લાંબો વખત નભ્યું નહિ. ત્રણ વર્ષ પછી તેમની બદલી થઇ. રામને પણ એટલા સમયમાં તો પોતાની પ્રતિષ્ઠા સારી રીતે જમાવી દીધી હતી. વૈજ્ઞાનિક શોખવાળા કલકત્તાના સજ્જનોને મોંએ રામનની બુદ્ધિપ્રતિભા, અદ્દભુત શક્તિ તથા ખંતપૂર્વકની ભક્તિની જ વાતો થતી.

રામનની બદલી રંગુન થઇ અને તેમની સેવાનો લાભ મંડળને અપ્રાપ્ય થયો. બીજ રોપ્યું હતું, ક્રમક્રમે ફળ આવવા આશા હતી; પણ અનિચ્છાએ કલકત્તા છોડવું પડ્યું. રંગુન ગયા પછી બીજે જ દહાડે ત્યાંની ઇન્સીન શાળાની પ્રયોગશાળા સારૂ નવાં સાહિત્યો આવ્યાની ખબર મળી. તે જ રાત્રે પોતાનાં પત્નીને એકલાં મુકી તે સાહિત્યો તપાસવા ત્યાં ગયા તે છેક પરોઢિયે ઘેર પાછા આવ્યા. આખી રાત્રિ તેમનાં પત્ની એકલાં આવા અજાણ્યા દેશમાં શોષાઇ ગયાં હતાં; પણ વિજ્ઞાનદેવીના આ ભક્તને તેનું ભાન નહોતું. વિજ્ઞાન પ્રત્યેની તેમની અપ્રતિમ પ્રીતિનો ખ્યાલ આપવાને આ દાખલો બસ છે.

રંગુનમાં પણ પોતાનું કચેરીનું કામ સ્વસ્થપણે સ્વતંત્રતાથી બજાવતા. તેમના ઉપરી એકાઉન્ટન્ટ જનરલ પ્રથમ તો આવા ગૌરવપૂર્ણ ને સ્વતંત્ર ખવાસથી તેમનાથી નારાજ રહેતા અને કંઇક કંઈક છમકલાં થતાં; પણ તેની શક્તિનું માપ કાઢી જોતાં આવો માણસ પોતાના હાથ તળે છે તે જોઇ અભિમાન ધરતા અને રામનને શાંતિથી તેનું કામ કરવા દેતા. જે કોઈ તેના સંબંધમાં આવતા તે સૌ તેની ચપળતા તથા દાબી દબાય નહિ તેવી શક્તિ જોઈ છક થતા. એક વાર એ ખાતાની તપાસણી કરનાર એક મોટો અમલદાર આવ્યો તેણે રામનનું નિર્ભય વ્યક્તિત્વ જોઈ રામનના ઉપરીને પુછેલું કે 'આવી વ્યક્તિને તમે અંકુશમાં શી રીતે રાખી શકો છો ?'

પણ રંગુનમાં એ બહુ વખત ન રહ્યા. ૧૯૧૦ ના માર્ચમાં તેમના પિતાનું અવસાન થતાં તેમણે છ મહીનાની રજા લીધી ને મદ્રાસ આવ્યા. ત્યાં પણ વૈજ્ઞાનિક પ્રગતિ તો ચાલુ જ હતી. તેમને સારૂ મદ્રાસ પ્રેસિડેન્સી કૉલેજની પ્રયોગશાળાનાં દ્વાર સદા ઉઘાડાં હતાં. ૧૯૧૦ના સપ્ટેમ્બર સુધીનો પોતાની રજાનો બધો વખત તેમણે ત્યાં જ ગાળ્યો. રજા પુરી થતાં તેમની બદલી નાગપુરમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ તરીકે થઇ. અહીં તેમના માર્ગમાં એક મુશ્કેલી આવી પડી.

રામનની અગાઉના અમલદારોએ આ કચેરીમાં એક ખોટી પ્રથા પાડી દીધી હતી. એક પછી એક આવતો દરેક અમલદાર પોતાના હાથ નીચેના યૂરોપિયન મદદનીશને જ પોતાની અગત્યની સત્તા આપી દેતો, જેથી એમની સીધી દેખરેખ વગર પણ કચેરીનું કામ ચાલ્યા કરતું. આથી, જેમ વખત જતો ગયો

તેમતેમ, યૂરોપિયન મદદનીશે જ પોતાના મુખ્ય અમલદારની બધી સત્તા હાથ કરી લીધી અને તે અમલદારને તો માત્ર શોભાના ગાંઠિયા જેવો બનાવી મુક્યો. અમલદાર એ કચેરીનો ઉપરી ગણાય, પણ સત્તા બધી પેલા યૂરોપિયન મદદનીશના હાથમાં જ રહેવા લાગી. આ સ્થિતિ ચાલુ હતી એ વેળા જ રામનની બદલી નાગપુરમાં થઇ. ત્યાં આવ્યા પછી આ સ્થિતિથી વાકેફગાર થતાં જ તેમણે શાંતિથી પણ ચુપકીદીથી કચેરીના કામની વ્યવસ્થાની તપાસ ચલાવી. પોતે જોયું કે અમલ ઘણો જ શિથિલ બની ગયો છે. પોતાની ફરજ બરાબર અદા કરે તેવા કારકુન પણ બહુ થોડા હતા. આ સ્થિતિ એકદમ મિટાવવા રામને મક્કમ નિશ્ચય કર્યો. કચેરીની આજ્ઞાપત્રિકાનું દફતર પોતે મંગાવી સામાન્ય રિવાજથી વિરૂદ્ધ હતી તેટલી બધી આજ્ઞાઓ રદ કરી અને અમલદારની સત્તામાં કોઇ મદદનીશે હાથ ન ઘાલવો એવો સખ્ત તાકીદનો હુકમ કાઢી બધાની જાણ માટે સહીઓ લીધી અને 'સિવિલ સર્વિસ'ના કાનુનથી વિરૂદ્ધ વર્તનારને સખ્ત નસીહત કરવામાં આવશે એવી સ્પષ્ટ આજ્ઞા આપી. આમ રામન દેખીતી રીતે બહારથી કાળ જેવા બન્યા અને ખાતાનાં માણસોનાં હૃદયમાં ધ્રુજારી છોડાવી દીધી. ત્યારથી સત્તા વિનાનો અમલ બંધ થયો. સર્વ લગામ આ નવા આવેલા નાના અમલદારે પોતાના હાથમાં લીધી અને એ બાવીસ વર્ષના યુવાન અમલદારના હાથ તળે બધું કામ નિયમિત તથા ચોકસાઇથી ચાલવા લાગ્યું. પણ આ સખ્તાઇને પરિણામે તેને જે કડક પગલાં લેવાં પડ્યાં એથી તો થોડો વખત માટે ભારે તોફાન મચી રહ્યું. આ સખ્તાઇનો ભોગ બનેલા કેટલાક માણસોની ભેર લઈ 'અમૃતબઝાર પત્રિકા'એ સખ્ત લેખો લખવા માંડ્યા અને આ 'યુવાન બીનઅનુભવી હિંદી અમલદાર'ની વિરૂદ્ધ તેના ખાતાનાં માણસોએ જે કાવત્રું ઉભું કર્યું હતું તેથી સીમલાના વડા અમલદારનું ધ્યાન પણ તે તરફ દોરાયું. પણ સદ્‌ભાગ્યે કોઇ પણ હોશિયાર અમલદાર પોતાનું ખાતું સુધારવા જે પગલાં લે એવાં જ પગલાં રામને લીધાં છે એવી એકાઉન્ટન્ટ જનરલની ખાત્રી થઇ અને તેણે તે તરફ પોતાનો સંતોષ જાહેર કર્યો. એ આખું દફતર જ્યારે સીમલા મોકલવામાં આવ્યું ત્યારે તે તપાસીને તો આ અમલદાર ચકિત જ થઇ ગયો અને આવી ગંભીર સ્થિતિ ઉભી થએલી તે મિટાવવા રામને જે કડક ઉપાય લીધા હતા તે સારૂ તેને ખાસ પોતાના તરફથી અભિનંદન મોકલી કહાવ્યું કે 'ભવિષ્યમાં તમે બહુ નામ કાઢશો એમ જણાય છે.'

નાગપુરથી ૧૯૧૧ના નવેમ્બર માસમાં પોસ્ટ તથા તાર ખાતાના એકાઉન્ટન્ટ જનરલ તરીકે તેમની બદલી ફરી કલકત્તા થઇ. પોતાના પ્રિય સ્થાને ફરી જવાનું થવાથી એ બહુ રાજી થયા. આજ પણ તે કહે છે કે 'કલકત્તા જ મારે સારૂ ખરૂં સ્થાન છે. દુનિયાના અનેક દેશોનાં ઘણાંઘણાં શહેરોમાં હું રહ્યો છું. યૂરોપ અમેરિકાની પ્રયોગશાળાઓમાં પણ મેં કામ કર્યું છે, પણ મારૂં પોતાનું સ્થાન તો મને કલકત્તા જ લાગ્યું છે, અને વિજ્ઞાન-વિકાસ હિંદી મંડળ મારૂં ઘર હોય તેવું મને લાગે છે.'

આ વેળા કલકત્તા વિદ્યાપીઠનું સુકાન તેમ જ બંગાળની કેળવણીના વિધાતાનું સ્થાન સદ્‌ગત સર અસુતોષ મુકરજીને હસ્તક હતું. સર અસુતોષ સમર્થ કેળવણીકાર અને વ્યવસ્થાપક હતા. ૧૯૧૫માં સર તારકનાથ પાલિત તથા ડૉ. રાશબિહારી ઘોષના શાહી દાન વડે કલકત્તા વિદ્યાપીઠની 'કૉલેજ ઑફ સાયન્સ' સ્થાપવામાં આવી. આ સંસ્થા હિંદના વિજ્ઞાનના ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. સર તારકનાથ પાલિતને હિંદી કેળવણી તરફ સાચી પ્રીતિ હતી, અને તેથી જ ભૌતિક શાસ્ત્રના એક અધ્યાપક રોકી તે સ્થાન નિભાવવા તેમણે સારી એવી રકમ ખાસ જુદી આપી હતી. આમ પૈસા મળ્યા, અનુકુળતા હતી, પણ યોગ્ય માણસ ક્યાંથી લાવવો ? સર અસુતોષે વિદ્યાપીઠના કેટલાક તાજા પહેલા વર્ગના સ્નાતકો રોકી ચલાવી જોયું; પણ એથી હેતુ બર ન આવ્યો. એમની દૃષ્ટિ રામન પર પહેલેથી જ ચોંટી હતી. તેની બુદ્ધિપ્રતિભા, વૈજ્ઞાનિક ઉત્સાહ તથા સ્વતંત્ર શોધનું વલણ જોઈ તેના તરફ તેમનું મન ખુબ આકર્ષાએલું હતું. પ્રતિકૂળ સંજોગોમાં પણ રામન કેવું કામ કરી રહ્યા હતા તે જોઇને તો તેમને સાનંદાશ્ચર્ય થતું. તેથી આ ભૌતિકશાસ્ત્રના અધ્યાપકની જગ્યા લેવા તેમણે રામનને આગ્રહ કર્યો.

પ્રથમ ૧૯૧૪ની શરૂઆતમાં જ આ જગ્યા સ્વી-

કારવા રામનને વિનતિ કરવામાં આવી. એ વેળા એમની ઉમર માત્ર પચીસ જ વર્ષની હતી. તેમણે કહી તે શરતો સ્વીકારવામાં આવી, પણ હજી અન્ય કેટલાક વાંધા ઊભા હતા. સર પાલિતે જે અધ્યાપકની જગ્યા સારૂ અલગ રકમ કાઢી હતી તે જગ્યા પર જેની નિમણૂક કરવાની હોય તે ઇંગ્લંડનું પર્યટન કરી આવેલો માણસ હોવો જોઇએ એવી શરત વસીહતનામાની અંદર ફરજિયાત લખવામાં આવી હતી. આ શરત રામને કમને કબુલ રાખી, પણ અંતરથી એ નારાજ હતા. આ વેળા રામનના મિત્ર તથા પ્રશંસક સર ગુરુદાસ બૅનરજીએ તેમને સારી મદદ કરી. પોતાની નિમણૂક થઇ ગયા બાદ એક દહાડો રોંઢે રામન સર ગુરુદાસ બૅનરજીને મળવા ગયા. સર ગુરુદાસ ચા-પાણી પી પૂર્ણ આનંદમાં બેઠા હતા. રામનને આવતા દેખી ઉઠી સામા તેડવા ગયા અને હર્ષથી મળ્યા તથા પોતાની પાસે બેસાડી વાતે વળગ્યા. તેમને એકબીજા પ્રત્યે માન, પ્રેમ તથા વિશ્વાસ સારાં હતાં. રામનની નિમણૂક બાબત સર ગુરુદાસે વાત સાંભળેલી. 'ઇંગ્લંડ જઇ આવેલો હોવો જોઇએ' તે શરતની પણ પોતાને ખબર હતી. તેથી પહેલો જ પ્રશ્ન સર ગુરુદાસે રામનને કર્યો કે 'રામન ! ત્યારે તમે તો હવે વિલાયત ઉપડવાના, કેમ?' રામને ઉત્તર દીધો કે 'હું નથી જવાનો; મારી ઇચ્છા પણ નથી. પણ આ લોકો એ વાતનો બહુ આગ્રહ કરે છે.' પલક વારમાં રામનના મોં સામું જોઈ હિંદના આ મહાન વૃદ્ધ પુરુષે કળી લીધું કે બંગાળનો સિંહ—સર અસુતોષ રામનના અંતઃકરણમાં શૂળ ભોંકે છે. અંતરથી રામનને યૂરોપ જવું ગમતું નથી; પણ સર અસુતોષે જ તેની પાસે પરાણે હા પડાવી છે. ડોસો વિચાર કરવા લાગ્યો. રામને વળી કહ્યું, 'એ જગ્યા પર આવનારને યૂરોપિયન કેળવણી ફરજિયાત છે એવું પાલિતના વસીહતનામામાં લખ્યું છે એમ આ લોકો કહે છે.' આ પ્રમાણે રામને સર ગુરુદાસ પાસે પોતાનું અંતઃકરણ ખોલી બતાવ્યું અને એ શરત હિંદવાસીને અપમાનજનક છે એમ પોતે માનતા હતા તે સ્પષ્ટ જણાવ્યું. આ સાંભળીને એ મહાન વૃદ્ધ પુરુષ ઉકળી ઉઠ્યા ને બોલ્યા, 'રામન! તમારે યૂરોપ જવું જ નહિ. આમાં હું હિંદના હોશિયાર બુદ્ધિમાન માણસનું ચોકખું અપમાન જોઉં છું. યૂરોપમાં ભણ્યા સિવાય હિંદમાં સ્વતંત્ર શોધ કોઇ હિંદી કદિ કરી જ ન શકે એવો એનો ગર્ભિત અર્થ થયો. આથી તો યૂરોપીયન નેતૃત્વ નીચે હિંદી શોધક હમેશ માટે પરતંત્ર બને છે. હિંદી પ્રજાના ઉદ્ધાર માટે સર અસુતોષ જે લડત લડી રહ્યા છે એનો હેતુ જ આથી નિષ્ફળ જાય છે. આ તો આત્મઘાતક પદ્ધતિ કહેવાય. આ વાતો એ વસીહતનામું કરનારના ધ્યાન બહાર જ હોવી જોઇએ. એનો ઉંડો ભાવ તમારી તરફેણમાં જ છે. તેના અક્ષરને ન વળગી રહેતાં તેનો ભાવ સમજી તે મુજબ વર્તવાનું છે. માટે તમે સર અસુતોષને ચોકખું કહી દેજો કે હું બીલકુલ વિલાયત જવાનો નથી.' આ સધ્યારાથી રામનના મન પરનો ભારે બોજો એકાએક દૂર થયો. સર અસુતોષને પણ એ દલીલ સાચી લાગી. તેમનું સ્થાન કલકત્તા વિદ્યાપીઠમાં આપઅખત્યારી રાજાના જેવું હતું, કેમકે તે હમેશ નિઃસ્વાર્થભાવે કામ કરતા. સૌ સમજતા કે વિદ્યાપીઠનું હિત પહેલું તપાસી તે પગલું ભરે છે. આ પ્રસંગે પણ સૌ તેની મહાનુભાવતા સમજી ગયા, દલીલની સચ્ચાઇની સૌને ખાતરી થઇ અને રામન વિના ચાલે તેવું નથી એ તો સૌ જાણતા જ હતા. તેથી રામનને અનુકુળ હોય તેવી સગવડ કરી આપવા સૌ તૈયાર થયા ને શરૂઆતની બધી મુશ્કેલીઓ દૂર થઇ.

આ પ્રમાણે, અંતે, વિજ્ઞાન પ્રત્યેના અત્યંત પ્રેમ

> વિદ્યાદેવીના સૌ સાચા ઉપાસકોએ જ્ઞાનને ખાતર જ જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરવી જોઇએ. તે વિષયમાં મોટાઈ મેળવવાનો અગર નામના કરવાનો આશય કદિ રાખવો જોઇએ નહિ એવું ડૉ. રામનનું દૃઢ મંતવ્ય છે. તે કહે છે, 'વિજ્ઞાન એ નામનાનો અગર જાહેરાતનો માર્ગ મારા વિદ્યાર્થીઓએ કદિ માનવો જ નહિ. જેવા જાહેરાતના માર્ગે ચડશો કે વિજ્ઞાનદેવીના મંદિરનાં દ્વાર તમારે સારૂ બંધ થઈ જશે તે ખચિત માનજો. દેખીતી રીતે તમે વિજયવાન જણાશો, પણ તેનાં એકંદર પરિણામ અનિષ્ટકારી છે. જે વૈજ્ઞાનિક પોતાની જાતને પૂર્ણ માને—પોતે કદિ ભુલ જ ન કરે એવું માને તેની આંખો આડાં પડળ આવી જાય છે; તે ખરો શોધક રહેતો જ નથી. આત્મશ્લાઘા એ વૈજ્ઞાનિક આત્મઘાત છે.'

તથા હીમત અને આત્મભોગની લાગણીથી, નાણા-પ્રકરણી ખાતાના ભારે પગારના, બહુ ઉજ્જ્વળ ભવિષ્યવાળા ગણાતા અને માનપ્રદ હોદ્દાનો ત્યાગ કરીને રામને ઘણા થોડા વેતનવાળી વિદ્યાપીઠના અધ્યાપકની જગ્યા સ્વીકારી અને ડે. એકાઉન્ટન્ટ જનરલ રામન પ્રોફેસર રામન બન્યા. તેમના કામની પણ પુરી કદર થઇ અને તે ઘણી પ્રશંસા પામ્યા. સર અસુતોષને તો એથી અનહદ આનંદ થયો. રામનને તેમણે માગી એટલી સગવડ કરી આપી. હમેશ તેમનાં ચારિત્ર્ય તથા બુદ્ધિની પ્રશંસા કરી તે રામનનો ઉત્સાહ પણ વધારતા અને કલકત્તા વિદ્યાપીઠના ઉગતા યુવકો પાસે સદા રામનનો જ આદર્શ ધરતા.

૧૯૨૪ના માર્ચની ૨૭મીએ સાયન્સ કૉલેજના મકાનનો પાયો નાખતાં સર અસુતોષે તેમને ઉદ્દેશીને ઉદ્દગાર કાઢેલા કે 'જ્ઞાનમંદિરમાં સત્યના શોધકો કદિ ખુટવાના જ નથી એવું હું શ્રી રામનના એક જ દાખલાથી હીમતપૂર્વક કહી શકું છું.'

આટલું છતાં રામન વજ્ર સરખી વ્યક્તિ હતા. સર અસુતોષ પણ સામે તેના જેવું ભારે વજ્ર હતું એટલે એ બંને વજ્રની અથડાઅથડી થતાં શરૂઆતમાં કેટલીક વાર અગ્નિના તણખા ઝરતા. કલકત્તા વિદ્યા-પીઠના કમિશન વેળા સર અસુતોષની ગેરહાજરીમાં આ પ્રયોગશાળાનાં નાણાંની વ્યવસ્થા સારૂ કેટલીક ગેરસમજ ઉભી થએલી. વિદ્યાપીઠના અધિકારીઓની રાહ જોયા વિના પ્રોફેસરો પોતાને જરૂર પડતાં વિજ્ઞાનનાં સાહિત્યો બજારમાંથી ભારે કીમતે ખરીદતા હતા, અને શ્રી રામને એમ માન્યું કે આ અમારો હક્ક છે; એથી આ વાતનો તે દૃઢ આગ્રહ પકડી બેઠા. અને સર અસુતોષે વિદ્યાપીઠની વ્યવસ્થા જાળવવા ખાતર આ બાબતની અગાઉથી પરવાનગી મેળવવાની અગત્ય છે એવી હઠ પકડી. આ ગેરસમજની છાયા એટલી હદ સુધી વધી ગઇ કે તેમનો સંબંધ તુટી પડવાની અણી પર આવી પહોંચ્યો. પણ છેવટે સર અસુતોષે મોટું મન રાખી સંધિ કરી લીધી.

૧૯૨૧માં રામનને કલકત્તા વિદ્યાપીઠે 'ડૉક્ટર ઑફ સાયન્સ'ની માનદ પદવી આપી. પોતાના હાથ નીચે ઉંચો અભ્યાસ કરનાર સ્નાતકોમાં તેઓ જ્ઞાનની તૃષા જગાવતા. તેમના નેતૃત્વ નીચે કલકત્તા વિદ્યાપીઠનું ભૌતિકશાસ્ત્રનું ખાતું દુનિયાના એક અગ્રસ્થાન જેવું થઇ પડ્યું છે. સર પ્રફુલ્લચંદ્ર રૉય અને સર જગદીશ-ચંદ્ર બોઝની માફક ડૉ. રામન પણ પોતાના પ્રખ્યાત વિદ્યાર્થીઓની મોટી નામાવલિ ગણાવી શકે તેમ છે. ડૉ. એસ. કે. બેનરજી, ડૉ. રામનાથન, ડૉ. બી. એન. બેનરજી એ સૌ સર રામનના પ્રથમ વિદ્યાર્થીઓ છે. એ બધા હિંદી સરકારના હવામાન (Meteorological) ખાતામાં ઉંચા હોદ્દા ધરાવે છે. તેમના એક શિષ્ય પ્રો. ફણીન્દ્રનાથ ઘોષે પ્રકાશનાં સાધનો દ્વારા દૃષ્ટિનો સિદ્ધાંત આપવામાં સારો ફાળો આપ્યો છે. ઘણાં જર્મન વૈજ્ઞાનિક માસિકોમા આ વિષય પરત્વે રસમય ચર્ચા ઉભી થએલી અને તે માન એ ડૉ. રામનને જ આપે છે. 'હેલીઓ-મીટર'નો પ્રસિદ્ધ સિદ્ધાંત તેમના એક શિષ્ય પ્રો. એસ. કે. મિત્રે શોધી કાઢ્યો છે. કલકત્તા સાયન્સ કૉલેજના વગર તારના ખાતાની પણ એ જ વ્યવસ્થા કરે છે. કાશી હિંદુ વિદ્યાપીઠવાળા ડૉ. એન. કે. સાહી પણ તેમના જ શિષ્ય છે, જેમણે સફેદ પ્રકાશ પર બહુ અગત્યના નિબંધો બહાર પાડ્યા છે. અલ્લહાબાદ વાળા શ્રી એન. કે. સૂર જેમણે પ્રકાશના પૃથક્કરણ ઉપર સુંદર પ્રયોગાત્મક નિબંધો બહાર પાડ્યા છે, ને જેનો જર્મનીના ભૌતિકશાસ્ત્રનાં પાઠ્ય પુસ્તકોમાં વારં-વાર ઉલ્લેખ કરવામાં આવે છે તે પણ એમના જ શિષ્ય થાય. સંગીતના સાહિત્યોના ક્ષેત્રમાં નવીન શોધ કરનાર શ્રી આર. એમ. ઘોષે પણ શબ્દશાસ્ત્રના વિષયમાં ડૉ. રામન પાસે જ પ્રથમ કેળવણી પ્રાપ્ત કરી છે. ડૉ. વિધુભૂષણ રૉય કે જેનો પ્રકાશના પૃથક્કરણ ઉપરનો સ્વતંત્ર નિબંધ વાંચી પ્રખ્યાત વૈજ્ઞાનિકો ડૉ. સિમ્પ્સન તથા સર જી. વૉકરને પ્રશંસાત્મક ઉદ્દગારો કાઢવા પડેલા એ પણ ડૉ. રામનના જ શિષ્ય છે. વૈજ્ઞાનિક શોધખોળમાં સારૂં કામ કરવાથી ઉંચા અ-ભ્યાસાર્થે યૂરોપ મોકલવા સરકારે જેમને સારી સ્કૉલર-શિપ બાંધી આપેલી તે સદ્દગત ચીનમયાનંદન પણ એમના જ શિષ્ય. આ ઉપરાંત તેમનું શિષ્યમંડળ બહુ વિશાળ છે, અને એમની કીર્તિ જગદ્દવ્યાપી છે. હિંદી વિજ્ઞાન-વિકાસ મંડળની પ્રયોગશાળાને તેમણે લંડનની ડેવી-ફેરેડે પ્રયોગશાળા જેટલી જ પ્રસિદ્ધિ અપાવી છે ને હજુ ભવિષ્યમાં વધુ અપાવશે.

વિજ્ઞાનમાં એ માત્ર પુસ્તકિયા કીડા નથી. બહારની

બીજાં અનેક ક્ષેત્રોમાં તે સારો રસ અને જ્ઞાન ધરાવે છે. એમણે શબ્દશાસ્ત્ર અને પ્રકાશશાસ્ત્રની જે અનેક નવીન શોધો કરી છે તે એમના સંગીત અને કુદરતી સૌંદર્યના નિરીક્ષણના શોખને લીધે. ઈંગ્લંડની મુસાફરી વેળા સ્ટીમરમાં પોતાની કૅબિનમાં પુરાઈ ન રહેતાં તુતક પર ઘણો સમય ગાળી આકાશના ફરી જતા રંગ નિહાળવામાં તથા દરિયાના ફીણ ભરેલા પાણીના તરંગો જોવામાં તે મશગુલ બનતા હતા અને તે પરથી આકાશના રંગના ઉદ્‌ભવ તથા ભૂમધ્ય સમુદ્રના પાણીનો વાદળી રંગ શા સારૂ છે તેનો ખુલાસો વૈજ્ઞાનિક રીતે તેઓ કરી શકયા છે. આ વસ્તુઓ પ્રયોગશાળામાં તેમને કદિ ન સુઝત. એ તો કુદરત સાથેના તેમના સીધા સંબંધનું ફળ છે.

૧૯૨૬ના બનારસ હિંદુ વિદ્યાપીઠના વાર્ષિક પદવીદાન વેળા એમણે કહેલું કે 'જ્ઞાન એ કંઈ ચોપડીઓનાં થોથાંમાં ભરેલી મુડદાલ વસ્તુ નથી. એ તો જીવતી જાગતી ચીજ છે. તમે ઘડીભર પણ શું એમ માની શકો છો કે પુસ્તકોનાં અધ્યયનથી અગર શિક્ષકો વિદ્યાર્થીને ચોપડીના કીડા બનાવે છે તેવી રીતથી જીવંત જ્ઞાન કદિ પ્રાપ્ત થઈ શકે? તમારા શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ મનુષ્યમાત્રની પ્રવૃત્તિના ચાલુ પ્રવાહમાં ભળવું જ પડશે. જે વિદ્યાપીઠ આમ સમજી આ મુજબ ન અનુસરતી હોય તે વિદ્યાપીઠ જ નથી. જ્ઞાનથી જડેલાં સત્યો પરથી નવાનવા સંબંધ જોડી કાઢવા એનું જ નામ વૈજ્ઞાનિક શોધ છે. દરેકને જ્ઞાનની આવી તૃષા લાગેલી હોવી જોઇએ. આ જમાનો વૈજ્ઞાનિક શોધખોળનો છે. અત્યારે તો કુદરતના ભેદ ઉકેલવાના છે. વિચારનાં નવાં સામ્રાજ્ય રચવાનાં છે તથા બુદ્ધિબળ વડે પ્રાકૃતિક પદાર્થોને નિયમનમાં લાવવાના છે. આ સૈકામાં વિવિધ જ્ઞા-

## માડી!

તુજ મ્લાન વદન શે માડી?
તુજ હૈયે આ શો કમ્પ?
કયાં વીર ગર્જનો છુપ્યાં?
શે ગળી ગયાં તુજ અંગ?
તુજ અંગઅંગમાં તરવરતું કયાં છુપ્યું ચેતન માત?
તુજ દસ્યુ ડારતાં નેત્રે, શે આજ અશ્રુની ધાર?

તું વીર પુત્રની માતા,
તું સિંહણશૂરી એક,
તું રત્નગર્ભ રણચંડી,
તુજ શાને કમ્પે દેહ?
તુજ એક માત્ર હુંકાર સુણી, રિપુ ગાત્ર ગળી સૌ જાય,
ને છતાં ય માડી! તારી આ થરથરતી કાં કાય?

તુજ તનય અમે આ માડી!
શું પાકયા પથ્થર સૌ?
શું કાયરતાને ઘોળી,
વીરત્વ વિસાર્યાં સૌ!
નહિ, નહિ, નહિ, નહિ, નહિ, નથી હજી વીરત્વ વિસાર્યાં માત!
નથી ચુડી પ્હેરી બેઠા: નથી ભૂલી બેઠા ભાન.

તુજ—સિંહણ—નીરણઘેલી
સેવી છે પ્રેરક કૂખ;
ને ઘટઘટમાં ઘોળ્યાં છે
તુજ વીર્યે, ધૈર્યનાં દૂધ;
અમ સમરાંગણ ક્રીડાંગણ કરવા હૈયાં થનગન થાય,
અમ રોમરોમમાં જાગે તુજ મુક્તિ ઝંખના આજ.

અમેર માત! સૌ તારાં
ભય ગ્લાનિ સ્વપ્નાં આજ;
ને મીઠી આશીષોથી,
અમને નવજીવન આપ:
તને પરાધીન પુષ્કર મહીંથી ઉદ્ધારીને માત!
તુજ 'પુત્ર' નામ ધારેલું, અમે સાર્થક કરશું આજ.

તું ધૈર્ય ધારને માડી!
તું ખાળ અશ્રુની માળ:
તું વીર જનેતા: તારે
શાના તે હોય ઉચાટ?
અમ અંગઅંગમાં ઉભરાતું નવજોબન તારે કાજ,
અમે રણશિરે હોમીશું: હોમીશું જીવનસાર.

મનઃસુખલાલ મગનલાલ ઝવેરી

નનાં વિશાળ ક્ષેત્રો ખુલ્લાં થયાં છે ને ખેડાતાં જાય છે એ સર્વથી અતડા રહી દૂર ઉભા રહ્યાથી કે સામાન્ય પ્રેક્ષક બન્યાથી હિંદીઓ દુનિયામાં નાલાયક ઠરશે અને આર્થિક તથા રાજનૈતિક સ્વાતંત્ર્ય સદાને સારૂ ખોઇ બેસશે.' હિંદના ભાવીને સારૂ ડૉ. રામન આમ ચેતવે છે. આપણા અતડાપણાએ જ આપણા સ્વાતંત્ર્યની ઘોર ખોદી છે. બહારની દુનિયાની પ્રવૃત્તિ તરફ દુર્લક્ષ કરવાથી જ પરદેશી ધુંસરી આપણે વહોરી લીધી છે. જગતની પ્રગતિ તથા અન્ય પ્રજાઓની પ્રવૃત્તિઓમા રસ લેતા થવાથી જ પાછું આપણું સ્વાતંત્ર્ય આપણે પ્રાપ્ત કરી શકીશું એમ તેઓ માને છે.

ડૉ. રામનની સર્વ શોધ તથા પ્રવૃત્તિ આપમેળે જ પ્રકાશ પામી ને પ્રસિદ્ધ થઈ, એ જોઈ લંડનની રૉયલ સોસાએટીમાં તેમને સભ્ય તરીકે ચુંટવામાં આવ્યા. એ એક અપૂર્વ માન લેખાય છે. ત્યાર પછી તો યૂરોપ, અમેરિકા વગેરે દેશોનાં મોટાં મોટાં વિજ્ઞાન-વિકાસ મંડળો તથા સારી સારી વિજ્ઞાનની સંસ્થાઓ તરફથી તેમને આમંત્રણો મળવા લાગ્યાં. એથી હિંદીઓના એક બુદ્ધિમાન વૈજ્ઞાનિક પ્રતિનિધિ તરીકે ડૉ. રામન એ દેશોમાં જઈ દસ માસ સુધી ફર્યા, જે દરમ્યાન તે અપૂર્વ માન પામ્યા. પ્રથમ અહીંથી લંડન રૉયલ સોસાએટીની સભામાં હાજરી આપવા ગયા કે તરત જ ત્યાં સભ્ય તરીકે ચુંટાયા અને તે સંસ્થાની સભામાં ગહન વિષયોની ચર્ચામાં ભાગ લીધો. ઇગ્લંડમાં તેમને ત્રણ અઠવાડિયાં રોકાવું પડ્યું. એ રમ્યાન નવરા ન બેસતાં ડેવી–ફેરૅડે પ્રયોગશાળામાં એક્સ કિરણના વિભાગમાં પોતાના નવા સિદ્ધાંત પર પ્રયોગો કરવામાં ખૂબ સમય ગાળતા.

લંડનમાં લૉર્ડ કેલ્વિનનો મહોત્સવ પુરો થયા પછી તરત જ એ કૅનેડા ઉપડી ગયા. ત્યાંના બ્રિટિશ વિજ્ઞાન-વિકાસ મંડળની બેઠકમાં એક નિબંધ વાંચવા નક્કી થયું હતું. પણ ટૉરંટો પહોંચ્યા પછી તેમને ખબર મળ્યા કે તેમની શોધના વિષય પર ચર્ચા કરવાનો તે મંડળના સભ્યોએ નિર્ણય કર્યો છે. અહીં મોટા મોટા વૈજ્ઞાનિકો એકઠા થયા હતા. એ બધાની વચ્ચે છુટથી કલાક સુધી ચર્ચા કરી સૌને છક કરી દીધા. ચર્ચા પુરી થયા બાદ એ સભાગૃહમાંથી બહાર નીકળતાં દુનિયાના એક સમર્થ ભૌતિકશાસ્ત્રીની પિછાન થઈ, જેણે પાછળથી મૈત્રીનું સ્વરૂપ લીધું. એ વ્યક્તિ તે ભૌતિકશાસ્ત્રમાં 'નોબેલ' ઇનામ મેળવનાર પ્રો. મિલિકન હતા. અત્યારે તે અમેરિકાના પ્રખ્યાત વડા ભૌતિકશાસ્ત્રી છે. તેમણે એ સભાગૃહમાંથી બહાર નીકળતાં ડૉ. રામનના ખભા પર હાથ મેલતાં કહ્યું, 'ડૉ. રામન, તમને જોઇ આજે મને બહુ જ આનંદ થયો. તમે મારે ત્યાં જરૂર પધારો અને અમારી પેસેડેનાની નૉર્મનબ્રિજ પ્રયોગશાળામાં મારા વિદ્યાર્થીઓ સમક્ષ થોડાં વ્યાખ્યાન આપો. એન્સ્ટીન તથા લૉરેન્ઝો જેવા મહા પ્રખ્યાત યૂરોપીય ભૌતિકશાસ્ત્રીઓ મારી સાથે ત્યાં કામ કરે છે, તેમાં તમે પણ જોડાઓ. એશિયાના પ્રતિનિધિ તરીકે તમારી શોધો પર મારા સહયોગીઓ જોડે ચર્ચા પણ થશે.' ડૉ. રામને આ આમંત્રણનો સ્વીકાર કર્યો.

વળી અમેરિકામાં ગણિતશાસ્ત્રીઓનું પણ સંમેલન હતું, તેમાં કલકત્તા વિદ્યાપીઠના પ્રતિનિધિ તરીકે ડૉ. રામનને હાજર રહેવાનું હતું. તે ઉપરાંત ગણિત વિષયક ભૌતિકશાસ્ત્રના વિભાગના પ્રમુખ તરીકે પણ ચુંટાયા હતા. તેથી ત્યાં ગયા. અહીં જગતના ઘણા નામાંકિત ગણિતવેત્તાઓ એકઠા થયા હતા તેમની સાથે એમને પિછાન થઇ. અહીં જ રશિયાના ગણિતશાસ્ત્રીઓએ એમને પોતાના દેશમાં આવી મુખ્ય મુખ્ય સંસ્થાઓમાં વ્યાખ્યાનો આપવા સારૂ નિમંત્રણ કર્યું.

કૅનેડામાં આ સર્વ પ્રવૃત્તિ પુરી થઇ એટલે કૅનેડાવાસીઓએ, આવેલા બધા વૈજ્ઞાનિકોની મોજને ખાતર એક ખાસ ગાડી આખા કૅનેડામાં દોડાવીને ત્યાંની બધી વિદ્યાપીઠો તથા સૌંદર્યસ્થાનો, મોટાં સરોવરો, ઉંચા પર્વતો ને હિમશિખરો બતાવવાની ગોઠવણ કરી. આ મુસાફરીમાં ભૌતિકશાસ્ત્રીઓ તથા ગણિતવેત્તાઓ જોડે ડૉ. રામને ત્રણ અઠવાડિયાં સુધી આનંદદાયી સફર કરી. એ સફરમાં કૅમ્બ્રિજના પ્રો. એડિંગ્ટન જોડે 'સબંધક સિદ્ધાંત' પર, સર વિલિયમ બ્રેગ જોડે 'પાસાના બંધારણ' ઉપર, સર રિચર્ડ પૅગેટ જોડે 'વાણીના સ્વભાવ' પર ઇત્યાદિ લાંબી ચર્ચા ચલાવેલી. આમાં કુદરતી સૌંદર્ય નિહાળવાની

એક પણ તક જવા દીધી નહોતી. હિમશિખરોમાં બરફના રંગ તથા ગિરિસરોવરોમાં પાણીના થરના રંગની વિવિધતા સ્વિટ્ઝર્લૅન્ડમાં રહી નિહાળવાનો ડૉ. રામનનો મનસુબો હતો; પણ એ તક તેમને અહીં જ મળી ગઇ. કૅનેડાના રૉકી પર્વતનાં શિખરો પર ચડતાં ત્યાં બરફના થરનો લીલાશપડતો આસમાની રંગ જોઇ તેમને આશ્ચર્ય થએલું. બરફના થરોમાં થઇ જે સૂર્યકિરણો તેમાં પ્રવેશે છે તેના છેડાના આસમાની રંગના ખાસ ફેલાવાનું જ આ પરિણામ છે એવો સિદ્ધાંત એમણે અહીં જ પ્રતિપાદિત કર્યો. આ વિષે મૉન્ટ્રીલની મૅકગીલ વિદ્યાપીઠવાળા પ્રો. બાર્ન્સ જેમનો ગ્રીનલૅન્ડ તથા કૅનેડાનાં હિમશિખરોનો જ ખાસ અભ્યાસ છે તે પોતાના એક પુસ્તકમાં લખે છે કે 'ડૉ. રામનનો આ સિદ્ધાંત અણીશુદ્ધ સાચો છે.' કૅનેડાના અતિ ગહન ભાગમાં આવેલાં ખડકો પરનાં મોટાં મીઠાં પાણીનાં સરોવરોમાં હોડીઓમાં બેસી તેમણે સહેલ કરેલી, એ વેળા ત્યાંના પાણીના થરના રંગ પણ તપાસેલા. કેટલાંકનાં લીલાં તો બીજાનાં ઘેરાં આસમાની રંગનાં પાણી હતાં. આવા ભિન્ન ભિન્ન રંગનાં કારણ પણ ડૉ. રામને અહીં શોધી કાઢ્યાં, કે પાણી પ્રકાશનાં કિરણના અમુક ભાગ ગળી જાય છે. વળી કેટલાંક સરોવરોમાં હિમશિખરો ધસડાઈ આવી પાણીના થરમાં તોળાઈ રહ્યાં હોય છે અને તેને લીધે આ વિવિધ રંગ દેખાય છે.

આ મુસાફરી પછી ડૉ. રામન ટૉરંટોમાં થોડો વખત વિશ્રાન્તિ લઇને, ફિલાડેલ્ફિયામાં ઉજવાનારા ફ્રૅંકલિન મહોત્સવમાં કલકત્તા વિદ્યાપીઠના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા યુનાઇટેડ સ્ટેટ્સમાં ગયા. ત્યાં પણ મહા પ્રસિદ્ધ અધ્યાપકો મીશલસન, ઝીમન, ફેથે ઇત્યાદિ જોડે ઓળખાણ થઇ. અહીં પ્રો. મિલિકને પોતાની સંસ્થા તરફથી નિમંત્રણનો લેખિત પત્ર આપ્યો અને પેસેડેના આવી રહેવા સારૂ પાછો ખૂબ આગ્રહ કર્યો.

કૅનેડાથી યુનાઇટેડ સ્ટેટ્સમાં આવી વૉશિંગટન, શિકાગો, ફિલાડેલ્ફિયા, આયોવા ઈત્યાદિ સ્થળોની પ્રસિદ્ધ વૈજ્ઞાનિક સંસ્થાઓનાં આમંત્રણથી પ્રથમ ત્યાં બધે ગયા. શિકાગોમાં પ્રો. નિકોલસે ખૂબ પ્રેમ બતાવ્યો. આયોવામાં પણ ઘણું સારૂં સ્વાગત થયું. ત્યાંના અધિકારીઓએ નવી શોધખોળના ક્ષેત્રનો માર્ગ ત્યાંના અધ્યાપકોને બતાવવા ડૉ. રામનને ખાસ વિનંતિ કરી. દક્ષિણ કૅલિફૉર્નિયાની પ્રખ્યાત લૉવેલ વેધશાળા તથા ઍરિઝોનામાં આવેલી કૉલોરાડો નદીની 'ગ્રાન્ડ કૅન્યન' (રાક્ષસી ખીણ) કે જે દુનિયાની એક અદ્ભુત વસ્તુ ગણાય છે તે જોઇ. અહીંથી તે પરબારા પેસેડેના ગયા. ત્યાં પ્રો. મિલિકને તથા તેના સહયોગીઓએ ભારે સ્વાગત કર્યું. ત્યાં ઍન્સ્ટીન, ટૉલમૅન, નૉઇસ, બેટમૅન ઇત્યાદિ પ્રસિદ્ધ પુરુષો એ જ વેળા આવેલા હતા. એ સૌએ તેમના પ્રતિ ખૂબ માન તથા પ્રેમ દર્શાવ્યાં. ત્યાંની સંસ્થાઓએ તથા પેસેડેનાના શહેરીઓએ પણ ખૂબ મહેમાનગતી કરી. અહીં હમેશાં પ્રકાશનું પૃથક્કરણ તથા અગ્નિ-ગતિના વિષયો પર વ્યાખ્યાનો આપ્યાં, જે સાંભળવા ત્યાંના સ્નાતકો ઉપરાંત બીજી સંસ્થાઓના ઘણા સભ્યો પણ હમેશાં હાજર રહેતા. અહીંથી દર રવિવારે અમેરિકાનાં સૌંદર્યસ્થાનો નિહાળવા ડૉ. રામન નીકળી પડતા. માઉન્ટ વિલ્સનની વિખ્યાત વિલ્સન વેધશાળાના ૧૦૦ ઇંચની ત્રિજ્યાવાળા દુનિયાઆખીના સૌથી મોટા કાચના દૂરબીનનો ઉપયોગ બે દિવસ સુધી ડૉ. રામનને કરવા દેવામાં આવ્યો. આથી બહુ દૂરના તારા પણ મોટા ઝળહળતા દીવા જેવા લાગતા. આકાશગંગાનું એક દૃશ્ય આ દૂરબીન મારફત જોઇને તો ડૉ. રામન છક જ થઈ ગયા. તેમણે કહ્યું કે મારી આખી પૃથ્વિપરિક્રમાને બદલે હું આ એકલી વેધશાળા જોવા આવ્યો હોત તોપણ પુરતો બદલો વળી રહ્યો ગણાત.'

હિંદની પ્રાચીન કેળવણીની પ્રણાલિકા પર તથા હિંદના પ્રાચીન સુધારા પર પણ તેમણે કેટલાંક જાહેર ભાષણો અમેરિકામાં આપ્યાં, જે એટલાં લોકપ્રિય થએલાં કે તેમાં પાછળથી આવનારને જગ્યા નહિ મળતાં નિરાશ થઇ પાછા જવું પડતું. પણ વિદ્વાન શ્રોતાઓને તે સાંભળી જે આનંદ થતો તે તેઓ પત્રો લખી દર્શાવતા હતા તથા તેમની પ્રશંસા કરી કદર કરતા. ઘણા સભ્યો પોતાનાં મંડળો તરફથી તેમને જયાફતો આપતા ને એ રીતે હૃદયના ભાવ દર્શાવતા. પેસેડેનામાં વિદ્યાર્થીઓને જે લશ્કરી તાલીમ આપવામાં આવતી હતી તે જોઇ રામનના મન પર ઉંડી અસર થએલી. તે કહે છે, 'જેટલા દિવસ ત્યાં રહ્યો

તેટલા બધા દિવસ હું નિયમિત સમયે એ સંસ્થાના વિશાળ ચોગાનમાં દરેક વર્ગના વિદ્યાર્થીઓને લશ્કરી કવાયત, નિશાન તાકી ગોળી મારવાનું કામ તેમ જ વીર સિપાઇને યોગ્ય બધી ફરજો ઘણી ચપળતાથી શીખતા દરરોજ જોતો. તેઓ માત્ર વિજળીક ઇજનેરો નહોતા બનતા, પણ ધંધાદારી લશ્કરી સિપાઇ પણ સાથેસાથે બનતા. આથી હું એવા મતનો છું કે વિદ્યાર્થીને જીવનમાં જોઇતી શરીરસંપત્તિ, વ્યવસ્થા ને વ્યવહારિકતા અચુક શીખવાની હોય તો દરેકને ફરજિયાત લશ્કરી તાલીમ આપો. વિદ્યાપીઠની કેળવણીની રચનામાં લશ્કરી કેળવણી પણ ખસુસ કરી એક અગત્યના ભાગ તરીકે ફરજિયાત રાખવી જ જોઇએ એમ હું માનું છું.

પેસેડેનામાં ત્રણ મહીના ગાળીને નાતાલની રજાઓ કુદરતી સૌંદર્ય નિહાળવામાં એમણે વીતાવી. તે પછી એ અમેરિકાથી ઇંગ્લંડ પાછા આવ્યા. હવે યૂરોપમાં માત્ર બે જ અઠવાડિયાં રહેવાનું હતું, જેથી બધો વખત મુસાફરી જ કર્યા કીધી. પ્રથમ તો દુનિયાનો પ્રસિદ્ધ હવામાન શાસ્ત્રી (Meteorologist) પ્રો. જર્કનીઝ જે તેમનો મિત્ર થાય છે તેમને મળવા બર્ગન ગયા. એ શહેરની શોભા તથા ત્યાંનું બંદર જોયું. તે પછી ઑસ્લોવા, સ્ટૉકહોમ, કોપનહેગન, બર્લિન તથા પૅરિસ જઈ આવ્યા અને દરેક સ્થળે પ્રખ્યાત સંસ્થાઓ તથા પોતપોતાનાં ક્ષેત્રોમાં કામ કરનારી અદ્દભુત વ્યક્તિઓને મળ્યા. પ્રો. નીલ્સ બોહર હજુ ઉમરે નાના પણ વિજ્ઞાનક્ષેત્રમાં ઘણા આગળપડતા માણસ લેખાય છે. અત્યારે તો આખી દુનિયાના સર્વ ભૌતિકશાસ્ત્રીઓ તથા રસાયણશાસ્ત્રીઓના તે અગ્રણી ગણાય છે. એટલું વૈજ્ઞાનિક દુનિયા પર એ માણસનું સામ્રાજ્ય છે. તે પણ ઉમરમાં બહુ મોટા નથી. તેમની જોડે એક આખો દિવસ ડૉ. રામન રહ્યા. તેનાં સંભારણાં તો તેમના હૃદય પર હમેશ માટે જડાઇ રહ્યાં છે. અહીં પ્રો. બોહરની પ્રયોગશાળામાં પોતાના એક આગલા વિદ્યાર્થી ડૉ. વિધુભૂષણ રૉયને કામ કરતા જોયા. એ સિવાય આ ક્ષેત્રની અન્ય મહાન વિભૂતિ પ્રો. સ્ટૉર્મર, પ્રો. અર્હેનિયસ, પ્રો. નર્નસ્ટ, પ્રો. બિલોવિન ઇત્યાદિ નોર્વે, જર્મની તથા ફ્રાન્સના મોટા મોટા વૈજ્ઞાનિકોને યૂરોપમાં મળ્યા. આમ દસ માસ સુધી મુસાફરી કરી ૧૯૨૫ના માર્ચની ૧૮ મી તારીખે હિંદ પાછા આવ્યા. થોડા મહીના બાદ વળી ફરી રશિયાની વૈજ્ઞાનિક સંસ્થાઓ તરફથી આમંત્રણ મળતાં ત્યાં ગયા અને ત્યાં પણ એટલો જ આનંદ અનુભવ્યો.

**પો**તે કરેલી શોધની મુડી પર સંતોષથી બેસી રહે તેવી વ્યક્તિ રામન નથી. હજુ પણ તે ખંતથી પોતાનું કામ આગળ ધપાવ્યે જ જાય છે. એમની હવે પછીની શોધો પણ એટલી જ અદ્દભુત છે. એક તો સાબુના પરપોટાના બંધારણને લગતી રમુજી શોધ છે. બીજી 'રામન ઇફેક્ટ'ના નામથી ઓળખાતી પ્રકાશની એક શોધથી તેમનું નામ અમર થયું છે અને એ વિષય પર તો આજના ભૌતિકશાસ્ત્રીઓમાં ભારે રસમય ચર્ચા ચાલી રહી છે. જેવી આ શોધ કલકત્તામાં પ્રસિદ્ધ થઈ કે તરત જ યૂરોપના વૈજ્ઞાનિકોએ તે પર ઝીણવટથી પ્રયોગો શરૂ કરી દીધા અને તેની સત્યતા જાતે સાબિત કરી. બર્લિન વિદ્યાપીઠવાળા પ્રો. પ્રિંગશીમે જર્મન વૈજ્ઞાનિક માસિકોમાં લેખોની હારમાળા આપી છે, જેમાં 'રામન સ્પેક્ટ્રા' 'રામન લાઇન્સ' ઇત્યાદિ કેટલાક નવા જ શબ્દપ્રયોગો કરી ડૉ. રામનનું નામ અમર કર્યું છે. ડૉ. રામને પણ પ્રકાશના પૃથક્કરણના ક્ષેત્રમાં એક નવીન જ દિશા સુઝાડી છે તે માટે તેમની ખૂબ ખૂબ પ્રશંસા ચારે બાજુ થઈ રહી છે. વિદ્યુત સબંધે પણ તેમણે કેટલીક શોધો કરી છે. આમ ભૌતિકશાસ્ત્રના બધા વિભાગમાં તેમણે ભારે કામ કર્યું છે.

સાબુના પરપોટાની પોતાની શોધનું વર્ણન કરતાં એ લખે છે, 'સાબુના પરપોટાનું પાણી ધીમેધીમે ઉડી જતાં પરપોટો ખૂબ પાતળો બનતો જાય છે. એમ કરતાં છેવટે એવી સ્થિતિ ઉભી થાય છે કે પરપોટાને માથે એક સ્થળે ગોળ કાળો ડાઘ દેખાય છે, જે ક્રમે ક્રમે વધી પરપોટો ફુટે ત્યાં લગીમાં અરધાથી પોણો ઇંચ પહોળો થાય છે. આ કાળો ડાઘ કેટલો ઘટ્ટ છે તથા તેનો સ્વભાવ કેવો છે તે શોધવા ભૌતિકશાસ્ત્રીઓ છેલ્લાં ૫૦ વર્ષથી મહેનત કરી રહ્યા છે. તે એક ઇંચના પચાસ લાખમા ભાગ જેટલો પાતળો હોય છે.

એટલે તત્ત્વના એક બે કણના જેટલો તે ઘટ્ટ છે એમ શોધ કરતાં જણાયું છે. આટલો પાતળો પરપોટો તે પ્રવાહી નથી પણ પ્રવાહીનો પાસો છે, અને સૂક્ષ્મદર્શક યંત્રમાં જોતાં કોઈ પણ ખનિજ પદાર્થનો પાસો દેખાય તેવો જ તે જણાય છે.'

એક વખત ડૉ. રામને સાબુનો પરપોટો એટલો બધો પાતળો બનાવી ઉડાડેલો કે તેમાંના બધા રંગ ઉડી માત્ર તે સફેદ બન્યો હતો. કાળો ડાઘ દેખાવા લાગે તે અગાઉની આ સ્થિતિ છે. તેને વિદ્યુત-પ્રવાહના બે છેડા વચ્ચે રાખી અમુક પ્રકાશ આપવાથી સાદા પ્રવાહીને બદલે પ્રવાહીના પાસામાં થતું રૂપાંતર દેખાય છે. તે વેળા પેલા કાળા ડાઘનો છેડો તો ખુબ જ પ્રકાશિત જણાય છે.

પરંતુ આથી પણ વધુ પ્રસિદ્ધ પામેલી જગવિખ્યાત શોધ તે તો તેમના નામ પરથી પડેલી 'રામન-ઇફેક્ટ'ની છે. આ શોધમાં ભૌતિકશાસ્ત્રીઓને ખુબ રસ પડે છે. યૂરોપ અમેરિકાનાં વૈજ્ઞાનિક પત્રોની ચર્ચાનો તે ખાસ વિષય થઈ પડ્યો છે. શોધનો મુદ્દો એ છે કે જ્યારે પદાર્થના અણુઓ પર પ્રકાશ પડે છે અને તે અણુઓ પ્રકાશને બધી દિશામાં વેરે છે ત્યારે તેમાં ખાસ નોંધ લેવા લાયક ફેરફાર થાય છે, જે એકદમ પાસાવાળા રશ્મિદર્શક યંત્ર દ્વારા જુઓ તો અજબ દર્શન થાય છે. આને 'રામન-ઇફેક્ટ' કહેવામાં આવે છે. આને સારૂ અમુક જ પ્રકારનો ખુબ સફેદ પ્રકાશ આપતો દીવો કરવામાં આવે છે જેનો પ્રકાશ પાસામાંથી તપાસતાં કિરણો વિચ્છિન્ન થએલાં દેખાય છે.—ભિન્ન ભિન્ન રંગની થોડી ચકચકિત લીટીઓ, જેવી કે ચકચકિત ગળીના રંગની, વાદળી રંગની, લીલી, અને બે પીળી લીટીઓ દેખાય છે. સર્વ પારદર્શક પદાર્થમાંથી જોતાં આ દૃશ્ય નજરે પડે છે. પણ દરેક નવા પદાર્થની લીટીઓ જુદી-જુદી રીતે ગોઠવાએલી વધુ ઓછી સંખ્યામાં દેખાય છે. આ શોધની પ્રશંસા પણ સર્વ સ્થળે ખુબ જ થઈ રહી છે. અને તે પરથી અનેક અદ્દભુત વાતો જાણવામાં આવશે એમ વૈજ્ઞાનિકો માને છે.

વિદ્યુતના કણ અમુક સંજોગોમાં પ્રકાશનાં મોજાં જેવાં લાગે છે. ઘણાં વર્ષ સુધી પ્રકાશનાં મોજાંને ગતિનું નામ અપાતું, જે અમુક સંજોગોમાં પ્રકાશમા અણુઓમે લીધે છે એમ મનાતું. પણ આ ભૂલ છે. વિદ્યુતના અણુઓ પરથી પ્રકાશના મોજાં જ છે એવી ખાત્રી થઈ છે. જેથી 'રામન-ઇફેક્ટ' જે પ્રકાશના ક્ષેત્રની શોધ છે તે વિદ્યુત-શાસ્ત્રના વિષયમાં પણ ઉપયોગી થતી જાય છે.

મદ્રાસમાં આ વર્ષના જાન્યુઆરી માસમાં મળેલી હિંદી 'સાયન્સ કોંગ્રેસ'ની ૧૬ મી વાર્ષિક સભાનું પ્રમુખસ્થાન ડૉ. રામનને આપવામાં આવ્યું હતું. એના પ્રમુખ તરીકેનું એમનું વ્યાખ્યાન પણ પોતે પ્રયોગશાળામાં પ્રકાશના શાસ્ત્રના પ્રયોગો કરી અમુક સત્યો તારવેલાં તેનાથી ભરપુર હતું. તેની અસર રસાયણશાસ્ત્ર પર શું થાય તે પણ તેમાં એમણે જણાવ્યું છે. એમણે એક અત્યંત નાજુક યંત્ર શોધી કાઢ્યું છે, જે વડે જુદા જુદા વાયુની ચુંબકત્વ દર્શક અસર બરાબર માપી શકાય છે. એક ખુબ ભારે શક્તિવાળો લોહચુંબક અણુની ચુંબકત્વની શોધ સારૂ પ્રયોગશાળામાં તેમણે રાખ્યો છે. આની તથા પ્રકાશશાસ્ત્રના એક યંત્રની મદદથી કોઈ પણ પ્રવાહીના અણુઓ જ્યારે ચુંબક ક્ષેત્રમાં આવે ત્યારે એક બીજાને સમાંતર રહી કેવાં ફરવા લાગે છે તે બતાવી શકાય છે. 'બેન્ઝીન' તથા 'કાર્બન-ડી-સલ્ફાઇડ' જેવાં પ્રવાહીમાં આ ગુણ વિશેષ માલુમ પડે છે. વળી આ ચુંબકત્વના ગુણ પરથી તે પદાર્થનું રાસાયણિક રૂપ પણ નક્કી થઈ શકે છે.

૧૯૨૮ની પાનખર ઋતુમાં ડૉ. રામને એક્સ-કિરણો તથા પોતાની આધુનિક શોધ પર મદ્રાસમાં એક વ્યાખ્યાનમાળા ગોઠવી હતી, અને તે વખતે એક્સ-કિરણો પદાર્થમાંથી પસાર કરાવતાં જે જુદા-જુદા પ્રવાહી તથા પાસાદાર પદાર્થોના અણુના બંધારણ જણાય છે તે જાદુઈ ફાનસની મદદ વડે બતાવ્યાં હતાં.

આંધ્ર વિદ્યાપીઠના પદવીદાન સમારંભનું વ્યાખ્યાન આપવા પણ ડૉ. રામનને આમંત્રણ થએલું. ત્યાં પણ વિદ્યાપીઠ અને કૉલેજો એક જ હોવાં જોઈએ તે ભાવ પર તેમણે ખુબ ભાર દીધો હતો અને તે વિદ્યાપીઠમાં વૈજ્ઞાનિક ધંધાદારીની કેળવણીની તથા સાહિત્યવિષયક; ઉંચા અભ્યાસની સગવડ વહેલી તકે આપવા ત્યાંના, ચૅન્સેલરને ખાસ ભલામણ કરી. 'વિદ્યાપીઠમાં અભ્યાસનો હેતુ વિદ્યાર્થીને સાચે

રાહ દોરવાનો તથા તેને પોતાની પાસે આવતા પ્રશ્નોનો સ્વતંત્ર મત બાંધતા કરવાનો છે. આ હેતુ બર લાવવા વિદ્યાના સાચા સેવકોને જ અધ્યાપકો તરીકે રોકી વિદ્યાર્થીઓને તેમના સતત સંસર્ગમાં આણવા જોઈએ. તદ્દન સામાન્ય શક્તિવાળા અગર આળસુ જેવા અધ્યાપકો નીચે વિદ્યાર્થીઓને મુકવા તે જ્ઞાનની વાવોમાં ઝેર નાખવા બરાબર છે. જે વિદ્યાપીઠ અગર કૉલેજ વિદ્યાર્થીઓને માત્ર પુસ્તક-રૂપ પાણી ચૂસનારી વાદળી જેવા બનાવે છે તેનાથી તો દેશની પ્રજાને અનહદ નુકસાન થાય છે.'

ડૉ. રામનની પ્રસિદ્ધ શોધ તથા વિજ્ઞાનને કાજે એમણે કરેલું જીવનસમર્પણ જોઈ હિંદી સરકારે ગઈ તા. ૩ જી જૂનના રોજ તેમને 'નાઈટહૂડ' બક્ષી સર બનાવ્યા છે. લાયક માણસને આ માન મળેલું જોઈ ઘણાને આનંદ થએલો. ઘણાએ તેમને આ વેળા માનપત્ર અર્પણ કરેલા. એવા એક મેળાવડામાં બોલતાં તેમણે કહેલું, 'મારા જીવનની શરૂઆત તો હજુ હવે થાય છે. જે માણસ વિજ્ઞાનદેવીને ચરણે શિર નમાવી બેઠો છે ને જે દહાડેથી માનપાનની આશા રાખતો થાય તે દિવસથી તેનું આવી બન્યું માન જો. તેને તો વિજ્ઞાન પોતે જ ઉત્તમ ફળરૂપ છે. તેના જીવનમાં માન, પ્રશંસા, બક્ષિશો એ સર્વ તો અકસ્માત છે. તે તરફ લક્ષ આપ્યા વગર જ તેણે આગળ જ વધવું ઘટે. આવા અકસ્માત જોઈ તેના મિત્રો રાજી થાય છે. હું પોતે તો મારા પોતાના કામ તરફ હમેશ નજર રાખતો રહીશ.'

આ ઉપરાંત છેલ્લું હમણાં ગયા ઑગસ્ટમાં ફિલાડેલ્ફિયાના પ્રસિદ્ધ વિજ્ઞાન–વિકાસ મંડળે પોતાનો આ વર્ષનો સૅટ્લસી સુવર્ણ ચંદક ડૉ. રામનને અર્પણ કર્યો છે. આ સંસ્થા લગભગ પોણા બસો વર્ષથી સ્થપાએલી છે અને પ્રખર બુદ્ધિમાન વૈજ્ઞાનિકના ગુણની કસોટી કરી તેને એ ચાંદ આપે છે, એટલે એ પણ એક અપૂર્વ માન લેખાય છે. અત્યાર સુધીમાં આ સંસ્થાએ કુલ ૩૮ મહાન વૈજ્ઞાનિકોને આ ચાંદ અર્પણ કરેલો છે, જેની નામાવલિમાં રૅનોલ્ડ, કૅલ્વિન, કિર્ચોફ, ક્રીસ્ડન, વેબર, ફેસીનેટી, નીગી, એડીસન, હર્ટ્ઝ, રેલે, રૅલેન્ડ, રોન્ટજન, લીનોડ, માર્કોની, મીશલસન, કરી, પોઇંકાર, ડેવાર, રામ્સે, કાર્બેસો, કાર્બિનો, નામર્લિંગ, ઓન્સ, પેરિન, ઝીમન, રધર્ફર્ડ, લો, સ્ટાર્ક, બૅગ, ગાર્ડ, વુડ, મોઝલી, ઇન્સ્ટીન, બોહર, સમરફીલ્ડ, મીલીકન, ફર્મી અને રામનનાં નામ છે. પ્રથમના ૩૭ નામમાં જે જગતપ્રસિદ્ધ વૈજ્ઞાનિકોનાં નામ આવી જાય છે તે પરથી ખ્યાલ આવે છે કે આ ૩૮ મા આપણા રામન પણ એ જગતના મહાન નરોની પંક્તિમાં છે.

ડૉ. રામનમાં પોતાના કામમાં એકાગ્ર થઇ જવાનો ગુણ ભારેમાં ભારે છે. વિદ્યાર્થીજીવનમાં તેમજ ત્યાર બાદ ગૃહસ્થ જીવનમાં પણ તેમની અસાધારણ ફત્તેહની એ જ એક ચાવી છે. તેમનો સ્વભાવ બહુ માયાળુ છે ને રીતભાત બીજાને પ્રિય લાગે તેવી છે. તે વિવિધ વિષય પર રસમય વાતો કરી જાણે છે પણ વિજ્ઞાનનો વિષય આવ્યો કે તે પર તો ઉતરી જ પડવાના. કુદરત તરફ સૌન્દર્યના ભાવથી જુએ છે. મેઘધનુષ્ય કે જળતરંગ અદ્ભુત અર્થથી ભરેલાં તેમને જણાય છે. તેમની ઉમર હજી માત્ર ૪૧ વર્ષની જ હોવા છતાં એક મહાન વૈજ્ઞાનિક તરીકે તે ખુબ પ્રસિદ્ધિ પામ્યા છે. પ્રાચીન કાળમાં મનુષ્યજાતિની પ્રગતિમાં હિંદે જે અપૂર્વ ફાળો આપ્યો છે તેમાં ડૉ. સર રામન અર્વાચીન કાળમાં ઉમેરો કરતા જાય છે. અને હજુ ઘણાં વર્ષ જીવી અનેક અદ્ભુત શોધો કરી દુનિયામાં હિંદનું નામ વધુ ઉજ્જવળ બનાવશે.

**રેવાશંકર ઓ. સોમપુરા**

બે ખૂન ——— (અનુસંધાન પૃ. ૩૩૨થી)

વાળ્યો, 'પટેલ, તમે ભોળા છો. આ ભાઇસાહેબ ચોર નથી પણ ખુની છે.'

'ખુની!' આસપાસના બધા ચમકી ગયા. મેપાના હોશકોશ ઉડી ગયા. રૂડી રોવા માંડી.

ઇન્સ્પેકટર એક પણ શબ્દ બોલ્યા વગર મેપાને કલકત્તા ઉપાડી ગયો.

કલકત્તાની હાઇકોર્ટમાં ભીડ જામી છે. માણસો ઉપરા-ઉપર પડે છે. પીંજરામાં પહેલવાન જેવો મેપો ઉભો છે. એની નિર્દોષ આંખો જમીન ખોતરે છે. એના મનમાં તુમુલ યુદ્ધ ચાલે છે. ન્યાયાધીશ આવ્યા ને આખી કોર્ટ ઉભી થઇ. પહેલો જ કેસ જમીનદાર સતીશચંદ્રનો હતો. એમના આઠ વરસના દીકરાનું કોઇએ રાતોરાત ખુન કર્યું હતું. સાક્ષી તરીકે રસોયો હતો. કેસ સાબિત કરવા બે બૅરિસ્ટરો હાજર હતા. સતીશચંદ્રની વાત સાંભળીને ન્યાયાધીશે મેપાને પુછ્યું, 'બોલ તારે શું કહેવાનું છે?'

ગદ્દગદ્દ કંઠે દર્દભરી વાણીમાં મેપાએ પોતાની દુઃખકથા શરૂ કરી. કોર્ટ આખી એક કાન થઈ ગઈ.

'બબ્બે દિવસના કડાકા પછી જ્યારે મારી માએ પ્રાણ છોડ્યા, મારો બાપ, વહુ અને દાકરો મોતના મોઢામાં બેઠાં, ત્યારે મેં આવો હીણો વિચાર કર્યો. મારાં વહાલાંને હું મરતાં ન જોઇ શક્યો. મેં સતનો પંથ છોડ્યો. હાથમાં ડાંગ લીધી ને ચોરી કરવા હાલ્યો. ચોરી છતી થઇ જશે એ બીકે છોકરાને મોઢે હાથ દીધો, એને ગળે હાથ દાબ્યો. મને શી ખબર કે મારો ગોઝારો હાથ આવું કાળું કરશે? આજ સુધી હું તો એમ જ માનતો હતો કે મેં ચોરી કરી છે; જીંદગીમાં એક જ પાપ કર્યું છે. પણ જમીનદાર સાહેબ કહે છે એમ જો ચોરી થઇ ઈજ રાતે ઇ મર્યો હોય તો એનું પાપ મારે માથે છે. મને કોર્ટ જે શિક્ષા કરશે ઇ હું ભોગવી લઇશ . . . .' બોલતાં એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. કોર્ટમાં સૌના જીવ ઉંચા ચડી ગયા. ન્યાયાધીશની મુંઝવણનો પાર રહ્યો નહિ.

'આ કેસનો આવતી કાલે ફેંસલો આપીશ' કહીને ન્યાયાધીશ ઉઠ્યા. મેપાને જેલમાં લઇ ગયા. મેપાના બાપને અને રૂડીને દિલાસો આપતાં વકીલ બૅરિસ્ટરોએ કહ્યું કે મેપો ફાંસીએ નહિ જાય. કહો તો લખી આપીએ. ઘરડા બાપને નિરાંત વળી. રૂડીના ખોળિયામાં જીવ આવ્યો.

'મૅજિસ્ટ્રેટ સાહેબ છે કે?'

'કોણ?' કરીને પટાવાળો બહાર ડોકાયો.

'એ તો હું સતીશચંદ્ર; સાહેબ છે કે?'

'હા જી, પધારો.'

સતીશબાબુ ઓરડામાં પેઠા. ન્યાયાધીશ સાહેબે આવકાર દીધો. બંને દીવાનખાનામાં ગયા.

'કહો, શું પધાર્યા છો?'

'એનું એ જ. બીજું શું? મારા બૅરિસ્ટરો કહે છે કે કેસ માર્યો ગયો. હું આપને એક જ વિનંતિ કરવા આવ્યો છું. ગમે તે થાય, ગમે તેટલા રૂપિયા ખર્ચવા પડે, પણ મારા દીકરાનો ખુની જીવતો ન રહેવો જોઇએ.'

'એટલે?'

'એટલે શું આ.' કહીને જમીનદારે દસ હજારની નોટો ન્યાયાધીશને ચરણે ધરી દીધી. ન્યાયાધીશ ઘડી-ભર થંભી ગયો. એનું ધર્મભીરુ હૃદય આનાકાની કરવા માંડ્યું. પણ બીજી જ પળે એ બળવો શમી ગયો. નોટો ખીસામાં પડી ગઇ. સતીશચંદ્ર ઘેર ગયા.

શહેર આખું ઉલટીને હાઇકોર્ટમાં આવ્યું. ફેંસલો સાંભળવા લોક અધીરા બન્યા. મેપો રામનામ જપે છે. જમીનદાર ઠંડે કલેજે બેઠા છે. ન્યાયાધીશે ચુકાદો સંભળાવ્યો: 'જમીનદારના નિર્દોષ બાળકને મારી નાખવા માટે તમને ફાંસીની સજા કરવામાં આવે છે.' કોર્ટ ખગાકાર થઇ ગઇ! મેપાના બાપને વીજ પડી. રૂડી છાતીફાટ રોવા માંડી. મેપો ભારે હૈયે બહાર નીકળ્યો.

ત્રીજે દિવસે વિધવા વહુ, રડતો પુત્ર અને અપંગ બાપ ત્રણેને રોતાં મુકીને મેપો ફાની દુનિયા તજી ગયો.

જમીનદારના પુત્રનો ખુની ફાંસીએ લટકી ગયો. મેપાની માના ખુનીનો પત્તો હજી સુધી લાગ્યો નથી!

**રામનારાયણ નાગરદાસ પાઠક**


---

ન્યાયાધીશ: હવે નાકબુલ કરવાથી કશો અર્થ સરે એમ નથી. તને ચોરી કરતાં જોયો હોય એવા ત્રણ માણસો ફરીયાદીએ રજુ કર્યા છે.

ગુનેહગાર: પણ સાહેબ મને ચોરી કરતાં ન જોયો હોય એવા સો માણસો હું રજુ કરી આપું તો!

**તહેવારો અને તંદુરસ્તી :** (અનુસંધાન પાન ૩૪૩થી)

વરઘોડો નીકળે છે. આ દિવસના પ્રસાદમાં ઘોડાને ખાવાનો પદાર્થ—પલાળીને ઉગાડેલાં અનાજ કાચાં ખાવાનાં હોય છે. એમાં એવો હેતુ સમાયો છે કે ચોમાસાનાં ફળશાક હજુ તૈયાર થએલાં હોતાં નથી ને પત્રશાક (પાંદડાં—ભાજી) ચોમાસામાં નુકસાનકર્તા હોવાથી ખવાય નહિ; અને શરીરને કુચાવાળું લીલું પોષક દ્રવ્ય તો જોઇએ, એટલે વેલા (વિસૂદક) ખાવાં ઉચિત છે. જ્યાં નદીનાં ભાઠાંમાં એની હોય છે ત્યાં તે: આ જાતનો પાક વરસાદના પહેલા છાંટા થતાંની સાથે જ કુદરતી રીતે ઉગી નીકળે છે. તે વિટામીન-વાળો પદાર્થ અષાડના થોડા દિવસો સુધી ખાવાની અને ફરતાં કુણાં લીલાં ઘાસવાળાં ખેતરો જોવા માટે ફરવા જવાની આમાં સૂચના માત્ર છે.



અષાઢી પૂર્ણિમા એ, સનાતની તેમજ જૈનો, બંને ધર્મીઓનાં ચોમાસાનાં વ્રતો, ત્યાગ, ઉપવાસ અને નિયમોની શરૂઆત થવાનો દિવસ છે. ઘણા માણસો તે દહાડાથી રાત્રે (એક વખત) ન ખાવાની શરૂઆત કરે છે. અને દીવાસા (અષાઢી અમાસ)થી ઉપવાસની શરૂઆત થાય છે; કેમકે બીજા દિવસથી શ્રાવણ માસ બેસે છે અને આ વખતે ભર ચોમાસું હોવાથી એટલે પાચનશક્તિ મંદ હોય છે. આ ઉપવાસ લગભગ સૌ ધર્મોમાં થોડેઘણે અંશે આખો શ્રાવણ માસ પહોંચે છે.

શ્રાવણ માસ એટલે તો તહેવારો અને વ્રતોનો જ મહીનો. અનેક પ્રકારનાં વ્રત, ઉપવાસ, એકટાણાં વગેરે આ મહીનામાં આવે છે; તદુપરાંત આરામથી બેસી રહેવાના, મેળાઓમાં આનંદકલ્લોલ કરવાના તહેવારો પણ આવે છે. તેમાં શ્રાવણ વદ સાતમ આઠમ અને નોમ ખાસ પ્રચલિત છે. ચોમાસાની વૃષ્ટિ સારી થઈ ગઇ હોય છે, ખેતરો ફુલ્યાંફાલ્યાં હોય છે અને લોકો તેનીનો વિકાસ જોઇ આનંદમાં હોય છે તથા આ દિવસોમાં નવરા હોય છે, એટલે આરામ અને આનંદ કરે છે, જેથી તંદુરસ્તીમાં વધારો થાય અને ગમ્મતથી ખોરાક પચે.

શ્રાવણ માસમાં મંદિરોમાં હિંડોલા બાંધે છે અને સાતમને દિવસે કોઇ લોકો પણ ઝાડે હીંચકા બાંધીને હીંચકવાની હરીફાઇ કરે છે. ચોમાસામાં લીલાં ઘેઘૂર ઝાડોની ડાળે બાંધેલો હીંચકો એ વ્યાયામનું, કુદરત માણવાનું તથા તંદુરસ્તી મેળવવાનું સારૂં સાધન છે.



શ્રાવણી પૂર્ણિમા એ પ્રાચીન કાળની વિદ્યાપીઠોમાં ચાર માસની લાંબી રજાઓ શરૂ થવાનો દિવસ હતો, તેમજ વેપારીઓને દરિયાઈ સફરનો આરંભ કરવાનો દિવસ હતો, તે બંનેની એ તહેવારમાં સૂચના છે.



ભાદરવા માસમાં ખાસ કોઇ તહેવાર નથી. ભાદરવા વદમાં હિંદુઓનાં શ્રાદ્ધ આવે છે અને શ્રાદ્ધમાં દુધ ખાવાથી પિતૃઓને બહુ તૃપ્તિ મળે છે એવું મનાય છે. આ ઋતુમાં લોકો ગમે એટલું મોંઘું પણ દુધ લઇને દુધપાક ખાય છે. આયુર્વેદના નિયમ પ્રમાણે ભાદરવા વદથી શરદ ઋતુની શરૂઆત થાય છે અને શરદ ઋતુમાં દુધ ખાવાથી તંદુરસ્તીમાં ઘણો વધારો થાય છે એવું આયુર્વેદ માને છે. માટે જ એ પંદર

દિવસના લાંબા ખાવાના તહેવારો વૃદ્ધોએ ગોઠવ્યા છે.

આસો માસ બેસે છે અને નવરાત્રીની શરૂઆત થાય છે. કુદરતી ચાંદનીમાં ગરબા ગાવા, અંતરના ઉલ્લાસ અનુભવવા, ચંદ્રની શીતળતા તથા મંદ પવન-લહરીઓમાં ફરવું અને કલ્લોલ કરવો એ આ માસ બેસતાં જ શરૂ થઇ જાય છે.

આસો મહીનો પણ શરદ ઋતુનો છે. જેમ દુધ ખાવું એ શરદના પિત્તપ્રકોપને શાંત કરવાનો ઉપાય છે, તેમ શરદની ચાંદનીમાં ફરવું એ પણ પિત્તને શાંત કરવાનો ઉપાય છે. માટે જ જગદંબા (કુદરત)ને પ્રસન્ન કરવાની તિથિઓ આસો મહીનામાં ગોઠવાએલી છે. વળી શરદની ચાંદની જેવી નિર્મળી ચાંદની વરસમાં કદિ આવતી નથી. કુદરતની એ અમૃતમય મહેરનો ઉપભોગ કરવાને જ એ તહેવારો ગોઠવાયા છે. વિજયા-દશમીએ શમીપૂજન અને ઘોડાઓની શરત, શસ્ત્ર-પરીક્ષા, મર્દોની રમતગમતની હરીફાઇ વગેરે થાય છે. રાજાઓને જમીન ઉપરનાં લશ્કરોને કુચ કરવા માટેની તૈયારીઓ કરવાની સંપૂર્ણ અને સ્પષ્ટ સુચનાઓ એ તહેવારમાં છે.

શરદ પૂર્ણિમા એ શરદ ઋતુનો લગભગ છેલ્લો દિવસ છે. તે દિવસે કોજાગરી વ્રત કરાય છે. શરદ પૂર્ણિમાની રાત્રે ચાંદનીમાં બેસી દુધ ને પૌંઆ ખાવા અને ચાંદનીમાં બેઠાબેઠા રમાય એવી રમતો રમવી પ્રચલિત છે. પ્રાકૃત લોકોમાં માન્યતા છે કે કોજાગરી પૂર્ણિમાને દિવસે લક્ષ્મીનારાયણ વિમાનમાં બેસીને મધ્યરાત્રિ પછી ફરવા નીકળે છે, અને તે વખતે જે જાગતું હોય તેના ઉપર લક્ષ્મી પ્રસન્ન થાય છે. અમૃત વર્ષાવતી એવી કુદરતનો ઉપભોગ કરનાર પર કાયાની લક્ષ્મી અવશ્ય પ્રસન્ન થાય છે.

દીવાળી (દીપમાલિકા–દીપાવલિ) એ આસો માસ-નો (વિક્રમ સંવતનો) છેલ્લો તહેવાર છે. દીવાળીનો અર્થ જ દીવાઓની માળા એવો થાય છે. આ તહેવારો આસો વદ અગિયારશથી શરૂ થઇ કાર્તિક સુદ અગિયારશે પુરા થાય છે. આ તહેવારના વિધિઓમાં મુખ્યત્વે તો જેટલા બને એટલા વધારે દીવા કરવા, ઘરનાં છાપરાં, દેવમંદિરની ધજાઓ અને કાંઇ ન હોય તો ઘર આગળ વાંસ ખોડીને આકાશદર્શી દીવા કરવા એ ખાસ હોય છે. આનંદથી લોકો સારૂંસારૂં ખાવાનું




કરે છે અને બની શકે એટલો ગંધક અને દારૂનો ઉપયોગ કરી દારૂખાનું ફોડે છે. ફુલ-ખરણી, મહેતાબનાં કોઠીઆં, ચપોરીઆં વગેરે છેક ઘરની ઉંચાઇ સુધી ગંધકનો ધુમાડો પહોંચાડી શકે એવાં બીન-નુકસાનકારક સાધનો ઘરમાં વાપરે છે તથા કોઠીઓ, ઝાડ, આકાશમાં ઉંચે અને દૂર સુધી પણ ગંધકની હવા ફેલાવે તેવી હવાઇઓ, છછુંદર, ભગોરિયાં, તારાખરી વગેરે આતશબાજી ફોડે છે. આના હેતુ તો વિચાર કરતાં સ્પષ્ટ સમજાશે. ચોમાસાના ભેજથી બગડેલી જંતુવાળી હવાને શુદ્ધ કરવાનું એનું રહસ્ય છે. એ હેતુ ફેશનના કે વિજળીના દીવા બાળવાથી સરવાનો નથી. તેલનાં કોડીઆં બાળ-વાથી તથા ગંધકના દારૂખાનાથી જ હવા સાફ થઈ જંતુઓ બળી જઇ નાશ પામે છે. મુસલમાનોમાં પણ કોઇકોઇ વાર દીવા કરવાનો ઓરસ દીવાળીમાં આવે છે.

દીવાળીથી ધીમે ધીમે શિયાળાની ઠંડીની શરૂ-આત થાય છે માટે નવાં કપડાં કરાવવાં, શરીરે તેલ ચોળવાની શરૂઆત કરવી અને સારોસારો ખોરાક—ખાસ કરીને ખાંડ અને ઘીવાળો પૌષ્ટિક ખોરાક—લેવાની ત્યારથી શરૂઆત થાય છે, કે જેથી શરીરમાં ચરબી એકઠી થઇ શિયાળામાં ગરમી જળવાઈ રહે.

કાર્તિક સુદ અગિયારશ–દેવદીવાળી (દેવ ઉઠી એકાદશી) ને દિવસે ચોમાસાનાં વ્રતો પૂર્ણ થાય છે, દેવ જાગૃત થાય છે, માણસો બે વખત ખાવાનું શરૂ કરે છે અને દીવાઓ કરવાનો વિધિ છેલ્લો પૂર્ણ થાય છે. શેરડી, વેંગણ, વગેરે પદાર્થો ખાવાની તે દિવસથી છુટ થાય છે.

માગશર મહીનામાં ખાસ કોઇ તહેવાર આવતો નથી, પણ મૂળા ખાવા એ ઘણું મહત્વનું મનાય છે. આરોગ્યની દષ્ટિએ એ પોષક છે અને મૂળા એ આ



ઋતુનું ફળ છે. પોષ સુદ પૂનમે ભાઇબહેન ખી-ચડી અને ઘી ખાય એવો કાર્તિ-

વાયડનો વિધિ છે, અને તે વ્યાજબી છે. શિયાળાને માટે ઘી એ અગત્યનો ખોરાક છે, અને ઘી ખાવા માટે ખીચડી જેવું બીજું કોઇ સારૂં અને સાદું સાધન નથી.

મકરસંક્રાતિનું નામ જ બતાવે છે કે એ ઋતુના ફેરફારને લગતો દિવસ છે. તે દિવસે સામાન્યરીતે ખીચડો ખાવાનો રિવાજ છે શિયાળામાં ઉનું ઉનું, ઘી વાળું ખાણું બહુ પૌષ્ટિક અને રોચક છે, અને ખીચડી—ખીચડા જેવું બીજું એક પણ એવું ખાણું નથી. સંક્રાંતિનું બીજું નામ છે ઉત્તરાયણ. એ સૂર્યની ગતિનો મોટો ફેરફાર સૂચવે છે. તે દિવસે લોકો ગરમ કામળા વગેરેનું દાન કરે છે તેનું કારણ તો સમજાય એવું છે.

માઘ બેસે કે વસંતપંચમીથી વસંત ઋતુની શરૂઆત થાય છે. તે દિવસે આ ઋતુનાં ફળ આમ્રમંજરી, બોર વગેરે ખવાય છે અને લોકો વસંતનો આસ્વાદ લેવા બગીચાઓમાં ફરવા જાય છે. દેવને પણ તે દિવસે બગીચો ધરાવે છે. લોકો આંબાનો મોર ખાય છે અને બચ્ચાંઓને ખવડાવે છે, તે એ ઋતુને લીધે આપણા શરીરમાં એકઠો થએલો કફ એ વસ્તુઓ વડે શાંત કરવા માટે. આ રીતે વસંતપંચમીથી રુક્ષ પદાર્થો ખાવાની શરૂઆત થાય છે. જેમજેમ વસંત ઋતુ વધતી જાય છે તેમતેમ એ રુક્ષ ખોરાક ખાવાનું આગળ ચાલે છે. ફાગણ સુદ પૂનમ (હોળી) સુધી મરવા તુરા હોય છે એટલે સ્વાભાવિક રીતે જ લોકો તે ખાય છે. મંદિરોમાં વસંતપંચમીથી વસંતના ખેલ શરૂ થાય છે તે ફાગણ વદ ૧મે પુરા થાય છે.

હોળીના તેહવારોમાં આઠ દિવસ આગળથી અને પાછળના પાંચ દિવસ સુધી બાળકો, સ્ત્રીઓ અને યુવાનો મર્દાનગીની દેશી રમતો (આટાપાટા, હુતુતુતુ, ખોખો, નાળીએરના ઘા, નાળીએર ભાંગવાં વગેરે) રમે છે, કુદે છે, નાચે છે, ગાય છે અને એમ વસંતના ચેતનથી રંગાઇ ઉત્સવ કરે છે. ધાણીચણા આ વખતે ખાસ ખવાય છે. રંગ, પતંગનું ચૂર્ણ, (ગુલાલ) અથવા જે સાધન મળે તે (ધૂળ વગેરે પણ) ઉડાડે છે અને છેલ્લે દિવસે મોટો તાપ (હોળી=હુતાશની) પ્રગટાવીને તેની ચોમેર ફરે છે, તાપે છે, નાચેકુદે છે અને એમ એ તાપના અંગારા થતાં સુધી એની આસપાસ જામે છે. તાપવાની અને રમવાની આ ક્રિયા ઠેઠ રંગપંચમી સુધી પહોંચે છે.

આનો હેતુ એવો છે કે વસંતમાં મનુષ્યશરીરમાં એવો ફેરફાર થાય છે કે જેથી સામાન્યરીતે કફનો કોપ થાય; અને તેના નિવારણ અર્થે લુખો ખોરાક ખાવો, ખુબ શ્રમ પડે એવાં કલ્લોલ–તોફાન કરવાં અને તાપનું સેવન કરવું આવશ્ય છે. આયુર્વેદમાં લખ્યું છે કે वसंते भ्रमणं पथ्यं अथवा तापसेवनं । આ સૂત્ર ધ્યાનમાં રાખીને જ હોળીના તહેવારોની યોજના કરવામાં આવી હોય એમ જણાય છે. ખાવામાં ખજુર, કોપરૂં, ધાણીદાળીઆ વગેરે લુખો ખોરાક, ભ્રમણમાં રમતો, નાચગાન અને રંગ ગુલાલથી વસંતખેલન, તથા તાપસેવન તે હોળી માતાની પ્રદક્ષિણા અને પૂજન તથા રાત્રિ જાગરણ;—આ રીતે બધા હેતુઓ પાર પાડવાની આ તહેવાર સાથે યોજના કરેલી છે. તહેવારોની આવી વ્યવહારૂ યોજનાને જો ધાર્મિક દૃષ્ટિ સાથે સંડોવીને તંદુરસ્તીના નિયમો પળાવ્યા ન હોત તો આપણે કદાચ આ નિયમો આજ ઘસીભુંસી નાખ્યા હોત અને પાળતા જ ન હોત!

આ તહેવારો બધે સરખા જ હોવા જોઇએ અથવા સરખા જ મહીનાઓ કે દિવસોમાં આવવા જોઇએ એવું કાંઈ નથી. માણસો આવા તહેવારોને પોતાના દેશનાં હવાપાણી, ઋતુઓ તથા શરીરના ફેરફારો સાથે સરખાવીને બદલી શકે છે; તેમજ તહેવારોની અંદરની રમતો, ખોરાકના ફેરફારો તથા બીજી બાબતોમાં પણ ફેરફાર કરી શકે છે, ને કરે પણ છે. દાખલા તરીકે આ દેશમાં હોળી ફેબ્રુઆરીની આખરે કે માર્ચની વચ્ચે આવે છે, જ્યારે પશ્ચિમ તરફના પ્રદેશમાં એપ્રિલ મહીનામાં પળાય છે. આપણે ત્યાં દીવાળી ઑક્ટોબર આખરે આવે છે પશ્ચિમમાં ડિસેમ્બર આખરે પળાય છે. એવા ફેરફારો તો થાય એમાં નવાઈ નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે આપણે રૂઢીઓમાંથી પણ સત્ય શોધી કાઢી તેને સંપૂર્ણપણે વળગી રહેવાનો પ્રયત્ન કરીએ, સુધારામાં પણ અંધ અનુકરણ છોડી દઇ સત્ય અને શક્ય વસ્તુઓનો સંગ્રહ કરી કચરો ચાળી નાખવાની 'ભાગત્યાગ લક્ષણા' શીખીએ તથા જરૂર પડતાં દેશકાળની સ્થિતિ સમજી લઇને નવા ફેરફારો કરતાં શીખીએ.

અમૃતલાલ પ્રાણશંકર પટ્ટણી

# નહાવું ગરમ પાણીથી કે ઠંડા પાણીથી?

સાપ જેમ પોતાની કાંચળી ઉતારતો રહે છે તેમ આપણી ચામડીનું ઉપલું પડ પણ વારંવાર ખરતું રહે છે. આ પડ એટલું બધું સૂક્ષ્મ હોય છે કે તે સાપની કાંચળીની માફક ઉતરતું આપણને દેખાતું નથી. પણ કોઈ ઠેકાણે આપણને વાગ્યું હોય અને તેના ઉપર પાટો બાંધવામાં આવ્યો હોય તેવી જગ્યાએ, ચામડીનાં ઉપરનાં આવાં ઝીણાં ફોતરાં ઉખડી ગએલાં આપણે જોઇ શકીશું. વળી આપણે કોઇ ઠેકાણે સાધારણ દાઝયા હોઇએ અગર કોઇ ઠેકાણે કંઇ ડાઘ પડયો હોય તો તે ધીમેધીમે જતો રહે છે, એનું કારણ પણ એ જ છે કે ચામડીનું ઉપલું જુનું પડ ઘસાઈ ખરી પડે છે અને તેની જગ્યાએ નવું પડ આવી લાગે છે.

ચામડીની આ એકલી જ માત્ર સાફ થવાની ક્રિયા નથી, પણ તે ઉપરાંત પરસેવા વાટે પણ શરીરનાં ઘણાં ઝેર બહાર નીકળતાં રહે છે. પરસેવો નીકળવાની આ સૂક્ષ્મ નળીઓ વળ ખાતી ચામડીનાં પડોને ભેદીને ઠેઠ ઉંડે ચરબીમાં નાની ગ્રંથીઓમાં પોતાનું મૂળ નાખી બેઠી હોય છે. જ્યારે આપણે ઝડપથી કામ કરીએ છીએ ત્યારે સ્નાયુઓમાં વધારે લોહી ફરવા માંડે છે અને આ નાની ગ્રંથીઓ પણ ઝડપથી સાફ કરવાનું કામ કરી, પરસેવો બહાર કાઢે છે. એ પરસેવામાં કેટલોક શરીરનો મળ હોય છે. તે ઉપરાંત તેમાં ચામડી તરડાઇ ન જાય તે માટેનું કુદરતી તેલ પણ હોય છે આ પરસેવો ઉપર આવે છે એટલે જ તે ચામડીની ગરમીને લીધે વરાળ બની સુકાવા માંડે છે અને મળનો કેટલોક ભાગ એ વરાળની સાથે ઉડી જાય છે. બાકીનો મળ અને તેલનો થર ચામડી ઉપર જામતો જાય છે. આથી જ આપણને જ્યારે પરસેવો થાય છે ત્યારે ચામડી ઉપર કંઇ કરકતું હોય તેવું ચીકાશનું પડ બાઝી ગએલું જણાય છે. આ પડ જ્યારે નાહીને આપણે દૂર કરીએ છીએ ત્યારે જ આપણને આરામ મળે છે. ત્યાં સુધી પ્રેરણાને લઇને શરીર ઉપર ખજવાળ વગેરે આવ્યા કરે છે. લાંબી મજલ પછી કે ઘણું કામ કર્યા પછી આપણે થાકી જઇએ છીએ તેનું કેટલુંક કારણ આ ચામડી ઉપરનું પડ પણ છે. એ પડને લીધે ચામડીની સાફ થવાની ક્રિયામાં અંતરાય ઉભો થાય છે. રૂવાંટાં વાટે લેવામાં આવતો પ્રાણવાયુ બંધ પડી જાય છે. અને જાણે આપણે રૂંધાઇ ગયા હોઇએ એમ લાગી આવે છે; તેનું જ નામ થાક. એવે વખતે આપણે કપડાં કાઢી ખુલ્લી હવામાં બેસવું પસંદ કરીએ છીએ. એથી કેટલોક મળ વરાળ રૂપે ઉડી જાય છે અને ચામડીને પ્રાણવાયુની સીધી અસર થાય છે. આથી આપણને આરામ મળ્યો લાગે છે.

પશુઓનો નહાવાનો પ્રશ્ન આપણા જેટલો અગત્યનો નથી, એનું એક કારણ એ છે કે તેઓનાં શરીર ઉઘાડાં હોય છે, જ્યારે આપણાં શરીર કપડાંથી ઢંકાએલાં રહે છે. અને વળી તેમાં યે આજે આપણો પહેરવેશ વધારે તંગ અને કૃત્રિમ બન્યો છે. ચામડીની સાફ થવાની ક્રિયાને મદદ મળે તેવો ઢીલો પહેરવેશ હોય, તોપણ પરસેવા રૂપી કેટલાક તોલા પાણી દરરોજ બહાર નીકળતું રહે છે તેનો ખ્યાલ કરીએ તો નહાવાની અગત્ય આપણને તરત જણાઇ આવશે.

નાહવાથી, આમ એકઠો થએલો પરસેવો, મળ અને વધારાનું તેલ ચામડી પરથી નીકળી જાય છે એટલું જ નહિ પણ ચામડીની નીચે આવેલી હજારો લોહીની શિરાઓને નવું જીવન મળે છે. તેથી તેઓ પોતાનું કામ સારી રીતે કરી શકે છે. આ લોહીની શિરાઓ વાટે જ આખા શરીરને પોષણ મળતું હોઇ, તેમને બરાબર સતેજ રાખવા માટે નહાવાનો ઇલાજ અકસીર છે. ચામડીની સખતાઇનો અને મજબુતાઇનો આધાર પણ આ શિરાઓને અવલંબીને રહેલો છે. દરદોની અસર ન થાય તેટલું રાતું તંદુરસ્ત તાજું લોહી આ શિરાઓમાં ફરતું રાખવું આવશ્યક છે. નહાવાથી આ ક્રિયામાં વધારો થાય છે, એનો અનુભવ આપણને સ્નાન પછી ચામડીના રંગમાં જે લાલી આવે છે તે પરથી જણાઈ આવે છે.

શરીરની આવી અનેક અગત્યની ક્રિયાને અનુભવે હિંદુઓએ સ્નાનને ધાર્મિક સ્વરૂપ આપ્યું છે એમાં નવાઇ નથી. અને એમાં યે ઠંડા પાણીથી સ્નાન કરવાનું મહત્ત્વ ઘણું છે. એમ ઘણાના મોંએથી આ-


પણ સાંભળીશું. સવારમાં મળસ્કે ધોતિયું અને ટુવાલ બગલમાં રાખી ઘણા નદીએ નહાવા જતા દેખાય છે અને તેમાં પોતે પુણ્ય લઇ રહ્યા છે એમ માને છે. ખરી રીતે નદીના ઠંડા બહોળા પાણીમાં સ્નાન કરવાથી તેઓની ચામડી વધારે મજબુત બને છે અને તેટલા અંશે તેઓ શરદીના હુમલાથી બચવા પામે છે.


જેમ બહોળું ઠંડું પાણી વધારે અને તેમાં તમે લહેજતથી નાહી શકો તેમ તમારી ચામડીની મજબુતાઇ વધારે કેળવાશે. શરીર ઉપર પાણીના અડવાની સાથે અંદરથી પુરતી હુંફ આવી રહેતી હોય તો ઠંડા પાણીથી સ્નાન કરવાની જે મઝા આવે છે તેવી ભાગ્યે જ બીજી મઝા આવતી હોય. કલાકોના કલાક આપણને એ પાણીમાં પડ્યા રહેવાનું ગમે છે.

પણ જો તમે ઠંડા પાણીમાં પડવાની સાથે (સ્નાન દરમિયાન અને પાછળથી) પુરતા ગરમ ન થઇ આવો તો ઠંડું પાણી ઉલટું નુકસાન કરે છે. ટાઢે થરથરતાં થરથરતાં ઠંડા પાણીથી નહાવાનો આગ્રહ રાખવો ભુલભરેલો છે. એથી તો ફાયદો થવા કરતાં નુકસાન વધારે થાય છે. તમારૂં નહાવાનું પાણી એટલું ઠંડું હોવું જોઇએ કે તેમાં તમે લહેજતથી નાહી શકો. જોકે ઠંડું પાણી શરીરને અડકાડતાં પહેલાં મનમાં કંઇક વિચિત્ર ધ્રાસકો રહે છે, પણ જેવું પાણી ચામડીને અડે છે તે જ ઘડીએ શરીરની અંદરની હુંફ આપણી મદદે આવી પહોંચે છે અને આપણને નહાવાની મઝા આવે છે. જો આમ ન થતું હોય તો તમારી ચામડી પૂર્ણ તંદુરસ્તીની હાલતમાં નથી એમ માનજો. અને એ નાદુરસ્તીનું કારણ તમારૂં અનિયમિત અને અસંયમી જીવન જ હશે. તમારી ખાવાપીવાની ટેવ અને રહેણીકરણી એવી ન હોવી જોઇએ કે શરીરનું સ્વાસ્થ્ય બરાબર સચવાઇ રહેતું ન હોય. આ ટેવો સુધારવાની સાથે ધીમેધીમે ઠંડા પાણીના સ્નાનની લહેજત અનુભવી શકશો.

આ ઉપરથી એમ માની શકાય નહિ કે ગરમ પાણીનું સ્નાન સર્વથા નકામું છે. જેઓના શરીરમાં પુરતી હુંફ ન હોય, રોગથી ચામડીની ક્રિયા શિથિલ પડી ગઇ હોય, તેમણે પુરતા ગરમ પાણીમાં જ સ્નાન કરવું લાભદાયી છે. તેમણે પોતાની ચામડીની મજબુતાઇ ધીમેધીમે વધારવાના પ્રયત્નો કરી, છેવટે ઠંડા પાણીથી સ્નાન કરવાની તંદુરસ્તીભરી ટેવ કેળવવી જોઇએ. દિનપ્રતિદિન થોડુંથોડું ઠંડું પાણી કરતા જવું એ પણ એક ઉપાય છે. બીજો ઉપાય પહેલું અરધું સ્નાન ગરમ પાણીથી અને પછીનું અરધું સ્નાન તેનાથી ઠંડા પાણીથી લેવાનો છે. આથી ધીમેધીમે ચામડીની મજબુતાઇ વધશે ને એમ કરતાંકરતાં છેવટે ઠંડા પાણી પર સહેલાઇથી આવી જવાશે.

વળી કોઇકકોઇક સંજોગોમાં ગરમ પાણીથી નહાવું પણ આપણને જરૂરી થઇ પડે છે. ચાલીને અથવા મહેનત કરીને ખુબ થાક્યા હોઇએ તેવે વખતે આપણામાં ગરમ પાણીએ નહાવાનો રિવાજ છે. એથી ચામડી ઉપરનો મેલનો થર જલદીથી ઓગળી જઇ છિદ્રો ઉઘાડાં થાય છે. પણ વારંવાર ગરમ પાણીએ નહાવાથી આ છિદ્રો વધારેપડતાં ઉઘાડાં પડી જાય છે અને પરિણામે ચામડીમાંનું કુદરતી તેલ વધારેપડતું નીકળી જાય છે. આથી ચામડી તરડાઇ જવાનો સંભવ રહે છે. ગરમ પાણીના સ્નાન પછી ચામડીની નીચેની લોહીની શિરાઓની ગતિ મંદ પડતી લાગે છે, આનો અનુભવ આપણને સ્નાન પછી થાય છે. ગરમ પાણીના સ્નાન પછી આપણને ટાઢ વાતી જણાય છે, જ્યારે ઠંડા પાણીના સ્નાન પછી આખા શરીરમાં કંઇક જુદી જાતની ગરમી આવી તે ઘણો લાંબો વખત ટકી રહે છે. આથી ભર શિયાળે ઠંડા પાણીથી સ્નાન કરનારાઓ સ્નાન પછી લુગડાં પહેરતા નથી તોપણ શરીરની ગરમીને લઇને તેમને બહારની ઠંડી અસર કરી શકતી નથી. જ્યારે ગરમ પાણીના સ્નાન પછી તુરત જ લુગડું પહેરવું પડે છે. ઠંડા પાણીથી પ્રક્ષાલન થઇ જે હુંફ આવે છે તે જ ખરી અગત્યની છે. સ્નાનનો તે મોટામાં મોટો ફાયદો છે. એ જ ખરી તાજગી આપનાર છે. **ચુનીભાઈ ધ. પટેલ**





# ઉંઘણશી

બાપા કહે, 'લો-લી, મારે જરા કામસર ખાટકીને ત્યાં ઉપરવાસ જવાનું છે સવારે; એટલે તું ઝાંપો સાચવીને બેસજે કે કુતરાં અંદર પેસી ન જાય, અને આપણી ઘરડી ભુંડણને હેરાન ન કરે. આ કડકડતો શિયાળો આખો રોજી વિના કેમ કાઢવો તેની મને ફિકર પેઠી છે. મને લાગે છે કે આપણે એ ભુંડણને વેચી નાખીએ તો ઠીક પૈસા મળશે. બને છે તો હું સારૂં કરીને ખાટકીને મારી સાથે જ તેડતો આવું છું.'

લો-લીએ હાજરજવાબ વાળ્યો, 'બહુ સારૂં બાપા, હું બરોબર ખબર રાખીશ.'

પણ પછી જેવી એના બાપે પીઠ ફેરવી એવા જ આ આળસુ લો-લી ભાઇ સૂરજને તડકે ટુંટિયું વાળીને ઉંઘવા મંડ્યા.

લો-લી અને એનો બાપ પેકીનને પાદરે એક નાની ગોરમટીવાળી ઝુંપડીમાં રહેતા હતા. છાપરૂં પરાળથી છાએલું હતું. ઝુંપડીમાં સાધન તરીકે ફક્ત ઇંટની એક ચોકડી હતી. એક ખુણે ખરબચડા મેલા ધાબળાઓનો ખડકલો પડ્યો હતો; બીજે ખુણે માટીનો ચુલો હતો. એક લોઢાનું વાસણ, કેટલીક ભાંગેલી રકાબીઓ અને એક બે લાકડાનાં જૂનાં રદ્દીસ એટલું રાચરચીલું હતું.

બીચારૂં આ ચંગ કુટુંબ ઘણું ગરીબ હતું. આ ખાલી ઝુંપડી અને એથી ય ખરાબ વાડા ઉપરાંત માલમત્તામાં તેમની પાસે માત્ર એક ઘરડી ભુંડણ હતી. લો-લી એને પાળતો હતો. પણ ઘર આગળનું ફળિયું એટલું તો નાનું હતું કે બાપડી એમાં પુરૂં આળોટી પણ શકતી નહિ; એટલે આખો દહાડો ઝુંપડીના લીપેલા ઓટલા ઉપર તે પડી રહેતી.

અચાનક લો-લી ઉંઘમાંથી જાગી ઉઠ્યો ને પોતાની આજુબાજુ ઘેનભરી નજરે જોવા લાગ્યો. પોતે કેટલોક વખત સુઇ રહ્યો હતો તેનું લો-લીને ભાગ્યે જ ભાન રહ્યું હતું.

દિવસ હુંફાળો હતો. એને મીઠી ઉંઘ આવી ગઇ હતી. જાગવાનું એને મન તો થતું નહોતું, પણ એના બાપની એને બહુ બીક હતી. આંખો ચોળતો આળસ મરડીને જુએ છે તો બધું સુમસામ હતું. એને થયું કે આ શું ? કોઈ દિવસ નહિ ને આ જ ભલી ભુંડણે કેમ બોલતી બંધ થઇ! નહિતર તો આડે દહાડે એ ઘોરતી જ હોય: પણ આજ તો કાંઇ ન હતું. સઘળું સુમસામ ને ખાલી. હાંફળોફાંફળો ઉઠીને ઝાંપે જોઇ આવ્યો. ઝાંપો બંધ હતો. કોઇ

## હું જો પંખી હોત !

[કૃષ્ણલાલ સિધરાણી]

પ્રભુ પાથર્યા લીલમડા શા
ખેતરવાઢ મહીં વિચરૂં,
ટહુકું મીઠું અનંત વ્યોમે.
પૃથિવિમાં હું આશ ભરૂં
નૂતન જ્યાંત્યાં ભરતું જોત,
આશા ! હું જો પંખી હોત !

બાલસૂર્ય શા લાલ ગુલાબે
વાયુ ધૂલિ ભરતો તોય,
ધોવા કાજે કોણ પધારે
જો ઝાકળ ના પડતી હોય ?
હું તો એ અશ્રુએ ધોત !
આશા! હું જો પંખી હોત!

કિલકિલાટથી વનકુંજોને,
આભલડાને, ગિરિગહ્વરને,
સાગરને, ધરણી માતાને,
મનુષ્યના આત્માને સોતઃ
ગુંજાવ્યાં તું બ્હેના જોત !
આશા ! હું જો પંખી હોત !

ઉંચે ઉડી વ્યોમ રહેલા
તારક ગણીને પકડી લેત !
વીણીવીણી સારાસારા
માળા ગુંથી લાવી દેત;
દીપત કેવું તારૂં પોત !
આશા ! હું જો પંખી હોત!

કુમુદતણી હું વાત સાંભળી
ચંદ્રભણી હું કહેવા જાત,
ચંદ્ર તણો સંદેશો પાછો
કુમુદિનીને દેતો જાત;
તેના દુઃખમાં સાથે રોત—
આશા ! હું જો પંખી હોત!

આશા હું પંખીડું મીઠું,
બ્હેના! તું પંખિણી બ્હેન;
ઉડીએ ઉંચે ઉંચે ઉંચે,
આપણને શાનું હો ચેન ?
બ્હેના તો હું કદિ ન રોત!
આશા! હું જો પંખી હોત!

આવ્યું ગયું પણ લાગ્યું નહિ. ઘરની ભીંતો તપાસી જોઇ; બધું એમ ને એમ હતું. છાપરૂં જોયું; ત્યાં યે કોઈ ભુંડભુંડ નહોતું. બીકમાં ને બીકમાં પથારીઓ જોઇ, ધાબળા ફીંદાને ઝાપટી જોયા; કોઇ ન મળે. લોઢાનું વાસણ પણ જોઇ વળ્યો, પણ તેની અંદરથી યે ઘુરકાટ જેવું ન સંભળાયું.

એટલામાં તેણે કાંઇક ચું ચું કરતું સાંભળ્યું. અવાજ ભીંત બહારથી આવતો હતો. બહાર જઈ જુએ છે તો શેરીમાં થઇને એક બુઢ્ઢો જતો હતો. લો–લી કશો પણ વિચાર કર્યા વગર અને જાણે ભુંડનો જ અવાજ સાંભળતો હોય તેમ પેલા અજાણ્યા બુઢ્ઢા-ની પાછળ દોડ્યો.

બુઢ્ઢાની લગોલગ જઇને તેણે રાડ પાડી, 'એ બાપા, બાપા; તમે અમારૂં ભુંડ જોયું છે ? મહેરબાની કરીને કહો તો સારૂં, ભાઇસાબ.'

છોકરાને આમ બહાવરો બનેલો જોઇને બુઢ્ઢો હસીને બોલ્યો, 'બેટા, કયું ભુંડ ? તું કોની વાત કરે છે ?'

લો–લી રડી પડીને કહે, 'અમારી ભુંડણ. મારા બાપાએ ખબર રાખવાનું કહેલું અને હું તો ઉંઘી ગયો'તો. હવે ક્યાંય દેખાતી નથી !'

'ઉંઘી ગયો'તો ? વાહ, પક્કો ચોકીદાર દેખું ! અને પછી જાગ્યો એટલે ભુંડ ન મળે ? બરોબર બદલો મળ્યો, કેમ ખરૂં કે ?'

'ના રે, બાપુ. પણ તમને એની ખબર ન હોય તો ભલા થઈ કહેશો કે હવે મારે શું કરવું ?'

'અરે વાહ! તું તો ભુંડની લપ લઇ બેઠો; તેનું મારે શું કરવું ?'

'પણ જો ભુડણ ખોવાશે તો અમે ભુખે મરશું, દાદા !' લો–લીની આંખમાંથી આટલું બોલતાં તો બોરબોર જેવડાં આંસુ દડદડ ચાલવા માંડ્યાં.

'એનો વિચાર તો તારે આગળથી કરવો જોઇતો હતો ને ?'

'પણ ઝાંપો બંધ હતો એટલે નીરાંતમાં આંખ

---

# જીરાફ

ઊંટનો મોટો ભાઇ જીરાફ. રૂડો રૂપાળો તો ઊંટ કરતાં યે. અંગે એકરંગી નહિ; ઊંટરંગી પણ નહિ. કંઇક કાબરચીતરો, કંઇક ચટ્ટાપટિયો.

ઊંટ હિંદુસ્તાનમાં, અરબસ્તાનમાં, આફ્રિકામાં ને બીજે પણ હોય; પણ જીરાફભાઇ એકલા આફ્રિકામાં જ. બીજે ક્યાંય દેખા ન દે. ઉંચા લાંબા પગ ને તેથી યે લાંબી ડોક. આફ્રિકાના જંગલ-માં ફરે, ચરે અને મજા કરે.



જીરાફ

કોઇ જીરાફને માથે બે શીં-ગડાં તો કોઇને માથે ત્રણ ને કોઇને માથે તો પાંચ શીંગડાં ! એને ઊંટ–બળદ કહીશું ? પણ કેમ કહેવાય ? બળદને બે શીંગડાં, ભેંસને બે શીંગડાં, બધાંને બે શીંગડાં, (હા, આપણને નહિ) પણ જીરાફને તો પાંચ શીંગડાં !

ઊંટ સવારીનું પ્રાણી ને જીરાફ જંગલી પ્રાણી. હજી કોઇએ એને પાળ્યું નથી. હા, પણ લોકો એનો શિકાર કરે છે. એનું ચામડું બહુ સુંવાળું ને સુંદર. એની જાજમ મજાની ગાલીચા જેવી બને.

આફ્રિકામાં શિકારી લોકો બહુ જાય. આપણા દેશના તો કોઇકોઇક જ; પણ સાહેબ લોકો તો ઘણા. તેઓ ગેંડા મારે, હાથી મારે, સિંહ મારે ને જીરાફને પણ મારે. જીરાફની ચામડી બહુ કીમતી ગણાય છે.

જીરાફનો પડોશી ઝીબ્રા. જીરાફ મોટાંમોટાં જંગલો-માં રહે; ઉંચીઉંચી ડાળેથી પાંદડાં ને ફળફુલ ખાય. ઝીબ્રા મોટાં મેદાનોમાં રહે ને ધરતી ઉપરથી ઘાસ ચરી ખાય. જીરાફ ઊંટિયાનો કાકો, તો ઝીબ્રા ગધેડાની ફઇનો દીકરો. ઝીબ્રા એટલે ચટાપટા વાળો ગધેડો.

મળી ગઇ. ભાઇસાબ, એક ઘડી વાર જ.'

'અને પાકા બે કલાક કાઢ્યા, કેમ? હું જાણું છું એ તો.'

'પણ દાદા, હવે ભલા થઇને કહો, મારે કરવું શું?'

'હવે બુમરાણ મચાવતો રહે. આખો પડોશ જાણશે કે આપણે તે ચોરબોર છીએ કે શું? જરા ધીરો પડ અને ધીમે બોલ.'

પણ બુઢ્ઢાના બોલ સાંભળ્યા વગર લો–લી તો બરાડા પાડવા મંડ્યો: 'ઓ મારી વાલુડી રે . . . . ઓ મારી ભુંડણ.'

બુઢ્ઢો તો આ ફારસથી કંટાળી ધીમોધીમો ચાલતો થયો. લો–લીને લાગ્યું કે બુઢ્ઢાનાં લુગડાં નીચેથી જાણે ભુંડનો ધીમો ઘુર્ઘુર અવાજ આવતો હતો. ખાજમાં ને ખીજમાં એ બરાડી ઉઠ્યો, ઉભો રહે. હરામખોર ચોર! એક તો ભુંડ ચોરીને ભાગી જાય છે ને . . . ?' એમ બોલીને એણે તો બુઢ્ઢાના હાથની ટેકા–લાકડી ઝુંટવી લીધી. બુઢ્ઢો ઉભો થઈ રહ્યો. પણ લાકડી લેતાં વેંત જ લો–લીના શરીરમાં ધ્રુજ છુટી ગઇ. જાણે હાડકાં કડ કડ કડ કરતાં ભાંગ્યાં, જાણે સ્નાયુઓના ગોટલા ચડવા માંડ્યા, અને પોતે જાણે ચાર પગે ચાલતું પશુ થઇ ગયો.'

પહેલી જ વાર હવે બુઢ્ઢાએ એનું નામ દઇને એને બોલાવ્યો, 'લો–લી, આજ લગી તું નવરો–નફિકરો થઇ પડ્યો રહ્યો હતો. બેખબરાઇમાં ભુંડ ખોઇને મને ચોર કહ્યો. હું તો વજ્રદંડ નામનો હાઉ છું. તારા ગુનાહની સજા ખાતર તને હું ભુંડ બનાવી દઉં છું.'

બુઢ્ઢો તો અલોપ થઇ ગયો. લો–લી ઘુરકતો ને કચવાતો શેરીના કાદવમાં પડી રહ્યો. હવે શું કરવું? ક્યાં જવું? પણ એટલામાં એક કુતરો ભસતો ભસતો દોડી આવ્યો અને દાંત ભરાવતો ને પગે બટકાં ભરતો લો–લી ભુંડની પાછળ પડ્યો. ટુંકડા પગે કુદુક કુદુક દોડતો લો–લી પાછો વળ્યો અને પોતાના બાપાનો ઝાંપો ઉઘાડો જોઇને ફળીમાં પેસી ગયો. એને ખબર હતી કે કુતરો અંદર આવવાનો નથી.

## અને જીબ્રા

ગધેડા જેવડો ઉંચો ને ગધેડા જેવો દેખાવે પણ ગધેડાથી રૂપાળો. શરીરે ભલેને ચટાપટાવાળો, તોપણ એ આફ્રિકાનો ગધેડો જ. આફ્રિકાની ભાષામાં એનું નામ પુંડાયા મીલિયા. પુંડા એટલે ગધેડું અને મીલિયા એટલે ચટાપટા.

જીરાફ શિકારમાં જાન ખુએ, પણ જીબ્રાનો કોઇ શિકાર ન કરે. જીબ્રા દોડવે ભારે ચપળ. અને એનો શિકાર કરવામા શોભા પણ નહિ. એ કંઇ રૂપાળું હરણ છે કે સુંદર મજાનું ચામડું મળે?

પણ જીબ્રા આખરે તો ગધેડાનો સગો ને! એટલે એની પાસે ભાર ઉપડાવવો જોઇએ. એ પકડાય છે એટલે તો લોકો એની પાસે વૈતરૂં કરાવે છે, અને એના ઉપર બેસે પણ છે. પણ તે પકડાવો બહુ મુશ્કેલ. કોઇક જ વાર હાથ આવે છે.

પહેલાં તો જનાવરો બીચારાં છુટાં હતાં; જંગલમાં ચરતાં હતાં. પણ લોકોએ તેને પકડ્યાં ને પાળ્યાં. ગાય, ભેંસ, ગધેડું, ઘોડું હવે પળાઈ ગયાં, પણ જીબ્રા ને જીરાફ હજી છુટાં છે. છુટાંછુટાં ચરે છે ને મજા કરે છે. પણ લોકો ક્યાં ભલા છે! કાં તો એને પકડીને પાળશે ને કામ કરાવશે. ને એમ નહિ તો ગોળી મારતાં ક્યાં નથી આવડતી? એમને બીચારાંને મારી નાખશે ને પછી ઘરની શોભા કરશે! પણ જંગલમાં જેવાં એ શોભે છે એવાં કાંઇ ઘરમાં શોભે? જંગલમાં તો જીવતાં ને ઘરમાં તો હાડકાંચામડાં.

હશે! પણ જીરાફ ને જીબ્રા! હજી તો તમે છુટાં છો. હજી તો તમે આફ્રિકાના મુલકમાં લહેર કરો છો. હજી તો પ્રભુની તમારા પર મહેરબાની છે.



જીબ્રા

બીજ અને પસ્તાવાથી ધ્રુસકતો અને છણુકતો લો–લી જમીન પર પડ્યો. બીકને લીધે એ કાંપતો હતો. કુતરાના દાંત પાછલા પગમાં બેસી ગયા હતા. થાકીને હાંફતો હાંફતો એ બેઠો, તેવામાં એકાએક કાળજામા ફડકો પડ્યો. એને થયું કે મારા બાપા હમણાં આવી લાગશે અને જો સારું થઈ ચુક્યું હશે તો ખાટકી પણ ભેગો હશે. ભોગ લાગ્યા! શું મને —લો-લીને ઉભા બજારે હાંકીને ખાટકીને ઘેર લઇ જવામાં આવશે? ને પછી—'

બીકથી એને કમકમાં આવ્યાં. ઉઠીને એ ભાગ્યો અને ઝાંપા તરફ દોડ્યો. ત્યાં તો બે જણુ ઝાંપામાં દાખલ થયા અને તેને વાડા તરફ હાંકી મુક્યો.

'અલ્યા લો–લી, હરામજાદા! ઝાંપો ઉઘાડો રાખીને બેઠો છે, કેમ? તું તારા મનમાં સમજે છે શું? અરે! એ ગયો ક્યાં પણ?' બાપ તો ઝુંપડીમાં આમતેમ જોવા લાગ્યો.

'ભાગી ગયો લાગે છે ક્યાંક? ઠીક થયું કે, આપણે ટાણાસર આવી ચડ્યા; નહિતર ભુંડે ભાગી ગયું હોત.' પછી ખાટકી સામે જોઇને તેણે લો–લી ભુંડને બતાવી કહ્યું, 'જુઓ, કેવી રૂપાળી છે! અને ગોખા જેવી માતેલી. નર્યા માખણના જ લોચા જોઇ લો. એની જોડ નથી ગામ આખામાં.'

કસાઇ તો ધારી ધારીને લો–લીને જોવા લાગ્યો. પડખામાં હાથ નાખી આંગળાં ઘોચી જોયાં; ગોંમાં જોઇ જોયું; અને હાલની કાનસુરીઓ પકડી ઉચકી જોયો!

લો–લીને થયું કે મોટેથી બોલીને બધી હકીકત બાપાને કહી દઉં; પણ સાદ સરખો યે ન નીકળ્યો. એનું હૈયું તો ધડકારા દેતુ હતું. એને વિચાર આવ્યો કે શું મારો બાપ મને કતલ થવા વેચી દેશે! ઘણો યે સાદ કાઢીને બોલવા ગયો, પણ ફક્ત ઉં ઉં ઉં થયું. એટલે તો બંને જણુ ખડખડ હસવા લાગ્યા.

કસાઇ કહે, 'હું કોણ છું તે એ આગળથી જાણી ગઇ લાગે છે. પણ એ કેવી ભાગ્યશાળી છે તે એ શું જાણે? બાદશાહની વરસગાંઠની મિજબાની સારૂ દસ ભુંડનો હુકમ મળ્યો છે તેમાં ચાલે એવી છે.'

બાદશાહની વરસગાંઠની મિજબાની! લો–લીનું લોહી તો એ સાંભળીને ઠરીને હીમ થઇ ગયું. પેલા બંને જણા ભુંડની કીમત ઠરાવવા મંડ્યા.

છેવટ કસાઇએ કહ્યું, 'વારૂ, કબુલ છે, પછી કાંઇ? આટલું બધું ભારે મૂલ તે હોય આનું? પણ હવે આપણો નાતો જુનો રહ્યો એટલે બેચાર આમ કે બેચાર તેમ. ચાલો હાંકો બહાર ને ગણી લો પૈસા.'

ફડાક કરતી લો–લીના વાંસા પર કસાઇની લાકડી પડી. ચીસ પાડતોક બીચારો ઝાંપા તરફ ફાળ ભરી



કુદ્યો. ઝાંપા બહાર નાસી છુટવાને માટે એ ઉપડે છે, ત્યાં તો બે ડાઘીઆ જાણે ચોકીદાર હોય તેમ એને ઘેરી વળ્યા અને કસાઇનાં બીજા ભુંડની જોડે સીધો-સટ એને પણ ઉભો રાખ્યો. કસાઇનો સાથી ઝાડને છાંયે ગાડાની ખબર રાખતો રાખતો સુઇ ગયો હતો તે હવે ઉઠીને પાસે આવ્યો ને લો-લીને જોઇ બોલ્યો, 'વાહ, જાડું ઘોકડા જેવું છે ને શું ? એના ગોસ્તની એકાદ બોટી ચાખવા મળે !'

કસાઇએ ખણખણાટ કરતા તાંબાના હજાર સિક્કા ગણી દીધા અને થેલી ભરીને લો-લીનો બાપ ઝાંપા તરફ પાછો ફર્યો. પાછા ફરતાં તે બોલ્યો, અને લો-લીએ જતાં જતાં એના બોલ સાંભળ્યાઃ 'પણ આ લો-લી માળો કયાં ભાગી ગયો, કોણ જાણે ? આવવા દે; આજ તો એવો મેથીપાક દઉં !'

અહીં લો-લી ધુળિયા રસ્તે હંકાતો જતો હતો. એના દિલમાં શૂળ નીકળતું હતું. ધુળના ગોટા ઉડી-ઉડીને એનાં નસ્કોરાંમાં જવા લાગ્યા. જરાક વિસામો ખાવા ઉભો રહેતો કે પીઠ ઉપર કસાઇની લાકડી પડી જ છે, અથવા પાછલા પગે ડાઘીઆનું બચકું ભરાયું જ છે. એટલે એને લથડતી ચાલને બદલે ચપચપ આગળ ચાલવાનું હતું. મનમાં એ સમજતો હતો કે હવે પોતાનું આવી બન્યું છે; બાદશાહની જન્મ-ગાંઠની મિજબાનીમાં પોતાનો ભોગ છે. અરેરે, બાપડાં મુંગાં જનાવરોને મોટાં લોકના ભોજનમાં હલાલ થઇ જવાનું !

કસાઇવાડો આવ્યો. લો-લી તથા સાથેનાં ભુંડને વાડામાં પુરવામાં આવ્યાં. ત્યાં બીજાં ભુંડ પણ ગંદા કાદવમાં આળોટતાં હતાં. લો-લીના સાંધેસાંધા કળવા લાગ્યા. ચારે તરફથી માથું ફાટી જાય એવી વાસ આવતી હતી. કયાં બાપીકા ઘરનો મધુર તડકો, છુટ હવા ને તાંબા જેવી રાતી ચોળ ખણખણતી ભાખરી, અને કયાં આ નરક જેવો ખાટકીવાડો !

એવામાં તેના તરફ બે માણસ આવતા નજરે પડયા. એકના હાથમાં રસી હતી અને બીજાના હાથમાં છરો હતો.

લો-લી તરફ કતરાઇને એકે કહ્યું, 'પહેલાં આ મલીદા જેવાને લઇએ. એને હલાલ થવું ગમતું લાગે છે.'

પછી તો એણે લો-લીના પાછલા પગ પકડીને ઘસડયો. લો-લીની બીચારાની તો રાડ ફાટી ગઇ. એને તો પડખેની ઓરડીમાં લઈ જવામાં આવ્યો, અને લાત મારી ભોંય પર પાડવામાં આવ્યો. છરા વાળો માણસ ધાર સજવા મંડયો અને એ સતેજ છે કે નહિ તે આંગળી લગાડી પારખવા લાગ્યો.

લો-લીને ખાતરી થઇ ગઇ કે હવે જીંદગીની દોરી તુટવાની. છેવટનો પ્રયત્ન કરવા એ હતું તેટલું જોર કરી જબરી બુમ પાડી ગરજી ઉઠયો, 'અરે મને કોઇ બચાવો, કોઈ બચાવો; હું ભુંડ નથી.'

લો-લીના કાન પર હસવાનો ખડખડાટ અવાજ પડયો. ભાનમાં આવી એ જુએ છે તો એના બાપા-નો જ પરિચિત સાદ ! 'તું તો અહીં કયારનો ઘોર્યા જ કરે છ કાં ? અને તડકાનાં સ્વપ્નાંની લહેર માણ છ કાં ? આળસુના પીર ! તું એ જ લાગનો છે.'

લો-લીએ ધીમે રહીને આંખ ઉઘાડી. પહેલાં તો આસપાસ ખાલીખાલી લાગ્યું. તડકો ધોમ ધખતો હતો. એણે જોયું કે પોતે બાપાના વાડામાં સુતો પડયો છે, અને કરચલીઓ વાળા મોં વાળો પોતાનો બાપ પાસે ઉભો છે. ચકળવકળ થઇને લો-લી જોવા લાગ્યો અને બોલ્યો, 'ભુંડ હજી અહીં છે શું ?'

'કેમ વળી ? એના ઘોરવાનો અવાજ નથી સંભ-ળાતો આ ? પણ એની સાથે તને ય ઘારણ ચડી ગયું'તું કે ?'

'બાપા, આજ પછી કોઇ દિવસ હું તમારૂં કહ્યું ચુકીશ નહિ—ખરૂં કહું છું, કોઈ દિવસ ચુકીશ નહિ.'

અને લો-લીએ પોતાનું વચન પાળ્યું.

( અંગ્રેજી ઉપરથી )

# જ્ઞાનલીલા

વાચકોની બુદ્ધિને જરાક વધારે કસવા શ્રાવણની જ્ઞાન-લીલા અમે જાણીને જ અઘરી કાઢી હતી. પરિણામે માત્ર ૧૧ જણાએ જ ઉત્તરો મોકલ્યા છે. અઘરૂં કામ જાણી છોડી દેવાની નહિ પરંતુ તે બને તેટલું પાર પાડવાની મનોદશા રાખવી ઘટે. વળી બધા જ સવાલના ઉત્તર આવડતા હોય તો જ મોકલી શકાય એવું કાંઇ નથી. જ્યારે એક પણ ગ્રાહક તરફથી બધા સાચા ઉત્તરો નહિ મળ્યા હોય ત્યારે ઓછી ભુલો કરનાર અનુક્રમે ઇનામને લાયક ગણાશે.

આ વખતે બધા ખરા ઉત્તર કોઈના નથી. આર. એ. પંડ્યા અને જીવરામ વનમાળી પંડ્યા—આ બે જણના ચાર ઉત્તર ખરા છે. ચાર ટિકિટવાળા સવાલનો ખરો ઉત્તર માત્ર બે જ ભાઇઓ આપી શક્યા છે.—ચીમનલાલ છોટાલાલ શાહ અને અંબાલાલ ખુશાલદાસ સુથાર. આ ચારે ભાઇઓને ઈનામ મોકલવામાં આવશે. ખરા જવાબો નીચે મુજબ છે:

**(૧) ગણિત-ગમ્મત:** ઘણી રીતે થઇ શકે. સૌથી સારી રીત:

૭૯ ૮૪ ૨/૬
૫ ૧/૩
૮૪ ૧/૩ ૮૪ ૧/૩

**(૨) ઓળખી કાઢો:** છત્રા.

**(૩) ચાર ટિકિટો:** અમે જણાવેલું કે આને માટે ૫૦થી વધુ રીતો નથી. પણ વધુમાં વધુ ૬૫ રીતો મળી શકી છે:

(૧) ૧, ૨, ૩, ૪ (૨) ૧, ૨, ૩, ૫ (૩) ૧, ૨, ૩, ૬ (૪) ૧, ૨, ૩, ૭ (૫) ૧, ૨, ૫, ૯ (૬) ૧, ૨, ૫, ૬ (૭) ૧, ૨, ૬, ૭ (૮) ૧, ૨, ૬, ૧૦ (૯) ૧, ૫, ૬, ૭ (૧૦) ૧, ૫, ૬, ૧૦ (૧૧) ૧, ૫, ૯, ૬ (૧૨) ૧, ૫, ૯, ૧૦ (૧૩) ૨, ૩, ૪, ૬ (૧૪) ૨, ૩, ૪, ૭ (૧૫) ૨, ૩, ૪, ૮ (૧૬) ૨, ૩, ૬, ૧૦ (૧૭) ૨, ૩, ૬, ૭ (૧૮) ૨, ૩, ૭, ૮ (૧૯) ૨, ૩, ૭, ૧૧ (૨૦) ૨, ૫, ૬, ૯ (૨૧) ૨, ૩, ૫, ૬ (૨૨) ૨, ૫, ૬, ૭ (૨૩) ૨, ૫, ૬, ૧૦ (૨૪) ૨, ૬, ૭, ૮ (૨૫) ૨, ૬, ૭, ૧૦ (૨૬) ૨, ૬, ૭, ૧૧ (૨૭) ૨, ૬, ૧૦, ૯ (૨૮) ૨, ૬, ૧૦, ૧૧ (૨૯) ૩, ૪, ૭, ૮ (૩૦) ૩, ૪, ૭, ૬ (૩૧) ૩, ૪, ૭, ૧૧ (૩૨) ૩, ૪, ૮, ૧૨ (૩૩) ૩, ૫, ૬, ૭ (૩૪) ૩, ૬, ૭, ૮ (૩૫) ૩, ૬, ૭, ૧૦ (૩૬) ૩, ૬, ૭, ૧૧ (૩૭) ૩, ૭, ૮, ૧૧ (૩૮) ૩, ૭, ૮, ૧૨ (૩૯) ૩, ૭, ૧૧, ૧૦ (૪૦) ૩, ૭, ૧૧, ૧૨ (૪૧) ૪, ૬, ૭, ૮ (૪૨) ૪, ૭, ૮, ૧૧ (૪૩) ૪, ૭, ૮, ૧૨ (૪૪) ૪, ૮, ૧૨, ૧૧ (૪૫) ૫, ૬, ૭, ૮ (૪૬) ૫, ૬, ૭, ૯ (૪૭) ૫, ૬, ૭, ૧૦ (૪૮) ૫, ૬, ૭, ૧૧ (૪૯) ૫, ૬, ૯, ૧૦ (૫૦) ૫, ૬, ૧૦, ૧૧ (૫૧) ૫, ૯, ૧૦, ૧૧ (૫૨) ૬, ૭, ૮, ૧૦ (૫૩) ૬, ૭, ૮, ૧૧ (૫૪) ૬, ૭, ૮, ૧૨ (૫૫) ૬, ૭, ૧૦, ૧૧ (૫૬) ૬, ૭, ૧૦, ૯ (૫૭) ૬, ૭, ૧૧, ૧૨ (૫૮) ૬, ૯, ૧૦, ૧૧ (૫૯) ૬, ૧૦, ૧૧, ૧૨ (૬૦) ૭, ૮, ૧૦, ૧૧ (૬૧) ૭, ૮, ૧૧, ૧૨ (૬૨) ૭, ૯, ૧૦, ૧૧ (૬૩) ૭, ૧૦, ૧૧, ૧૨ (૬૪) ૮, ૧૦, ૧૧, ૧૨ (૬૫) ૯, ૧૦, ૧૧, ૧૨.

**(૪) શબ્દ-ગોઠવણ:**

આ
અ વ ર
ગો દ ન દા સ
મ ગ ર
ર

**(૫) શબ્દ ચોરસ:**

સ વિ તા
વિ હા ર
તા ર લા

**(૬) શોધી કાઢો:** ' જય જય ગરવી ગુજરાત '

## નવા સવાલ

**(૧) ગણિત-ગમ્મત:** ચમન રસ્તે ચાલ્યો જતો હતો એટલામાં એને મગન સામો મળ્યો. ચમને મગનને કહ્યું, 'જો તું મને મારી પાસે જેટલા આના છે તેટલા ઉછીના આપે તો હું એમાંથી ૬ આના વાપરું.' મગને એની માગણી મુજબ પૈસા આપ્યા ને ચમને તેમાંથી ૬ આના વાપરી પણ નાખ્યા. આગળ ચાલતાં ચમનને છગન મળ્યો. ચમને તેને પણ કહ્યું કે 'જો તું મને અત્યારે મારી પાસે જેટલા આના છે તેટલા જ ઉછીના આપે તો હું એમાંથી ૬ આના વાપરી શકું' છગને પણ માગણી પુરી કરી ને ચમને ૬ આના વાપર્યા. થોડી વારે વળી ચમનને મોહન મળ્યો. ચમને તેની પાસેથી પણ ઉપર મુજબ પૈસા કઢાવ્યા ને તેમાંથી ૬ આના વાપર્યા ત્યારે એની પાસે કાંઈ જ રહ્યું નહિ. ત્યારે પ્રથમ તેની પાસે કેટલા આના હશે? **(૨) છુટાં પાડો:** ગુજરાતી ભાષાનાં પાંચ જાણીતાં પુસ્તકોનાં નામ ગુંચવાઇ ગયાં છે. તમે તે છુટાં પાડી આપો: તીર નાક રથ શણ સ્વજનો નીર ઉધાર સગુ રાત સોચલો ઘેસ પાષ્ટ્રદ.

**(૩) શબ્દ-ગોઠવણી:** (૧) એક રંગ (૨) કબજે
૦ ૫ ૧૦ કરવા માટે (નરોધ કરવો તે (૩) કુદરતનું એક
૦ ૬ ૧ તત્ત્વ (૪) હિંદુસ્તાનનો એક પ્રદેશ (૫) એક
૦ ૪ × ઓજાર (૬) એક ધાતુ (૭) હાર પમાડ (૮)
૦ × ૨ એક પ્રાણી. ઉપરના અર્થ વાળા આઠ શબ્દો
૦ × × અનુક્રમે એકએકની નીચે ગોઠવશો એટલે
૦ ૮ × મીંડાંથી બતાવેલી પહેલી હારમાં આરોગ્યને
૦ ૩ ૯ લગતું એક સુવાક્ય આવી જશે અને ૧ થી ૧૦
૦ ૭ × સુધીના અક્ષરો અનુક્રમે વાંચતાં વિદ્યાર્થીઓની
એક બહુ જાણીતી કવિતાની અરધી લીટી વંચાશે.

**(૪) એ શું?** બે ચીજો છે: આપણાથી પળ વાર પણ દૂર ખસતી નથી. પહેલી ચીજના નામમાં જે વ્યંજન અને સ્વર આવે છે તે જ વ્યંજન અને સ્વર બીજી ચીજના નામમાં આવે છે; બંને નામમાં માત્ર સ્વર વ્યંજનની ગોઠવણ જુદીજુદી છે: ઓળખી કાઢો.

**(૫) ગોરા અને હબસી:** મધદરિયે વહાણમાં ગાબડું પડ્યું. વહાણ પર કપ્તાન ઉપરાંત ત્રીસ માણસો હતાં, તેમાં ૧૫ ગોરા અને ૧૫ હબસી હતા. જીવ બચાવવાની હોડીમાં માત્ર કપ્તાન ઉપરાંત ૧૫ જ માણસ સમાય તેમ હતું. પોતે ન્યાયપૂર્વક કામ કરે છે એમ બતાવવા કપ્તાને એ ત્રીસેને એક હારમાં એવી રીતે ઉભા રાખ્યા કે પહેલેથી શરૂ કરી એકથી દસ સુધી પંદર વખત ગણતાં જે જે માણસો દસમા નંબરે આવ્યા તે બધાને વહાણ ઉપર રાખ્યા એટલે હોડીમાં જવા માટે છેવટના પંદરે ગોરા જ રહ્યા. ત્યારે એણે ત્રીસ માણસોની હાર કેવા ક્રમથી ગોઠવી હશે?

**(૬) નવ મીંડાં:** બાજુ ઉપર નવ મીંડાં મુકેલાં છે.
૦ ૦ ૦ પેન્સિલને એક વાર કાગળ ઉપર મુક્યા પછી
૦ ૦ ૦ બીલકુલ ઉપાડ્યા વિના અથવા એક પણ લીટીને
૦ ૦ ૦ બેવડાવ્યા સિવાય ચાર સીધી લીટીઓ દોરીને
તમે એ નવે મીંડાંને ઢાંકી શકશો? તો કરી મોકલો.

# ડૉ. પંડ્યા અભ્યાસગૃહ : પાટણ

પાટણ (ઉત્તર ગુજરાત)માં ચાલતી બીજી બધી સંસ્થાઓને મુકાબલે આ અભ્યાસગૃહ એક અજોડ સંસ્થા છે. એ એક જ સંસ્થા નિર્ધન છતાં ભાવના અને વહીવટમાં બહુ ઉંચી ગણત્રીમાં આવી શકે એમ છે. કદાચ ગુજરાત આખામાં તેના જેટલી કરકસરવાળી અને સેવા આપનારી સંસ્થા કોઇક જ હશે.

ડૉ. પંડ્યાએ ૧૯૧૮ની ૯મી જુને 'ઉત્તર ગુજરાત યુવકમંડળ' સ્થાપ્યું તેની પહેલી પ્રવૃત્તિ તરીકે આ અભ્યાસગૃહ ઉઘાડ્યું. એ સ્થપાયાને ચાર કે છ માસ થયા હશે તેવામાં ડૉ. પંડ્યા ઇન્ફલ્યુએન્ઝામાં જનસમાજને સેવા આપતાં તેના ભોગ થઇ પડ્યા. તેમના જ હાથ નીચે તાલીમ લેતા યુવાનોમાંનાં ભાઇશ્રી મણિલાલ દવેએ તેમની હયાતીમાં જ સંસ્થાનો કારભાર ચલાવેલો; એટલે ડૉ. પંડ્યાના અવસાન પછી તેની દેખરેખ નીચે મંડળે સંસ્થાને મુકી દીધી.

વિદ્યાર્થીને યોગ્ય વાતાવરણ અને સહવાસના અભાવે ચારિત્ર્ય તથા સ્વાશ્રયની કેળવણી બીલકુલ મળતી નથી. તેમજ માબાપો શાળાના ભણતરનો ખર્ચ કરવા સિવાય વધુ ખર્ચ કરવા અશક્ય હોય છે. તેથી આ અભ્યાસગૃહની મુખ્ય ભાવના વિદ્યાર્થીઓને થોડામાં થોડા ખર્ચે વિદ્યાભ્યાસ અને ચારિત્ર્યવિધાનની સગવડ કરી આપવાની છે.

ડૉ. પંડ્યાની કદર તેમનું પુતળું કે છબી મુકવાથી પુરી થઇ ન જ કહેવાય. તેમની યાદગીરી તો તેમણે ઉપાડેલું કાર્ય ચાલુ રહેવામાં જ ખરી દૃઢ થાય છે. અને પાટણના યુવકમંડળે તેમણે ઉત્પન્ન કરેલી સંસ્થા જોડે તેમનું નામ મેળવી અત્યુત્તમ સ્મારક કર્યું છે. પાટણના નાગરિકો એ સંસ્થાને સજીવન રાખી તેની પ્રફુલ્લતામાં ભરતી કરવા જેટલો ભોગ આપશે તો તે બધાથી ડૉ. પંડ્યાના આત્માની સંતૃપ્તિ થશે અને પાટણને કદરદાનીનું બિરદ મળશે.

સંસ્થા પાસે નાણાંનું મોટું ભંડોળ નહિ હોવાથી, મકાન માટે મહાદેવની આસપાસની વાડીનો ટુંકા ભાડાથી કબજો લઇ તેમાં વિદ્યાર્થીઓને વસવાની ગોઠવણ કરી છે. કરકરસર અને સ્વાશ્રયની વાત પહેલી હોય ત્યાં વૈભવ અને સગવડોનો વિચાર અસ્થાને છે.

આ મકાનમાં સ્થાનિક વિદ્યાર્થીઓ વસે છે. જમવા માટે ઘેર જઇ આવે છે. પરદેશી વિદ્યાર્થીઓ ઠીક સ્થિતિના હોય તે રૂા. ૧૧) આપી બ્રાહ્મણને ત્યાં જમી આવે છે. અને સાધન વિનાના ગરીબ વિદ્યાર્થી તે સ્વાશ્રયી છાત્રાલયમાં જમે છે.

## સ્વાશ્રયી છાત્રાલય

એ આ સંસ્થાનું અતિ ઉપકારક અંગ છે. માત્ર ધન અને સગવડને અભાવે જે વિદ્યાર્થીઓ અભ્યાસમાં રખડી પડતા હોય તેમને માટે અહીં આશાનું દ્વાર ખુલ્લું છે. માત્ર રૂા. ૪) જેટલી માસિક રકમમાં વિદ્યાર્થીનું ખાવાનું ખર્ચ પતી જાય છે અને તે પણ જે ન આપી શકે તેની પાસેથી માગવામાં આવતું પણ નથી. આ ગરીબ વિદ્યાર્થીઓ દર રવિવારે જે ગૃહસ્થોએ સૂચના આપી હોય તેમને ઘેર મુઠીફંડ (અનાજ) લેવા જાય છે, અને જાતે રસોઇ કરી જમી લે છે. આ રીતે કેટલાક મૅટ્રિક સુધીનો અભ્યાસ પુરો કરી ગયા છે. એક જણ દરજીનું કામ શીખીને ધંધે લાગી ગએલો છે. આ સિવાય જેઓ કોઇનું દાન લેવા ન ઇચ્છતા હોય તેઓ પોતાને ખર્ચે હાથે રસોઇ કરીને પણ ચલાવી લેનારા વિદ્યાર્થીઓ છે. તેથી તેમને ઘણો જુજ ખર્ચ આવે છે. દર વર્ષે ઉત્તરાયણને દિવસે સંસ્થા તરફથી સ્વયંસેવકો પાટણ શહેરના દરેક લત્તામાં દાન માગવા નીકળી પડે છે અને સારી રકમ ભેગી કરી દર વર્ષે બાળકોના લાભાર્થે જુદીજુદી રીતે ખર્ચે છે.

વિદ્યાર્થીજીવનનો સર્વાંગ વિકાસ સાધવાને આ સંસ્થા કંઇ બાકી રાખી શકતી નથી. સુવ્યવસ્થિત વ્યાયામશાળા, ઉદ્યોગશાળા, વાચનાલય અને વિદ્યા-સહાયફંડ વગેરે પ્રવૃત્તિઓથી યોગ્ય વિદ્યાર્થી માબાપ કે વાલી પર જરા યે બોજો નાખ્યા વિના પોતાનો અભ્યાસ અને વિકાસ સાધી શકે એટલી બધી યે યોજના આ સંસ્થાએ ગોઠવી છે.

અવાજ કે ધાંધાટ વગર આ સંસ્થાનું કાર્ય થોડામાં થોડા ખર્ચે ચાલ્યું જાય છે. ગુજરાતની જનતા આવી પ્રવૃત્તિની ભાગ્યે જ કદર કરી શકશે. ગુજરાતના કોઇપણ ભાગમાંથી સાધનહીન વિદ્યાર્થી ત્યાં જાય તો સ્થાન અને સાધન બંને પામી શકે એવી ત્યાં ગોઠવણ છે, જે હજી સુધી અહીં સિવાય બીજે કોઇ પણ ઠેકાણે થઇ જાણવામાં આવી નથી.

વિદ્યાર્થીની પ્રવૃત્તિમાં વિચારસ્વાતંત્ર્ય, વ્યક્તિત્વ ને સ્વમાન કેળવાય અને બંધુભાવ તથા સહકાર વધે તે માટે છેલ્લાં ત્રણ વર્ષથી અભ્યાસગૃહના જુના નવા વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીમંડળ સ્થાપ્યું છે અને દર સાલ યોગ્ય પ્રમુખની નીચે તેઓ સંમેલન ભરતા થયા છે. આ વર્ષથી સ્થાનિક કળાકારીગરી ને વિદ્યાર્થીઓની કૃતિઓનું પ્રદર્શન ભરી તેમાં વધારો કર્યો છે. પાટણના એ પ્રદર્શનથી પ્રેરાઇને ત્યાંના વિદ્યાર્થીમંડળે સ્થાનિક કળાકારીગરીનું રક્ષણ કરવા એક સંગ્રહસ્થાન કરવાનો ઠરાવ કરી તેનો અમલ કરવા માંડ્યો છે.

આ જ સંમેલનમાં વળી સહકારી મંડળની યોજના વધારે સંગીન અને વ્યવસ્થિત કરવાનો ઠરાવ થયો છે અને તેને પરિણામે નાની રકમના શેર કાઢીને લોકોપયોગી તથા વિદ્યાર્થીને ખપનાં પુસ્તકો વગેરેનું વેચાણ હાથ ધરવામાં આવ્યું છે.

પાટણની પ્રજા વિદ્યાર્થીઓની આ પ્રવૃત્તિઓને ઉત્તેજન અને પોષણ આપશે તો તેમના દ્વારા પાટણને કીર્તિ ને સંપત્તિ મળશે.

[ આ અભ્યાસગૃહ વિશે સવિસ્તર જાણવા ઇચ્છતા વાચકે અભ્યાસગૃહના મંત્રી પાસેથી પુરો રિપોર્ટ મંગાવી લેવો.]



# મધુકરી

ઘટમાં ઘોડાં થનગને આતમ વીંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.

> ઓજ અણદીઠ ભૂમિ તણે કાંઠડે,
> વિશ્વભરના યુવાનોની આંખો અડે;
> પંથ જાણ્યા વિના પ્રાણ ઘોડે ચડે;
> ગરુડ શી પાંખ આતમ વિષે ઉઘડે.

અણદીઠાંને દેખવા, અણતગ લેવા તાગ;
સતના સીમા લોપવા જોબન માંડે જાગ.

> લોપવી સીમ અણદીઠને દેખવું,
> તાગવો અતલ દરિયાવ, ઘળિયે જવું,
> ઘુમવાં દિગ્દિગંતો - શુળી પર સુવું,
> આજ યૌવન ચહે એહ વિધ જીવવું.

(સૌરાષ્ટ્ર) —ઝવેરચંદ મેઘાણી.

## આત્મસમર્પણનો અદ્ભુત વીર

કોઇ પણ સંજોગોમાં મોતનો સામનો કરવો એ હમેશાં આકરૂં છે. પણ છતાં કોઇ તાત્કાલિક ઉત્તેજનાથી માણસ મૃત્યુને સહેલાઇથી ભેટે છે. રણક્ષેત્ર પર યુદ્ધના આવેશમાં, રણવાદ્યોના ભેરી નાદોથી ઉત્તેજિત થઇને અને સાથીઓના પડકારા તથા હુંફની પ્રેરણાથી જાન આપવો સહેલો છે; બીજે પ્રસંગે પણ સાહસ અને શૌર્યોત્સાહનો પારો ચડવાથી માણસ મૃત્યુ સામે યાહોમ ધરે છે. દેશદાઝ ધર્મપ્રેમ કે સિદ્ધાન્તભક્તિના ઉમદા આદર્શોની પ્રેરણાથી રણમેદાનમાં ફાંસીના માચડા ઉપર, શૂળીની અણીએ કે ભડભડતી ચિતામાં સ્વેચ્છાએ હસીહસીને જાનફેસાની કર્યાના અસંખ્ય દાખલા માનવ ઇતિહાસનાં પાનાં પર ચ્યાલેખાએલા છે. પણ એ બધામાં મૃત્યુ પારકાને હાથે આવતું, અને એક ઝટકા સાથે કામ ખતમ કરી દેતું. પરંતુ કેવળ સ્વેચ્છાથી બીજાઓએ જીવાડવા માટે કરેલા પ્રયત્નોની સામે થઇને પણ માતૃભૂમિ અને દેશબાંધવોને કાજે હસતે મોંએ અન્નજળનો ત્યાગ કરીને, તસુતસુ કરીને જીંદગી કાપી આપવી, ટીપુંટીપું કરીને ચેતના નીચોવી આપવી એ જગતના ચોપડામાં કદિ કદિ નોંધાએલું એવું અપ્રતિમ વીરત્વ છે. માનવીને દુર્લભ એવું અત્યંત અડગ મનોબળ અને, ઉન્નત પારદર્શી આત્માનું દૈવી વીરત્વ જ એ આચરી શકે. એવો વીર તો ઇતિહાસને ચોપડે આજ સુધી એક જ લખાયો છે. એનું નામ 'ટેરેન્સ મેક્સ્વીની'. આયર્લાંડનો એ સુપુત્ર. પરદેશી અંગ્રેજોની ધોંસરી જ્યારે તેના પ્રતાપી આત્માને અસહ્ય થઇ પડી, ત્યારે તેણે અન્નત્યાગ કરીને પોતાના જાનની કુરબાની કરી: સારી આલમના ઇતિહાસમાં એ પ્રકારના આત્મભોગનો આજ સુધી એક જ દાખલો નોંધાયો હતો. પણ હમણાં જ એ શહીદ મેકસ્વીનીને હિંદમાંથી તેનો જોડીદાર સાંપડ્યો છે. એનું નામ 'જતીન્દ્રનાથ દાસ.'

ખોરાક એ પ્રાણીમાત્રના અસ્તિત્વનો આધાર છે. એની પ્રાપ્તિ માટે દુનિયાભરના જીવો દિવસરાત મથામણ કરી રહ્યા છે. જગતના મોટા વિગ્રહો, યુદ્ધો, ક્રાન્તિઓ અને બળવાઓનું ઉંડું કારણ તપાસીએ તો તે ખોરાક જ છે. સંસારભરના જીવનઆધાર એ જ ખોરાકને સ્વેચ્છાથી છોડી દઇને, ત્રેસઠ ત્રેસઠ દિવસ સુધી ભુખની સતત ને અસહ્ય યાતનાઓ વેઠતો વેઠતો, ૨૫ વર્ષનો એક ઉછરતો નવજુવાન પોતાનો જીવ કાઢી આપે એ જેવુંતેવું વીરત્વ નથી. જગતનું એ કઠોરમાં કઠોર, આકરામાં આકરૂં આત્મસમર્પણ છે.

જગતના પામર જનોને જે મૃત્યુ સદાકાળ મુંઝવ્યા કરે છે તે મૃત્યુના ધામ તરફ એણે ત્રેસઠ ત્રેસઠ દિવસ સુધી, અડગ અને શાંત હૃદયે; હસતે મોઢે ચાલ્યા કર્યું. સ્વજનોની વહાલભરી સમજાવટોથી એ ન ડગ્યો; હજારો વીંછીની વેદના કરતાં યે કપરા ભુખ્યા પેટના અમળાટ એણે તુચ્છ માન્યા; આંખોનું તેજ ગયું, કાનની ચેતના ચાલી ગઈ, આખા શરીરની શક્તિ ઓસરી ગઇ, અંગમાં ફરતું લોહી થીજી જઇને માત્ર હૃદય જ ધીમુંધીમું ધબકતું રહ્યું, એ છતાં એ બધી યાતનાઓને સહી લઇ, બધી લાલચોને ઠોકરે મારી 'મારી જીંદગી કરતાં મારી લડતના સિદ્ધાંતો વધારે કીમતી છે' એવી અડગ વાણી ઉચ્ચારતા એ જુવાન જતીને હસતાં હસતાં આત્મવિસર્જન કર્યું.

એ એવી કઇ લડત હતી, જેમાં લડતાં એ આમ ખતમ થયો? એવો એ ક્યો સિદ્ધાંત હતો જેને માટે તેણે આમ તલતલ કરીને પોતાનું શરીર સમર્પણ કરી દીધું? લાહોર કાવતરા કેસ માટે તેને પકડવામાં આવ્યો હતો. તેના તથા તેના સાથીઓ પર હજી મુકદ્દમો ચાલવાનો હતો, એ હજી

ગુનેહગાર ઠર્યો ન હતો; અને ગુનેહગાર ન ઠરે ત્યાં સુધી એ ગૃહસ્થ હતો. પણ જેલમાં તેમની જોડે ભામટા અને ડાકુઓના કરતાં પણ વધારે બુરૂં અને અપમાનજનક વર્તન ચલાવવામાં આવ્યું. એ અને એના સાથીઓ તો રાજદ્વારી કેદીઓ હતા; છતાં એમના તરફ, ગોરી ચામડીવાળા ચોરડાકુ કરતાં પણ ઉતરતો અને તુચ્છ વર્તાવ રાખવામાં આવતો. ગોરાઓના ખોરાક, ગોરાઓની સગવડો અને ગોરાઓના આરામ માટે બધી જાતની સોઇ સંભાળ હતી,—તેઓ ગંભીર ગુનેહગારો હોવા છતાં; હિંદીઓના હાલ પશુ કરતાં પણ નબેતર હતા,—તેઓ ગૃહસ્થ રાજદ્વારી કેદીઓ હોવા છતાં. આ અસામનતા, અપમાન અને જુલ્મ સામે લાહોરના રાજદ્વારી કેદીઓએ માથું ઉચક્યું, અને વિરોધ દર્શાવવા ઉપવાસ કરવા માંડ્યા. ભગતસિંહ અને દત્ત તેમાં મોખરે હતા. જતીને એમાં સાથ પુર્યો; અને સૌથી પહેલો ખતમ થયો.

ત્રેસઠ ત્રેસઠ દિવસ સુધી એમ નિરાહાર રહેવાની જતીન્દ્રને પ્રેરણા કરનારૂં એ પ્રેરણાતત્ત્વ કયું? જીંદગીની કુરબાની કરવાનો જતીન્દ્રનો નિરધાર અડગ ને અચળ રાખનારી એ શક્તિ કઇ? જતીન્દ્રનું સમગ્ર ચેતનતત્ત્વ તેના આ દેશની ગુલામી જોઇને સળગી રહ્યું હતું: તેના દેશબંધુઓનાં દારિદ્ર ને દીનતા તેનાથી જોયાં જતાં ન હતાં: તેની આંખો સમક્ષ બંદીવાન ભારત અહર્નિશ દેખાતું અને એ વેદના તેને પાગલ બનાવી મુકતી. સાથે સાથે આદર્શપ્રેમી જતીન્દ્રનાં નયનો સમક્ષ સ્વાધીન ભારતની ભાવનાસૃષ્ટિ તરવરતી. જતીન્દ્ર પોતાનાં એ સ્વપ્નોમાં પરદેશીઓની સત્તાથી મુક્ત, સંપૂર્ણપણે સ્વાધીન, સુખી, સમૃદ્ધ, સશક્ત ભાવી ભારત નીરખતો. એ શહીદ અને સ્વપ્નદ્રષ્ટાની ૨૫ વર્ષની ટુંકી જીવનકથામાંથી માત્ર ઓળાઓછાયા જેવા જ પ્રસંગો મળે છે.

બંગાળાના સુપ્રસિદ્ધ મુન્સફ મહેન્દ્રનાથ દાસના પુત્ર બંકિમબિહારી દાસને ત્યાં ઈ. સ. ૧૯૦૪માં, કલકત્તા શ્યામબજારમાં એનો જન્મ થયો. બંગાળમાં સંસ્કારી અને પ્રતિષ્ઠિત ગણાતા કાયસ્થ ખાનદાનમાંથી એ ઉતરી આવેલો છે. કાશીપુરમાં એના વડવાઓની જાગીર હતી; પણ એ જમીન સરકારે બંદુકનું કારખાનું ખોલવા માટે લઇ લીધી, એટલે તેઓ ત્રણ પેઢીથી ભવાનીપુરમાં રહેતા. બંકિમબાબુનો એ સૌથી મોટો પુત્ર હતો. એનું કુટુંબનું હુલામણું નામ 'ખેંદુ' હતું. એના નાનાભાઇ કિરણચંદ્ર કરતાં પણ, એની એક નાની બ્હેન હતી એના પર એને અત્યંત હેત હતું.

નાનપણથી જ એ મક્કમ અને અડગ સ્વભાવનો હતો તેથી તેનાં સગાં ઘણીવાર એને હઠીલો ને બુડથલ માનતાં. પણ કોને ખબર હતી કે એ જક્કીપણું તો જગતભરમાં સમર્થ મનાતી પોલાદી બ્રિટિશ સલ્તનત સામે ઝઝુમવા—અને વિજય મેળવવા સર્જાયું છે?

૧૯૧૪માં એ દસ વર્ષનો થયો ત્યાં પ્રભુએ એની માતાનો



જતીન્દ્રનાથ દાસ

વ્હાલસોયો ખોળો ઝડપી લીધો. નાની બહેનના હેતમાં માની મૂર્તિનું સ્મરણ કરતો નમાયો 'ખેંદુ' બાપની ઓથે ઉછર્યો અને ભણ્યો. ભવાનીપુરના 'મિત્ર ઈન્સ્ટીટયૂશન'માંથી ૧૯૨૦ માં સોળ વર્ષની વયે એણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી ત્યાં સુધીમાં દુનિયાની થોડી લીલીસુકી એણે જોઈ લીધી હતી.

કુમારજીવન પુરૂં કરી યુવાને ઉમરે પગલાં માંડતા સૌ યુવકો, એ કાળે જેમ ભાવનાવિહારી ને સ્વપ્નદ્રષ્ટા હોય છે તેમ જતીન પણ હતો. યુવા આવતી ગઇ તેમ એના મક્કમ સ્વભાવને ભાવનાનો રંગ ચડતો ગયો; અને તેજસ્વી આંખો તથા બીડેલા હોઠવાળો એ શ્યામવર્ણો જુવાન આસુતોષ કૉલેજના પ્રીવિયસ ક્લાસમાં દાખલ થયો ત્યારે એના મુંગા ને મક્કમ સ્વભાવે સહાધ્યાયીઓ પર જુદીજ છાપ પાડી.

'ભારતના ક્રાન્તિકારક ઇતિહાસનું અવલોકન કરતાં જણાશે કે તેમાં દશકે દશકે નવાંનવાં આંદોલનો આવ્યાં જાય છે. હજુ ૧૯૦૮-૯ની સાલના બૉંબ અને રિવૉલ્વરના પ્રતિધ્વનિ લુપ્ત થયા નહોતા, 'વંદેમાતરમ્'ના ગગનભેદી નિનાદના પડઘા વાતાવરણમાં શમ્યા ન હતા ત્યાં 'અસહકાર'નું આગમન થયું. 'વંદેમાતરમ્' 'યુગાંતર' અને 'નવશક્તિ'નાં તેજાબ જેવાં લખાણો લોકો હજી ભુલ્યા ન હતા ત્યાં 'યંગ-ઇન્ડિયા' અને 'નવજીવન' જુવાનો આગળ ખડાં થયાં. પીઢ ગણાતાં માબાપ ચોરીછુપીથી હજી ખુદીરામ બોઝ,

બારીંદ્ર ઘોષ, ઉપેન્દ્ર, કનાઇ દત્ત અને જતીન્દ્ર મુકરજીની જ્વલંત દેશભક્તિની વાતો પોતાનાં બાળકોને કહી સંભળાવતાં હતાં, હજી અરવિંદ, લાજપત અને તિલકની ગર્જનાઓથી વાતાવરણ ભર્યુંભર્યું હતું ત્યાં ગાંધીનું નામ તેમના કાને અથડાવા લાગ્યું. એ નામે, એ વ્યક્તિએ, એ વ્યક્તિની પાછળ રહેલી આદર્શાગ્રિયતાએ જુવાનોને આકર્ષ્યા અને દેશને માટે ખડા કરી દીધા. જતીન જેવો જુવાન એની પાછળ આકર્ષાયા વિના કેમ રહે!'

૧૯૧૯નો એપ્રિલ આવ્યો. પોતાની ચોમેર દેશનું અશાન્તિથી ઉકળતું વાતાવરણ તેણે જોયું: રોલૅટ ઍક્ટની ગુલામી જંજીરો પોતાના દીન દેશ પર જકડાવાના પ્રયત્નો તેણે જોયા; જલિયાંવાલાનો હત્યાકાંડ જોયો; બળજબરીથી પેટે ચલાવનારી પરદેશી જોહુકમીધૂંસરી જોઈ; અને તેનો આત્મા નોકરશાહી સામેના પુણ્યપ્રકોપથી ભભુકી ઉઠ્યો. એણે જોઈ લીધું કે દેશમાં સ્વમાન અને સુખ સાથે ન રહી શકે. સત્તર વર્ષની કાચી વયે એણે સુખ અને ઐશ્વર્યની ભાવનાને જીવનમાંથી સદાનો દેશવટો દેવાનો સંકલ્પ કરી લીધો અને ૧૯૨૧માં ઉછળી રહેલા અસહકારના પ્રચંડ પુરમાં ઝંપલાવ્યું.

પિતા બંકીમબાબુને પુત્રની આ ઘેલછા ન ગમી. અસહકારના ઉભરામાં ભવિષ્યની 'કરીઅર'નો વિચાર કર્યા વિના અવિચારી છોકરો આમ કૉલેજ છોડી દેશને માટે ભટકતો થઈ જાય એ તેમને ન ગમ્યું. પિતા અતિ કડક હતા. કડક પિતાના પુત્ર જતીન્દ્ર પણ ઓછો કડક નહોતો. બાપદીકરાને વિરોધ થયો; બાપે દીકરાને ઘરમાંથી રજા આપી દીધી. દીકરો પહેર્યે લુગડે ઘરની બહાર નીકળી ગયો.

એ પછીનું છેલ્લાં આઠ વર્ષનું એનું જીવન કઠોર તપશ્ચર્યાના કાવ્ય સરખું છે. એના જીવનમાં જબ્બર પલટો આવી ગયો. દેશને નામે ગરીબી લઈ એ અટૂલો યુવાન સંસારમાં ફરતો. પેટમાં રોજ શેર ધાન નાખવાની ચિંતા ઉભી થઇ. પણ એની ભાવના જેટલી તેજસ્વી હતી તેટલી જ એની સંકલ્પશક્તિ પ્રબળ હતી, એની તમન્ના અદમ્ય હતી. ઘર છોડી એણે કૉંગ્રેસ કમિટીનો આશ્રય શોધ્યો. જે મક્કમતા લાહોરની જેલમાં દાખવી એણે પોતાનો પ્રાણ કાઢી આપ્યો એ જ મક્કમતાથી એણે જીવનયાત્રા શરૂ કરી

અસહકારની ભરતીનો જુવાળ ચડ્યો જતો હતો. કૉંગ્રેસ કમિટિનું કારકુની કામકાજ, સ્વયંસેવકનું કઠોર જીવન, સભાઓ સરઘસો અને પૈસાની ઉઘરાણીઓની દિવસરાતની અથાક જહેમત, એ બધું એણે ધમધમાટ ખેડ્યે રાખ્યું એમાંથી યે વખત કાઢી એ એક સ્થળે ટ્યુશન આપતો અને તેમાંથી મળતા ૧૦ રૂપિયા પર ગુજરાન નભાવી લેતો;—અરે, એમાંથી પણ કોઇ વાર રકમ બચાવી કૉંગ્રેસના કામકાજમાં ખર્ચી નાખતો. કેટલી યે વાર રાત્રે મુઠ્ઠી પૌંઆ કે આડો ઓળો ભાત ખાઈ પડ્યો રહેતો મોડી રાત્રે, સૌ કામકાજથી પરવારી શમ્યા જાય ત્યારે, કૉંગ્રેસ કમિટીની અંધારી, ગંદી અને મચ્છરના ઉપદ્રવ વાળી ઑફિસ એ તેનું શયનગૃહ બનતું.

છતાં એનું આ જીવન ઉત્સાહની ભરતીથી સદા ઉછળતું રહેતું એની ભાવનાભક્તિ અને મક્કમતાથી મિત્રો આશ્ચર્યમુગ્ધ બની રહેતા. એક વખતે તેમણે જતીનની હીંમતની કસોટી કરેલી એ પ્રસંગ જાણવા જેવો છે.

કોઈ ગોરા અમલદારે એક રાત્રે એક બંગાળી સન્નારી હેમનલિનિ ઘોષ ઉપર સોટી વડે હુમલો કર્યો. કૉંગ્રેસના કોઇ સ્વયંસેવકે એના હાથમાંની સોટી ખુંચવી લીધી. એ સોટી તે જ અમલદારને પાછી સોંપવી અને તેની શરમનું તેને ભાન કરાવવું એવું બધાએ નક્કી કર્યું. જતીનના મિત્રોએ વિચાર્યું કે તે ઘણીવાર મોટીમોટી વાતો કરે છે માટે તેને જ કસી જોવો. જતીન તો તૈયાર જ હતો. સોટી લઇને તે એલીસિયમ રોમાં આવેલી એ અમલદાર મિ. કિડની ઑફિસમાં ગયો ને ખબર કરી કે 'તમારા મુબારક હાથમાંથી ઝુંટવી લેવાગાં આવેલી સોટી પાછી આપવા હું આવ્યો છું.' મિ કિડે શરમના માર્યા મુલાકાત તો ન આપી પણ આટલી મહેનત લેવા માટે આભાર કહેવડાવ્યો.'

આ જ અરસામાં ઉત્તર બંગાળમાં જળપ્રલય થયો. અસંખ્ય ગામડાં તણાઇ ગયાં અને લોકો નિરાધાર થઇ ગયા. જતીન્દ્ર તરત એ અનાથોની વહારે દોડ્યો. પતીસરના કેન્દ્રમાં એણે જાતે આકરી મહેનત ઉઠાવીને સંકટગ્રસ્તોને રાહત આપી. રાતના દિવસ કરીકરીને એણે બન્યા તેટલા ગરીબોને આફતમાંથી ઉગારી લીધા. ત્યાંથી એ પાછો ફર્યો ત્યાં અહીં સવિનય ભંગની લડત તૈયાર જ ઉભી હતી. એ લડતના સિપાઇ તરીકે તે પકડાયો ને તેને ચાર દિવસની સરકારી મહેમાની મળી.

૧૯૨૧ના આખરના તે દિવસથી એના જીવનમાં કેદખાનાની શરૂઆત થઇ તે હમણાં ૧૯૨૯માં એણે લાહોરની બોર્સ્ટલ જેલમાં પ્રાણાર્પણ કર્યું ત્યાં સુધી. પકડાપકડીની, જેલજીવનની, કેદખાનાનાં રીબામણોની એ આખી પરંપરા એના જીવનનો આકરામાં આકરો ને ઉજળામાં ઉજળો કાળ છે.

ચાર દિવસ જેલ ભોગવી છૂટ્યો ત્યાં તો ફરી સરકારે એ 'દેશભક્ત'ને યાદ કર્યો અને ફરી સવિનય ભંગ માટે એને એક માસની જેલ મળી. આમ ૧૭ વર્ષની ઉગતી વયે એણે સરકારી જેલની ઠીકઠીક પિછાન કરી લીધી.

સાથેસાથે સરકારી પોથીમાં એનું નામ પણ ઘુંટાતું જતું હતું ૧૯૨૨માં પરદેશી કાપડ પર ચોકી કરવાની પ્રવૃતિ ચાલી. સરકારે જતીનને એને મોખરેથી પકડી જેલમાં પુર્યો જેલની મુદત અને શિક્ષાના પ્રમાણમાં પણ હવે સરકારે વધારો કરવા માંડ્યો. એને છ માસની સખત જેલની સજા થઇ.

અને એ ખરેખર સખત જેલ હતી. એ છ મહીનાની ચક્કીએ એના શરીરનાં હીર અને લોહી બાળી નાખ્યાં. બહાર નીકળ્યો ત્યારે માત્ર હાડકાં ને ચામડાંનું માળખું જ એ રહ્યા

હતો. દોઢ માસ સુધી તો એને હૉસ્પિટાલમાં રહેવું પડ્યું.

પિતાએ પુત્રની આ દશા જોઈ અને એમના અંતરમાં વાત્સલ્ય ઉભરાયું. દીકરાને સમજાવી ફરી ઘેર લઇ ગયા. અસહકારનો જુવાળ શમતો જતો હતો, તાત્કાલિક કામની ભીડ ઓછી થઇ હતી, એટલે જતીને ફરી કૉલેજમાં વિદ્યાભ્યાસ શરૂ કર્યો અને 'યૂનિવર્સિટિ' ટ્રેઇનિંગ કોર'માં જોડાઇને લશ્કરી તાલીમ લેવાની શરૂઆત કરી. એણે ઇન્ટર પાસ કરી અને બંગવાસી કૉલેજમા બી. એ.ના વર્ગમાં દાખલ થયો.

પણ બેઠા જ્વાળામુખી જેવું એનું અંતર દેશદાઝના ભારેલા અગ્નિથી અંદર હજી ધીકતું હતું. ચોમેર પરાધીનતાની આંધી ઘેરાતી હોય ત્યાં એને ચેનથી કૉલેજનાં ચોપડાં ફેરવવાં કેમ ગમે? એણે કૉલેજ સિવાયનો બાકીનો સમય ગાળવા માટે 'દક્ષિણ કલકત્તા તરુણ સમિતિ'ની સ્થાપના કરી. દીનદુ:ખીની સેવા કરવી, નિરાશ્રિતોને સહાય આપવી અને નિરાધારોની વિટંબણાઓ ફેડવી એ તેના ઉદ્દેશો હતા. સમિતિના સભ્યો દર રવિવારે શહેરના જુદાજુદા લત્તાઓમાં ઘેરઘેર ભમી ભિક્ષા માગતા, અને તેમાંથી કામ ચાલતું. ઉપરાંત એક પુસ્તકાલય અને મરદાની રમતોનો અખાડો પણ સમિતિ ચલાવતી.

આ કાર્યથી જતીન સારી પેઠે લોકપ્રિય થયો. કલકત્તાના મહાસભાના કાર્યકરો પર સારા સેવક તરીકે તેની છાપ પડી; અને જે સંસ્થામાં મુઠી પોંઆ ખાઈ પડી રહી એણે દેશના સિપાઈ તરીકે જીવન શરૂ કર્યું હતું તે જ સંસ્થા—'દક્ષિણ કલકત્તા કૉંગ્રેસ કમિટી'—ના ઉપમંત્રી તરીકે તે ચુંટાયો.

અસહકાર શમી ગયો છે, દેશના ઉત્સાહમાં ઓટ આવ્યો છે એ જોઇ સરકારે હળવે રહીને પોતાનો પંજો ઉઠાવ્યો, અને દેશને ફરી ચકડોળે ચડાવે એવા ચીનગારી જેવા જુવાનોને વીણીવીણીને તેણે જેર કરવા માંડ્યા. 'બંગાળ ઑર્ડીનન્સ' નામના એક જુના કાયદાને ફરી ધાર ચડાવી તેણે બંગાળાના જુવાનો અને દેશભક્તોના ભોગ લેવા માંડ્યો. સરકારને ચોપડે ઘુંટાએલો જતીન તો એમાં હોય જ.

૧૯૨૫ના નવેમ્બરની ૨૪મી તારીખની મધરાત જામી હતી. જતીનના ઘરનાં બારણાં પોલિસે ખટખટાવ્યાં અને તેને પરહેજ કર્યો. દેશમાં કાયદો અને શાંતિ જાળવવાની ફરજ બજાવનારી પરોપકારી સરકારે તેને ત્રણ વરસની જેલ ઠોકી.

'જતીનને પહેલાં કલકત્તાની 'પ્રેસિડેન્સી જેલ'માં રાખવામાં આવ્યો. પછી એને મીદનાપુરની 'સેન્ટ્રલ જેલ'માં લઇ ગયા. એ સમય કાળા ઉનાળાનો, મે મહીનાનો હતો. કલકત્તાથી મીદનાપુર જતાં સખત ગરમીથી તેને લૂ લાગી ગઇ. સૌને લાગ્યું કે હવે જતીન મરી જશે. પરંતુ એના મિત્રો વખતસર જઇ પહોંચ્યા ને તેમની મદદથી જતીન એ ભયંકર માંદગીમાંથી બચી ગયો.

પણ મીદનાપુરની જેલમા પણ સરકાર તેને વધુ વખત રાખી શકી નહિ. કલકત્તાના સી. આઇ. ડી. ખાતાના સ્પેશ્યલ પોલિસ સુપરિંટેન્ડન્ટનું એ જેલમાં ખુન થયું, એટલે અધિકારીઓને લાગ્યું કે આમાં ક્રાંતિકારી પક્ષનો હાથ હશે. એટલે પાછા રાજકીય કેદીઓને એક ઠેકાણેથી બીજે ઠેકાણે પલટાવવામાં આવ્યા. જતીનને પણ, તે માંદો હોવા છતાં ત્યાંથી ઉઠાવીને ઢાકાની અને ફરી ત્યાંથી મૈમનસીંગની સેન્ટ્રલ જેલમાં લઇ જવામાં આવ્યો. અહીં એના ઉપર અનેક તરેહના જુલ્મો ગુજારવામાં આવ્યા. એની સાથે અતિ હલકાઈભર્યું અને અપમાનજનક વર્તન ચલાવવામાં આવ્યું. એને ખરાબમાં ખરાબ ખોરાક, ગંદામાં ગંદુ પાણી ને હવાઅજવાળા વિનાની ઓરડી આપવામાં આવ્યાં.

જતીનથી એ ન સહાયું. ને મરણિયો થયો. એક દિવસ જેલ સુપરિન્ટેન્ડન્ટ કર્નલ ઓબ્રાયન તપાસ કરવા આવ્યો ત્યારે જતીને પોતાની બધી ફરિયાદો રજુ કરી. પરંતુ તેણે તો સત્તાના જોરમાં ખુબ અપમાનભરી ગલીચ ભાષા વાપરી. જતીન પોતાની જાતને કાબુમાં રાખી શક્યો નહિ. અને આગળપાછળનો વિચાર ન કરતાં તે વાઘની પેઠે કર્નલ ઓબ્રાયન ઉપર કુદી પડ્યો. પણ એનું પરિણામ? કેદી જતીનને બેહાલ રીતે ખુબ મારવામાં આવ્યો. વધારામાં સુપરિન્ટેન્ડન્ટે 'ખુની હુમલો કરવાનો' અને 'ખરાબ વર્તણુક'નો જતીનના ઉપર આરોપ મુકીને મુકદ્દમો માંડ્યો. આમ અવળો દંડ દેવાતો જોઇને જતીને જેલની ખરાબ વર્તણુક સામે પોકાર કર્યો અને અપવાસ કરવા માંડ્યા. ૨૩ દિવસ સુધી એણે અપવાસ કર્યા. છેવટે બંગાળ સરકારે વચ્ચે પડીને એ અટકાવ્યા. જતીનની ફરિયાદો દૂર કરી. જેલ સુપરિન્ટેન્ડન્ટે જતીનની માફી માગી.

સરકારે જતીનને પાછો મૈમનસિંગ સેન્ટ્રલ જેલમાંથી ઉચકીને પંજાબના એક ખુણામાં મિયાનવલીની જેલમાં મુક્યો. અહીં તો કેદીઓ પર ભયંકર સીતમ ગુજારવામાં આવતો. શિયાળાના છેલ્લા દિવસ તો રાજકીય કેદીઓએ જેમતેમ કરીને કાઢ્યા, પરંતુ જ્યારે ઉનાળો આવ્યો ત્યારે તેમની સ્થિતિ ઘણી દયાજનક થઈ પડી. પંજાબમાં અતિ ગરમી પડે છે. આ રાજદ્વારી કેદીઓની ઓરડીને નહોતી બારીઓ કે નહોતાં બારણાં. એમાં જીવ બફાઈ જાય એટલો સખ્ત બફારો થતો. આથી ત્રાસીને બધા રાજકીય કેદીઓ અપવાસ શરૂ કરવાના વિચારમાં હતા, એટલામાં પાછા સૌને કલકત્તા લઈ જવા માટે ઉઠાવ્યા.

જતીન મિયાનવલી જેલમાં હતો ત્યારે તેની પ્રિય નાની બહેન કલકત્તામાં ગંભીર માંદગીને બિછાને હતી. જતીને જેલના અધિકારીઓને તેની મુલાકાત લેવા દેવા માટે ઘણા વિનવેલા. પરંતુ તેને પરવાનગી નહિ આપેલી. પછી તેને કલકત્તામાં લાવ્યા બાદ પોલિસના સખ્ત પહેરા નીચે તેની બહેન પાસે થોડાક દિવસ રહેવાની પરવાનગી મળી. પણ આ પરવાનગી આપ્યા પછી, સરકારને કોણ જાણે બીક લાગી કે કેમ, પણ

એકાએક તેને પાછો કલકત્તાથી ઉઠાવીને ચિત્તાગોંગના એકાંત ગામડામાં લઇ જવામાં આવ્યો. જતીન ગયા પછી થોડા દિવસે તેની બહેન મૃત્યુ પામી. આ એના જીવનનો મોટામાં મોટો આઘાત હતો.

આખરે ૧૯૨૮ના સપ્ટેમ્બરની ૨૯મી તારીખે જતીન છુટ્યો. એનો એ જતીન—દેશની મુક્તિને માટે જાનફેસાની કરવા તલસતો જતીન બહાર આવ્યો. તેણે ફરીવાર તેનું દેશસેવાનું કામ બરાબર જોસથી ઉપાડયું. તેની હમેશની એકાગ્રતાપૂર્વક તે મહાસભાના કાર્યમાં લાગી ગયો. ઉપરાંત દક્ષિણ કલકત્તાની રાષ્ટ્રીય શાળામાં એ કવાયત શીખવતો અને ફુરસદના વખતમાં દુનિયાની ક્રાંતિઓના ઇતિહાસનાં અને રાજકારણનાં પુસ્તકોનો અભ્યાસ કરતો. બંગાળમાંથી કવાયતી સ્વયંસેવકોનું એક જબ્બર સૈન્ય ઉભું કરવાનો એનો મનોરથ હતો. પાઇની પણ પેદાશ વિના એ આ રંજ ખેંચતો. જોકે પૈસાની એને હજુ એવી જ તંગી હતી, અને ઘણી વાર રાત્રે ખોરાક વિના જ સુઇ રહેવું પડતું.

ગયે વરસે કલકત્તાની માહાસભામાં તેણે એવા એક સુસંગઠિત સ્વયંસેવકસંઘની સરદારી લઇને પોતાના નબળા શરીરે પણ ભારે સેવા કરી. મહાસભા ઉકલી ગઈ અને તેણે ફરી કૉલેજમાં જવાનું આરંભ્યું. પણ બીજી બાજુ 'હિંદ સ્વાતંત્ર્યસંઘ' અને 'યુવકસંઘ'ની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે રાજદ્વારી કાર્ય તો જારી જ રાખ્યું.

ગયા જુનમાં લાહોર કાવતરા કેસના ગુનેહગારોની શોધમાં હિંદની સરકારે પ્રાંતેપ્રાંતમાં ધરપકડો કરી. ઠેઠ બંગાળ સુધી સરકારને એ કાવતરાની શાખાઓની ગંધ આવી. જતીન્દ્રનું નામ તો સરકારી પોથી પર ઘેરા અક્ષરે છુંદાએલું હતું. જુનની ૧૪મી તારીખે તેને આરોપી તરીકે પકડવામાં આવ્યો.

જે આરોપસર તેને પકડવામાં આવ્યો તે સાચો છે કે નહિ તે તો કોણ કહી શકે? પણ એક વાત તો ચોક્કસ છે. હિંદી જુવાનના દિલમાં આજના આ પરદેશી તંત્ર સામે કેવો રોષ સળગી રહ્યો છે, પરદેશીઓની પરાધીનતાની બેડીઓ તોડી નાખવા તેઓ કેટલે સુધી કુરબાની કરવા તૈયાર છે એ જતીને અને તેના જોડીદારોએ બરાબર બતાવી આપ્યું છે. લાહોરની જેલના તેમના ઉપવાસોનો ઇતિહાસ એ હિંદની રાજક્રાન્તિના ઇતિહાસનું એક ઉજ્જ્વલ પ્રકરણ બનશે.

એ ઉપવાસોના કારણ અને વિગત આપણે શરૂઆતમાં જાણી ગયા છીએ. જુલાઈની ૧૩મી તારીખે, ભગતસિંહ-દત્તના સાથમાં જતીને ઉપવાસ શરૂ કર્યા. જતીન તથા તેના સાથીઓના એ વીરત્વની કથા દેશભરમાં ફેલાઈ ગઇ. બીજી પાસ સરકાર તરફથી તેમને ફરજિયાત ખવડાવવાના પ્રયત્નો થવા માંડ્યા. જતીન અને તેના સાથીઓએ તેનો ઉગ્ર વિરોધ કરવા છતાં સરકારી સિપાઇઓએ બળજબરીથી તેમના નાક વાટે ખોરાક રેડવા માંડ્યો. કેદીઓના શરીર પર આની અત્યંત ખરાબ અસર થઈ. તેમનાં મૃત્યુ નજીક આવવા લાગ્યાં. છતાં તેમનો સામનો અડગ રહ્યો.

ઑગસ્ટની આખરમાં સમાચાર ફેલાયા કે જતીનની હાલત અતિશય ચિંતાભરી છે. દેશ આખામાં ખળભળાટ મચી રહ્યો અને સરકારે આ કેદીઓની ફરિયાદોની તપાસ કરવા તપાસસમિતિ નીમી. સમિતિએ જતીનની ગંભીર હાલત જોઇ તેને બીનશરતે છોડી મુકવાની સરકારને ભલામણ કરવાનું જણાવ્યું અને કેદીઓને ઉપવાસ છોડવા સમજાવ્યા. ભગતસિંહ વગેરે એ શરતે અપવાસ છોડવા કબુલ થયા. પણ સરકારે એ તપાસસમિતિની ભલામણ ન સ્વીકારી. તેને મન તો જતીન હજી ભયંકર હતો. એની અંતકાળની માંદગીમાં પણ એને છોડતાં સરકારને ભય લાગ્યો. જીવનની છેલ્લી પળો ગણતા, લોહીની ઉલટીઓ કરતા એ જતીનના છિન્નભિન્ન થઇ ગએલા હાડપીંજર સરખા દેહને મુક્ત કરવા માટે સરકારે દસ હજાર રૂપિયાના જામીન માગ્યા! સ્વમાન અને સ્વાતંત્ર્યની લડત માટે પ્રાણ આપવા તૈયાર થએલો એ વીર જુવાન આવી અપમાનભરી રીતે છુટવાનું કેમ સાંખે? એણે સાફ ના પાડી. જણાવ્યું કે મને એ શરતે બળજબરીથી બહાર કાઢવાનો પ્રયત્ન કરશો તો મારો પ્રાણ કાઢી નાખીશ; પણ જીવતો બહાર નહિ નીકળું.

ઉપવાસ ચાલુ રહ્યા. હૃદયના ધીમા ધબકારા સિવાય આખું શરીર ખોટું પડી ગયું હતું. એણે હિંદીઓના સ્વમાનને નામે જીવનની કુરબાની કરવાનો નિરધાર અંતે બરાબર પાર ઉતાર્યો. ગઇ તા. ૧૩મી સપ્ટેમ્બર ને શુક્રવારે મધ્યાહ્ને લાહોરની બોર્સ્ટલ જેલમાં તેનો આત્મા તેના જડ દેહમાંથી ઉડી ગયો. દુનિયાના શહીદો જે માર્ગે ગયા છે તે અમર કીર્તિને માર્ગે શહીદોનો આ શિરોમણી જતીન—આપભોગની, વીરતાની, દેશદાઝની, મક્કમ નિરધારની, શહીદીની જ્વલંત પ્રતિમા સમો જતીન ચાલી નીકળ્યો.

પળવારમાં તેના દેહત્યાગના સમાચાર લાહોરની ગલીએ ગલીએ પ્રસરી ગયા. આંખમાં આંસુ, હૃદયમાં વ્યથા અને મસ્તકમાં ઝનુનની આગથી સળગતો માનવોનો મહાસાગર, છોળો ઉછાળતો પોતાના વહાલા જતીનનું મુખ જોવા ગાંડાની માફક ધસવા લાગ્યો. 'મારી સ્મશાનવિધિ બંગાળી રિવાજ પ્રમાણે ન જ કરતા. હું કેવળ બંગાળી નથી; હું તો 'હિંદી' છું.' એ એના છેલ્લા શબ્દો પંજાબી જુવાનોનાં કાળજાં સોંસરા ઉતરી ગયા. ખુલ્લે માથે અને ઉઘાડે પગે, ચિત્કાર કરતો માનવસમૂહ, શહેરથી દૂર આવેલી બોર્સ્ટલ જેલ તરફ ઉભરાવા લાગ્યો.

જે અપૂર્વ માનવમેદની અને ભાવની ભરતી વચ્ચે એના શબને લાહોરની શેરીઓમાં ફેરવી કલકત્તા લઇ જવા માટે ટ્રેનમાં મુકવામાં આવ્યું, જે અદ્વિતીય લોકસમૂહે પ્રેમ અને માનની લાગણીથી કલકત્તામાં એના દેહને અગ્નિસંસ્કાર કર્યો

તેવાં પ્રેમ, માન અને ભાવભરી લાગણીની અંજલિ એટલા માનવસમૂહે જવલ્લેજ હિંદમાં કોઇને આપી હશે. એના અગ્નિસંસ્કાર વેળા એના પિતા બંકિમબિહારી દાસનો નીચલો સંદેશ વાંચી સંભળાવવામાં આવ્યો હતો: 'આપણા વડવા—હિંદુ ને મુસલમાન બંને—એ નવાબનું લૂણ ખાઈ, તેને છેતરીને બંગાળ તેમ જ આખું ભારત પરદેશીઓના હાથમાં સોંપવાનું જે પાપ કર્યું છે તેના પ્રાયશ્ચિત્ત રૂપે મારા વહાલા 'ખૅદુ'ને, હે પ્રભુ! તારાં ચરણમાં સમર્પી આંસુની સ્મૃત્યાંજલિ અર્પું છું. તેના પવિત્ર આત્મભોગથી હિંદ હવે જાગૃત થશે.'

૧૯૦૪માં એ શરીર જન્મ્યું ત્યારે એને કોઇ ઓળખતું ન હતું; આજ પચીસ વર્ષ પછી એ શરીરના આત્માને આખો ભારત વંદી રહ્યો છે. પચીસ વર્ષ પહેલાં એને કોઇ પિછાનતું ન હતું, આજ એના આત્માની આખા જગતને પિછાન થઇ છે. જગતના અમર શહીદોની નામાવલિમાં એનું નામ આજ અને અનંતતાને માટે નોંધાયું છે અને એની પુણ્ય સ્મૃતિની આસપાસ સંતની કીર્તિનું પ્રભામંડળ રચાયું છે.

એ કાંઈ આકસ્મિક આત્મઘાત નહોતો, પણ મૃત્યુને સ્વેચ્છાએ નોતરીને, અજોડ મરદાની અને અતુલ મનોનિગ્રહથી તેના ધીમા ભયકર આગમનની રાહ જોવામાં જીંદગીની ભીષણ પળેપળ કાપવાની દુર્ઘટ તપશ્ચર્યા હતી. વીરોના પણ વીરને વિસરાવે એવી એ વીરતા હતી; સંસારભરના શહીદોની કુરબાનીથી યે કપરૂં એ આત્મસમર્પણ હતું.

એવું આત્મસમર્પણ મૅકસ્વીનીએ આયર્લંડમાં કર્યું હતું; જતીને હિંદમાં કર્યું. મેકસ્વીનીની કુરબાની શું વ્યર્થ હતી? જુઓ આજે સ્વતંત્ર ને સ્વાધીન આયર્લંડ જગતમાં ઉંચી ડોકે ઉભું છે. જતીનનું બલિદાન શું વ્યર્થ છે? જુઓ આજે હિંદના એક છેડાથી બીજે છેડો એણે પ્રગટાવેલી જ્વાલાથી સળગી રહ્યો છે.

એ કાંઇ નજીવો અકસ્માત નથી. બંગાળનો એક અજાણ્યો જુવાન પંજાબના કારાગારમાં અન્નજળ ત્યાગી આત્મસમર્પણ કરે અને એના એ બલિદાનને આખો ભારત વંદન અર્પે એ માત્ર આકસ્મિક બનાવ નથી. એનો સ્મૃતિદિન એ શોકદિન નહિ પણ રાષ્ટ્રજાગૃતિનો દિવસ છે. પોતાની કુરબાનીથી એણે દેશનાં પુત્ર-પુત્રીઓમાં નવી ચેતના અને તાજા અણનમ પ્રયત્નની કદિ ન બુઝે એવી આગ પ્રગટાવી છે. એ શહીદના લોહીથી ભાવિ સ્વાતંત્ર્યમંદિરનો પાયો સીંચાયો છે, જેમાં પ્રજા માતાની મૂર્તિની પુણ્ય પ્રતિષ્ઠા કરશે.

એવા વીરોના વીરને આવા નિર્જીવ કાગળ ઉપર અંજલિ અને વંદના અર્પવી એ સહેલું છે. સાચું તો છે કે એણે પ્રગટાવેલા આત્મભોગના માર્ગે સંચરવું. એના એ તેજસ્વી આત્માની ચેતનાનો અંશભાર પણ આપણ સૌ—એના કોટિકોટિ દેશબાન્ધવોમાં ઉતરી એ માર્ગે પ્રેરો એવી અંતરની પ્રાર્થના છે.

[જુદાંજુદાં અખબારો ઉપરથી તારવીને]

## વિસરાતી સ્મૃતિ

[સ્વ. પ્રો. ત્રિભુવનદાસ પીતાંબરદાસ ત્રિવેદીનો પ્રથમ પરિચય આજથી વર્ષો પહેલાં ભાવનગર સામળદાસ કૉલેજમાં ફેલો તરીકે ટી. પી. ત્રિવેદીના ટુંકા નામથી થએલો; એ વખતે વિદ્યાર્થીઓ તેમની ગણિત પરની પ્રભુતા માટે તેમના તરફ



સ્વ. પ્રો. ત્રિભુવનદાસ પિતાંબરદાસ ત્રિવેદી

અતિ માન અને આશ્ચર્યથી જોતા. પણ તેમણે કદિ ગુરુપદ પોતામાં આવવા દીધું નહોતું. તે પ્રોફેસર બન્યા તોપણ સૌના મિત્ર રહ્યા. વર્ષોથી જેવા મારા મિત્ર બન્યા હતા, તેવા બધાને પણ એ જ રૂપે દેખાયા અને સૌને મીઠાશ પાઇ. હમણાં જ તે અકાળે ગુજરાતમાં ખોટ પાડતા ગયા છે એ વાતની ગ્લાનિ સહજ દૂર થાય એમ નથી. નીચેનો લેખ એ બાબતની સંપૂર્ણ પ્રતીતિ કરાવે છે. —તંત્રી]

'કાળો કોટ, ખાખી પાટલુન અને સાદી સ્વદેશી બૅંગ્લોર ટોપીમાં હમેશાં કૉલેજની પરસાળમાંથી પસાર થતા પ્રો. ત્રિવેદીનું હસતું મોં તા. ૪ થી મે ૧૯૨૯થી હવે દેખાતું બંધ થયું છે. એ પ્રેરક અને નિર્દોષ ચહેરો જોતા ત્યારે અમારૂં હૈયું કેવું નાચી ઉઠતું એ હવે સાંભરે છે. અને ત્યારે તેઓ માત્ર હસતા જ. આજે અમે તેમના એ હાસ્યને માત્ર એક જ વાર જોવાને તલપી રહ્યા છીએ, પરંતુ એ આશા હવે મિથ્યા છે. સિંધ કૉલેજના ગુજરાતી વિદ્યાર્થીઓ એમના વિના આજ નિરાધાર જેવા છે.

અને જેમજેમ સંભારીએ છીએ તેમતેમ લાગે છે કે અમે પણ કેટલા નગુણા! જેણે સિંધ કૉલેજના ગુજરાતી વિદ્યાર્થીઓ માટે પોતાના પ્રાણ પાથર્યા, જેણે એક, બે ને ત્રણ જેટલી

સંખ્યામાંથી વર્ષોની સતત મહેનતને અંતે ચિત્રવિચિત્ર સભ્યો વાળું ગુજરાતી મંડળ ઉભું કર્યું. તેમની કદર કરવાની તેમના જીવતાં તો અમને વૃતિ થઇ જ નહિ. એ તરણા પાછળ રહેલા ડુંગરને અમે ઓળખી ન શક્યા. તેમને ઓળખવાનો પ્રયત્ન સુદ્ધાં ન કર્યો એટલું જ નહિ, બલ્કે કેટલીકવાર તેમની રીત-ભાતની તથા સાદાઈની અમે હાંસીભરી નકલો કરતા! એ મૂર્ખાઇ પર આજે તિરસ્કાર આવે છે. યૂનિવર્સિટીનો ગણિતનો વિષય ન હોત તો કદાચ અમે તેમને તેમના મરણ પછી પણ ભાગ્યે જ ઓળખી શક્યા હોત. ગયે જ વખતે જ્યારે 'ઍક્ટિવિટિ ઇલેક્શન્સ' માટે ઉભા થએલા બધા જ ગુજરાતી વિદ્યાર્થીઓ ચુંટાયા, ત્યારે જ અમને, અમારામાં તેમણે મુકેલી ગુપ્ત શક્તિની પ્રતીતિ થઇ. આ બધું કબુલતાં આજે શરમ થાય છે, પશ્ચાત્તાપ થાય છે. હવે તો માત્ર એટલી આશા છે કે તેઓ ઉપરથી અમને માફી આપે.

ઇસુ જેવી તેમની નમ્રતા આજે અમને સાંભરે છે. કેટલા તેઓ નમ્ર! શા માટે તેઓ એવા નમ્ર થયા? લાગે છે કે તેમની એ નમ્રતા જ આજે તેમના મૃત્યુના કારણરૂપ બની. સાંભળ્યું છે કે તેમના પિતા તેમનાથી ય વધારે નમ્ર હતા; અને સાચુંછે કે તેમના પુત્રમાં હજી યે એ જ નમ્રતા ભરી છે.

બાળપણથી જ તેઓ એવા શાંત હતા. નિશાળેથી ઘેર, અને ઘેરથી નિશાળે. બાકીનો બધો વખત પોતે ભલા અને પોતાનાં પુસ્તકો ભલાં. પુસ્તકોનો તો કેટલો બધો શોખ! તે કહેતા કે રાત્રે પણ તેમને પુસ્તકો વસાવવાનાં સ્વપ્નાં આવતાં. નાના હતા ત્યારે ઘેર આવ્યુંગયું કોઈ કાંઈ હાથમાં મુકી જાય તે ભેગું કરી તેમાંથી તેઓ પુસ્તકો જ ખરીદતા. મોટી વયે વિદ્યાર્થી અવસ્થામાં પુસ્તકો ખરીદવા સારૂ તેમણે નિભાવખર્ચમાં અજબ કરકસર કરી હતી તે વાત તેમને મોઢેથી સાંભળી છે. અને કમાતા થયા પાછી પણ પૈસો ચોપડીઓ ખરીદવામાં વાપરવો એ જ એમનો એશઆરામ! તેમનું ઘર તો જ્ઞાનપિપાસુને મન યાત્રાસ્થાન જેવું હતું. અહીંની મોટીમોટી લાયબ્રેરીઓ આજે તેમના અવસાનથી જાણે પિતૃહીન થઇ બેઠી છે.

કહેતાં શરમ થાય છે કે આજ જેમ અમે બધા ફક્કડ કૉલેજિયનો છીએ તેવા તેઓ ન હતા. તેઓ મૂળથી જ ગરીબ, અને ગરીબો ભણે છે તેમ જ તલતલ કરીને ભણ્યા. અને છતાં, અભ્યાસમાં કદિ પહોંચી ન જવાય તેવા. અમે સેવીએ છીએ તેમ વિલાયત જવાનાં સ્વપ્ના તેમણે કદિ સેવ્યાં ન હતાં; પણ છતાં અહીં જ મહેનત કરીને ગણિતના વિષયમાં 'કૉમ્પ્લેક્સ વેરીએબલ્સ' અને 'ઇન્ફિનિટી' ઉપરનાં લખાણો તેમણે વિલાયતી ડીગ્રી લીધા વગર જ લખ્યાં હતાં અને તે તેમને પંડિતની પંક્તિમાં મુકે તેવાં છે. ગણિત સંશોધન મંડળો તેમના તરફ બહુ આશાની દૃષ્ટિથી જોતાં.

પોતાના વિષય ઉપરાંત તેઓ જર્મન તથા ફ્રેન્ચ ભાષાઓ પણ સમજવા પુરતી શીખ્યા હતા એમ તેમની લાયબ્રેરી કહે છે. ઉપરાંત અંગ્રેજી સાહિત્યના પણ પુરા જાણકાર અને કવિતાના તેઓ રસિયા હતા. ગુજરાતી સાહિત્ય પર પણ તેમનું પ્રભુત્વ હતું; જો કે તેમના પોતાના શબ્દોમાં તો 'તેઓ તેના નમ્ર વિદ્યાર્થી' જ હતા. હાલના અમારા સંસ્કૃતના અધ્યાપક ડૉલરરાય માંકડે બી.એ.માં ગુજરાતી લીધું, ત્યારે એ ગણિતના પ્રોફેસરે જ તેમને ગુજરાતી શીખવ્યું પ્રો. ત્રિવેદીનો કૉલેજના ક્ષેત્રમાં ગુજરાતી વાવણીનો પહેલો ફાલ તે ડૉલરભાઇ માંકડ. પ્રો ત્રિવેદીની મીઠી ખંત ભરી નજર હેઠળ પૂર્ણ વિકસિત એ જ્ઞાનવૃક્ષની છાંયમાં જ આજે અમે વિશ્રાન્તિ પામીએ છીએ. અમારે માટે જતાં જતાં પણ તેઓ એટલું સંભારણું રાખી જવું ભુલ્યા નથી.

કેવળ ગુજરાતીઓ જ નહિ, પણ બીજી જાતિના વિદ્યાર્થીઓ માટે પણ તેમના વિશાળ હૃદયમાં સમાન સ્થાન હતું. એ અતિ પ્રસરિત ડાળીઓના વૃક્ષને છાયે અનેક પરદેશી ગુજરાતીઓ વિસામો લઇ ગયા છે; અનેક સંસ્થાઓ એ છાયા તળે નિશ્ચિંત ઉછરી છે.

તેમની શારીરિક સ્થિતિ મુળથી જ નબળી હતી; પરંતુ કામ કરવામાં તે નબળાઇ કયાં યે આડે આવી જણાઇ નથી. મૅટ્રિક જેવી હજારેક વિદ્યાર્થીઓની અટપટી વ્યવસ્થાવાળી પરીક્ષા પણ તેમણે અતિ શાંતિથી જાળવી હતી; ઘણીવાર કૉલેજના ઍક્ટિંગ પ્રિન્સિપાલ તરીકે પણ તે કામ કરતા. અનેક સંસ્થાઓને સરળ માર્ગે ચડાવવાનું કસોટીભર્યું કામ પણ તેઓ કરી શકવા સમર્થ થયા હતા.

અતિ વાચનથી પાછલા દિવસોમાં તેમની તબીઅત જરા મંદ રહેતી. પાછળથી તેમના શોખના અભ્યાસ ફીલસુફીમાં જ્યારે છેલ્લા એકાદ વર્ષથી રચ્યાપચ્યા રહેવા લાગ્યા, ત્યારે તેઓ ઘણા જ નબળા પડી ગયા, અને અંતે, જેમ નિર્માયું હતું તેમ, 'પોતાનો મિત્ર જ્યારે અસહ્ય અને જુલમી જણાયો' ત્યારે તેમનું ચિત્ત ભ્રમિત થઇ ગયું. આ બનાવ એપ્રિલ મહીનામાં બન્યો. તેની અસર તેમના મન ઉપર થઇ અને અંતે, ગયા મે માસમાં, માનસિક આઘાતને લીધે તેમનું અવસાન થયું.

આવી વાત માની મનાતી નથી, છતાં માની લેવી પડે છે! હું તો તેમના પુત્રનો મિત્ર—પુત્ર જ થાઉં છું તેમના જવાથી મારા પિતા ગયા હોય એવું લાગે છે પણ શું કરૂં! મારા જેવા બીજા પણ તેમના સ્નેહીઓ ઘણા યે છે. તેઓ સહે છે તેમ હું પણ, તેમનો વિયોગ વજ્ર હૈયે અને છાનાં આંસુએ સહી રહ્યો છું. —એન. જે. અન્જારિયા

## ઇફેલ ટાવર

પારીસના પ્રખ્યાત ઇફેલ ટાવરને ઘણાઓએ પ્રત્યક્ષ અથવા ચિત્રમાં જોયો હશે. બાળપણમાં મેં એનું ચિત્ર જોયું ત્યારથી એણે મારા મનમાં સ્થાન લીધું હતું: આજની દુનિયામાં પણ તે ઉંચામાં ઉંચું બાંધકામ છે એ જાણીને, ચિત્રમાં એની



આકૃતિમાં અમુક કુમાશ આવે છે તે જોઇને, તથા આખું કામ કેવળ પોલાદનું જ છે એ વાંચીને.

પછી ૧૯૨૩માં તેને નજરોનજર દીઠો, ને ઠેઠ ઉપર પણ ચડી આવ્યો. તે વખતે તે એટલો મોટો ને ગંજાવર લાગેલો, તથા યંત્રકામની પ્રત્યક્ષતા થઇ ગઇ, એટલે કાંઈક મોહ ઓછો થયો; જોકે ઉપરથી આખા પારીસનું અપૂર્વ વિહંગાવલોકન કરવાનો લાભ મળ્યો ખરો.

એ ટાવરની ઉંચાઇ ૯૮૪ ફીટ છે, અને એ જેમ પ્રેક્ષકોનું એક વિરામસ્થાન છે, તેમ વાયરલેસનું તથા મીટીઑરોલૉજીનું (વાયુશાસ્ત્રનું) તે મુખ્ય મથક પણ છે.

એને બાંધવાનું પરાક્રમ ઇફેલનું છે. ઇફેલ ૧૮૩૨માં ડિસેમ્બરની ૧૫મી તારીખે ફ્રાન્સના ડિજોન નામના શહેરમાં જન્મ્યો હતો, અને ૧૯૨૩ના ડિસેમ્બરની ૨૮મીએ પારીસમાં મૃત્યુ પામ્યો, હું ૧૯૨૩ના ઑગસ્ટમાં એ ટાવર ઉપર ચડેલો ત્યારે એ વૃદ્ધ યંત્રશાસ્ત્રી જીવતો હતો.

'Ecole Centrale de Arts et Me'tiers' નામની શાળામાં અભ્યાસ કરી, એણે ઈજનેરી બાંધકામમાં પુષ્કળ અનુભવ મેળવ્યો, અને ૧૮૮૭માં, જ્યારે આ ટાવર બાંધવાનું એણે શરૂ કર્યું ત્યારે એટલો અનુભવી થયો હતો કે લોઢ તથા પોલાદના પૂલો વગેરેના બાંધકામમાં એ એકલો જ એક લાખ ટનના વજનની ધાતુ વાપરી ચુકયો હતો!

ગયા મે માસની ૨૭ તારીખે આ ટાવર પુરો થયાને ૪૦ વર્ષ થયાં, તેની એ ૪૦મી સંવત્સરીના ઉત્સવમાં, એ ટાવરને ચરણે ઇફેલની, શિલ્પમાં કરેલી એક અર્ધમૂર્તિ (bust) ખુલ્લી મુકવામાં આવી હતી. તાર તથા ટપાલ ખાતાના ફ્રેન્ચ પ્રધાન માર્ટિને આ શુભ ક્રિયા કરતી વખતે આ મહાન ઇજનેરની ઘણી પ્રશંસા કરી હતી.

'ફ્રેન્ચ સોસાઑટી ઑફ સિવિલ એન્જીનીઅર્સ'નો ઇફેલ પ્રમુખ હતો અને 'બ્રિટિશ ઇન્સ્ટિટયુશન ઑફ મિકેનિકલ એન્જિનિયર્સ'નો તે માન્ય સભાસદ હતો.

આ ૪૦ વર્ષમાં લગભગ ૧ કરોડ ૪૦ લાખ માણસો આ ટાવર ઉપર ચડી ચુક્યા છે. —કાન્તિલાલ છ. પંડયા


## ગુજરાતની સંસ્કૃતિનાં પ્રતીક—ગરબા

'મૉડર્ન રિવ્યુ' અને 'પ્રવાસી'ના તંત્રી શ્રી રામાનંદ ચૅટરજી, ડૉ. કાલિદાસ નાગ તથા ડૉ. સુનીતિકુમાર ચૅટરજી સાથે (સુરત હિંદુ મહાસભાની બેઠકના પ્રમુખ થવા આવ્યા ત્યારે) ગુજરાતમાં જે નાનકડી સફર કરી ગયા તે વખતે ગુજરાતના ગરબા જોઇને અત્યંત પ્રસન્ન અને મુગ્ધ થઇ ગયા હતા, અને શ્રી કનુ દેસાઇને પોતાનાં માસિકો માટે તેનું રંગીન ચિત્ર દોરી આપવા આગ્રહ કરેલો. એ ચિત્ર આ અંકમાં આપ્યું છે. એમનાં માસિકોના અંગ્રેજી, બંગાળી અને હિંદી વાચકોને તે ચિત્ર અતિ પ્રિય થયું છે અને અમદાવાદના સર ચીનુભાઇએ તે ખરીદી લીધું છે. જોકે બંગાળામાંથી ડૉ. સુનીતિકુમાર ચૅટરજીએ અને બીજા પ્રાંતોના શ્રીમંતો તરફથી પણ તે ખરીદવાની માગણી થએલી છે. બંગાળના એ વિદ્વાન મુસાફરો પર ગુજરાતની સંસ્કૃતિની કેવી અસર થઇ તે ડૉ. ચૅટરજીના પત્રમાંનો નીચેનો ફકરો સ્પષ્ટ દર્શાવે છે:

'ગુજરાતની અમારી નાનકડી સફર તો અમારે માટે એક અનન્ય અનુભવ થઇ ગયો. એ દ્વારા અમને ગુજરાતની પ્રતિભા અને સંસ્કૃતિની ઠીક ઝાંખી થઇ શકી. કેટલીક બાબતોમાં તો તમે—ગુજરાતીઓએ—હિંદના બીજા ઘણા લોકો કરતાં પ્રાચીન હિંદુ જીવનના કલાસંસ્કાર સારા જાળવી રાખ્યા છે,—અમારા બંગાળા કરતાં તો અવશ્ય ઘણી જ સારી રીતે. તમારા ગરબા અને એનાં ગીતો એ તો અત્યંત સુંદર પ્રથા છે. મને લાગે છે કે અમે અમારામાં એ જાતની પ્રથાનું પુનરુજ્જીવન કદિ નથી કરી શકવાના, કેમકે એ પરંપરા તદ્દન લુપ્ત થઇ ગઈ છે,—મને ભય છે કે બંગાળામાંથી તો સદાને માટે ભુંસાઇ ગઇ છે.'

## અવાજમાપક યંત્ર

થર્મોમીટરથી આપણે જેમ ગરમી માપીએ છીએ તેમ ઓરડામાં, ઑફિસમાં, ફૅકટરીમાં, નિશાળમાં, બગીચામાં કે રસ્તા પર કેટલી ડિગ્રી અવાજ છે તે માપી કાઢવા માટે અમેરિકાની બેલ ' ટેલેફોન કંપનીએ વિજળીક રચનાનું 'ઑડિયોમીટર' યંત્ર હમણાં બનાવ્યું છે. આજના જમાનામાં જેમ અનેક પ્રકારની પ્રગતિની સાથે ચિત્રવિચિત્ર અવાજો દુનિયામાં વધતા જાય છે તેમતેમ એ અવાજો પર કાબુ મેળવવાની જરૂર છે. નિશાળમાં એક ઓરડામાં થતી કસરતનો અવાજ બીજા ઓરડામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચાડતો હોવો જોઇએ. એક ઑફિસમાં ચાલતી ધંધાદારી વાતચિત જોડેના ઓરડામાં સંભળાતી અટકાવવા માટે પણ




ઓરડાના અવાજનું માપ લઇ તે પર દબાણ મુકાવું જોઇએ. આ બધાને માટે આ યંત્ર ઉપયોગી થવાનું. કેમકે અવાજના માપ વિના તેનું નિયમન કરવું મુશ્કેલ થઇ પડે.

અમેરિકાની સીલીટેક્સ કંપનીના અવાજ–વિદ્યાના મુખ્ય એન્જિનિયર મિ. વૉલેસ વૉટરફૉલે શેરડીનાં છોતરાંના રેસામાંથી એવો પદાર્થ બનાવ્યો છે કે તે વડે બનાવેલી દીવાલો અવાજનું નિયમન કરે છે. એ એન્જિનિયરે ઇલેક્ટ્રિકલ ઑડિયોમીટરની મદદથી જુદીજુદી જાતના અવાજોનાં માપનો એક કોઠો તૈયાર કર્યો છે તે આ સાથે આપ્યો છે.

ગરમીની પેઠે અવાજમાં પણ ઘનતા અને વિશાળતાના ભેદ છે. રેલવેની સીટીના અવાજમાં અતિશય ઘનતા છે; સાગરના ઘુઘવાટમાં અવાજની વિશાળતા છે.

સાથેના ચિત્રના કોઠામાં સૌથી છેલ્લું નીચેનું બિંદુ અવાજની શરૂઆતનું છે. તેને 'અવાજનો ઉમરો' કહ્યો છે. સંપૂર્ણ શાંતિવાળા સ્થળમાં ઓછામાં ઓછો અવાજ—ટાંકણી પડવાનો–પણ સાંભળી શકાય તે એક એકમ ગણીને એ બિંદુએ મુકયો. પછી, આછી પવનલહરીથી હાલતાં ઝાડનાં પાંદડાના અવાજને ૧૦નો આંક આપ્યો. અવાજની આ મુલાયમતા જુદાજુદા પ્રકારમાં વધતી વધતી એટલે બધે પહોંચે છે કે જ્યારે છેલ્લી ૧૦૮ ડિગ્રીએ પહોંચતો અવાજ આપણી લાગણીઓને અસહ્ય થઈ પડે. તેને 'અસહ્યતાનો ઉમરો' કહ્યો.

## મૂળાક્ષરોની વિવિધ સંખ્યા

જુદીજુદી ભાષાઓમાં મૂળાક્ષરોની સંખ્યા કેવી વધતી ઓછી હોય છે, તેની હકીકત અચરજ પમાડે તેવી છે.

પ્રાચીન હિબ્રૂ, સીરિયન અને કૅન્ડિયન એ દરેક ભાષામાં ૨૨ મૂળાક્ષરો છે; ગ્રીકમાં ૨૪, ફ્રેંચ અને લૅટીનમાં ૨૫, જર્મન ડૅનિશ અને ઇંગ્લિશમાં ૨૬, સ્પૅનિશ અને સ્લેવોનિકમાં ૨૭, તુર્કી અને અરબ્બીમાં ૨૮, ઇરાની-ફારસીમાં ૩૨, જ્યૉર્જિયનમાં ૩૫, રશિયનમાં ૩૬, આર્મિનિયનમાં ૩૮, સેનિયનમાં ૪૧, પ્રાચીન મોરક્કો વ્હાઈટ ભાષાના ૪૭, અને સંસ્કૃતમાં ૫૦, ગણાય છે. જ્યારે ઈટાલિયનમાં ૨૦, બર્મીઝમાં ૧૯, સેલ્ટિકમાં ૧૭, અને સૅન્ડવિચ બેટમાંના લોકોની ભાષામાં માત્ર ૧૨ અક્ષરો હોય છે. અને બીજી બાજુ ઇથિઓપિયન અને તાર્તરીમાં ૨૦૨, એબિસીનીયનમાં ૨૦૮, અને ચીની ભાષામાં તો ૨૧૪ છે. બધી ભાષાઓ કરતાં જગતમાં કઠણમાં કઠણ ચીની ભાષા છે. ૨૧૪ અક્ષરો યાદ રાખવા અને ઓળખવા એ સહેલું કામ છે? —છોટુરાવ બાપુરાવ પ્રધાન

## વેંતિયાં વૃક્ષ



આ સાથે આપેલા ચિત્રમાંનું ઝાડ ૧૮ ઇંચ ઉંચું છે; પણ તેની ઉંમર તમે શું ધારો છો? એ પોણો સો વર્ષનું જુનું ખખ છે! ફ્રાન્સના રસાયણશાસ્ત્રીની એ કૃતિ હમણાં જ પારીસના પ્રદર્શનમાં મુકવામાં આવી હતી. જપાનમાં પણ આ જ રીતે વેંતિયાં કરેલાં ઝાડ સો સો વર્ષનાં વૃદ્ધ હોવાના દાખલા પડયા છે; છતાં તે હજી ઇંચ સરખાં પણ વધતાં નથી!

ઉગતા છોડનાં મુળ ઉપર નાજુક વાઢકાપ કરીને તથા તેના પોષણને અટકાવીને, વડ, આમલી વગેરે જેવા બલભલાં મોટી વૃક્ષની જાતના છોડને કદમાં વામનજી રાખી શકાય છે; અને છતાં, ખુબી એ છે કે એગનો ઘાટ મોટાં જંગલમાં ઉગેલાં ઝાડના જેવો બનાવી શકાય છે. આ સાથેના ચિત્રમાંનું ઝાડ, કુંડાનો ભાગ દાબી દો તો, લાગે કોઈ મોટા જંગી વૃક્ષ જેવું; પણ એ દોઢ જ ફુટ ઉંચું છે!

---

જર્મનીમાં ટપાલના કાગળો ઉપર સ્ટૅમ્પ ચોંટાડવાની એક નવી શોધ થઇ છે. ટપાલની પેટીમાં કાગળ સ્ટૅમ્પ વગર નાખો. જો તમે કાગળ માટે જોઇતું પોસ્ટેજ બાકોરામાંથી નાખ્યું હશે તો પેટીમાં જતો કાગળ વચમાં અટકશે, પોસ્ટેજ જેટલો સ્ટૅમ્પ એની મેળે તે કાગળ ઉપર ચોંટાડાશે અને પછી અંદર જશે.

(પ્રતબંધુ)

## કુમારોની કલબમાં કળાવિકાસ

ન્યૂ યૉર્કમાં ૧૩૦૦૦ સભ્યોની એક કુમાર કલબ કળા, સંગીત ને વ્યાયામની પ્રવૃત્તિ ખીલવી રહી છે. શહેરનાં જુદાંજુદાં મથકોમાં મકાનો રાખી, સભ્યો માટે આ વિષયોની તાલીમ આપનારા શિક્ષકોને રોકીને, પંદર પંદર કે સત્તર સત્તર વર્ષના ઉગતા જુવાનો, ગંજીપા ખેલવાની, સિગાર ફૂંકવાની કે એવી બીજી લહેરી પ્રવૃત્તિઓને બદલે કેવી ઉત્તમ જીવનસામગ્રી મેળવી રહ્યા છે તેનું દૃષ્ટાંત હમણાં એ કલબના નાના સભ્યોના વ્યાયામ અને ખેલનગૃહમાં, ત્રણચાર ઉગતા સભ્યોએ મોટાં ભીંતચિત્રો ચીતરી બતાવ્યાં છે તે પરથી સમજાય છે.



૧૭ વર્ષની વયનો સૅમ્યુઅલ કલેઇન, કુમાર કલબના કલા-વર્ગમાં પાંચ વર્ષની તાલીમ પછી આટલું કામ કરી શકે છે. ત્રણ વર્ષ પહેલાં તેણે નૅશનલ ઍકૅડેમીની સ્કૉલરશિપ મેળવેલી; આજે આ જંગી ભીંતચિત્ર માટે પહેલું ઇનામ મેળવ્યું છે. ચિત્રનું નામ છે: ૧૭૭૬ના સ્વાતંત્ર્યદિનનું સ્મરણ.

કલબ તરફથી ચાલતા કળાના વર્ગોમાં જ તેમણે તાલીમ મેળવી છે. બધાય સભ્યોમાં તો કળાનો એવો શોખ ન જ હોઈ શકે, પણ લગભગ દરેક જણ મુક્કી વાપરવામાં તો પાવરધો હોય છે જ! કુમાર કલબની આવી આ સંગીન અને વ્યાપક પ્રવૃત્તિની શરૂઆત માત્ર ત્રણ જ વિદ્યાર્થીઓએ એક નાના ભોંયતળિયાના મકાનમાં કરી હતી. એના ઉગતા કલાકારોએ કલબના એક નાટ્યોત્સવ વખતે મોટા કાગળો ચોડીને સીનસીનેરીની શોભા એવી સરસ કરી દીધી હતી કે જોવા આવનાર દરેક જણ આશ્ચર્ય પામેલું. તે પરથી 'જુનિયર ગેઇમ રૂમ'—નાનકડા કુમારોના ખેલનગૃહ—ને શણગારવાનો તેમને વિચાર ઉદ્‌ભવ્યો અને ઉત્સાહી કુમાર કલાકારોએ તે ઉપાડી લીધો. તેમના કલાધ્યક્ષે તેમને બધી જાતની માર્ગદર્શક સૂચના આપી અને જુદાંજુદાં પુસ્તકોની પુરતી સહાય લઇ તેમણે મુખ્યત્વે અમેરિકાના ઇતિહાસના પ્રસંગો ચીતરી તૈયાર કર્યા. કોઇએ ૧૭૭૬નો વૉશિંગ્ટનનો પ્રસંગ ઉપાડ્યો, કોઇએ ૧૬૨૮ની પ્યૂરિટન હીલચાલનો પ્રસંગ લીધો, એક હીમતબાજે તો ૧૯૨૮ના એક ફુટબૉલ દ્વંદ્વનું ચિત્ર ઉપાડ્યું. બારબાર ફુટની દીવાલો પર આ ચિત્રપ્રસંગોથી અવનવી સૃષ્ટિ ખડી થઇ ગઈ. અને એ બધું કામ શાળામાંથી મળેલા ફુરસદના સમયમાં જ થએલું.

કલબના આ કલાવર્ગમાંથી જે વિદ્યાર્થી સરસ કામ કરી બતાવે છે તેને મિસિસ બીચ નામની બાઈ તરફથી નૅશનલ ઍકૅડેમી (યુનાઇટેડ સ્ટેટ્સની મોટી રાષ્ટ્રીય કલાસંસ્થા)ના વર્ગમાં જવાની એક વર્ષની સ્કૉલરશિપ મળે છે, તેમજ બીજાં ઈનામો અને ચાંદો પણ અપાય છે.

હૅરી પાવલૅાક કરીને પંદર વર્ષના કુમારને બે વર્ષની સ્કૉલરશિપ, પહેલું ઇનામ અને સોનાનો ચાંદ આ વર્ષે ગળ્યાં છે. બીજો એક પંદર વર્ષનો જ વિદ્યાર્થી હતો તેને પણ બે વર્ષની સ્કૉલરશિપ મળી છે. એ ભાઇશ્રી વિન્સેન્ટ ગઝરેલી કલબના સેક્રેટરીનું કેટલુંક કામ ધસડે છે અને જાહેર સ્કુલમાં તો હજુ પુરતાં ધોરણો પણ પસાર કર્યાં નથી.

જે ચાંદો આપવામાં આવે છે તે એક મિસિસ જોન ઍલેક્ઝાંડર—એક પ્રસિદ્ધ ચિત્રકારનાં વિધવા—તરફથી અપાય છે. મિ. ઍલેક્ઝાંડર ઍકૅડેમીના પ્રમુખ હતા અને ઘણાં વર્ષો

સુધી આ કલબના પરીક્ષક તરીકે કામ કરી ગયા છે.

પણ કલબનાં ઇનામો કે ચાંદોથી આ વિદ્યાર્થીઓની કારકીર્દિની ઇતિશ્રી થઈ જતી નથી. કલબના હાલના કલા-શિક્ષક મૅક્સવેલ સ્ટાર જે કલાસમાં શીખવે છે ત્યાં જ તે પોતે નાનપણની તાલીમ પામ્યા હતા અને બીજા પણ વિદ્યાર્થીઓ બહાર જઇને પ્રસિદ્ધ ને પૈસા મેળવે છે. હિંદુસ્તાનના વિદ્યાર્થીઓ આમાંથી કંઈક ગ્રહણ કરી શકે એમ છે.

## સાબુ

સાબુ એ રાજાથી માંડી રંક સુધી દરેકને ઘણી આવશ્યક વસ્તુ છે. પરસેવાથી અને હવામાંનાં રજકણોથી, બહાર જતાં આવતાં, અથવા કારખાનાં વગેરેમાં કામ કરતાં, સ્વાભાવિકરીતે શરીરમાં મેલ ભરાય છે. જેટલો મેલ આપણાં કપડાંમાં ભરાય છે, તેટલો જ મેલ શરીરના ઉઘાડા ભાગોમાં પણ ભરાય છે. આ બધો મેલ શરીરમાંનાં છિદ્રોમાં એટલો તો સખત ચોંટી જાય છે, કે તે એકલા પાણી વડે ધોવાથી જતો નથી. વળી તે મેલ પરસેવાને અટકાવી આપણી તબિયતને ખરાબ કરે છે. એ મેલ ધોવાનું ઉત્તમ સાધન છે.

પણ સાબુમાં ચરબી આવતી હોવાથી આપણામાં ઘણાખરા લોકો સાબુથી નહાતાં અચકાય છે. બધાં વિદેશી સાબુમાં થોડી ઘણી ચરબી હોય છે જ. ઇંગ્લંડ વગેરે સ્થળોમાં બનતા સાબુમાં ચરબી ઘણે ભાગે નાખવામાં આવે છે, કારણકે એ દેશોમાં વનસ્પતિનાં તેલોની કીમત ઘણી હોય છે, એટલે વનસ્પતિમાંથી બનાવેલો સાબુ તેઓને પોસાતો નથી વળી એ લોકો ચરબીને અપવિત્ર માનતા નથી. જોકે ચરબીમાં રહેલો 'ગ્લિસરીન' નામનો પદાર્થ શરીરને માટે ઘણો ઉપયોગી છે, પણ વિદેશી સાબુઓ બનાવનારા ચરબીમાંથી આ પદાર્થ કાઢી લે છે. વળી ત્યાં સાબુમાં જે ચરબી વપરાય છે તે સારી ઉંચી જાતની હોતી નથી, પણ રોગિષ્ટ પશુઓનાં મુડદાંમાંથી કાઢવામાં આવેલી ગંદી સડેલી ચરબી જ સાબુ માટે વપરાય છે; એટલું જ નહિ, પરંતુ નરકમાંથી પણ એ લોકો રસાયનિક ક્રિયાઓ વડે ચરબીનો ભાગ જુદો પાડી તે સાબુમાં વાપરે છે.

આવી આવી ક્રિયાઓથી સાબુ બનાવવામાં આવે છે એમ જ્યારે લોકો સાંભળે, ત્યારે સ્વાભાવિક જ છે કે તેઓ સાબુ વાપરતાં અચકાય. પરંતુ બીજી તરફ નજર કરીએ તો એવા લોકો પણ માલુમ પડે છે, કે જેઓને વિદેશી સાબુ વિના ચાલતું જ નથી. આવા માણસોને કઇ કોટિમાં મુકવા એ સુજતું નથી. આવા સાબુ વાપરવામાં શરીરની ચોકખાઇ બીલકુલ જળવાતી નથી અને ઉલટું રોગને નોતરૂં આપવા જેવું બને છે. હિંદુસ્તાનમાં થતાં દરદોમાંનાં થોડાંક તો જરૂર વિદેશી સાબુને લઇને જ થતાં હશે, કારણકે તેમાં વપરાતી સડી ગએલી ચરબીમાં નિઃશંક રોગના જંતુઓ હોય છે. આ ઉપરથી એમ માનવાનું કારણ નથી કે દરેકેદરેક સાબુમાં આવી જ ચરબી વપરાય છે; પરંતુ પંચોતેર ટકા માલમાં તો આવી ચરબી આવે જ છે.

પરંતુ, શુદ્ધ વનસ્પતિનાં તેલોમાંથી બનાવેલો સાબુ મળી શકે એમ હોય, તો સાબુ અવશ્ય વાપરવો જોઇએ. શરીરને ખોરાકની જેટલી આવશ્યકતા છે, તેટલી જ સાબુની છે. હિંદુસ્તાનમાં, બનતાં સુધી, શુદ્ધ વનસ્પતિનાં તેલોમાંથી જ સાબુ બનાવવામાં આવે છે, કારણકે વિલાયતની જેમ અહીં વનસ્પતિની તંગી નથી; અને ચરબી ઉલટી અહીં મોંઘી પડે છે. એટલે ચરબી વાપરે કે વનસ્પતિનાં તેલો વાપરે, એ હિંદુસ્તાનના સાબુ બનાવનારાઓ ને સરખું જ છે, કારણકે તેઓને બંનેની કીમત લગભગ સરખી જ પડે છે.

હમણાં હમણાં હિંદુસ્તાનમાં સાબુનાં કારખાનાં સારી રીતે વધી પડયાં છે. એ સૌમાં ગોદરેજનો સાબુ બેનમૂન ગણાય છે. કાઠિયાવાડમાં જોરાવરનગર વગેરે સ્થળોએ પણ સારો સાબુ બને છે. પરંતુ હિંદુસ્તાનમાં બનતો સાબુ હિંદુસ્તાનના ચોથા ભાગનાં માણસોને પણ પુરો પડી શકતો નહિ હોય એટલી આપણે ત્યાં સાબુની ખપત છે. એટલે વિદેશી સાબુની આવક તો હજુ જેમની તેમ જ છે.

સાબુ ઘેર બનાવવો તદ્દન સહેલો છે. એમાં નવું શીખવાનું ખાસ કશું નથી. ઘણાં ઘરમાં આમ સાબુ બનાવીને વપરાય છે. અને જ્યાં ઘેર સાબુ બનાવી શકાતો હોય ત્યાં સાબુ ખરીદવાની સલાહ આપી શકાય જ નહિ, કારણકે ખરીદેલો સાબુ ગમે તેટલો શુદ્ધ હોય તોપણ તે આપણી નજર સામે બનતો નથી.

સાબુનું કારખાનું કાઢવું બહુ મુશ્કેલ નથી. જો હિંદુસ્તાનના થોડા પણ નિઃસ્વાર્થ ધરધણીઓ અને થોડા શ્રીમંતો મળીને ગોદરેજની ઢબનાં કારખાનાં કાઢે તો વિદેશી સાબુ હિંદુસ્તાનમાં આવતો તદ્દન અટકાવી શકાય, અને હિંદુસ્તાનનો એટલો પૈસો તો બહાર જતો બચે. એટલું જ નહિ, પરંતુ વિદેશી સાબુથી થતાં દરદો પણ કેટલેક અંશે અટકાવી શકાય.

ધીરજલાલ રતિલાલ મહેતા

## સાઈકિલસ્ટો ! ધ્યાન રાખો

સાઈકલને લીધે મળતા લાભો તો આજકાલ સૌકોઇ જાણે છે. સાઇકલ રાખનાર ગામડામાં રહીને શહેરનાં કામકાજ કરવા આવજા કરી શકે છે અને થોડા શ્રમે લાંબા અંતરે જઇ શકે છે. આળસુ વિદ્યાર્થી કે મધ્યમ વયનાં સ્ત્રી-પુરુષોમાં તે ચપળતા ઉત્પન્ન કરેછે. આમ છતાં કેટલાંક માણસોને તબિયત નબળી હોય છતાં રોજનાં કામ વાસ્તે સાઇકલ પર ચડવું પડે છે, અને કેટલાંક માણસો સાઇકલ માટે નાલાયક કે નાદુરસ્ત હોય તોપણ સાઇકલ વિચાર વગર વાપરે છે. એમને માટે કેટલીક સખત ચેતવણીની ખાસ જરૂર છે.

સાઇકલ પર બરોબર બેસવાની આવડત નહિ હોવાથી ઘણા ય પોતાનું બળ વ્યર્થ વાપરી નાખે છે. સામાન્ય નિયમ તરીકે સૅડલ (બેઠક) એટલું ઉંચું હોવું જોઇએ કે પગ લાંબો

કરતાં પગનું તળિયું પુરા નીચે ઉતારેલા પેડલ પર ચપોચપ આવી રહે. હેન્ડબાર પર હાથ સહજપણે આવી જવા જોઇએ અને શરીરથી તે સ્હેજ આગળ પડતા રહે. બેસનારને બાર પકડવા ખાતર આગળ ખેંચાવું પડે એમ ન જ હોવું જોઇએ. બેસવાનું સૅડલ સ્હેજ પાછળ નમતું રહે ને તેની આગલી ટોચ ક્રૅંક કેસની બરોબર ઉપર આવવી જોઇએ. સૅડલ જરાકે આગળ નમતું થઇ જાય તો બેસનારના હાથ અને કાંડા ઉપર જરૂર જોર પડવાનું.


સાઇકલ પર જાથુક સવારી કરનારની તબિયત પર અસર તો થવાની. સાઇકલ પર બેસી કામે જતાં પહેલાં ચા કે બીજા કોઇ પણ પ્રવાહી વિનાનો નક્કર પદાર્થ ખાવાની જરૂર છે, અને સાઇકલ પર ચડતાં પહેલાં બને તો પંદર કે વીસ મિનિટનો આરામ પણ લેવો ઘટે છે. આટલી કાળજી ન રખાય તો અજીર્ણ પાંડુ કે હોજરીનો દુઃખાવો થવાનો સંભવ છે. કેટલાક સાઇકિલસ્ટો મોંથી શ્વાસ લે છે. ઠંડી, કે ભેજવાળી ઋતુમાં એ રીતે સાઇકલ દોડાવતાં મોં વાટે શરદી, ઝાકળ, ધૂળ કે ભેજ શરીરમાં પેસે છે અને તે સળેખમ અને અન્નવિકારનો ભોગ બને છે. સાઈકલ પર બેસતાં શ્વાસ ટુંકાય તો સમજવું કે ગળાના કાકડા વધેલા છે અથવા નાકના માર્ગમાં કંઇક નડે છે. હૃદયના રોગ કરતાં શરીરની ખોડ એમાં કારણરૂપ હોય છે.

બહુ દૂર અથવા બહુ ઝડપે સાઈકિલંગ કરવાનું સાહસ ઓચિંતું તો એકાદ દિવસ માટે પણ ખેડવું નહિ. આગળથી થોડેથોડે વધારીને તેવા પ્રસંગની તૈયારી અને તાલીમ લઇ રાખ્યાં હશે તો વાંધો નહિ આવે. તૈયારીનો એટલો ગાળો લીધા વિના જો કોઈ લાંબી મજલનું સાઇકિલંગ કરે તો તેમાંથી હૃદયનો કોઇ રોગ, પાંડુ રોગ ને સ્નાયુઓનો થાક તે વહોર્યા વિના નહિ રહે. સાઇકલના પ્રવાસ વખતે શરીર તથા સ્નાયુમાં સરખી શક્તિ-વાળો જોડીદાર લેવો. પોતા કરતાં ચડિયાતો પસંદ ન કરવો. ફિકસ્ડ વ્હીલની સાઇકલ વાપરનારે મજબુત બ્રેક રાખવી, નહિતો ઢાળ ઉતરતી વખતે બેસનારને ઉપર ચડતું પેડલ ફંગોળી દેશે. તાત્કાલિક મદદ કરે એવી દ-વાઓ અને મલમપટાનાં સાધ-નો પણ સાથે રાખવાં.

ચૌદ વર્ષથી નીચેની ઉમર-નાં બાળકો માટે સાઇકિલંગની પ્રૅક્ટિસ ભલામણ કરવા યોગ્ય નથી,—બચ્ચાંની સાઇકલ ઉપર પણ નહિ. તેમાંથી હાડકાંનું બંધારણ બગડે છે, કદિક કાયમનું લંગડાપણું કે લચક આવી જાય છે. મોટી ઉમરના પણ હૃદયના રોગ વાળા માણસો કે લોહીના દબાણવાળા માણસોએ કદિ સાઈકલ વાપરવી નહિ. માંદગી પછી ડાક્ટરની સલાહ સિવાય સાંઇકલ ચાલુ કરવી નહિ. (હોમ ડૉક્ટર)

### બટુકેશ્વર દત્ત

ગઇ ૮મી એપ્રિલનો દિવસ તો હવે જાણીતો થઇ ગયો છે. વડી ધારાસભામાં પ્રમુખ શ્રી પટેલનું પબ્લિક સેઇફ્ટી બિલ પરનું રૂલિંગ સાંભળવા આતુર શ્રોતાઓની નજર તેમના પર ચોંટી હતી. એકાએક શ્રોતાઓની ગૅલેરીમાંથી બૉમ્બ પડ્યા ને 'ચિરંજીવી રહો ક્રાન્તિ, સામ્રાજ્યવાદનો નાશ થાઓ 'ની ગર્જના સાથે લાલ ચોપાનિયાં ઉડ્યાં! લોકો ગભરાયા. બધું શાંત થતાં ભય-વિહ્વળ લોકોએ પ્રેક્ષકોની ગૅલેરીમાં નિર્ભય સિંહની જેમ ઉભેલા બે તેજસ્વી નવયુવાન જોયા. તેઓ પોતાની મેળે જ 'અમને પકડો' કહી પોલીસને સ્વાધીન થયા. ત્યારે તો મિત્રો ને કુટુંબીજનો સિવાય તેમને કોઇ જ ઓળખતું નહિ; પણ આજે તો રાજ્યદ્વારી કેદીના હક્કો માટે અનશન વ્રત આદરનાર એ ભગત–દત્તનાં નામ જગતભરમાં ગવાય છે. તેમની હીમત, બહાદુરી, કષ્ટ–સહિષ્ણુતા આદિ ગુણો જોઇને આજ દેશ દંગ થયો છે. એમાંના ભગતસિંહના જીવનના બેચાર કિસ્સા ગયા અંકમાં આપ્યા હતા. તેમનો જોડીદાર બટુકેશ્વર દત્ત પણ એટલો જ તેજસ્વી જુવાન છે.



નવા દિલ્હીમાં વડી ધારાસભાનો હૉલ : ભગતસિંહ અને દત્તે જે જગ્યાએ બૉમ્બ ફેંક્યો હતો તે—ગવર્મેન્ટ મેમ્બરોની બેઠકો—રૂપેલા ચિત્રમાં જમણી બાજુએ સામેની સીધી હારના આગળના ભાગમાં છે, અને ત્યાં ચોકડીનું નિશાન કરેલું છે.

ઈ. સ. ૧૯૦૮માં કાનપુરમાં તેનો જન્મ થયો હતો. તેના પિતા છ. ડી. દત્ત સાધારણ સ્થિતિના ગૃહસ્થ હતા. બાલ્યાવસ્થાથી જ દત્ત ભારે ખેલાડી હતો. ભણવામાં જરા યે ચિત્ત ચોંટતું નહિ પણ માબાપથી બીકે પરાણે નિશાળે જવું પડતું. વાંચવાની તો તેને બાધા હતી; પણ બુદ્ધિ તીક્ષ્ણ હોવાથી જે કાંઇ વાંચે તે હૈયે ચોંટી જતું. ઇતિહાસ એનો પ્રિય વિષય હતો. કાનપુરની પી. એસ. હાઇસ્કૂલમાં મૅટ્રિક પાસ કરી તેણે ઇન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષા પણ આપેલી. દેશને માટે ઘોર વ્રત આદરનાર એ તરુણ તપસ્વીના હૃદયમાં પહેલેથી જ દીન-દુઃખીને માટે પ્રેમ અને સેવાભાવ હતાં. જ્યારે જુઓ ત્યારે તે કાંઇ ઉંડા દુઃખ કે ચિંતામાં હોય તેમ વ્યગ્ર રહેતો. ઘણી યે વાર કાનપુરના રામકૃષ્ણ મિશનમાં જઇને કલાકો સુધી રોગીઓની સારવાર કરતો. એક વખત કલ્યાણપુર ઇલાકામાં ભયંકર રેલ આવી. પોતે તરત જ ત્યાં દોડી જઈ નિરાધાર થઈ ગએલાં મનુષ્યોની ખરા દિલથી સુશ્રુષા કરવા મચી પડ્યો. એ વખતે તેની ઉંમર માંડ ૧૪-૧૫ વર્ષની હશે.

૧૯૨૦માં પિતાનો દેહાંત થવાથી કુટુંબનો ભાર મોટાભાઇ વિશ્વેશ્વર દત્ત ઉપર પડ્યો. (જેને કાકોરી કાવતરામાં ભાગ લેવા બદલ ૧૦ વર્ષની જેલ થઇ છે.) આ દરમ્યાન દત્તને ક્રાન્તિવાદી યુવાનો સાથે મૈત્રી થઇ અને તેમની જોડે ફરવાનું શરૂ કર્યું. પરિણામે છૂપી પોલિસની ડાયરીમાં તેનું નામ નોંધાઇ ચુક્યું. પોલિસ તેની પાછળ ભમવા લાગી. પિતાના સ્વર્ગવાસ પછી માતા કાશી રહેતી. ત્યાં તે બીમાર પડી. આ વખતે મોટાભાઇની પણ બદલી થઇ હતી, તેથી વૃદ્ધ બીમાર માતાની ચાકરી કરનાર બટુક સિવાય કોઇ જ ન હતું. તે કાશી જઇ માતાને પોતાને ગામ તેડી લાવ્યો. ત્યાં પણ પોલિસ તેની પાછળ જ હતી. અંતે માતાનો પણ દેહાંત થયો, અને બટુકેશ્વર પોતાની મનમાની પ્રવૃત્તિમાં જોડાયો. આજે ભગત અને દત્ત એકબીજાને સગા ભાઇ કરતાં પણ અધિક ચાહે છે. ભગતસિંહનાં માતા પિતા પણ દત્ત પર પુત્ર જેવો જ પ્રેમ રાખે છે; અને દત્તને મન પણ તે જ માતાપિતા છે.

## રેલવેમાં મુસાફરી કરતી વખતે

ઉગતાં કુમારકુમારીઓ એ આવતી કાલનાં નાગરિકો છે. નાગરિકોને આવશ્યક સમાજધર્મના પાલન માટે તેમણે અત્યારથી જ આગ્રહ રાખવો જોઇએ અને ચુસ્તપણે તેનો જીવનમાં અમલ કરવો જોઇએ. 'પૅસેન્જર્સ અને ટ્રાફિક રિલીફ એસોસીએશને' બહાર પાડેલા નીચેના નિયમો પણ એવા એ આવશ્યક સમાજધર્મ છે: (૧) ચાલતી ગાડીએ ચઢતા યા ઉતરતા નહિ; તેમ દરવાજા પાસે ઉભા રહેતા નહિ. (૨) ડબાની અંદર થુકતા નહિ, તેમજ નાક સાફ કરતા નહિ. (૩) ડબામાં ફુટના છોતરાં અથવા બીજો કચરો નાખી ગંદકી કરતા નહિ. (૪) સ્ત્રી, વૃદ્ધ અને અશક્તને બેસવા માટે જગ્યા કરી આપવી. (૫) ડબામાં પોતાને જરૂર કરતાં વધારે જગ્યા રોકવી નહિ; તેમ જ બીજાને અડચણ થાય તેમ લાંબા થઇ સુવું નહિ. (૬) સંડાસનો ઉપયોગ કર્યા પછી તેને પાણીથી સાફ કરવું. (૭) ડબામાં બીજાને અડચણ થાય તેમ મોટેથી વાતો કરવી નહિ કે ગીત ગાવાં નહિ; તેમજ બીભત્સ ભાષા વાપરવી નહિ. (૮) દરેક ઉતારૂ સાથે શાંતિ અને વિનયથી વર્તવું. (૯) પોતાનો સામાન બાંકડા નીચે ગોઠવી રાખવો કે જેથી બીજા ઉતારૂને અડચણ ન થાય. (૧૦) જો કોઇ રેલવેનો નોકર ઉતારૂવર્ગને ગેરવ્યાજબી રીતે સતાવે તો હીમત અને વિવેકપૂર્વક તેનો વિરોધ કરવો અને તે હકીકત રેલવે અમલદારોને તપાસ માટે લખી મોકલવી. (૧૧) પોતાનાથી ઓછા ભણેલાં ભાઇબહેનોને મુસાફરીમાં પોતાનાથી બનતી દરેક મદદ કરવી

## વિનાશનો માર્ગ

જ્યારે જ્યારે પ્રજાના એક નાના વર્ગના હાથમાં પ્રજા સમસ્તની બધી સંપત્તિનો સંચય થઇ જાય છે ત્યારે ત્યારે એ પ્રજાનો નાશ થાય છે. ઇતિહાસમાં નોંધાએલાં મહાન રાષ્ટ્રો, પ્રજાઓ અને સામ્રાજ્યોના લયનો એ ઇતિહાસ છે. પ્રજાસમુદાયનો એકાદ ટકો વિના પરિશ્રમે વિલાસભુવનોમાં વસી ભોગવિલાસમાં ડુબ્યો રહે અને બાકીના નવ્વાણુ ટકા દિવસરાત કાળી મજુરી કરવા છતાં પેટપુરતું ખાવાનું ન પામે અને ચીંથરેહાલ દશામાં જીવે—રાષ્ટ્રસંપત્તિની એવી અસમાન વહેંચણી થઇ જાય–ત્યારે એ રાષ્ટ્રનો નાશ નિર્માયો છે.

મિસરનું અધઃપતન થયું, ત્યારે એની સંપત્તિનો ૯૭ ટકા ભાગ પ્રજાના ફક્ત બે ટકા જેટલા ભાગના કબજામાં હતો. ઈરાનનું અધઃપતન થયું, ત્યારે એની બધી જમીનની માલિકી પ્રજાનો એક જ ટકા જેટલો વર્ગ ધરાવતો હતો. બાબીલોનનું અધઃપતન થયું, ત્યારે એની બધી સંપત્તિ આખી પ્રજાના બે ટકા જેટલાં માણસોના હાથમાં હતી. રોમનો નાશ થયો, ત્યારે એ વખતની આખી યે દુનિયાનું સ્વામિત્વ માત્ર ૧૮૦૯ માણસો ભોગવતા હતા. અને આજે ગ્રેટ બ્રિટનની રાષ્ટ્રીય સંપત્તિનો ૯૦ ટકા જેટલો ભાગ લોકસંખ્યાના ૧૫ ટકા જેટલા લોકોના હાથમાં છે. (સૌરાષ્ટ્ર)

## તમારા ગામ વિષે

તમારા ગામની કેટલી જગ્યાઓથી તમે જાણીતા છો? પ્રત્યેક સંસ્કારી શહેરીને આ જમાનામાં કેટલાં સ્થાનોની માહીતી હોવી જોઇએ તેની એક યાદી એક ભાઇએ મોકલી છે. આવતી કાલનાં નાગરિકોને એટલી માહીતી હોવી જ જોઇએ:

વ્યાયામ શાળા, પોતાના દેશમાં બનતી ઘરઉપયોગની ચીજો મળવાની દુકાન, ખાદીભંડાર, વાંચનાલય, દવાખાનું, વૈદ્ય અને ડૉક્ટરનાં ઘર, તાર ઑફિસ અને પોસ્ટ ઑફિસ, ગાંધીની દુકાન, દવા વેચનારની દુકાન, દેશી હુન્નર ઉદ્યોગ પ્રચારથતાં ઠેકાણાં, ફોટોગ્રાફરની દુકાન, મુસાફરખાનું અથવા લૉજ, પોલિસ ચોકી, ન્યાયકોર્ટ, રેલવે સ્ટેશન, જાહેર બાગ-

ણના હૉલ અને મેદાન, પોર્ટઑફિસ, બંદર, ફુલ અને શાક-માર્કેટ, ભાડૂતી વાહનો મલવાની જાહેર જગ્યા, બૅંકનું નામ ઠેકાણું, જાહેર મેદાન, જાહેર બગીચા, જલાશય, ઈશ્વરસ્તુતિ કરવાનાં સ્થળ, જાહેર મોટું ઘડિયાળ, આગના બંબાનું ઠેકાણું, મ્યુનિસિપાલ ઑફિસ, મશીનરી કારખાનું, છાપખાનું, બુક-સેલરની દુકાન, સંગીત શાળા, દૈનિક, અઠવાડિક, માસિક, અને વાર્ષિક પ્રસિદ્ધ થતાં પેપરો અને પુસ્તકોની ઑફિસ, કૉલેજ, ધર્મશાળા ગુજરી ભરાતી હોય તેવાં સ્થળ, આટલાંની માહીતી ફરતાં શહેરીઓએ મેળવવી જરૂરની છે.

### ગંધકના કેટલાક નવા ઉપયોગ

સાધારણ કૉંક્રીટથી દરિયામાં કરેલું બાંધકામ ઘણીવાર દરિયાના ખારને લીધે ખવાઇ જાય છે. ગંધકયુક્ત કૉંક્રીટ ઉપર મીઠાની અસર નહિ જેવી છે. એમાં ગંધક મેળવવામાં આવતો નથી પણ કૉંક્રીટના ઘાટ તૈયાર થયા પછી તેને ૧૪૦થી ૧૬૦ (સેન્ટિમિટર) અંશ ગરમીએ પીગાળેલા ગંધકમાં સ્નાન કરાવવામાં આવે છે તેથી ૪ કલાકમાં જોઇએ તેટલો ગંધક માંહે પ્રવેશ પામી જાય છે. આ ચમત્કારિક સ્નાનથી વસ્તુઓ ૪ થી ૮ ગણી મજબુત થાય છે. આ રીતે ગટરો અને પાણીના પાઇપ પણ ઝટ ખવાઇ જતા નથી. કારખાનાં વગેરેમાં જ્યાં તેજાબનું કામ પડે છે ત્યાં પણ ગંધક પાએલી વસ્તુઓનો ઉપયોગ કરવાથી તેજાબ સામે રક્ષણ મળે છે. પાણીથી લાકડાનું રક્ષણ કરવામાં પણ ગંધકનું સ્નાન ફળપ્રદ છે. ઓજાર, પૈડાં વગેરે માટે લાકડાં એ રીતે સુધારી શકાય. કપડાં ઉપર પણ એવી જ અસર થાય છે. નળ વગેરે પર ગંધક પાએલા કપડાનાં પડ વીંટાળવાથી તે ખવાતાં અટકે છે.

અમુક મિશ્રણ ઉપર ગંધકના પ્રયોગથી કૃત્રિમ આરસ-પહાણ અને પાત્રો બની શકે છે. તેમને વિવિધ રંગ આપી શકાય છે. ફ્લાનલને જોઇએ તેવા ઘાટમાં સીવી ચોકઠા કે બીબા પર રાખી તેને ગંધકનું સ્નાન કરાવવાથી ગંધક ઠરી લાકડા જેવું થઇ જાય છે. એ રીતે સુંદર ઘાટની પેટી, વાજાનાં ભુંગળાં વગેરે સહેલાઇથી ને સસ્તામાં થાય છે. કાગળને પણ ગંધક પાવાથી તેના એવા ઉપયોગ થઇ શકે છે. તે કાગળ સખત તથા મજબુત બને છે અને પાણી, ભેજ, વગેરે સામે ટકી શકે છે —ધનજીભાઇ ફકીર (કૌમુદી)

### અમેરિકામાં હિંદી નાગરિકત્વ

અમેરિકાના જુદાજુદા ભાગોમાં આજ સેંકડો હિંદીઓ વસે છે અને વિવિધ પ્રકારના ધંધા કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. વર્ષોથી તેઓ ત્યાં ઘરબાર બાંધી વસ્યા છે, ત્યાં લગ્ન કર્યાં છે તથા અમેરિકન નાગરિકના હક્કો પણ તેમને ત્યાંની સરકારે બક્ષ્યા છે. પરંતુ ૧૯૨૩ની સાલથી અમેરિકન સરકારે આ બાબતમાં નીતિ બદલીને સુપ્રીમ કોર્ટથી એવો કાયદો કર્યો કે હિંદીઓ અમેરિકન નાગરિક થવાને નાલાયક છે! આ કાયદાનો અમલ હમણાં ત્યાંની સરકારે કરવા માંડ્યો છે અને તેની રૂએ ઘણા હિંદીઓ પાસેથી તેમની માલિકીનાં ઘરબાર, તથા જમીનજાગીર છિનવી લીધાં છે અને હવે તેમને પાછા હિંદ ધકેલી મુકશે. ન્યૂ યૉર્કથી એક મિત્ર આ બાબતમાં લખે છે કે 'સુપ્રીમ કોર્ટના ઇમિગ્રેશનના ગયા અઠવાડિયામાં કૅલિફૉર્નિયામાં ચાળીસ પચાસ માણસોને પકડ્યા છે અને ન્યૂ યૉર્કની આસપાસમાં પણ લગભગ ચાળીસ માણસોને પકડ્યા છેઃ આ બધાને અહીંની સરકાર ડીપોર્ટ કરશે. આ દેશમાં, હિંદવાસીઓને આપણી બ્રિટિશ સરકાર તરફથી કોઇ પણ જાતનું રક્ષણ નહિ હોવાથી હિંદુઓની ઘણી જ કઢંગી સ્થિતિ છે.

બ્રિટિશ સરકારની આવી નીતિથી તથા હિંદીઓ વિરૂદ્ધના તેમના ગંજાવર પ્રચારકાર્યથી હિંદીઓની સ્થિતિ યૂરોપ તથા ખાસ કરીને આ દેશમાં દિનપ્રતિદિન ઘણી જ ખરાબ થતી જાય છે. આપણા દેશમાં આપણું કાંઈ ચાલતું હોય, અને જે દેશો હિંદવાસીઓને આમ નાલાયક ગણી પોતાના દેશમાં આવવા દેતા નથી તથા દરેક રીતે હિંદીઓની સાથે અપમાનભરેલી રીતે વર્તે છે તેવા દેશની પ્રજાને જો તેવી જ વર્તણુક મળે, અને હિંદુસ્તાનમાં આવી હિંદીઓને લુટતા તેઓને અટકાવી શકીએ, તો જ પરદેશીઓ આપણી તરફ માનની દૃષ્ટિથી જોતાં શીખે તેમ છે.'

### કાગળ રૂપે દુધ

ડેન્માર્કના એક વૈજ્ઞાનિક કારીગરે તાજા દુધમાંથી પાણીનો ભાગ તદ્દન કાઢી નાખીને તેનું બાકીનું સત્ત્વ જાડા કાગળ રૂપે બંધાઈને બહાર આવે એવું એક મશિન બનાવ્યું છે. એ શોધક જણાવે છે કે દુધના આ કાગળ વર્ષો સુધી બગડ્યા વિના રાખી શકાશે. જરૂર પડે ત્યારે જોઇએ તેટલો ટુકડો તેમાંથી ફાડી પાણીમાં ઓગાળો કે તમને તાજા દુધના બધા જ ગુણ તથા સત્ત્વવાળું દુધ મળી જાય! આવા દુધના કાગળ બનાવવાની મોટી ફૅક્ટરી થોડા જ વખતમાં ઉઘડવાની છે. પછી આપણને દુધ શીશીઓ અને ડબ્બાઓને બદલે કાગળમાં ચોપડીઓની પેઠે બુકપોસ્ટથી મળશે!

### વધુ 'રૉબૉટ'

યાંત્રિક માનવ 'રૉબૉટ'ની આશ્ચર્યજનક શોધ વિષે અગાઉ આપણે જાણી ગયા છીએ. એ 'રૉબૉટ'ના ભાઇ જેવાં બોલતાં ઑટોમૅટન સ્ટૅન્ડ અમેરિકામાં ચાલુ થયાં છે. સ્ટૅન્ડમાં તમે જરૂર પુરતો સિક્કો નાખો એટલે તમને સિગરેટ, સોડા, ટિકિટ કે દીવાસળી, જે જોઇએ તે મળે, ને સાથેસાથે 'થૅંક્યૂ' પણ કહે! કેટલાંક તો એકલું થૅંક્યૂ નહિ પણ જે માલ તમને વેચે તેનાં વખાણ પણ કરે. સફરજન કે નારંગી લો તો અંદરથી અવાજ આવે, 'કેવાં લાલચોળ પાકાં છે! તમે ખાઇને સંભારશો.' વજન કરવાના સંચા પર આની નાખીને ઉભા રહો એટલે તમારૂં વજન બોલીને જ કહી સંભળાવે કે 'આપનું વજન એકસોને ઓગણચાળીસ રતલ થયું સાહેબ!'

## ભાષાઓ ક્યાંથી આવી?

જુના વખતમાં પૃથ્વી ઉપર આજના જેવી ભાષાઓ નહોતી. લોકો નિશાની ને હાવભાવથી વાતો કરતા. બોલતાં ન આવડતું હોય એવાં નાનાં છોકરાં જોઇતી વસ્તુ તરફ આંગળી ચીંધી કે બુમો પાડી જેમ આપણને સમજાવે છે તેમ લોકો એકબીજાને સમજાવતા. કેટલાક કુદરતી અવાજોનું અનુકરણ પણ થતું ને એ અવાજ નામ તરીકે વપરાતો. જેમકે 'કા—કા' એટલે સંસ્કૃત ભાષામાં કાગડો અને 'પિપ્પિટ' એટલે મલાય ભાષામાં સિસોટી. આના જેવી નાની શરૂઆતમાંથી ધીમે ધીમે આજ દરેક વસ્તુનાં નામો થઇ ગયાં છે.

## સૌથી . . . . ?

દુનિયામાં સૌથી હલકું લાકડું બાલ્સાનું દક્ષિણ તથા મધ્ય અમેરિકામાં થાય છે. સૌથી ઉંચું શિખર હિમાલયનું ગૌરશંકરનું છે. સૌથી મોટી નદી બ્રાઝિલની આમાઝોન છે, તે ૩૦૦૦ માઈલ કરતાં પણ વધુ લાંબી અને તેના મુખ આગળ ૫૦ માઇલ પહોળી છે. સૌથી મોટું સંગ્રહસ્થાન દુનિયામાં લંડનનું બ્રિટિશ મ્યૂઝિયમ છે અને સૌથી મોટી વેધશાળા અમેરિકામાં કાર્નેગી ઇન્સ્ટીટ્યૂટની માઉન્ટ વિલ્સન ઉપર છે. જગતમાં સૌથી જુનાં ઝાડ કૅલિફૉર્નિયામાં જાયંટ રેડ વૂડ નામનાં ૩૦૦ ફુટ ઉંચાં થાય છે. સૌથી મોટો ધોધ (પાણી વહેવડાવવાની શક્તિમાં) નાયાગરાનો છે જેમાં એક સેકંડે દોઢ કરોડ રતલ પાણી જેટલું વહી જાય છે; અને પૃથ્વીપર સમુદ્રની ઉંડાઇ સૌથી વધારેમાં વધારે—૩૨૬૩૬ ફુટની—જાપાનના કિનારાથી ૧૫૦ માઇલ દૂર છે.

## મૃતસરોવરનો કુબેરભંડાર

જગતનું ખારામાં ખારૂં અને સૌથી ઘટ્ટપાણીવાળું પેલેસ્ટાઈનનું મૃત સરોવર, જેમાં માછલું પણ જીવી શકતું નથી, કે કોઇ વનસ્પતિ પાલવતી નથી એ દુનિયાનો અતિ મોટો ખજાનો ધરાવે છે એનો સ્વપ્ને પણ ખ્યાલ હોય? બ્રિટિશ વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું છે કે એમાં પોટાશ, બ્રોમાઇડ ક્ષારો, જિપ્સમ, મૅગ્નેશિયમ ક્લોરાઇડ વગેરે જુદીજુદી જાતનું ખનીજ દ્રવ્ય સમાએલું છે, જેની કીમત ૩૬૦૦,૦૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (છત્રીસ જલધિ) રૂપિયા થવા જાય છે! પણ તે પછી હમણાં ડૉ. જ્યોર્જિઝ ક્લૉડ નામના ફ્રેન્ચ વૈજ્ઞાનિકે પોતાની સરકારને ખબર આપી છે કે એ મૃત સરોવરમાં ઉપરના કીમતી ખનીજ દ્રવ્ય ઉપરાંત ૪૫ જલધિ રૂપિયાની કીમતનું સોનું પણ છે, જેમાંનો ત્રીજો ભાગ તો હમણાં ૧૫ વર્ષ સુધીમાં જ વૈજ્ઞાનિક પ્રયોગો વડે મેળવી શકાય એમ છે!

## જરા ચેતજો

તમારાં નાનકડાં ભાઇબહેનને હેતથી રમાડતાં જરા ચેતજો. અઠવાડિયા પહેલાંની જ વાત છે. મારી ત્રણ વર્ષની તોફાની ભત્રીજી સાથે હું રમતો હતો. બીજી કેટલીક રમતો બાદ મેં એના બે હાથ ઝાલી એને અદ્ધર ઉચકી ને પાછી જમીન પર મુકી દીધી. આમ બે વખત તો પાંસરૂં ઉતર્યું. પણ ત્રીજી વાર ઉંચી કરતાં જ એણે રાડ પાડી. તરત જ મેં એને નીચે મુકી દીધી. પલવારમાં હું મારી ભૂલ પામી ગયો. એ તો ચીસેચીસ પાડવા લાગી ને ખભાના સાંધા બતાવવા લાગી. કાંઇક વાગ્યું હશે તે હમણાં મટી જશે એમ વિચારી મારી ભાભીએ એને ઘોડિયામાં સુવાડી. હું પણ બહાર ગયો. કલાકેક પછી હું પાછો ઘેર આવ્યો ત્યારે કંચન રડતી હતી. અનુભવીની સલાહ લેવા મારી ભાભી પડોશનાં એક ડોશીને બોલાવી લાવ્યાં. એમની સાથે આસપાસનાં બીજાં બૈરાં પણ આવ્યાં. સર્વાનુમતે કંચનને હાડવૈદ્ય પાસે લઇ જવાનું નક્કી થયું. હાડવૈદ્યે એના ખભાનાં હાડકાં તપાસી કહ્યું કે બંને હાડકાં ફરી ગયાં છે. પછી એણે સફાઇથી હાથને ઝટકા લગાવી હાડકાં બેસાડી દીધાં. આ બધો વખત હું તો પરિણામની રાહ જોતો શૂન્યમૂન્ય ઘેર જ બેસી રહ્યો હતો. છેટેથી બધાંને પાછાં આવતાં જોયાં. ત્યારે જ મારા ખોળિયામાં જીવ આવ્યો. હવે મારે ઘેર કોઈ પણ નવું માણસ આવે તેને કંચન કહી દે છે કે મારા કાકાએ મારા હાથ ભાંગી નાખ્યા'તા. હું મરી ગઈ'તી. પછી મને દાક્તર પાસે લઇ ગયા ને એણે મને જીવતી કરી. દાક્તરને અમે એક પૈસો આપ્યો! ને જ્યારે જ્યારે હું એને રમવા બોલાવું ત્યારે તે એના હાથ પીઠ પાછળ સંતાડીને જ આવે છે. મને કલાપીની લીટીઓ સાંભરી આવે છે કે: 'રે રે શ્રદ્ધા ગત થઇ પછી કોઇ કાળે ન આવે.' તમારે ઘેર પણ કલ્લોલતાં બાળકો હશે, ને તમે પણ એમની સાથે રમતા હશો. પણ હેતના ઉમળકામાં તમે એમના કોમળ શરીરને ઇજા ન કરી બેસો એટલું જરા ચેતજો. —ઈંદ્રધનુ

## બલૂન વિષે

'બલૂન' નામ બાટલી ઉપરથી પડ્યું છે એ ઘણા નહિ જાણતા હોય. ૧૭૮૩માં મોંટગોલ્ફીઅર ભાઈઓ જ્યારે પહેલવહેલો બલૂનનો પ્રયોગ કરતા હતા ત્યારે એમણે હવા ભરેલી કોથળીનો આકાર એ વખતે વપરાતી એક સાંકડા મોંની પહોળા પેટવાળી 'બલૂન' નામની શીશી જેવો થયો. તે પરથી એમણે 'બલૂન' નામ પાડ્યું તે આજ લગી ચાલે છે!

## શરીરની અંદરના ભાગનું નિરીક્ષણ કરનાર યંત્ર

ડૉ. આંડેટ્રૂસ નામના ફ્રાંસના એક ડૉકટરે એક એવા યંત્રની શોધ કરી છે કે જેથી મનુષ્યના શરીરમાં થઇને આરપાર જોઇ શકાય. અમેરિકાવાસીઓએ આ દાક્તરને બોલાવી આર્થિક મદદ આપવાનું કહ્યું હતું, પણ દાક્તરે જણાવ્યું હતું કે આ યંત્રની શોધનો પ્રયોગ પુરો થશે એટલે તેનો પહેલો લાભ મારી માતૃભૂમિને જ આપીશ; તેનો જ પહેલો હક છે. જો આ પ્રયોગ બરોબર સફળ થાય તો શરીરના રોગ દૂર કરવાનો ઉપાય સિદ્ધ થશે. જે કામ એકસ કિરણો કરી શકતાં નથી તે આ પ્રયોગ કરી શકશે. (પ્રજાબંધુ)

અમેરિકન સ્વાતંત્ર્યયુદ્ધ વખતે એક લશ્કરી ઈમારતને કેટલાક સીપાઇઓ લાકડાનું મોટું બીમ ચડાવતા હતા, પણ ચડતું નહોતું. તેના જમાદાર છેટે ઉભા-ઉભા હોકારા કરતા હતા. રસ્તે નીકળેલા એક સાદા પોશાકવાળા આદમીએ તેમને કહ્યું, 'આપ તો જરા મદદ કરાવો.' છાતી કાઢી જમાદાર કહે, ' હું તો જમાદાર.' પેલા માણસે નમન કરી કહ્યું, ' એમ ?' ને પછી પોતે ઘોડેથી ઉતરી સીપાઇઓની મદદે વળગ્યો. લાકડું ચડી રહ્યે જતાંજતાં તે જમાદારને કહેતો ગયો કે 'આપને ફરી આવું કંઈ કામ હોય ત્યારે આપના સેનાપતિને બોલાવજો, તે ખુશીથી આવીને આમ મદદ કરશે.' જમાદાર સાહેબ દંગ થઈ ગયા! એ પુરુષ તેમનો સેનાપતિ જ્યૉર્જ વૉશિંગ્ટન હતો, જે પાછળથી અમેરિકન સ્વરાજનો પ્રમુખ નીમાયો.


અનેકઅર્થી શબ્દ: **શાખ**=આબરૂ; પાકી કેરી; ડાળી; સાક્ષી તરીકેની સહી.

## ખરેખરો જાદુઈ ચોરસ

નીચેના કોઠામાંની આડી કે ઉભી ગમે તે લીટીના આઠ અંકોનો સરવાળો ૨૬૦ થાય છે; એટલું જ નહિ પણ આડી કે ઉભી દરેક અરધી લીટીના ચાર અંકોનો સરવાળો ૨૬૦નો અરધો એટલે ૧૩૦ થશે; વળી તે ઉપરાંત, એ કોઠાગાંના એક સાથે આવતા ગમે તે ચાર ખાનાંના ચોરસના અંકોનો સરવાળો પણ ૧૩૦ થશે.


| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪૪ | ૫૩ | ૧૮ | ૧૫ | ૫૪ | ૪૩ | ૧૬ | ૧૭ |
| ૨૨ | ૧૧ | ૪૮ | ૪૯ | ૧૨ | ૨૧ | ૫૦ | ૪૭ |
| ૪૧ | ૫૬ | ૧૯ | ૧૪ | ૫૫ | ૪૨ | ૧૩ | ૨૦ |
| ૨૩ | ૧૦ | ૪૫ | ૫૨ | ૯ | ૨૪ | ૫૧ | ૪૬ |
| ૪૦ | ૫૭ | ૩૦ | ૩ | ૫૮ | ૩૯ | ૪ | ૨૯ |
| ૨૬ | ૭ | ૩૬ | ૬૧ | ૮ | ૨૫ | ૬૨ | ૩૫ |
| ૩૭ | ૬૦ | ૩૧ | ૨ | ૫૯ | ૩૮ | ૧ | ૩૨ |
| ૨૭ | ૬ | ૩૩ | ૬૪ | ૫ | ૨૮ | ૬૩ | ૩૪ |

પૃથ્વી ઉપર દરરોજ પડતા વરસાદનું સરેરાશ વજન એક સેકંડે ૧ કરોડ ૬૦ લાખ ટન પ્રમાણે આવે છે.



નીચેની યુક્તિ સોયમાં દોરો પરોવવા માટે બહુ ઉપયોગી છે. બે ઈંચ લાંબા ને એક ઇંચ પહોળા પતરાંમાંથી ડાબી તરફના ચિત્રમાં બતાવેલા આકારનો એક કકડો કાપો ને તેના અણીવાળા છેડા પાસે નાનો ખાંચ પાડો. પછી દોરો પરોવતી વખતે, જમણી તરફના ચિત્રમાં બતાવ્યા મુજબ, અણીવાળો છેડો સોયના નાકામાં નાખીને ખાંચમાં દોરો ભરાવી પતરૂં ખેંચી લો; એટલે દોરો સહેલાઈથી પરોવાઈ આવશે.

શીશીઓનાં બુચ ઘણીવાર એટલાં બધાં સજ્જડ થઇ જાય છે કે સાધારણ ઉપાયથી તે ઉઘાડી શકાતાં નથી. બરફ તથા મીઠાનું મિશ્રણ કરી તેમાં માત્ર બુચને બોળી રાખવું. દસેક મિનિટ પછી બુચ સહેલાઇથી ખેંચી શકાશે.કરી જોજો.



બિલાડી ચાલે ત્યારે તેનાં પગલાં, ઉપલા ચિત્રમાં મથાળે બતાવ્યું છે તે પ્રમાણે લગભગ સીધી જ લીટીમાં પડે છે, પણ દોડે ત્યારે, નીચેના ભાગમાં બતાવ્યાં છે તેવાં વાંકાંચુંકાં પડે છે.

આફ્રિકાનાં જંગલોમાં વસતી એક પંખીની જાત પોતાનાં ઘર ને ગામ બાંધે છે, એટલું જ નહિ પણ રક્ષણ માટે પોતામાંથી એકાદને સરદાર ઠરાવે છે! એ પંખી ચકલી જેવડાં નાનાં હોય છે, ને જ્યાં રહે ત્યાં આખી જાત જ સાથે રહે છે. તેઓ જ્યારે બહાર જાય ત્યારે થોડાંક પંખીને માળા સાચવવા મુકી જાય છે. એમના માળા દૂરથી જોઇએ તો જાણે એકાદ નાનકડું ગામ વસ્યું હોય એમ જ લાગે!

'કુમાર'માં આ પાનું સૌથી છેલ્લું મુકીએ છીએ છતાં ઘણાખરા 'કુમાર' ઉઘાડતાંવેંત સૌથી પહેલું તે જ વાંચે છે!



નવા દિલ્હીમાં વડી ધારાસભાનું મકાન. એની ગોળાકાર રચનાના ત્રણ પડખાનાં ત્રણ મકાનોમાં એક ધારાસભાનું, બીજું નરેન્દ્રમંડળનું અને ત્રીજું કાઉન્સિલ ઓફ સ્ટેટનું છે. વચ્ચેનો ઘુમ્મટવાળો દરબાર હૉલ ત્રણે કાઉન્સિલોના સભ્યોના ઉપયોગ માટે છે.

પ્રોફેસર સીઅર્સે આકાશના તારાઓની ગણત્રી કરી છે. એમણે ઉંચામાં ઉંચી જાતના દુરબીનથી લગભગ ૯૭ ટકા તારાઓને નજરે જોયા. એ બધા ગણવાનું કામ મુશ્કેલ હતું, એટલે આકાશના એમણે ૧૩૯ ચોરસ ભાગ પાડી નાખ્યા, અને પછી એ દરેક ચોરસમાં દેખાતા તારાઓની ગણત્રી, માણસની આંખ કરતાં ૫૦ હજારગણી શક્તિ ધરાવતા દુરબીનની મદદથી કરી. આ ૧૩૯ ચોરસની અંદર તો આકાશના તારાઓનો માત્ર ૧૨૫૦મો ભાગ જ દેખાતો હતો અને અમુક જ કક્ષાના તારા ગણી શકાતા હતા. એટલે એ બધી ગણત્રીને લેખામાં લઇને એમણે ૩ ઉપર ૧૩ મીંડાં જેટલી સંખ્યામાં તારાઓ છે એમ નક્કી કર્યું છે.

વૈજ્ઞાનિકોએ ચોક્કસ પ્રયોગો કરીને ખાતરી કરી છે કે દુનિયા ઉપર પડતા વરસાદનો અર્ધોઅર્ધ ભાગ પાછો વરાળ રૂપે ઉંચે ચડી જાય છે.

એડિસને શોધેલા પહેલવહેલા ઇલેક્ટ્રિક દીવાનું ચિત્ર હમણાં અમેરિકાની એક આનાની કીમતની ટપાલની ટિકિટ પર છાપવામાં આવ્યું છે. મહા પુરુષો જીવતા હોય ત્યાં સુધી તેમની છબીઓ ટિકિટો પર ન છાપી શકાય એવો એ દેશમાં ધારો છે, એટલે એડિસનની પોતાની છબીને બદલે તેની બત્તી છાપી.

બુટનાં તળિયાંને બેથી ત્રણ વાર વારનિશ લગાડશો તો તળિયાં લાંબો વખત ચાલશે અને બુટને ભીનાશ પણ લાગશે નહિ. વારનિશ એક વાર સુકાઇ ગયા પછી જ બીજી વાર લગાડવો.

કપડું રંગતાં પહેલાં તેને સ્વચ્છ પાણીમાં નિખારી લેવું જોઇએ; નહિતર રંગના સળ પડી જશે તથા રંગ એકધારો નહિ ચડે અને તાંતણેતાંતણે નહિ વ્યાપે.

સાધારણરીતે આપણી માન્યતા એવી છે કે કામ કરવામાં સૌથી બળવાન પ્રાણી હાથી હશે. પણ બળ ને કામનું પ્રમાણ તપાસતાં ઘોડો સૌથી બળવાન જણાયો છે. માટે જ બળના માપ માટે હૉર્સ-પાવર (ઘોડાબળ) ને પ્રમાણ ઠરાવવામાં આવ્યું છે. ઘોડા પછી અનુક્રમે માણસ, ઊંટ, હાથી ને બળદ આવે છે. કેટલીક વાર શરીરનું કદ ઓછું તેમ બળ વધારે. ઉંદર, સસલાં ઈ. નાનાં પ્રાણીઓનું બળ પ્રમાણમાં હાથી કરતાં વધી જાય છે. જંતુઓમાં કીડી પોતાના વજનથી અનેક ગણું વજન ઉપાડીને લઇ જઇ શકે છે.

લાકડાનું ભુસું, સીમેન્ટ અને રેતી; એ ત્રણનું મિશ્રણ 'નૉર્વૉક્રીટ' નામની વસ્તુમાં કરીને મકાન બાંધવા માટે ઘણો જ મજબુત અને ચીકણો પદાર્થ નિપજાવી શકાય છે. ઉધઇ અને આગ બંનેની સામે તે ટક્કર ઝીલે છે.

હાથ ઉપરથી વારનિશ; ઑલતૅલ, ડામર કે એવા ચીકાશવાળા રંગના ડાઘ પ્યાસલેટની મદદવડે સહેલાઇથી દૂર કરી શકશો; પ્યાસલેટમાં બુંભ બોળીને હાથ ઘોઈ કપડાથી ઘસીને લુછી નાખવા. પછી સાબુ વડે સાફ કરી લેવા.

એવી ગણતરી થઇ છે કે દર મિનિટના ૬૭ લેખે દરરોજ ૯૬૪૮૦ માણસો આ દુનિયામાંથી (વિદાય) મરણ પામે છે.

સ્વચ્છ કપડા પર ઝાકળનાં તાજાં બિંદુ સવારના પહોરમાં ઝીલી લઇ તે વડે ઉડીને તરત આંખો સાફ કરવાથી આંખોનું તેજ વધે છે. (ગિ.ક.મ.)

શેક કરવાની રબ્બરની કોથળીને એકાદ બે માસે સોડાના પાણીમાં ધોતા રહેવાથી તેનું આયુષ્ય વધશે, અને કઠણ પડી જઇને તરડાશે તથા બગડશે નહિ.

ચકલાંનું એક જોડું દર અઠવાડિયે ૩૦૦૦ જંતુઓનો ભક્ષ કરે છે.

સંગીતના સૂરો ઉતારી લેવા માટે ટાઇપરાઈટર જેવું જ એક મશિન શોધાયું છે.

એકથી બે ભાગ સિલિકેટ ઑફ સોડામાં દસ ભાગ પ્રવાહી ઇન્ડિયા ઇંક મેળવવાથી લીસા કાચ ઉપર પણ લખી શકાય એવી કાળી શાહી તૈયાર થાય છે.

દંતમંજન સાથે સાદા પાણી કરતાં સોડા નાખેલું પાણી વાપરવું ફાયદાકારક છે. એથી દાંત સફેદ થશે ને પેઢાં તથા ગળામાં ખુબ ચોખ્ખાઇ લાગશે.

પાંખિયાં ઢીલા પડી ગએલી કાતરની જડની બંને તરફ લાલચોળ તપાવેલા સળિયાનો છેડો જોરથી દબાવીને પછી જડને ધીમેથી ટીપજો: સખત થઈ જશે.

આખી દુનિયામાં બધી મળીને કુલ ૫૪૪ વિદ્યાપીઠ (યુનિવર્સિટીઓ) છે.




ઇંગ્લંડમાં ચાલતી એક પાઉંડની નોટ

Reg. No. B. 1808

# "હિઝ માસ્ટર્સ વ્હૉઇસ"

## પોર્ટેબલ ગ્રામોફોન



આ પોર્ટેબલ ગ્રામોફોન વજનમાં તદન હલકું છે તેમજ ચોખ્ખો અને આબેહુબ અવાજ આપે છે. બીજા પોર્ટેબલ મશીનો કરતાં આમાંથી મોટો આવાજ નીકળે છે. જો આપ મુંબઈમાં હો તો અમારી દુકાને આવી સાંભળો અથવા અમારા એજંટ પાસે જઈ મફત સાંભળી શકશો.

મૉડેલ નં. ૧૦૧

કિંમત રૂા ૧૩૫

સાઈઝ (૧૬½" × ૧૧½" × ૫ ½")

કોઈ પણ "હિઝ માસ્ટર્સ વ્હૉઈસ" ના વાજીંત્ર અમારી પાસેથી હપ્તેથી ખરીદી શકાશે. જો આપનું પુરેપુરૂં નામ અને સરનામું અને આપે કયા પત્રમાં આ જાહેર ખબર વાંચી છે તે જણાવવાથી અમો પુરા ગાયનના નવા કેટલૉગ પોસ્ટ ખર્ચ ન લેતા મફત મોકલી આપશું.

"હિઝ માસ્ટર્સ વ્હૉઈસ" ૨૮ રામપાર્ટ રો, કોટ, મુંબઈ.